# ધરતી પૂકારે આકાશને

## લેખક

## અમરસિંહ પરમાર

: પ્રકાશક :

## એમ. એમ. સાહિત્ય પ્રકાશન

### પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ

૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ, ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા



Book's name in English :

*DHARTI PUKARE AKASHNE*

*Amarsinh Parmar*

© પ્રકાશક

બીજી આવૃત્તિ - ૨૦૦૮

પ્રત - ૧૦૦૦

મૂલ્ય રૂા. ૧૦૦-૦૦

: પ્રકાશક :

એમ. એમ. સાહિત્ય પ્રકાશન

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, નડિયાદ

૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ, ડાકોર, તા. ઠાસરા, જિ. ખેડા

# શું લખું ?

મારા આ પાંચમા પુસ્તક તરીકે નવલકથા **"ધરતી પૂકારે આકાશને"** મારા ભાવકો, વાચકો અને સાહિત્ય રસિકોના હાથમાં મૂકતાં હૈયું હાથ નથી રહેતું. લખતો થયો ત્યારથી મારા મનમાં અનેક કથાઓ ઘૂમરાતી રહી છે એનું જ આ પણ નિરૂપણ છે.

કથા તો નાની છે પણ એનો વ્યાપ મોટો છે. બચપણનાં સાથી એવાં વિખૂટાં પડેલાં હૈયાઓનું જે સ્નેહભર્યું મિલન થાય છે એ જ જગતની મહામૂલી મૂડી છે.

કૉલેજજીવન આમેય નચિંત મને જીવાતું જીવન છે. એમાંય નટખટ કૉલેજીયનોની નજરોથી બચીને પણ વિશાખા એના બચપણના સાથી એવા સતારને જ વળગી રહે છે. પૈસાદાર બાપની દીકરી હોવા છતાં એનામાં જે સ્ત્રી સાહજીકતા અને કોમળ હૈયુ છે તે નવલકથામાં ઉજાગર થાય છે. મારી નવલકથા વિશે આથી વધારે લખું તો એ આત્મસ્લાધા ગણાય. અને વાચકો અને સાહિત્યરસિકોને પણ ન ગમે. તેથી કથા વિશે આટલું જ પૂરતું છે.

આ નવલકથાનાં પાત્રો એ સત્ય ઘટનાનાં પાત્રો છે તેમાં ફક્ત મેં કલ્પનાના રંગ જ પૂર્યા છે. આશા રાખું છું કે, મારા વાચકો, ભાવકો અને સાહિત્યરસિકોને આ નવલકથા ગમશે જ. આ બાબતે આપના પત્રો મને મળશે તો આનંદ થશે.

લખવા માટે મને પ્રોત્સાહિત કરવા માટે મારા લેખક મિત્રો તથા ગોપાલભાઈ વ્યાસ, સરકારી પુસ્તકાલય નડીયાદ, તથા ડી.સી. પટેલ, સરકારી પુસ્તકાલય આણંદ તથા ગાંધીનગરના પંકજભાઈ તથા સ્ટાફ મિત્રો અને  ગ્રંથાલય નિયામક અમદાવાદ શ્રી ચૌધરી સાહેબ, એન. જે. ભટ્ટ  તથા મારાં ધર્મપત્ની સૂર્યાબેનને તો ભૂલાય જ કેમ ?

આ નવલકથાના પ્રકાશન બદલ શ્રી યાકુબભાઈ મલેક એમ.એમ.સાહિત્ય પ્રકાશન, આણંદનો હું ઋણી છું.

- **અમરસિંહ પરમાર**

સદ્‌વિચાર સંઘ,
ભગતજીન, કપડવંજ રોડ,
ડાકોર - ૩૮૮૨૨૫.
મો. ૯૪૨૬૩૧૫૪૩૫

# પ્રકરણ - એક

વૈશાખ મહિનાની શ્વેતરાત્રિ અડધી વહી ગઈ હતી. પૂનમનો ચંદ્ર મધ્ય આકાશે ઝૂલતો હતો. તારાઓનું મિત્રવૃંદ ચંદ્ર સાથે જ્ઞાનગોષ્ટી કરવા આવ્યું હોય તેમ શાંતચિત્તે સાધુના મુખમાંથી વહેતી રસવાણી ભાવપૂર્વક સાંભળતા શ્રોતાઓની માફક સ્થિર હતાં. થોડી થોડી વારે ભમરાળા વાદળો - કૂતરાની જેમ કથામાં ભંગ પાડતાં આ સભાની ઠેકડી  ઉડાડતાં વહ્યે જતાં હતાં. કોઈપણ સમયે ઉગી નીકળવાની તૈયારી કરતી આકાશ-ગંગા જેવું કંઈક દૃષ્ટિપાત થતું હતું..... અને મંદમંદ પવન લહેરાતો હતો.

આવા સોહામણા સમયે મીઠી નીંદરમાં પોઢવાને બદલે અગાશીમાં પથારી પર સૂતા સૂતા વિચારે ચઢેલો સતાર - કાનમાં કર્ણપ્રિય વાગતી વાંસળીનો અવાજ અથડાતાં સભાન થયો. પથારીમાં બેઠા થઈ ધ્યાનથી સાંભળવાનો પ્રયાસ કરવા લાગ્યો.

ક્યાંક આવી જ મીઠી વાંસળી વગાડવાનો મોહ એવા સમયે છોડવો પડ્યો હતો કે - !

સતાર વધુ સમય સાંભળી ન શક્યો.

વાંસળીનો હૃદયવિદારક કંઠ દિલને ધડકાવતો જતો હતો.



કાન પર હાથ દઈ અવાજનો પ્રતિકાર કરવાનો વિચાર આવ્યો પણ તેનો અમલ ન કરી શક્યો.... ફરજિયાત પણે વાંસળી સાંભળવી નથી છતાં સાંભળવી પડે છે. સતાર વાંસળી સાંભળવાનો મોહ ન છોડી શક્યો - તેના દિલના ટુકડે ટુકડા થતા જતા હતા.... અને ! સતારની આંખોમાં આંસુની ધારાઓ વહેવા લાગી - અવિરામ ! ભૂતકાળના પ્રસંગોને તાજા કરવા પુરતી વાંસળીનો અવાજ - સતારથી એક ડુસકું નંખાઈ ગયું.

કેવા સંજોગો હતા એ ? કેવી કેવી વિટંબણામાંથી પસાર થયો હતો ?- અને આખરે ન જિરવાય એવો દિલમાં પડેલો ઘા - કયાં રૂજાય તેમ હતો - ? છતાં ગમમાં જીવી રહ્યો હતો. ન કહેવાય કે ન સહેવાય.... નસીબનું ચક્ર - બીજું શું ? ભવિષ્ય કેવું હશે એ તો ભગવાન જાણે, પણ ભૂતકાળ તો ભોગવી ચૂક્યો હતો સતાર !!!

સુખ જોયું છે તો દુઃખ પણ.

આટલા નાના જીવનમાં લીલી - સુકી ભોગવી ચૂક્યો હતો.

એક ઝાટકા સાથે વિચારો ખંખેરી સ્વસ્થ થયો.

બીજું કરે પણ શું ?- ભૂતકાળની યાદને સતાવવાથી વિતાવેલા દિવસો મગજ પર કબજો જમાવે એ પહેલાં જ તેને ડામવામાં સતાર સમર્થ હતો.

ગમ ગળીને જીવી રહ્યો હતો. સતાર !

વાસ્તવિક જીવનમાં પછડાયો... નિર્ણય કરવાનો હતો તેને ચિંતાનું કોઈ કારણ નહોતું - એક સામાન્ય નિર્ણય કરવાનો હતો -

મફતમાં ? જેમને દ્રોણગુરૂ સમાન માન્યા હતા - જેમના પ્રત્યે પિતા જેટલું માન હતું - એવા એક અને માત્ર એક જ પ્રિન્સિપાલ રઘનાથના આદેશનું પાલન કરવું કે નહીં - તેનો માત્ર નિર્ણય કરવાનો હતો. રઘનાથનો આદેશ હતો કે કૉલેજમાંથી જે ટૂર ઉપડવાની હતી - તેમાં સતારે પણ આવવાનું હતું.

પણ સતાર તેમ કરી શકે એમ નહોતો.

તો પ્રિન્સિપાલ સાહેબના આદેશનું ઉલ્લંઘન કરવા પણ અસમર્થ હતો - પ્રિન્સિપાલના સ્નેહ આગળ તેનું કંઈ ચાલે એમ પણ નહોતું.

આમ તો પ્રિન્સિપાલ રઘનાથ સાથે તેને કોઈ જુનો પુરાણો સંબંધ નહોતો... પરંતુ બંને વચ્ચે સ્નેહની દોરી સાંધનાર રઘનાથનો દીકરો મનસુખ હતો.

સતાર અને મનસુખ સાથે જ ભણતા.... બંનેના આવન-જાવનનો માર્ગ એક જ હતો. ફક્ત મનસુખના બંગલેથી થોડે દૂર સુધી ચાલવાનું સતારને નસીબે લખાયું હતું. તેનું ઘર શહેરના છેવાડે - એકાંતમાં આવેલું હતું.

આમ તો સતાર એકાંતપ્રિય વિદ્યાર્થી હતો. અને તેની જિંદગીએ પણ તેને એકલો જ રાખ્યો હતો - કોઈ સહભાગી નહોતું.... તેની એક ખાસિયત હતી - મૌન. ઓછા બોલા સતારની ગંભીર મુખમુદ્રા જોઈને જ સૌકોઈને જાણ થઈ ગઈ હતી કે - આ યુવાન જોખી-તોલીને બોલનારો છે.



માધ્યમિક શિક્ષણ દરમિયાન ભાગ્યે જ કોઈ છોકરી સાથે વાત કરી હશે. વાત તો ઠીક પણ સામે આંખ પણ માંડી શકતો નહોતો. તે કદાચ છોકરીઓથી શરમાતો હતો - કે પછી છોકરીઓ શરમાય તેવું વર્તન ન કરવાનું મૂનાસિબ માનતો હશે - જે હોય તે - પરંતુ સતારે ક્યારેય પણ વર્ગમાં કે બહાર કે અન્યથા - કદાપિ તેણે છોકરીઓ સામે ઊંચી નજર કરી જોયું નહોતું.... ભૂલે ભટકે પણ જો કોઈ છોકરીની આંખ સામે આખ ટકરાઈ જાય - તો સતારના આખાએ શરીરમાં સંકોચનો આંચકો પસાર થઈ જતો ! અને સામે વાળી છોકરીની આંખ શરમથી નીચી ઢળી જતી.

આવો તો ફક્ત અકસ્માત જ હતો. ઈરાદાપૂર્વકની આવી પ્રવૃત્તિ થતી નહોતી. પરંતુ આ શિક્ષણ જગતમાં શરમાયે કે સંકોચ અનુભવ્યે કોઈ આગળ આવવાનું નહોતું - તો પછી સતારે પણ શું કામ શરમાવું જોઈએ ? - સતારને પણ દોસ્તની જરૂર હતી. અને એક દિવસ જિગરજાન દોસ્ત મળી ગયો - મનસુખ ! તેના આવવાથી સતારની જિંદગીનો રાહ બદલાઈ ગયો. આમ તો સતારને કોઈ ખાસ દોસ્તો નહોતા - કારણકે જે વિદ્યાર્થીઓ સતારના ક્લાસમાં હતા તે બધા જ છોકરીઓની પાછળ મજનુની માફક ભટકતાં રહેતા, હડતાલો પાડવામાં અને તોફાનો કરવામાં રચ્યા પચ્યાં રહેતા અને વર્ષ આખરે ચોરીનો આશરો લઈ ઉપરના વર્ગમાં કૂદકો મારતા.

આમાંનો એક પણ લક્ષણ સતારના વર્તનમાં કે જિંદગીમાં નહોતો - અને પ્રવેશવાના પણ નહોતાં. એટલેજ તો તે સ્કુલમાં જુદો જ તરી આવતો હતો.... અને, એક દિવસ તેનો ભેટો મનસુખ સાથે થઈ ગયો. - મનસુખ હંમેશા હસતો રહેતો - હસમુખો જ હતો

તેના આવા વ્યક્તિત્વના પ્રભાવથી જ તો સતારે તેની સાથે દોસ્તી બાંધી.

ત્યારથી બંને જીગરજાન દોસ્તો બની ગયા. સાથે જ એક કૉલેજમાં દાખલ થયા હતા. જેના પ્રિન્સિપાલ રઘનાથ હતા. તેમને સતારને અભિનંદન આપી આનંદ વ્યક્ત કર્યો. તેમણે સતારની હોંશિયારી અને કુશળતાને બિરદાવી. તેમણે સતારમાં હીર જોયાં. પોતાના દીકરાની સાથે તેમણે સતારની પણ કાળજી લેવા માંડી.

સતાર આમ તો ગરીબ કુટુંબમાંથી આવતો હોવાથી તે કરકસરતાથી રહેતો હતો. અગવડતાવાળું જીવન ગુજારતો હતો તેનું લક્ષાંક તો ભણી-ગણીને કોઈ સારી નોકરી મેળવવા માટેનું હતું.

દર વર્ષે દરેક ધોરણમાં પહેલા નંબરે પાસ થઈ વાર્ષિક શિષ્યવૃત્તિ તથા ઈનામો મેળવતો રહેતો હતો. રમત ગમતમાં પણ એ એટલો તો પાવરધો હતો કે તેના સારા એવા એવોર્ડ અને ઈનામો મળ્યા હતાં.

સતારની કપરી પરિસ્થિતિથી વાકેફ પ્રિન્સિપાલ રઘનાથે તેને એક વખત આર્થિક મદદ કરવા પૂછયું હતું પરંતુ કાથી દોરડીનો વળ ના ઉકેલે તેમ - સતારના સિધ્ધાંતને તોડી ન શકાયા પ્રત્યક્ષ મદદ કરવાને બદલે આડકતરા પ્રયાસરૂપે તેમણે પોતાના દીકરા મનસુખને શીરે તેની જવાબદારી નાંખી.

રઘનાથને એમ હતું કે જો આ છોકરો તેની આવી કપરી પરિસ્થિતિમાં હારી જશે અને કંટાળી જઈને ભણવાનું છોડી દેશે તો એક સારો આદર્શવાન, હોંશિયાર, સંસ્કારી વિદ્યાર્થી ગુમાવ્યાનો



રંજ રહી જશે. તેમણે કોઈપણ હિસાબે સતારના માનસ પર તેની સ્થિતિની ખરાબ અસર ન પડે તેની પૂરી તકેદારી રાખવાની જવાબદારી મનસુખને સોંપી.

પિતાજી કરતાં મનસુખ સવાયો સાબિત થયો. તેણે તન, મન, ધનથી સતારની જિંદગીને સંપૂર્ણ અસરકારક બનાવવાના પ્રયત્ન કરવા લાગ્યો.

મનસુખ ક્યારેય પણ સતારને ચિંતામાં જોતો તો તરત જ પૂછી બેસતો. ‘અરે ! યાર ! પાછી શું ઉપાધિ આવી પડી છે તે આમ બારેય વહાણ ડૂબી ગયા હોય એમ લમણે હાથ દઈને બેઠો છે ? તારા માટે તો આ તારો દોસ્ત તારી ખુશી માટે પ્રાણ આપવા પણ તૈયાર છે.’

લાગણીસભર બોલી સાંભળી સતારની આંખમાંથી બોર બોર જેવડાં આંસુડાં નીકળી પડતાં. તેને એ નહોતું સમજાતું કે આ દુઃખભંજન ભેરૂડાને મારા પ્રત્યે આટલી બધી લાગણી કેમ હશે ! કે પછી વિધિના લેખ ! - મારી ખુશી ખાતર મારો દોસ્ત પ્રાણ ત્યાગવા પણ તૈયાર છે ! આખી જિંદગી તેના પગોમાં રગડું તો પણ તેના ઉપકારનો બદલો નહીં વાળી શકું.

પરંતુ આમાંનુ કંઈ પણ બોલી શકતો નહીં. માત્ર તેના આંસુ શબ્દો બની વહેતા... તેની જીભમાં શબ્દો સ્થિર હતાં.... અને બંને દોસ્તો મૂકભાવે એકબીજાની લાગણીના જોરે ભેટી પડતા.

❖ ❖ ❖

પૂનમનો ચાંદ ધીરે ધીરે પશ્ચિમ તરફ પ્રયાણ કરતો રહ્યો. તારા પણ જાણે ઊંઘમાં ઘેરાયા હોય તેમ ઝાંખા બની ગયા હતા. ઉનાળાની રાત અને તે પણ પાછલી રાત્રિનો ઠંડો પવન સતારને માટે દુશ્મન બની બેઠો. કારણકે સતારને હજુ તો ઘણું બધું વિચારવું હતું. અને કોઈ એક નિર્ણય પર આવવું હતું. પરંતુ સતાર કંઈ નિર્ણય કરે તે પહેલાં તો તેની આંખોએ નિર્ણય કરી લીધો. સવારમાં વહેલા ઉઠવાનું છે એટલે અત્યારે નિંદ્રાદેવીને આશરો આપવો જ પડશે અને સતાર ઊંઘી ગયો.

સ્વપ્નભરી નિંદ્રામાં પડી ગયો સતાર !

રંગબેરંગી સપનાં તેના માનસપટ પર પથરાવા લાગ્યા. સપનાં તો આવે જ ને ? યુવાન હૈયામાં સપનાં ના હોય તો બીજું શું હોઈ શકે ?

કેટલાંક જુવાનોને યુવતિ, સ્વર્ગની પરી - અપ્સરાનાં સુંદર સપનાં આવતાં હોય છે. કોઈની સાથે પ્રેમ કરતા હોય કે - પછી વાજાં વગડાવી લગ્ન કરવાં હોય.... ક્યારેક તો સ્વર્ગમાં સિધાવી અપ્સરાના હાથની વરમાળા આરોપણ કરતા હોય કે - પણ જ્યારે સવારમાં જાગે તો ભાઈસાહેબ એકલા પલંગમાં પોઢ્યા હોય !!!

યુવાન દિલ છે સપનાં આવતાં જ હોય ને ? - એ રીતે પણ તેમની ઈચ્છા સંતોષાતી હોય - તો પછી સતારે શો ગુન્હો કર્યો હોય કે તેને પણ સપનાં ના આવે ?

ના કેમ આવે ? આવે. એક કોડભર્યો યુવાન હતો.





નિંદ્રાધિન થતાં પહેલાં સતારે ઘણી કોશિશ કરી હતી પરંતુ કોઈ નિર્ણય કરી શક્યો નહોતો. તેને એક નહીં પણ બે દિલને સંતોષ આપવાનો હતો - પ્રિન્સિપાલ સાહેબ અને તેમનો પુત્ર મનસુખ.

કદાચ સતાર ના પાડી દે, તો આ બંને દિલની લાગણીને ઠોકરે ચડાવવી પડતી હતી - એ આ સજ્જનોની લાગણીને ઠેસ ચડાવવી - એટલી હિંમત સતારમાં હતી જ નહીં - પછી તે કઈ રીતે ના પાડી શકે ?

અને કદાચ સતાર હા પડી દે - બંનેનું માન રાખીને તો - તો સતાર એટલા બધા પૈસા લાવે કયાંથી ? ટૂર તો ઘણી લાંબી ગોઠવાઈ હતી તો ભાડાના પૈસા તો ચૂકવવા જ પડે ને ? - અને કશુંય ખરીદે નહીં તો પણ થોડા ઘણાં ખિસ્સા ખર્ચના તો લેવા જ પડે ને ? - આમ પારકા પૈસે દિવાળી કરવાનું સતારને ગમતુ નહોતું.

ઊંઘી ગયો. કંઈ પણ નિર્ણય કર્યા વિના જ.

સવારે આઠ વાગ્યે જાગ્યો.

તેના પર નિંદ્રાદેવીની આજે મહેરબાની હતી અને ઠંડા પવનનો ટેકો હતો. તેથી તેની ઊંઘ ઉડત જ નહીં. પરંતુ નીચે કંઈક ખખડાટ થતાં તેની આંખ સહેજ ખૂલી અને આંખમાં સૂર્યનાં તાજાં જ કિરણો પડતાં તેની આંખ સતેજ થઈ. જાગી ગયો સતાર ! નર્યા આશ્ચર્યથી !

ઊંચે નજર કરી.

આકાશમાં કાગડાઓની હાર પૂર્વ તરફથી પશ્ચિમ તરફ જઈ રહી હતી. કોઈ યુધ્ધમાં જતા હોય તેમ બડાશ મારતા - છટાથી ઉડતા જતા હતા. કોઈ કોઈ વાદળ રૂની ગાંસડીની જેમ ધોળો પૂણી જેવા આકાશમાં ગબડતું જતું હતું. સૂરજ ખાસ્સો ઊંચે ચઢી ગયો હતો -અને તેનાં કિરણો પૃથ્વીને તેજ બક્ષતા હતા.

મોડા ઊઠવા બદલ સતારને ક્ષોભ થયો. હવે તો કૉલેજ પણ જઈ શકાશે કે નહીં તે પ્રશ્ન ઊભો થયો. હજુ તો હમણાં જ ઊઠ્યો છે, પથારીમાંથી બેઠો પણ થયો નથી - તો પછી બ્રશ ક્યારે કરશે ? સ્નાન ક્યારે કરશે ? - આ બધાથી ક્યારે પરવારશે ?

સ્પ્રિંગની જેમ ઉછળ્યો. આળસ ખંખેરી નાંખી. અને પથારી ઉપાડવા જતો હતો ત્યાં જ તેને ફરી પાછો નીચે કમાડની સાંકળ ખખડવાનો અવાજ આવ્યો. અને અવાજ આવ્યો ત્યારે જ તેને ભાન થયું કે તેને અત્યારે ઊંઘમાંથી જગાડનાર તો નીચેવાળો છે - તેથી તે ઝટપટ પથારી બગલમાં દાબીને નીચે ઊતર્યો. એક બાજુ પર પથારી મૂકી કમાડની સાંકળ ખોલી.

અને !

સ્તબ્ધ થઈ ગયો સતાર !

સામે એક સુંદરી ઊભી હતી !

સતારના આગણામાં સુંદરી ! - આશ્ચર્ય !

ના - ના - કોઈ અપ્સરા જ હશે - કે પછી રૂપસુંદરી ! અહા...! શું ભગવાને રૂપ આપ્યું છે ! - મંદ મંદ હસતી કમળના ફૂલ જેવી



કોમળ અને કાળી આંખો, રૂપથી મઢ્યું મુખારવિંદ, કેડ સુધી બેસાડતી હોય એવા કઠોરતાના ભાવ ! ગોરા ગાલ અને જમણા ગાલ પર સ્પષ્ટ તરી આવે કાળો તલ ! - હંસના ડોક જેવી લાંબી ડોક, હરણી જેવી તાળી, અને...! ...!!!

સ્તબ્ધતાના અંચળા હેઠળ સતાર ઝોલા ખાઈ ગયો.- વાસ્તવિક છે કે સ્વપ્ન ? કે પછી કેવ ભ્રમ ! પાર્થિવદેહ જુએ છે કે સ્વર્ગીય ....! કંઈ સમજ ન પડતાં તેણે આંખો ચોળી.... ભ્રમ માની પાછા વળી કમાડ બંધ કરવા જતો હતો ત્યાં જ તીખો તમતમતો અવાજ સંભળાયો.

"મિસ્ટર સતાર ! હું કંઈ તમારી નોકર નથી કે તમે તૈયાર થાઓ ત્યાં સુધી તમારો ઈન્તજાર કરતી અહીં જ ઊભી રહું.... મારે મોડું થાય છે. તમે તૈયાર હોય તો ચાલો મારી સાથે અને વાર લાગે તેવી હોય તો રજા આપો - જેથી હું તો જઈ શકું !-"

અને તે યુવતીના મુખમાંથી નીકળતા ઘંટડી જેવા - રૂપાની ઘંટડી જેવા અવાજથી ચમકેલો સતાર ફરી પાછો સ્તબ્ધ બની ગયો.

આ છોકરીને ક્યારેય જોઈ નથી. ક્યારેય પિછાણી નથી - તેની સાથે મારે કોઈ સંબંધ નથી - તો તે કયા અધિકારથી મને ડારે છે ? તેને કહેવાનું મન થઈ ગયું. 'ચાલતી થા... તને કોણ નોતરૂં દેવા આવ્યું હતુ - તે અહીં આવી છે ? - પરંતુ એમાંનું કંઈપણ કહી ના શક્યો. આ યુવતી કોણ છે તે ઓળખવા - યાદ કરતો ઘડીભર તો તે એક જ દષ્ટિથી - સ્થિર નજરે તેના મુખ સામે તાકી રહ્યો. તેને કંઈપણ યાદ ના આવ્યું.

આ રૂપસુંદરીને શું કહેવું - તે જ સમજમાં ન આવતાં સતાર આભો બની ગયો - દિગમૂઢ થઈ ગયો.

ત્યાં - !

'આમ ધારી ધારીને શું જુઓ છો ? જવાબ આપી દો એટલે ચાલતી થાઉં ! ' - હજુ પણ યુવતીના અવાજમાં તીક્ષ્ણતા યથાવત હતી.

સતાર ફરી ચમક્યો ! પણ આ વખતે તેણે સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી. તેણે વિવેકપૂર્વક, ધીમેથી જેવા આવડ્યા એવા શબ્દોથી સામે પ્રશ્ન કર્યો - જો કે તે ગેંગેંફેંફેં તો થઈ જ ગયો - પરંતુ યુવતી સામે સ્વસ્થતા પ્રાપ્ત કરતો બોલ્યો;

'માફ... કરજો પણ .... પણ મેં તમને ઓળખ્યાં નહીં.... આપ ?'

'અરે વાહ ! ક્યારના અજાણ્યા બની બેઠા ?એક જ કૉલેજમાં એક જ વર્ગમાં, એક જ હરોળમાં - સાથે બેસવા છતાં પણ મને ઓળખતા નથી ? કમાલ છે ને તમારી યાદશક્તિને ? - કે જે ક્લાસમેટને પણ ન ઓળખી શકે ? અરે ! તમારી ચા પીવા કે નાસ્તામાં ભાગ પડાવવા નથી આવી - પણ તમે આમ અજાણ્યા બનો એ ન ચાલે - અજાણ્યા બનો કે ન બનો, મારે તો મારૂં કામ કરીને જવાનું છે. પ્રિન્સિપાલ સાહેબે ફોન ન કર્યો હોત તો તમારી પાસે શું કરવા આવત ?

એક શ્વાસે આટલું લાંબુ ભાષણ કરતાં થાકી ગઈ. પણ



અવાજમાં એ જ ઝડપ હતી... તેમાં લેશમાત્ર પણ ફરક પડ્યો નહોતો. તેની નજરો પણ સતાર પર ફરી રહી હતી. તેની નજરોને ઓળખવા પ્રયત્ન કરવા લાગી - પણ તેમાં અસફળ રહી !

'જખ મારવા આવી છે ત્યારે ! '- કહેવાનું મન થઈ ગયું સતારને પણ પછી ચૂપ રહ્યો.

આટલી લાંબા ભાષણ પછી તેને કંઈક તો યાદ આવી જ ગયું હતું - કે આ મારા જ કલાસની છોકરી છે અને પહેલી બેન્ચ પર બેસે છે. હું પણ પહેલી જ બેન્ચ પર બેસું છું ને ? પણ એના તરફ ધ્યાન કયાં રાખ્યું હતું ? હા, એક વખત એક પ્રોફેસરે તેને કંઈ પ્રશ્નનો જવાબ આપવા ઊભી કરી હતી ત્યારે માત્ર એક ક્ષણ માટે નજર નાંખી જોઈ હતી. પોતાની ભૂલ કબુલતાં સતારે માફી માગી;

'ઓહ ! સોરી ! આઈ એમ વેરી વેરી સોરી ! - મેં આપને ઓળખ્યા નહીં... અરે નહીં - હજુ હમણાં જ ઊઠું છું ને ? એટલે સ્વપ્નોની દુનિયામાંથી વાસ્તવિક દુનિયામાં આવતાં જરા વાર લાગી.... માફ કરજો ! હં.... હવે બોલો શું કામ છે ?

બને એટલા જરૂરી શબ્દોથી માફી માગી છે એવું સતારને લાગતાં તેને કયા કામે આવવું પડ્યું તે પૂછવા લાગ્યો.

પરંતુ - !

તેને જવાબ આપવાને બદલે તે યુવતી તો ખડખડાટ હસવા લાગી. અત્યાર સુધી સતારના હાલ જોઈને હસુ હસુ થઈ રહેલી - પરંતુ સતારને જાણ ન થઈ જાય તેથી જ તો તેણે મોં આડે હાથ

રાખી વાત કર્યે રાખી હતી. મહાપરાણે જાળવી રાખેલી કઠોરતાનો અંકૂશ પણ છૂટો થઈ ગયો... ગોઠવીને આવેલી બધી જ કઠોરતા અત્યાર સુધી જાળવી રાખી હતી પરંતુ જયારે સતારે બોલવાની શરૂઆત કરી - માફી માગવાનો ડ્રામા કર્યો કે.... યુવતીના ચહેરા પરથી બધી જ કઠોરતા ઉડી ગઈ... અને તેના હાસ્યનો ધોધ વહી ગયો - તૂટી જ પડ્યો... હાસ્યનો ધોધ રોકવા માટે યુવતીના હાથમાં વાત રહી નહોતી. કેમેય કરીને રોકી શકાય તેમ નહોતો.

સતાર વિમાસણમાં પડી ગયો !

યુવતીનું હાસ્ય વહ્યે જતુ હતું. તેના મુખમાંથી પસાર થતો - પછડાતો હાસ્યનો ધોધ અનંત - અને અખૂટ વરસી રહ્યો હતો. હસવાથી પેટમાં ગડી પડી હતી તેથી તો બેવડ વળી ગઈ હતી. છતાં પણ તે હસતી જ રહી.... ખડખડાટ... હસતી રહી. હસવાથી તેની આંખોમાં પાણી ધસી આવ્યા. છતાં તે હસતી રહી.

❖ ❖ ❖



# પ્રકરણ - બે

સવાર !

અને તે પણ ઊનાળાની મીઠી સવાર ! મંદ ગતિએ ઠંડો પવન ખુશનુમા - ખીલેલા ફુલની સુગંધનો અનુભવ કરાવતો વહેતો હતો.આકાશમાં સૂરજનો પ્રકાશ ધીરે ધીરે ધગધગતા અંગારા સમો તડકો પૃથ્વીને ભેટ ધરવાવાળો - હાલ પૂરતો ઠંડો લાગતો હતો - જાણે કે ઊંડા પાણીમાં ભરાયેલો દાવાનળ !

પક્ષીઓનો મીઠો કલબલાટ વધ્યે જતો હતો.

દૂરદૂરથી સ્ટેશન પરથી ગાડી છૂટતી વેળાનો - તેણે મારેલી વ્હીસલનો અવાજ - ભરપૂર ગાડીના ડબ્બાના ખખડાટમાં સમાઈ ગયો.

અને !

સતારના ઘરના આંગણામાં પધારેલી અપ્સરા સમી તેના ક્લાસની યુવતીનું હાસ્ય પણ વહી જતી ગાડીની જેમ સતત વહેતું હતું. તેનું હાસ્ય અંકુશની મર્યાદા વટાવી ગયુ હતું. જો તેને અંકૂશમાં

નહીં રાખે તો તેનું હૃદય ઢસડી જશે - આખી જિંદગીનું સંઘરી રાખેલું હાસ્ય ગંગાનદીના પાણીના પ્રવાહની જેમ ધસમસતુ વહેતુ હતું. જરૂરી અને બિનજરૂરી ! - તેના હાસ્યનો કોઈ અંત નહોતો.

પરંતુ સતાર !

એ તો સ્તબ્ધ બની ઊભો હતો.

આ યુવતીના હાસ્યનો ભેદ પામવાની તેનામાં શક્તિ જ રહી નહોતી. અથવા તો તેને આ આખેઆખી છોકરી જ ભેદભરેલી લાગી. કંઈપણ સમજી શકતો નહોતો.

આ યુવતી આવું હસીને મારી કોઈ મૂર્ખામીભર્યા વર્તન પર ઠેકડી ઉડાવતી હશે - કે - પછી ?.... ના. ઠેકડી ઉડાડે તેવું તો તેનું હાસ્ય હરગીજ નથી. કદાચ મને ઝંખવાણો પાડી દેવા - મને મારી મૂર્ખામી પ્રગટ કરવાનો કોઈ પ્રયાસ તો નથી ને ?.... ના. એમ તો તેનું હાસ્ય બિલકુલ નિર્દોષ છે.... હા.. નિર્દોષ હાસ્ય.... ! એક નાના બાળકના મુખમાંથી સરતુ નિર્દોષ હાસ્ય !!

યુવતી એટલુ બધુ હાસ્ય વેરતી હતી કે તેના ખભા પર રહેલો દુપટ્ટો નીચે સરકી ગયો તેનુ પણ તેને ભાન રહ્યું નહોતું. તેના ઉઘાડા બદન પર ચમકેલા તેના સૌંદર્ય સતારને આશ્ચર્યમાં મૂકી દીધો.

'અહા ! આ.... સૌંદર્ય ! તેની ગરદન સમી સ્વરૂપવાન તેની ઉપસેલી છાતી ! - નિર્દોષ સસલાંના બચ્ચાં સમાન ગભરૂ ! - ચીકણી જાણે કે તેલ પાયુ હોય તેવા બંને પયોધરો યુવતીના હસવાથી



ઊંચા - નીચા થતા હતા... આભો જ બની ગયો.

સવારના પહોરમાં જ માદક સૌંદર્ય પીરસતી યુવતીના સૌંદર્યને પી રહ્યો સતાર ! કયાંક ગંભીર ભૂલ થઈ જશે - એ બીકે સતાર ચેતી ગયો.

શું કરવું ? તેને યુવતીને ચેતવવાની ઈચ્છા થઈ : પણ કઈ રીતે ચેતવવી ? - થોડો અણસાર થાય એ રીતે તે હાલ્યો - સળવળ્યો : પણ... પોતાના હાસ્યમાં મસ્ત બનેલી યુવતી તેના ઈશારાને અવગણીને ખડખડાટ હસવાનું કાર્ય સતત ચાલુ જ રાખ્યું.

હવે સતારનો ગુસ્સો કાબુમાં ના રહ્યો.... તેના બોલવાની કેદનાં તાળાં તૂટી ગયાં અને ગુસ્સાભર્યા અવાજે ભાષણ ઠોકવા લાગ્યો :

'ચૂપ રહે અરે ! ઓ નાદાન છોકરી ! આપના શરીરનું તો ઠીક - પણ શરીર પરનાં કપડાનું તો ભાન રાખો ! જરા તો શરમાઓ - કે પછી લાજ શરમ નેવે મૂકીને આવો છો ? આમ હસતાં શરમ નથી આવતી બેવકૂફ.... એક તો અર્ધનગ્ન શરીર દેખાય એવા કપડાં પહેરો છો.... અને પાછા ભાન તો રાખતા નથી.... પછી કોઈ પણ યુવાન ચેડાં કરે જ ને ?.... સાંભળતાં નથી કે શું ?'

સતારને થયું કે એક લપડાક લગાવી દઉં... પણ ગમ ખાઈ ગયો.... સામે એક સ્ત્રી જાત હતી... સતારનું ભાષણ અને શિખામણ પૂરી થાય એ પહેલાં જ એમ્બેસેડરનું હોર્ન વાગ્યું - અને અચાનક બંને ચમક્યા !

યુવતી હસવું દબાવવા માટે નીચલો હોઠ ઉપરના દાંત હેઠળ ભીંસવા પ્રયત્ન કરવા લાગી... છતાં હજુ પણ હસતી હતી.

કારનો દરવાજો ખોલી મનસુખ બહાર નીકળ્યો.જુએ છે તો ! - તેનાથી પણ હસ્યા વિના રહેવાયું નહીં.

'અરે ! પણ... યાર... મનસુખ ! જો ને યાર ! આ યુવતી અહીં આવીને ઊભી છે ત્યારની બસ હસ્યા જ કરે છે. તુ આ મેમસા'બને સમજાવ જરા - હાસ્યનો ફૂવારો છોડી રહ્યા છે ક્યારનાંય...!'

સતારના મુખમાંથી નીકળેલો 'મેમસા'બ' શબ્દ યુવતીને ચમકાવી ગયો અને થોડો ગુસ્સો પણ કર્યો. ફકત આંખો કાઢીને. મહાપરાણે હાસ્ય રોકી રાખ્યું હતું - તેથી તેણે બોલવાનો પ્રયત્ન ન કર્યો.

'પહેલાં તો તું તૈયાર થા.... તારા શરીર પર માત્ર ટુવાલ જ વીંટળાયેલો છે. હજુ સ્નાન પણ કર્યું નહીં હોય - જા જલદી કર... તારા વેશ જોઈને એ હસે નહીં તો બીજું કરે પણ શું ? - રડે ?'

'મનસુખ તુ યે યાર મારા વિરોધમાં ? '

'પણ દોસ્ત ! તારા વેશ તો જો....'

બંને વચ્ચે વાત આગળ વધે તે પહેલાં યુવતી સળવળી... તેણે કહ્યુંઃ 'તો મનસુખભાઈ... હું જાઊં છું કૉલેજ... તમે બંને સાથે આવજો... બંને નવરાધૂપ લાગો છો. હું કાંઈ તમારી પાછળ નવરી નથી આ તો સાહેબનો ફોન હતો તેથી જ હું આ તરફથી નીકળી !



પણ... અહીં તો બધા સૂર્યવંશી લોકો રહેતા હોય તેમ સૂરજદેવના ઊગ્યા બાદ આ ભાઈસાહેબોની આંખ ઉઘડતી લાગેછે - 'ગુડ બાય...!' કહીને યુવતી જવા જ માગતી હતી પગ ઉપાડ્યો ત્યાં સતારે બુમ મારી.

'અરે! પણ તમે શા કામે આવ્યા હતા તેની કોઈ વાત કર્યા વગર આમ કયાં જાઓ છો ?'

'કયાં તે વળી કૉલેજ, વારે ઘડીએ મને કેમ હેરાન કરો છો મિસ્ટર સતાર !' થોભી ગઈ યુવતી. આ વખતે યુવતીના મુખ પરના ભાવ જોઈ સતારની આંખોમાં ગુન્હેગારની રૂખ ફેલાઈ.... ખરેખર તો સતાર હેરાન થયો હતો... છતાં પાડાને વાંકે પખાલીને ડામ દેનાર યુવતી સામે દિલગીર થતાં બોલ્યો :

'ઓહ.... સોરી... મીસ...'

'વિશાખા...!' યુવતીના મુખમાંથી રૂપાની ઘંટડીના રણકાર જેવો મીઠો અવાજ નીકળ્યો. જાણે કોયલ ટહુકી !!! પોતાના નામનો ઉચ્ચાર કરતાં તો - એવું શરમાઈ ગઈ કે તેના બંને ગાલ રતુંબડા થઈ ગયા... ગાલ વચ્ચે ખંજર પડ્યા અને કાળો તલ ખંજરમાં ખૂંપી ગયો... તેની આંખો હરણીની જેમ ભયવિહ્વળ બનતી ચારે તરફ ઘૂમવા લાગી... અને વધુ એક ક્ષણ પણ રોકાયા વિના પાણીના રેલાની માફક દૂર અદશ્ય થઈ ગઈ... મનસુખ અને સતારને બેખબર રાખી દૂર સુધીજયાં વિશાખાની કાર પડી હતી ત્યાં સુધી તેણે પાછળ ફરીને પણ ના જોયું. - તેનો આ ઘમંડ છે કે સંકોચ - તે ઓળખી શકાયો નહીં.

કારની પાછળ ઊડતી ધૂળની ડમરીઓએ તેના અદૃશ્ય થયાના સમાચાર આપ્યા.

હૃદયના ઊંડાણમાંથી પાછો શ્વાસ કાઢતાં સતારના મુખેથી નીકળી ગયો એક શબ્દ 'વિશાખા...' અને વળતી નજર તેના જમણા હાથ પર પડી એક આંગળીયે સોનાની વીંટી હતી.. વીંટીને હોઠ સુધી લઈ ગયો... પણ પછી તરત જ પાછો વાળી લીધો... સતારની આ ચેષ્ટા મનસુખ બેધ્યાનપણે જોઈ રહ્યો હતો.

સતાર તો હજુયે વિશાખાના વિચારોમાં ડૂબેલો હતો.

'વિશાખા ! અહા...' કેટલું સુંદર નામ ! શું રૂપ છે ! શું છટ્ટા છે અને એનો અવાજ ! જાણે - કોયલ ટહુકી ! જમણા ગાલ પર કાળો તલ ! - કયાંક ભરાઈ ગયો સતાર ! ગાલના ઊંડા ખંજનમાં અને એ ખંજનમાં ડૂબેલો કાળો તલ ! કોણ હતી એ.... ! વિશાખા.... કયાંક મારી બચપણની..... ! ના...ના.... કદાચ બીજી કોઈક.... કદાચ એ હોય તો .... ? વિશાખા....! જેને પૂર્વે પૂર્વેથી તે જાણતો હતો ? હા... તે જાણતો હતો... જુગ જુગથી જાણતો હતો - ઓળખતો હતો.... એટલું જ નહીં ચાહતો પણ હતો... જેની આજ સુધી તેણે શોધવાની ઘણી કોશિશ કરી પણ તેને કયાંય મનની મીત મળી નહોતી - ભાન ભૂલી બેઠો સતાર ! સ્તબ્ધતા અને આશ્ચર્ય વચ્ચે ઝોલા ખાતો એમ જ ઊભો રહ્યો ! આનંદ અને ગમથી ભરાયેલું તેનું હૃદય ઉછાળા મારતું હતું !

પણ.... પણ.... આ તો વિશાખા છે ? મારી પપ્પુ તો ન પણ હોય.... કદાચ કોઈ ત્રાહિત હોય તો....



વિચારમાં ડૂબી ગયેલા સતારને ઢંઢોળીને મનસુખે ચેતવ્યો... અને પોતે સતારના વિશે વિચારો કરતાં રૂમમાં બેસી રહ્યો.

સતારની ગમગીની - ઉદાસિનતાનું કારણ વિશાખા તો નહીં હોય.... ! પણ તો પછી તેઓ એકબીજાની ઓળખાણ કેમ કરતા નહીં હોય ? - કદાચ સતારની શરતચૂક પણ થાય એવી શક્યતા ખરી ! હા.... વિશાખા નું નામે કદાચ તેને આશ્ચર્યમાં મૂકી દીધો હતો. છતાં જેવું હોય તેવું પણ ચોખવટ તો કરી દેવી પડે ને ? મારે જ પૂછવું પડશે - પણ તો પછી સતારના દિલને ભૂલાવેલી યાદ ને તાજી કરાવવાથી તેનું જીવન - ફરી પાછું ગમમાં વિતશે. તો - હવે ? કદાચ તેના કૌટુંબિક કારણે પણ તેની ખુશી છીનવાઈ હોય - કોને ખબર ?

આ સતારિયો- કંઈક ગૂંચવાડા ભરેલો લાગે છે. દિલનું દર્દ બહાર પણ આવવા દેતો નથી. ક્યારેક હસે છે તો ક્યારેક હસતાં - હસતાં પણ દિલના ઊંડાણમાંથી ગમનો છાંટો બહાર દેખાઈ આવે છે. પૂછીએ છીએ ત્યારે કહે છે તને એમ લાગે.... મારો બેટો.... જબરો દોસ્ત મળ્યો છે મને.... ભગવાન પણ જબરો છે ને ?

મનસુખ પણ ભગવાનને અને સતારને - ભાંડતો બેઠો હતો - ત્યાં તો સતારે તેને અંદર બોલાવ્યો.

'અરે ! મનસુખ ! ચાલ ભાઈ ! આજે મારા હાથની બનાવેલી ચ્હા પી.' જાણે કે રસોઈયો નહીં - કોઈ સ્ત્રીની અદાથી બોલ્યો કે મનસુખ હસી પડ્યો.

'સાલા ! તારી બોલી જ એવી નીકળે છે નહીંતર ઓછી છોકરી તારા પર ખફા થાત ?' મનસુખ પણ અંદર ગયો.

'તુ ચૂપ બેસ. તારે દલાલી કરવાની જરૂર નથી.'

'કેમ.... કેમ... નારાજ થઈ ગયો મારાથી ?'

'નારાજ થાય મારો દુશ્મન.... પણ એ છોકરીની તરફેણમાં તારે બોલવાની શી જરૂર ? તારી શું લાગતી હતી એ....?'

'સૉરી બસ યાર ! તારે જે સજા કરવી હોય એ કર'

'સજા.... ! લે આ એક કપ ચા પી જા.' કહી હસી પડ્યો.

અને પછી બંને દોસ્તો સાથે જ કારમાં ઉપડ્યા.

❖ ❖ ❖

'નફ્ફટ,.... ગમાર,.... મૂર્ખ,.... એક નંબરનો મૂર્ખ...! મારી સામુ કેવું ટગર ટગર જોઈ રહ્યો હતો ? જાણે કે હું એની સામે કોઈ સૉકેશમાં મુકાયેલી કોઈ ડાલી હોઉં ? એ એના મનમાં સમજે છે શું ? છોકરીઓ સામે બોલતાં તો શરમાય છે તો પણ આજે જો ને ? પોતાના ઊઘાડા શરીર પર ફક્ત ટુવાલ વીંટીને મારી સામું આવી ઊભો રહ્યો... અને તે પણ કેટલો સમય ! એક કલાક સુધી તો સામું જ ઊભો ઊભો આંખનું મટકુંય મારવાની નવરાશ લીધા વિના જ - જોઈ રહ્યો. એ પોતાને બહુ હોંશિયાર સમજતો લાગે છે. મારે એને એક દિવસ એવો પાઠ ભણાવવો છે કે પછી આવા - તેવા ઢોંગ કરતો જ બંધ થઈ જાય... હમણાંનો બહુ બડાઈ હાંકે છે પણ એ બધી



બડાઈ હું ખાક કરી નાંખીશ.... સમય તો આવવા દે.'

વિચારતાં અને બબડતાં પોતાના મન સાથે વાત કરતી વિશાખા કાર ચલાવ્યે જતી હતી. ત્યાં રસ્તામાં તેની સહેલી પૂનમ મળી જતાં તેને પણ કારમાં સાથે લીધી. ગમે તેવી પરિસ્થિતિમાં પણ સ્વસ્થતા ધારણ કરી શકનારી વિશાખા આજે કંઈક અપસેટ લાગી એટલે પૂનમે પણ તેની સાથે વાત કરવાની - ચર્ચા કરવાની હિંમત કરી નહીં.

પણ વિશાખા તેને એમ કરવા દે તો ને ? પૂનમને તો ઘણુંયે ચૂપ રહેવું હતું. વિશાખાના પ્રશ્ને તેને ચમકાવી દીધી.

'પૂનમ ! તું પેલા પ્રિન્સિપાલના લાડકાને ઓળખે છે ને ?'

'ક્યો ! ઓ...હો' પેલો મનસુખને ! ...હા... એને તો હું પૂરો ઓળખું છું. ભારે મશ્કરો છે નહીં. સારો છે. હસમુખો છે.... કેમ તારે એનું કંઈ કામ છે ? ઘડીના છઠ્ઠા ભાગમાં તારી પાસે હાજર કરી દઊં - બસ તુ કહે એટલી વાર....'

'અરે ઓ મુરખી ! એ મનસુખાને તો મારે શુળીએય નથી ચઢાવવો... તેના પેલા જીગરજાન દોસ્ત... અરે ! પેલો .... સતાર !' વિશાખાએ ચીડ ભર્યા અવાજે કહ્યું.

'હા... ઓળખું છું.-' પૂનમે વિશાખાનો ગુસ્સો માપતાં વધુ મશ્કરી ના કરતાં નમતા પલ્લે બેસવાનું સ્વીકાર્યું. સામેની વ્યક્તિની માનસિક ઈચ્છા વાંચવામાં પૂનમ પાવરધી હતી.... વિશાખા પ્રિન્સપાલના દીકરાની પણ આમન્યા તોડીને બોલતી સાંભળી પૂનમ

મામલો પામી ગઈ હતી.

'હા.... અને મારે એને પાઠ ભણાવવો છે. હમણાં હમણાંનો એ બહુ હોંશિયારી ઠોકે છે.' વિશાખાની હા એ હા માં હુંકારો ભણતી પૂનમ વિશાખાની આ કાતિલ ચાલ તેને પણ ડરાવી ગઈ. પૂનમ છોકરી હતી તો વિચારશીલ. તેથી ગમે તેવું બોલીને બગાડવાને બદલે ચૂપ રહેવામાં જ મજા છે - માનીને ચૂપ રહી.

પૂનમ જાણતી હતી કે વિશાખા એ કંઈ જેવી તેવી છોકરી નથી. જિલ્લા મેજીસ્ટ્રેટની એકની એક દીકરી હતી તેથી અને તેની બુદ્ધિચાતુર્ય તથા વાક્છટાથી પ્રભાવિત થયેલા દરેકની તેની સામે બોલવાની હિંમત નહોતી. જ્યારે આ તો એક મામૂલી છોકરો હતો... તેણે એવું તે શું કર્યું હતું કે આ વિશાખા તેને પાઠ ભણાવવાનું વિચારે છે. પૂનમ આના વિશે આગળ વિચારતી રહી અને વિશાખા સતાર - ના વિશે વિચારતી ગઈ. તેને કેવો પાઠ ભણાવવાનો તેનો પ્લાન બનાવતી ગઈ; અને પૂનમ સતારની તરફેણમાં શું થઈ શકે તો નિર્દોષ સતાર આ વિશાખાના ખપ્પરમાંથી છૂટી શકે ... ! બંને સખી સાથે બેઠી હતી પણ બંનેના વિચારો વિરૂધ્ધ દિશામાં દોડતા હતા.

પૂનમ પણ મધ્યમવર્ગના પટેલની છોકરી હતી. પરંતુ તેનામાં ન તો ગર્વ હતો કે ન તો કોઈ જાતની નાનમ. ભણવામાં પણ હોંશિયાર અને બીજી બધી છોકરીઓમાં તેની ગણતરી અલગ થાય તેવી તેની શાખ હતી.

તેથી તેણે આ પ્રકરણનો અંત લાવવા પ્રિન્સીપાલના દીકરા મનસુખ સાથે વાતચીત કરી માહિતી મેળવવાનો નિર્ણય કર્યો.



તેમ છતાં પૂનમના દિલમાંથી એક પ્રશ્ન વારેઘડીએ ઊઠતો હતો અને પૂછી જ નાંખ્યો;

'વિશાખા ! તું સતારને પાઠ ભણાવીશ.... પણ એણે તારૂં શું બગાડ્યું છે તે આમ અધ્ધરતાલે...'

'અધ્ધરતાલે....?' પૂનમનું વાક્ય વચ્ચે જ કાપતાં વિશાખા બોલી : 'તને નહીં સમજાય પૂનમ ! એણે મારા દિલમાં પડેલા ઘા પર મીઠું ભભરાવ્યું છે.... બાળ સાથીને લાંછન લાગે તેવી ગાળ આપી છે પૂનમ....!

વિશાખાના આટલા નાના વાક્યથી પૂનમ ઘણું બધુ સમજી ગઈ.... પૂનમ જાણતી હતી કે વિશાખા કોની વિશે વાત કરે છે સમજતી પણ હતી.

પોતાના બાળસાથી મુન્નાને ભુલવા માટે કેટલા પ્રયાસો કર્યા હતા તેણે... ન જાણે એ મુન્નો કયાં હશે ? તેણે પણ કયાં નહોતો જોયો મુન્નાને... બંનેનો પ્યાર તેની નજરો આગળ જ ઊછર્યો હતો ને ? કેટલો રૂપાળો હતો મુન્નો .... ? તેની ભોલી-ભોલી નિર્દોષ આંખોમાં કેટલો સોહામણો લાગતો હતો મુન્નો.... બસ ! જયાં ને ત્યાં એ બિચારો વિશાખાના જ સ્વપ્ન જોતો.... જ્યારે પણ બંને ભેગા થતા ત્યારે તે કેટલો આનંદિત થઈ ઊઠતો હતો. જાણે સ્વર્ગ સાંપડ્યું.

'મુન્નાના વિચારમાં ખોવાઈ ગઈ હતી વિશાખા....-'

'પૂનમ... મને વધુ હેરાન ન કરીશ....મુન્નાની યાદમાં

તો મેં આટલા વરસો કાઢ્યા છે... પણ... પણ હવે નથી રહેવાતુ મારાથી... હું શું કરૂં - કંઈ સમજ પડતી નથી. સતારને જોયા પછી મને મારો મુન્નો યાદ આવે છે... ન જાણે એ ક્યાં હશે... ?' વિશાખાની આંખો આંસુથી છલકાઈ ઊઠી... પૂનમનો હાથ પકડી કૉલેજના બાગ તરફ ખેંચતા બોલી. 'પૂનમ... મને અત્યારે તારી જરૂર છે...'

પૂનમ પણ તેને સહારો આપતી તેની પાછળ દોરવાઈ. સખીની ફરજ હતી એટલે પૂનમ વિશાખાને દિલાસો આપવા માટે તલસી રહી હતી..... બાગમાં આવતાં જ વિશાખા ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડી... પૂનમની બાંહોમાં સમાઈ ગઈ વિશાખા.... પૂનમે પણ તેને રડવા દીધી - કેમેય કરીને વિશાખા શાંત થઈ શકી નહીં... તેણે રડતા રડતા જ કહેવાનું ચાલુ રાખ્યું :

'પૂનમ...' તુ મારી બહેન છે.... મારૂં દુઃખ તુ સમજી શકે છે... મને મદદ ના કર... ? હું તારી ઋણી થઈશ પૂનમ... તારો ઉપકાર હું ક્યારેય નહીં ભૂલું...'

વિશાખાને સાંત્વન આપતાં પૂનમે કહ્યું : 'રડ નહીં બેન.... હું મારી બનતી બધી જ કોશિશ કરીશ... તારે જે કામ હોય તે મને બેધડક કહી દે... હું તારા માટે બધું કામ કરવા તૈયાર છું પણ .... આમ રડીશ નહીં વિશાખા....!'

'પૂનમ....! એક વખત... બસ... એક વખત મને મારા મુન્નાને ભેગો કરાવ... બસ... બીજું મારે કંઈ પણ જોઈતું નથી....!' અને વળી પાછી વિશાખા રડી પડી.



કહેનારે કીધું છે :

મહેલ તૂટે, મંદિર તૂટે, તૂટે જગતની રીત;
પણ એક ના તૂટજો... કોઈની બાળપણાની પ્રીત...'

અને જે લોકો બાળપણાના સાથીઓને છૂટા પાડે છે તેઓ જીવનમાં ક્યારેય સુખી થતા નથી.... બાળપણાની પ્રીત તોડાવનારાને ભગવાન કદાપિ છોડતો નથી.

વિશાખા અને પૂનમ બંને સૂનમૂન બેસી રહ્યા હતાં.

'બહેન...! તું ચિંતા ના કરીશ... હું તારા પુરાણા પ્રેમીને જરૂર શોધી લાવીશ....!' પછી થોડો વિચાર કરી તેણે ઉમેર્યું. 'પણ રે વિશાખા ! તું તારા બાળપણાના ભેરૂને ઓળખી શકીશ ખરી...?'

પૂનમના સવાલથી વિશાખા વિચારે ચઢી ગઈ.પૂનમની વાત પણ સાચી હતી.... કારણકે મુન્નો તો અત્યારે ઘણો મોટો થઈ ગયો હશે - પછી એને હું કયાંથી ઓળખીશ... ? કંઈક યાદ આવતાં હર્ષોલ્લાસથી બોલી ઊઠી; 'એક નિશાની છે પુન્ની મારો મુન્નો સુંદર વાંસળી વગાડે છે... તેના વાંસળીના સૂર હું ઓળખી શકીશ...'

'પણ મૂરખી ! તારો મુન્નો એકલો થોડો વાંસળી વગાડે છે શહેરમાં પણ ઘણા વાંસળી વગાડે છે...'

વળી પાછો વિશાખાના મનમાં વિષાદ છવાયો... હવે મુન્નાને શી રીતે ઓળખીશ... ! મનમાં જ મુન્નાની છબી યાદ

કરવા લાગી... કયાંક નિશાની મળી જાય... અને ત્યાં જ તેના દિમાગમાં ઝબકારો થયોઃ 'અરે પુન્ની ! આપણે મારા ગામ સંદલપુરમાં જઈને તપાસ કરીશું... કોઈને પૂછીને તેની બાતમી મેળવી લઈશું... ગમે ત્યાં ગયો હશે તો પણ હું એને મારો બનાવી શકીશ...'

'પણ વિશાખા ! આપણને બાતમી તો મળશે... પરંતુ કદાચ મુન્નો નામ બદલીને રહ્યો હશે તો... ?

પૂનમ વિશાખાની દુશ્મન તો નહોતી - એટલે તેને દુઃખી કરવા પણ માગતી નહોતી પરંતુ વિશાખા - પાગલની જેમ વાતો કરતી હતી એટલે તેના વિરોધી સમસ્યા રજૂ કરી તેની વાત ઉડાવવી હિતાવહ હતી.

'તો... શું... પુન્ની ! મારો મુન્નો મને આજીવનમાં નહીં મળે... ? તું કોઈક રસ્તો બતાવ....' અને ત્યાં જ તેના દિમાગમાં એક વધુ વીજળીનો કાટકો થયો અને તેના માનસપર પર અજવાળા પથરાયા....'પુન્ની !'... હવે તું મારી વાત ના કાપીશ, નહીંતર હું મરી જઈશ... એ સિવાય હવે મારી પાસે બીજી કોઈ નિશાની નથી.'

'કઈ... ?' પૂનમ આશ્ચર્યથી પૂછી બેઠી.જ

'પૂનમ' મેં બાળપણમાં મુન્નાને એ વીંટી ભેટમાં આપી હતી....સોનાની.... એના ઉપરથી હું ઓળખી કાઢીશ....'

'પણ રે ! ગાંડી.... તારા નાના મુન્નાની આંગળિયે આવતી વીંટી... ! તે શું તુ એમ માને છે કે મુન્નો મોટો થયો જ નહીં હોય ?



અત્યારે તો મુન્નો ખાસ્સો મોટો થઈ ગયો હશે અને તારી આપેલી વીંટી તો એની ટચલી આંગળિયે પણ આવતી નહીં હોય - અને તેને કયાંક સંતાડીને મૂકી પણ દીધી હશે...! '

'પુન્ની.... ! અરે હા ! હું ભલે મુન્નાને ના ઓળખું પણ મુન્નો મને જરૂર ઓળખી કાઢશે... મને વિશ્વાસ છે. મને કોઈ પણ સંજોગોમાં તે ઓળખી કાઢશે પુન્ની...'

વિશાખાના પાગલપણા ઉપર પૂનમને હસવું તો આવી ગયું પણ વિશાખાના દિલને ખોટું ન લાગે તે માટે તેણે વધુ કંઈ પણ કહ્યું નહીં.

અને જયારે લાંબો બેલ વાગ્યો ત્યારે જ બંને ચમક્યાં. કૉલેજ છૂટી ગઈ હતી. બંને સખીઓ પણ ત્યાંથી ઊઠીને ઘેર જવા નીકળી. જતા જતા વિશાખાએ યાદ દેવડાવ્યું. જો જે પુન્ની  હોં.... ભૂલતી નહીં... મારી જિંદગીનો આધાર મુન્નો છે... આ જિંદગીમાં જો મુન્નો નહીં મળે તો હું આપઘાત કરીને મરી જઈશ... તેના સિવાય હું હવે એક પળ પણ નહીં રહી શકું... આજે સવારથી જ મારા દિમાગમાં મારા મુન્નાના વિચારો આવ્યા કર્યા છે... હવે મારાથી નહીં ભૂલાય... ! અત્યાર સુધી તો ગમે તેમ કરીને તેને અળગો રાખવા માટે કોશિશ કરી છે... પણ હવે એમ નહીં થાય પૂનમ...! એ મારો જીવનદાતા છે.....'

'વિશાખા .... ! તને તારી સખી ઉપર વિશ્વાસ નથી ? તારા માટે પ્રાણ પણ આપવા તૈયાર છું... તારા માટે મારે ત્યાગ કે બલિદાન કરવાનું આવશે તો પણ હું સ્વીકારીશ... તને સુખી કરવા

હું મારી બનતી બધી જ કોશિશ કરી છૂટીશ... વિશ્વાસ રાખજે... ગમે ત્યારે તારા મુન્નાને તારી નજર સમક્ષ હાજર કરીશ ત્યારે જ હું જંપીશ....

અને બંને છૂટા પડ્યાં.

ત્યારે આકાશમાં સૂરજદેવ તપી રહ્યા હતા... કયાંક કયાંક છૂટાં છવાયાં વાદળો ઘૂમતાં હતાં... અને ધોમધખતા તકડાનો અનુભવ કરાવતો પવન વાતો હતો.

શહેરની સડકો પણ સૂમસામ હતી. માનવ મહેરામણથી ઊભરાતુ બજાર પણ અત્યારે સૂનુંસૂનું લાગતું હતું.... કયાંક રડ્યા ખડ્યા ખેડૂતો બાજુના ગામડેથી બળદ ગાડુ લઈ હટાણું કરવા આવ્યા હતા.

બળદ ગાડાને જોઈને વિશાખાનું દિલ આનંદી ઉઠ્યું. વતનમાં પણ તેને બળદગાડામાં સવારી કરવાનો અજબનો શોખ હતો.... એટલે અત્યારે બળદને જોઈને તે આનંદીત થઈ ઉઠી... બળદ હાંકનાર ગાડાખેડૂને ધારી ધારીને જોઈ રહી... વિચારતી રહી વિશાખા....

'મારો મુન્નો આટલો મોટો જુવાન થઈ ગયો હશે ?.. તે હજુ પણ ખેતી કરતો હશે... ? વિશાખાની નજરો આગળ બાળપણમાં - બે બળદો વચ્ચે હળ હાંકતો મુન્નો રમવા લાગ્યો.

વિશાખાની આંખોમાં આંસુ ચમકી ગયા અને તેણે આંખો બંધ કરી ટીપાં પડવાં દીધાં... અને આંસુ લૂછી કાર મારી મૂકી.

❖ ❖ ❖



# પ્રકરણ - ત્રણ

પૂનમે પ્રિન્સિપાલ રઘનાથના દીકરા મનસુખની શોધ આરંભી... પારકાને સુખ આપવા ત્યાગની ભાવના સેવનાર પૂનમે નિઃસ્વાર્થે પોતાની સખી, વિશાખાના જીવન સાથી મુન્નાને શોધવા માટે પૂર્વભૂમિકારૂપી સતારના દોસ્ત મનસુખને મહત્વ આપ્યું.

કદાચ પૂનમને એવો વહેમ હશે કે પછી તેને શંકા ને સાકાર બનાવવા માટે તેણે શરૂઆત કરી દીધી. સાથે જ ભણતા હોવાથી ક્યારેય તેની નજર કદાચ સતારના હાથ પર પડી હોય ! કે કદાચ સતારની ગમગીનીમાં જ છૂપાયેલ વિયોગની જાણ થઈ ગઈ હોય! અથવા સતારનામાં તેણે કંઈક હિર જોયું હોય ! યા તો વિશાખાને લાયક સતાર જ હોવો જોઈએ - કે પછી વિશાખાનો રોષ સતાર પર ઠલવાયો છે એ જાણ્યા પછી તેણે નિર્ણય કર્યો હોય - કે ! વિશાખાનો બાળસાથીને લાયક સતાર જ હોવો જોઈએ.

ગમે તેમ પણ પોતાની સખી વિશાખાના જીવનસાથી મુન્નાને શોધવા; સતારને મધ્યબિંદુ બનાવી મનસુખને હાથમાં લેવા વિચાર્યું.

દોસ્તને દુશ્મન બનાવવો સહેલી વાત છે પરંતુ દુશ્મનને દોસ્ત બનાવવા માટે ઘણી મહેનત કરવી પડે છે. વિશાખાએ

સતારની સાથે દુશ્મની તો વહોરી લીધી છે પણ પૂનમના મંતવ્ય મુજબ સતાર જ વિશાખાનો મુન્નો છે. પરંતુ સતારને દુશ્મન બનાવી બેઠેલી વિશાખા - ક્યારેય એ માનવા તૈયાર થશે કે કેમ ? એ જ મોટી સમસ્યા હતી, છતાં મનસુખને સાથમાં લઈ પૂનમે એ કામ પૂરૂ કરવા માટે ડગ માંડ્યા.

વિશાખાથી વિખૂટા પડ્યા પછી આજે ત્રણ ત્રણ દિવસ વીત્યા હોવા છતાં પૂનમ મનસુખને મળી શકી નહોતી.... જ્યારે જ્યારે મળવા પ્રયત્ન કર્યો ત્યારે ત્યારે મનસુખ અને સતાર બંને સમયસર આવીને ચાલ્યા જતા હતા... અને કદાચ હિંમત એકઠી કરીને મળવા જાય, પણ સતારની હાજરીમાં મનસુખ તેને સાથ ના આપે તો ? બધી જ બાજી બગડી જાય.

અને એક દિવસ.

રીસેસમાં મનસુખ ભેટી પડ્યો.

ત્યારે વિશાખા કૉલેજ આવી નહોતી. અને સતાર કંઈક કામ હોવાથી લાયબ્રેરીમાં ભરાયો હતો.... મનસુખ એકલો જ કૉલેજ કેન્ટીનમાં બેઠો હતો... તક ઝડપવા માટે પૂનમે લાગ સાધ્યો. સીધી જ કેન્ટીનમાં દોડી ગઈ અને મનસુખના ટેબલ આગળ આવી ઊભી.

'ગુડ મોર્નિંગ મનસુખ'

પૂનમનો અવાજ સાંભળી મનસુખ ચમક્યો ! તેણે નજર ઉઠાવી.. પૂનમને જોતાં જ બોલી ઊઠ્યો;

'આવ પૂનમ...'



'કેમ આજે એકલા... ? કોઈની કંપની ન મળી ?'

'અમારે વાંઢા યુવાનોને વળી એકલા શું ને અટુલા શું ? અમને કયાં આપના જેવી લલનાઓને એકલા મળવાનો લ્હાવો મળે ? રહી વાત કંપનીની - તો મારે તો માત્ર એક દોસ્ત છે અને તે સતાર ! તે લાયબ્રેરીમાં સીધાવ્યા છે મને તો એ કારખાનામાં જવાનુંયે ગમતું નથી.' પૂનમ સામે નજર મિલાવી ઉમેર્યું; 'આપ અગર કંપની આપતા હો તો એથી રૂડું શું' કહી બેસવાનો ઈશારો કરતાં કહ્યું : 'બેસો ને ?'

'થેંક યુ' પૂનમ સામે બેસી પડી. તેના ચહેરા પર મંદ હાસ્ય ફરકતુ હતું. એ હાસ્યમાં મનસુખને હમદર્દીનો ભાસ થયો.તેણે બે કૉફીનો ઓર્ડર આપ્યો.

પૂનમ - મનસુખની આગળ વાત કહેવી કે નહીં તેની ગડભાંજમાં પડી. કૉફી આવી જતાં કૉફીના મહોરા નીચે કહેવા માંડ્યું :

'મનસુખ ! મારે તમારી થોડી મદદની જરૂર છે પૈસા બાબતની નહીં - પણ કોઈના જીવન બાબતે - જો આપો તો ઘણી મહેરબાની -'' તેણે મનસુખ સામે જોયું. મનસુખ હતો જ હસમુખો !

'જરૂરત... ! મારી શક્તિની મર્યાદામાં રહીને બધી જ બાબતે મદદગાર થઈશ.... બોલો, શાની મદદ જોઈએ.'

મારે સતાર વિશે માહિતી જોઈએ છે...

'સતાર - ! મારો દોસ્ત ! કેમ કશું કર્યું એણે ? કંઈ નવુ લફરૂં

તો ઊભુ નથી કર્યુંને ? 'મનસુખ ચિંતામાં પડ્યો.'

'થયું તો કંઈ નથી -.'

'મને કંઈ સમજાયું નહીં.' - પૂનમની દ્વિઅર્થી ભાષામાં ગોટાળો થતાં મનસુખ કંઈ સમજી શક્યો નહીં.

'સાંભળો... વિશાખા તેના પર ખફા થઈ છે.. ન જાણે તેને સતાર સાથે કયાંથી ખટકી ! પણ તેની વાત પરથી મને જાણ થઈ કે સતાર તેનો દુશ્મન બની બેઠો છે... થોડા દિવસ પહેલાં વિશાખા સતારના ઘેર ગઈ હતી... અને ત્યાંથી જ વળતા તે ગુસ્સામાં હતી. તેની સાથે કંઈક વાતચીત થઈ હશે કદાચ..., તમો પણ ત્યાં હતા. એટલે ઘણું વિચાર્યા બાદ હું તમારી પાસે આવી છું. સતાર કદાચ નિર્દોષ ઠરશે તો - આપણે એ બંને વચ્ચે સુમેળ કરાવીશું.' પૂનમે લાંબો શ્વાસ લીધો. આજુબાજુ નજર કરી ફરી ચલાવ્યું;

'આપ અગર આપના દોસ્તની જિંદગી સલામત ઈચ્છતા હોય તો મને થોડી ઘણી માહિતી આપો... નહીંતર આ તો ધનવાન કુટુંબની છોકરી છે - કયાંક અવળુ કરી બેસશે તો... તમે આંખો ચોળતા રહેશો' - પૂનમ ચૂપ થઈ ગઈ તેણે મનસુખના ચહેરાના ભાવ વાંચવા માંડ્યા. કંઈક ગુસ્સા સાથે બબડ્યો.

'એ નાદાન છોકરીમાં એટલી બધી હિંમત - કે મારા દોસ્તને ખતમ કરી શકે ? મારો દોસ્ત એવો નથી કે કોઈની ધમકીથી હારી જાય... હું પણ તેની સાથે છું...'

ધાર્યા કરતાં અવળો અર્થ થતો જાણી પૂનમે વાતમાં હળવાશ



અને લાગણી ઉમરેતાં કહ્યું;

'શાંત થાઓ મનસુખ.... મેં કે વિશાખાએ એવું કહ્યું નથી પણ.... પ્યારમાં દિવાના - બે દિલ અજાણમાં કયાંક હોમાય ન જાય એટલા માટે આવી છું...'

'પ્યાર..! શું વાત કરો છો !'

પૂનમે મનસુખના ચહેરા સામું જોયું તો - હમણાં ગુસ્સો ઠાલવતો ચહેરો અત્યારે લાગણીયુક્ત થઈ ગયો. તેણે આગળ ચલાવ્યું ; 'મનસુખ! મારૂં અનુમાન કદાચ ખોટું પણ હોય... પરંતુ આપ સતાર વિશે...'

'પરંતુ પૂનમ...!' મનસુખે વાત કાપતાં કહ્યું; 'હું સતારની બાબતમાં એટલું બધું તો નથી જાણતો - મારી હાજરીમાં તેણે ન તો કંઈ કહ્યું છે - કે ન તો કંઈ કર્યું છે !.... પરંતુ આપની સહેલી વિશાખા - મેજિસ્ટ્રેટની લાડલી. એટલે એમને તો સારૂં કહ્યું હોય તો પણ કડવુ વખ લાગે અને સતાર રહ્યો ચોખ્ખા બોલો એટલે કંઈક બાફ્યું પણ હોય તો કદાચ વિશાખાને પસંદ ન પડ્યું હોય...!' મનસુખે સતારનો બચાવ કર્યો.

'પણ વિશાખા - એવી નાની અમથી બાબતમાં ગુસ્સે ના થાય જરૂર કંઈક તો થયું જ હશે ?' પૂનમે સખીનો બચાવ કર્યો.

'ના - ના - પૂનમ ! સતારમાં સચ્ચાઈના દર્શન થાય છે અને તેની સચ્ચાઈ માટે હું મારૂં જીવન હોડમાં મૂકવા તૈયાર છું - જો તેણે કંઈ પણ અઘટિત પગલું ભર્યું હોય તો...' થોડું રોકાઈ ને

વિચારતાં બોલ્યો; 'એક વાત અલગ છે કે કદાચ આપના કહ્યા મુજબ ભૂતકાળમાં કોઈ એવો બનાવ જરૂર બન્યો છે જે બનાવે તેના જીવનને ગમગીન બનાવી મૂક્યું હોય !'

પૂનમ તો સાંભળતી જ રહી... પોતાના દોસ્ત માટે મનસુખ કેવી લાગણી ધરાવે છે ? સદા હસમુખો લાગતો મનસુખ ગંભીર મુદ્રા કરી વાત કહી રહ્યો હતો - જાણે સતાર પોતે જ કહી રહ્યો ન હોય ? મનસુખે વાત આગળ ચલાવી.

'પૂનમ... તને ખબર નહીં હોય પણ... સતારની ઉદાસિનતાને કારણે તેના જીવનમાં ઉત્સાહ પ્રેરવા માટે મેં તેની દોસ્તી કરી છે.... જયારે સૌપ્રથમ એ મને મળ્યો ત્યારે તે ઘણો જ ઉદાસ ફરતો હતો - મેં તેનો ભૂતકાળ જાણવા ઘણી કોશિશ કરી પરંતુ.... વ્યર્થ.... તેણે એ બાબતે એક હરફ સુધ્ધાં ઉચ્ચાર્યો નથી... રોજેરોજ નાટકીય રીતે એકટીંગો કરીને તેને હસાવતો રહ્યો છું. તેનામાં ઉત્સાહ પ્રેર્યો છે... મેં ક્યારેય તેના દિલને દુઃખ થાય તેવું વર્તન કર્યું નથી.... પરંતુ જયારે વિશાખા તેના ઘરે ગઈ હતી ત્યારથી ન જ જાણે કેમ - સતાર પોતાના ભૂતકાળમાં ડૂબી ગયો છે... મારા કર્યા કારવ્યા પર પાણી ફરી વળ્યું... ઘણી મહેનતને અંતે સતારને હસતો કર્યો હતો... પરંતુ હવે.... ઊંડા ભૂતકાળમાં કંઈક શોધતો હોય એમ ફરે છે... મારી સાથે પણ કંઈ ઝાઝી વાત કરતો નથી... ઘણી વખત મેં તેના ભૂતકાળ વિશે પૂછવાનો વિચાર કર્યો હતો પણ હું પૂછી શકતો નથી.... અને તેને આવી હાલતમાં જોવાની મારી હિંમત નથી ત્યાં એની જ વાત સાંભળવાની હિંમત હોય જ કયાંથી ?.....'



મનસુખની વાત સાંભળી પૂનમ તો હેબતાઈ જ ગઈ.

'મનસુખ ! ખરેખર તમારી દોસ્તી માટે મને ગર્વ થાય છે... દોસ્ત હોય તો તમારા જેવા...! ખરેખર જેને દિલ હોય છે તેને જ દુઃખની વાતો સંભળાય છે. મને તમારૂં અને સતારનું દિલ દુભાવવાનું પસંદ નથી છતાં સતારના જીવનમાં ફરી ઉલ્લાસ વ્યાપે એટલા માટે થોડું કષ્ટ તો વેઠવું જ પડશે...!'

'મારા દોસ્ત માટે ગમે તેવું કષ્ટ વેઠવાનુ આવશે તો પણ હું વેઠીશ - એ તો હું કહી ચૂક્યો છું.... જલદી કહો... મારે શું કરવાનું છે ?' - મનસુખે કહ્યું.

'માત્ર એક વખત મને સતારને મળવા દો... કોઈ એવી જગ્યાએ મુલાકાત ગોઠવી આપો કે જેથી હું એમની ભૂતકાળની વાત શાંતિથી સાંભળી શકું - અને સતાર પણ તેમની કથની શાંતિથી મુક્ત મને કહી શકે...!'

'ઓ...હો... એમાં શું મોટી ધાડ મારવાની હતી.' થોડું રોકાઈને વિચાર કર્યા પછી ઉમેર્યું; 'અગર આપ કહો તો - હમણાં જ મુલાકાત કરાવી આપું - આપણી કોલેજના બગીચામાં જ...'

પૂનમે શાંતિનો શ્વાસ લીધો. ખુશ થતાં બોલી;

'અરે ! એ તો સૌથી સારૂં.. આજે વિશાખા આવી નથી એટલે તેની ગેરહાજરીમાં સારો એવો સમય ખર્ચીને વિશાખાની ગેરહાજરીનો લાભ ઉઠાવીશ... કદાચ જો એ હાજર હોત તો મારો કેડો છોડે ન નહીં... જાવ... જલદી જાવ અને સતારને બાગમાં

બોલાવી લાવો... હું ત્યાં જ જઈને બેસું છું....'

'પણ આપ એકદમ તેના પર શબ્દોનો મારો ચલાવી એના દિલને દુઃખી કરશો તો....' ?

'એ બધું મારા પર છોડી દો... એમને કઈ રીતે વાતમાં લેવા એ હું જાણું છું... જલદી જાવ...'

અને મનસુખ ઉપડ્યો સતાર પાસે.

ત્યારે પૂનમ મીઠી નજરે આ હસમુખા મનસુખની પીઠ પાછળ તાકી રહી હતી - કેવો છે મનસુખ ! પરગજુ ! દોસ્ત માટે કેટલી જહેમત ઉઠાવવા તૈયાર છે ?

❖ ❖ ❖

લાયબ્રેરીના દરવાજા આગળ જઈને મનસુખ થોભી ગયો. અંદર નજર કરી તો સતાર ન મળે... તેણે લાયબ્રેરીયનને પૂછયું તો જાણવા મળ્યું કે એ તો કબાટની પાછળ પડતી બારી આગળ બેઠો છે. ત્વરિત પગલે મનસુખ અંદર ગયો. તેને ઉતાવળ હતી - જેના માટે જહેમત ઊઠાવી રહ્યો હતો તે બિરાદર શાંતિથી અહીં બેઠો છે - છતાં મનસુખને એવી ચિંતા કે અદેખાઈ નહોતી.

કબાટની પાછળ...

તેને તરત જ ખબર પડી ગઈ... શાંતિ શોધવા માટે તેણે સારૂ સ્થાન શોધ્યું છે. જઈને જોયું તો ભાઈ સાહેબ તો ખુરશીમાં બેસીને ટેબલ પર પગ મૂકી - બારી બહાર જોતો - વિચારતો બેઠો હતો.



જાણે કોઈ શેઠ પોતાની એરકન્ડીશન ઓફિસમાં - આરામ ખુરશી પર બેઠો હોય તેમ - !

'મે આઈ કમ ઈન સર !' મનસુખે મશ્કરી કરી.

સતારને કંઈ જ અસર ન થઈ. કદાચ તેના સુધી અવાજ પહોંચ્યો જ ન હોય ! મનસુખ છેક નજીક ગયો.

'કેમ સાહેબ ! અહીં બેઠા છો ?'

સતાર ચમક્યો ! જોયું તો મનસુખ !

'કેમ ? તું કયાં ભરાયો હતો - ?'

'કેન્ટીનમાં - એક લલનાને ભોળવી છે - અમારે બીજો ધંધો પણ શું ? - વાયદો કરીને આવ્યો છું... તને હું સાથે લઈ જવા માગુ છું' મનસુખે ગોળો ગબડાવ્યો.

'ચૂપ. બેવકૂફ ! લાજ જરા ! કઈ કબૂતરી ફસાઈ છે ?'

'વાહ ! સર્ટીફિકેટો તો યુનિવર્સિટી કરતાં યે અહીં સારા મળે છે કેમ ! હજુ એક વધુ સર્ટી આપ.'

'ગધેડા... તુ કેમ મને હેરાન કરે છે તે શાંતિ શોધવા અહીં આવીને બેઠો છું અને - ન જાણે કયાંથી શોધી કાઢ્યો મને ? મને ખાતરી હતી કે તું આ પુસ્તકોના કારખાનામાં આવવાનો જ નથી. એટલે જ અહીં બેઠો છું... પણ તું અહીં આવી પહોંચ્યો ?' બનાવટી ગુસ્સો કરતાં સતાર બોલ્યો.

'વાહ ! શાંતિ તને અહીં જ મળશે એમ ? - અરે આના કરતાં તો બગીચામાં ઔર મજા આવશે - ચાલ આપણે ત્યાં જઈને બેસીએ....હ

મનસુખનો વિચાર હતો કે મૂળ - વાત અધ્યાહાર રાખી જયાંસુધી સતાર બગીચામાં આવવા તૈયાર થાય ત્યાં સુધી પૂનમની વાત કહેવી નથી.'

કદાચ તેને ડર હતો કે પૂનમ આગળ ડંફાસ હાંકીને તો આવ્યો છું પણ - બગીચામાં પૂનમ બેઠી છે અને તને બોલાવે છે એવું કહીશ તો આ મુરબ્બી ત્યાં આવવા માટે નન્નો જ ભણવાનો છે - એટલે તેણે પૂનમની વાત કરી જ નહીં - પણ તોયે સતારે ત્યાં આવવાની ના પાડી.

અંતે પૂનમની વાત કહેવી જ પડી; 'સતાર ! હું તારો દોસ્ત છું ને ?'

'હા... છે... એની કોણે ના પાડી ?'

'તો એક વાત માનીશ ?'

'પણ તું વાત કહે નહીં ત્યાં સુધી કઈ રીતે માનું !'

'પણ હું તારા માટે ખોટી તો વાત નહીં કરૂં.... એટલી તો ખાતરી રાખજે જ... તારા ભલા માટે હું કંઈ પણ કરી છૂટવા તૈયાર છું.... બસ ! મારી આ એક વાત માનવા તૈયાર થા... મને વચન આપ!'



'ગાંડા.... તને વિશ્વાસ નથી આવતો ? દિન-પ્રતિદિન તારા ઉપકાર વધતા જાય છે - તેનો બદલો હું એ રીતે નહીં વાળું ? તું કહીશ તેમ કરવા તૈયાર છું બોલ... શું કહેવું છે ?'

'પણ તુ મને વચન આપ ! - કે હું કહુ તેમ કરીશ !'

'હા...લે. મારૂ વચન તુ કહીશ એમ હું કરીશ.... પણ જો જે હોં...મને ફસાવતો નહીં...' કહીને સતારે જમણા હાથે વચન આપ્યું.

'તો ચાલ હવે મારી સાથે બાગમાં...?'

'શું કામ ?'

'જો પાછો.'

'પણ કામ તો કહે ?'

મનસુખને થયું કે આ પથ્થરદિલ નહીં જ માને... એટલે તેણે પૂનમે કહેલી બધી જ વાત કરી અને પછી ઉમેર્યું;

'સતાર ! તુ તારી બાળપણની સાથીને મળવા માગે છે ?'

સતાર ચમક્યો... ! આને મેં ક્યારેય વાત કરી નથી છતાં આણે જાણ્યું કયાંથી.... ? ખરેખર મનસુખે તો આશરે જ કહ્યું હતું કે એ રીતે પણ સતાર બાગમાં આવવા માટે લલચાય છે કે કેમ ? - પણ સતારના ચહેરા પર પરિવર્તન થતું જોઈ તેને ચોક્કસ ખાતરી થઈ ગઈ કે સતારની નબળી નસ કઈ છે ? સતારે ખાતરી કરવા પૂછ્યું.

'તું એનું નામ જાણે છે... ?'

'હોવે...!'

'કહે જોઉં...!'

'વિ..શા..ખા...!' બીજો ગોળો ગબડાવ્યો મનસુખે.

'ચૂપ. તું કંઈ પણ જાણ્યા - પિછાણ્યા વિના બક્યે જ જાય છે. શરમ નથી આવતી. હવે બોલીશ નહીં... ચાલ હું આવું છું બાગમાં.'

અને સતાર આગળ થયો. સતાર બોલી ગયો તે બાબતનું દુઃખ નહોતું - તે તો ખુશ હતો... ગમે તેમ કરીને સતાર બગીચામાં આવે છે કે કેમ ? બસ ! બીજું બધું જાય જહન્નમમાં... મનસુખની ચહેરા પરની રેખાઓ ખુશ હતી. સતાર પણ વિચારતો હતો... તે દિવસે વિશાખા મારા ઘેર આવી ત્યારે તેને જોઈ હતી... એ જ મુખ! એ જ નાક ! એ જ ચહેરા ફરતી સુરખી ! એ જ અવાજ - કોયલ સરખો ! અને એ જ જમણા ગાલ પર તલ ! - પણ નામ ! વિશાખા ! - કદાચ એ ન પણ હોય ! - આખરે તે ચૂપચાપ ચાલવા લાગ્યો. કંઈક ઉત્સાહ સાથે - કંઈક ઉદાસ !

❖ ❖ ❖

કોલેજના બગીચામાં જાત જાતના અને ભાતભાતના ફુલો ખીલેલાં હતાં. અને નજીકમાં જ વસંતઋતુ પસાર થયેલી હોવાથી વૃક્ષો પરનાં ફૂલો તાજાં-જ ખીલેલાં હતાં. હરિયાળા બગીચામાં વાતાવરણ એવુ પથરાયેલુ હતુ જાણે કે - ! બસ - નિહાળ્યા જ કરીએ! મન પ્રફુલ્લિત થાય એવા બાગમાં ગગનચુંબી વૃક્ષો -



આસોપાલવ ઓર શોભા આપતા હતા. આકાશમાં સૂરજ ધીમો અને ઠંડો તપતો હતો... અનેક પ્રકારના પક્ષીઓનો મીઠો અવાજ આવતો હતો -એમાં કોયલના મીઠા ટહુકા - મનને ખુશ કરી દેતા હતા.

પૂનમ ઘાસની લોનમાં ક્યારનીયે આવી બેઠી હતી. તેની નજર બગીચાના દરવાજા તરફ મંડાયેલી હતી.... સતારની વાટ જોવામાં અધીરી બની હતી. અકળાઈ રહી હતી. સતારને કેવી રીતે પૂછવું - શું પૂછવું - ના વિચારો કરતી હતી.

ત્યાં જ તેની નજર દરવાજા પર ખોડાઈ ગઈ.

સતાર અને મનસુખ કંઈક મસલત કરતા આવી રહ્યા હતા... સતાર કંઈક ઉતાવળે ચાલતો હતો... તેનું મન દ્વિધામાં પડ્યુ હતું. પૂનમને જોતા જ બંને દોસ્તો ચૂપ થઈ ગયા.

સતારે એક નજર પૂનમ પર અને એક નજર મનસુખ પર નાખી... પૂનમે બંનેને આવકાર્યા... ત્રણેય લોન પર બેઠા.

પૂનમ મુંઝવાઈ. વાત કેવી રીતે કરવી તેનો તાળો મેળવવા લાગી... અચાનક પૂછી બેઠી;

'કેમ છો સતાર ? કંઈક ઉદાસ લાગો છો... પછી વાત બદલવા કહ્યું. જુઓને... વસંતે કેવા ફૂલો ખીલાવ્યાં છે...?'

'હા...બગીચામાં તો વસંતે ફુલ ખીલાવ્યાં છે...' થોડું રોકાયો સતાર અને કંઈક ગમથી - ઉદાસ ચહેરે - દિલના દર્દને રોકતાં ઊંડા અવાજે - નિઃશ્વાસ નાખી ઉમેર્યુ; પણ... મારા જીવનમાંથી

તો ક્યારનીયે વસંત ચાલી ગઈ છે અને પાનખર ચાલે છે હવે કદાપી વસંત નહિં આવે....'

'એ તમારી માન્યતા ખોટી છે... આપણે ધારીએ તો જીવનમાં જરૂર ફરીથી વસંત આવશે...!' પૂનમે વાતનો દોર સાંધતાં આગળ ચલાવ્યું....' 'અને એટલા જ માટે મેં તમને મળવા બોલાવ્યા છે.'

'એ કદી શક્ય નથી... વસંત ખીલવનાર ફૂલો તો ક્યારનાંયે મુરઝાઈ ગયા છે... ફૂલનો છોડ સૂકાઈ ગયો છે પછી એના ફૂલ પર વસંત કયાંથી આવે ?- અરે ફુલ જ જયાં સૂકાઈ ગયું હોય ત્યાં તેને ફરી ખીલવાની વાત કયાંથી...'

'એ બધુ મારા પર છોડી દો...'

'તમારા પર.. ! તમે શું કરશો...?'

મનસુખ તો આ બંનેની વાતો મૂકભાવે સાંભળી રહ્યો હતો. વાતમાં ભાગ લેવાની તેની હિંમત ચાલતી નહોતી. કયાંક અવળુ બફાઈ જશે તો બધી જ બાજી બગડી જશે... એટલે તો એ શાંત ચિત્તે શ્રોતા બની બેસી રહ્યો હતો.

સતારની આંખમાં વેદના હતી.

'તમે મને શું કરવા બોલાવ્યો છે...?'

'અગર તમે સંમતિ આપો, તો - જ આગળ કહેવા ઈચ્છું છું.'

'કહેવા જેવું હશે તો જરૂર સંમતિ આપીશ.'

'તો સાંભળો... તમારી ઊદાસિનતાનું કારણ જાણવા માગુ



છું જ્યારે જ્યારે તમને જોયા છે ત્યારે મને એમ જ લાગ્યા કર્યુ છે કે આપના દિલમાં જરૂર કોઈ દર્દ છે.. અને આપ દર્દને છુપાવવા વ્યર્થ પ્રયત્ન કરી રહ્યા છો... આપના ચહેરા પર મેં જયારે પણ હાસ્ય જોયું છે - ત્યારે કૃત્રિમ હાસ્ય જ લાગ્યુ છે. તમે જોઈ શકો છો સતાર - કે આપની ઉદાસિનતાને કારણે આપનો દોસ્ત પણ ઉદાસ બને છે..' કહીને પૂનમે મનસુખ સામે જોયું.

'હા... દોસ્ત... તારૂં... દર્દ હું નહીં જાણું ત્યાં સુધી મને ચેન નહીં પડે... પ્લીઝ... તારા દિલની વાત અમને નહીં જણાવે.'

મનસુખે પૂનમની વાતને ટેકો આપ્યો.

'પણ...ભૂતકાળનો પોપડો ઉખેડવાથી તમને શો ફાયદો થવાનો છે ?' - અને એમ કરવાથી દિલમાં ભંડારી રાખેલા દર્દને ઉખેડવાથી મારી ઉદાસિનતા ઓર વધી જશે...'

'અમે સમજી શકીએ છીએ સતાર...! પણ સંજોગોને માન આપી તમે તમારા દિલનો ઊભરો ઠાલવો... અમે તમને જરૂર મદદગાર થઈશું... અને એ રીતે તમારા દિલનો ભાર પણ ઓછો થશે પ્લીઝ... સતાર !'

અને સતાર પીગળી ગયો... પૂનમને વાત કહેવા તૈયાર થયો અને એ પણ મનસુખની હાજરીમાં જ.

સતારની કૃત્રિમ હાસ્ય-રસિતા ઊડી ગઈ... મુખ શ્યામ પડી ગયું... સતાર મૌન થઈ ગયો... તેની આંખોમાં દર્દ ડોકાયું. તે ઘણીવાર સુધી મૌન રહ્યો... તેનો ચહેરો રડમસ બની ગયો.

મનસુખને દહેશત હતી કે કદાચ સતાર રડી પડશે.

પરંતુ પૂનમે તેને ઈશારો કરી મનસુખને ચુપ રહેવા દીધો. માનવીની માનસિક સ્થિતિ પારખવાની ચીવટ પૂનમ રાખતી હતી. સતારની આંખો પરથી જ તેણે પારખી લીધું કે સતાર મર્દ માણસ હતો... ખોટાં આંસુનો વ્યય નહીં કરે.. જરૂર રડી પડે પણ એક સ્ત્રીની સામે તો હરગિજ નહીં રડી શકે - તેની ખાતરી પૂનમને હતી.

સ્થિર દૃષ્ટિથી દૂર આકાશમાં ભૂતકાળને શોધતો સતાર ગંભીર મુખમુદ્રા કરીને બેઠો હતો. તેણે નીચી દૃષ્ટિ કરી ત્યારે તેની આંખોમાં - અજાણ અને અનુભવી શકાય તેવા ભાવ હતા. તેની નજરોમાં પ્રણયનો ભાસ થતો હતો.

સતાર શાંત હતો. જાણે - તોફાન પહેલાની શાંતિ !

'પૂનમ ! તું મારી કથની જાણવા માગે છે જે ? જે વાત મારા દોસ્તથી પણ હું છુપાવતો રહ્યો છું એ અત્યારે સંભળાવું છું... બહુ દુઃખદ કહાની છે મારી...'

❖ ❖ ❖



# પ્રકરણ - ચાર

શહેરથી ઘણે દૂર - ઝાડીઓ અને પહાડોથી વિંટળાયેલ એક નાનકડું ગામડું - કુદરતના ખોળે રમતુ બાળક જેવુ આ ગામડું - પોતાના માતાના સ્તનને મોંમાં દાબી દૂધની અમૃત ધારા પચાવતુ હોય તેમ - બે પહાડો વચ્ચેથી નીકળતી નદીની ધાર ગામના મુખ્ય માર્ગ આગળથી પસાર થતી હતી - ગામડામાં માંડ પાંચસો ઘર હશે. હા ! - બધા જ મહેનતુ માણસ હતા - ખેડૂત. સંદલપુર નામનું આ ગામ શહેરની સાથે ધૂળિયા મારગથી જોડાયેલું હતું.

સંદલપુરમાં પ્રાથમિક શિક્ષણ પૂરૂં પાડતી એક નિશાળ હતી. તેમાં ગામનાં - અને તેની બગલમાં આવેલાં અનેક નાનાં - મોટાં ફળિયાનાં તથા નજીકના પરાનાં છોકરાઓ ભણવા આવતા.

આ નાનકડા ગામડામાં મહેનતુ ખેડૂતો વધારે પ્રમાણમાં રહેતા હતા. મોટા ભાગે લોકો છોકરાઓને ભણાવવામાં સમજે જ નહીં... છોકરાઓને ઊંમર થતાં ખેતી-કામમાં લગાડી દેતા અને છોકરીઓના નાની ઉંમરમાં લગ્ન કરી દેતા- પરિણામે મોટાભાગના છોકરા - છોકરીઓ અભણ જ રહેતા.

પરંતુ - !

બધાના મતથી જુદા પડે તેવા સવજી - ખેડૂત ભારે સમજણા દીકરીઓને લગ્ન કરીને સાસરે વળાવી દીધી હતી.. પરંતુ તેમનો એકનો એક લાડકો દીકરો 'મુન્ના' ને ભણાવવા કેડ બાંધી. સવજી-ખેડૂતની આવક પણ સારી હતી.. પરિણામે દીકરાનું ભવિષ્ય ઉજળુ બને - એ માટે તેને ભણાવવા માટે તત્પર હતા. મુન્નો પણ ભણવામાં હોંશિયાર હતો. સવજી-ડોસા ખુશ હતા.

પરંતુ - સવજી-ડોસાના બધા જ સ્વપ્ન રોળાઈ ગયા.

કાળના ચક્રે તેમને ભરખી લીધા.

એક દિવસ !

એ ગોજારા દિવસે !

ચોમાસુ ભરપુર હતું. નદીમાં બંને કાંઠે પાણી વેહતાં હતાં. સવજી-ડોસા તે ગોજારા દિવસે ખેતરમાં આંટો મારવા ગયા હતા. વળતી વેળાએ ધોધમાર વરસાદ પડવો શરૂ થઈ ગયો.... પવન પણ જોરદાર રીતે વાતો હતો... વરસાદનું ઝાપટુ - જાણે બરફના ટુકડા ગરતા હોય ! - રસ્તા પર ચાલતી વખતે માથામાં - બરડામાં વાગતા હતા - એટલે સવજી ડોસા એક ઘટાઘોર આંબલા નીચે ઓથ મેળવવા ઊભા રહ્યા. આંબલો નદીના કિનારા પર જ હતો. નદી પણ ગાંડીતૂર બની હતી... ઘોડાપુર ! મોટા મોટા વૃક્ષો પણ તેમાં તણાઈને જતા હતા - તો માણસ કે ઢોરની શી વિસાત.... સવજી-ડોસાએ જિંદગીમાં કદાપિ - જાણીબૂઝીને કોઈ પાપ કર્યું નહોતું. જિંદગીમાં ક્યારેય જુઠ્ઠુ બોલ્યા નહોતા... અને એટલે તો ગામ આખામાં 'ભગત' -ના ઉપનામથી ઓળખાતા હતા ને ?

ઉપર ઘટાઘોર મેહૂલો વરસતો હતો - તો નીચે નદીમાં પૂર !



અચાનક સવજી - ડોસાની નજર નદીમાં તણાતા એક બળદ પર પડી. હજુ પણ તે બળદ ભાંભરતો હતો... સવજી-ડોસાને દયા આવી...મૂળ ખેડૂતનો જીવ ને ? - કૂદી પડ્યા ! પોતાની જિંદગીનો પણ વિચાર કર્યા વિના કૂદી પડ્યા... પોતાના વ્હાલસોયા દીકરા 'મુન્ના'ની જિંદગીનો વિચાર કર્યા વિના કૂદી પડ્યા - એક બળદ ખાતર !

અને... અને... નદીના પાણીએ એમને ભરખી લીધા.

બળદને બચાવવા જતાં - સવજી ડોસાએ તેમના પ્રાણ ખોયા. બે દિવસ પછી ખબર પડી કે ત્યાંથી દશ માઈલના અંતરે આવેલ એક ગામના સીમાડે સવજી-ડોસાની લાશ - અને બળદ પડ્યા હતા... સવજી ડોસાનો હાથ બળદના ગળા ફરતે વીંટળાયેલો હતો...

ગામના મુખીએ લાશ મંગાવડાવી - અને સ્મશાનયાત્રા કાઢી - આખું ગામ આ પરોપકારી જીવ સવજી ડોસાની સ્મશાનયાત્રાએ જોડાયા હતા. ગામની દરેક સ્ત્રીના રૂદનમાં ભારોભાર લાગણી નીતરતી હતી. તેમની પત્ની - મુન્નાની મા તો બેભાન થઈ ગયા હતા.

મુન્નાને હાથે પિતાજીની ચિતા લગાડવામાં આવી.

તેની આંખોમાંથી આંસુની ધારા વહેતી રહી - રડતી આંખે તેણે પિતાજીની ચિતાને આગ લગાડી... ધ્રુસકે..ને ધ્રુસકે રડી પડ્યો મુન્નો - તેને મુખીએ સાંત્વના આપી.

આંસુની ધાર સિવાય - બીજું બાકી શું રહ્યું હતું.

❖ ❖ ❖

પિતાજીનું મૃત્યુ અને - એક બાજુ ભણવાની જવાબદારી તથા એક બાજુ ખેતરની જવાબદારી માથે લઈ ફરતો મુન્નો નદી કાંઠે જઈ શાંત ચિત્તે વિચાર્યા કરતો - ક્યારેક નદીને દોષ દેતો.

'મેર મુઈ ! તને મારા જ બાપા હાથ લાગ્યા ? બીજો કોઈ નહીંને મારા બાપાના પ્રાણ ભરખી ગઈ ! - સ્હેજ તો દયા રાખવી હતી... ! કોઈની નહીં તો મારા પર તો દયા રાખવી હતી ! મારા બાપા એ તારૂં શું બગાડ્યું હતું... ? મારા બાપા જિંદગીમાં ક્યારેય જૂઠુ બોલ્યા નથી - તો જાણીબૂઝીને પાપ પણ કર્યુ નહોતું - એ તો બિચારા પરોપકારી જીવ હતા - તેમને આમ કમોતે મારી નાખ્યા છે - તો ભગવાન તને જરૂર શિક્ષા કરશે... મારી રડતી માની આંતરડી બાળી છે - તને જરૂર શિક્ષા થશે.'

આમ અને આવા કેટલાંયે પાગલની માફક વાક્યો બોલ્યે જતા મુન્નાની આંખમાં આંસુ આવી જતા...

એક દિવસ

નદી કિનારે બેઠેલો મુન્નો નદીને ઠપકો આપતો હતો ત્યારે ?

એક તીણી ચીસ સંભળાઈ !

પહેલાં તો ભ્રમ માની બેસી રહ્યો પરંતુ બીજી વખત જે ચીસ સાંભળી તેનાથી તો મુન્નો આખે આખો ધ્રૂજી ગયો.

'બચાવો... બચાવો... !'

કોઈ છોકરીની ચીસ સાંભળી હડફ દેતોકને મુન્નો ઊભો થઈ



ગયો. નદીની ઊંચી ભેખડ પર તો તે બેઠો હતો... તેણે ઊભા થઈ જે તરફથી અવાજ આવતો હતો તે તરફ જોયું... અને મુન્નો થીજી ગયો.

શું જોઈ રહ્યો છે એ. ?

કોઈ છોકરી નદીમાં ડૂબકી ખાઈ રહી છે. ડૂબી રહી હતી - વિચાર કરવાનો વખત નથી.... સવજી-ડોસાનું લોહી તેનામાં વહેતું હતું... પરોપકારી સવજી ડોસાનો દીકરો પણ સાહસિક અને પરોપકારી હતો... નદીએ તેના બાપનો જીવ લીધો હતો.. પણ તેને પાઠ ભણાવતો હોય તેમ - આ ડૂબતી છોકરીને બચાવીને - નદીનો ભોગ ઝૂંટવી લેવા તૈયાર થયો. વિચાર કરતાં વાર લાગે... તેણે ત્યાંથી જ નદીમાં ભૂસકો માર્યો... ઊભા પૂરે તરતો છોકરી પાસે પહોંચી ગયો.

ક્યારનીયે ફાંફા મારતી - હવાતિયાં મારતી - વ્યર્થ હાથ - પગ હલાવીને થાકી ગયેલી છોકરીએ મુન્નાને નજીક જોતાં જ તેના પર પડતુ મૂકી દીધું.

'બચાવો.. બચાવો' ની ચીસો કયાંયે સમાઈ ગઈ હતી.

મુન્નો ભડવીર હતો... તેણે છોકરીને પીઠ પર ઉઠાવી - કિનારા પર લાવ્યો... શરીર ઉલટાવીને પાણી ઓકાવ્યુ... અને ચત્તી કરી સૂવાડી... તેનુ મુખ જોયું તો ?

આભો જ બની ગયો મુન્નો.

તેની બાળસાથી 'પપ્પુ' !

મુન્નાએ ભગવાનનો પાડ માન્યો. જો થોડો મોડો પડ્યો હોતો તો જીવનભર પસ્તાવાનો વારો આવ્યો હોત. તે પપ્પુને ઢંઢોળવા લાગ્યો.

'પપ્પુ' અરે ! તુ અહીં ? મુન્નાનું મોં અને આંખો આશ્ચર્યથી ફાટી પડ્યા. જિલ્લા મેજીસ્ટ્રેટની એકની એક દીકરી તેની બાળસાથી હતી. ઘણા દિવસો સાથે રમ્યા હતા...

પપ્પુ હજુ પણ બેભાન હતી. મૃત્યુને નજીક ભાળતાં ભય લાગ્યો હતો. બચવા માટે તરફડિયાં મારીને હાંફી ગઈ હતી - થાકી ગઈ હતી - તેને હજુ કળ વળી નહોતી.

પપ્પુ એક પૈસાદાર અને આગળ વધેલા કુટુંબની દીકરી હતી. પરંતુ - પોતાના ખેતરમાં સાંતિ તરીકે કામ કરતા સવજીકાકાના દીકરા મુન્ના સાથે તેને પ્રીત બંધાઈ ગઈ હતી. રોજ સાથે જ રમતા-હરતા - ફરતા. પરંતુ તેમનું આ મુક્ત જીવન ફક્ત થોડા સમય પૂરતું જ હતું - પપ્પુના પિતાજીને શહેરમાં રહેવા જવાનું થયું એટલે તેમની સાથે પપ્પુ પણ ગઈ - અને આ ગામડામાં મુન્નાને છોડતી ગઈ - એકલો - અટૂલો.

ત્રણ વર્ષ પછી ગામડામાં દિવાળી કરવા આવ્યાં હતાં.

જાણે ત્રણ યુગ પસાર થઈ ગયા.

બધુ જ બદલાઈ ગયું હતું.

પરંતુ !

તેનુ મૂખ ! અહા ! આખી દુનિયા બદલાઈ ગઈ; આખી



પૃથ્વી ઊલટી થઈ ગઈ; ગમે તેટલી ઉથલ પાથલ થઈ છતાં પપ્પુનું મુખ ! - તે સહેજ પણ બદલાયુ નહોતું.

એ જ સોહામણો ચહેરો - નમણું નાક - એ જ લાલાશભર્યા હોઠ, એ જ અણિયાળી આંખોના પોપચાં ! એ જ અને એટલી જ લાંબી ગરદન - હંસલી જેવી ! - એ જ - એના ગોરા ગાલ અને !

જમણા ગાલ પર કાળો તલ....!

કેટલો સુંદર લાગતો હતો... તલ !

તલને કારણે તો તેનું મુખ સોહામણું દેખાતું હતું ને ?

હા !

તેના પહેરવેશમાં જરૂર પલટો આવ્યો હતો.

ગમે તેમ તોય એક ઉચ્ચ અને સંસ્કારી પિતાની પુત્રી હતી - અને વળી શહેરમાં રહેતા હોવાથી શહેરી ઢબના કપડાં પરિધાન કરી આવી હતી.

ગમે તેટલા ફેરફાર કેમ ન થાય ! પણ પ્રીત પોતાની પ્રીતને કેમ ન ઓળખી શકે! - નિર્દોષ પ્રીત !

ઘડીભર ભાન ભૂલીને સ્થિર દષ્ટિએ પપ્પુના શરીર તથા રૂપને નિહાળતો મુન્નો પુતળાની જેમ ઊભો રહ્યો હતો. ત્યાં તેને પપ્પુને સળવળતી જોઈ અને તે ઘૂંટણભેર બેસી પડ્યો. પપ્પુના મુખ પરની લટો ખસેડી તેને ભાનમાં લાવવા - બોલાવવાના પ્રયત્ન કરવા લાગ્યો.

'પપ્પુ ! અરે ઓ.... પપ્પુ ! આમ તો જો....' જાણે કે મુન્નાના દિલમાં આનંદ સમાતો નહોતો. બાળસાથીને જોઈને ફૂલ્યો સમાતો નહોતો... હમણાં આંખો ખોલશે - અને મને જોઈને આનંદી ઊઠશે - એ આશાએ પપ્પુને ઢંઢોળી રહ્યો. પરંતુ સામેથી કોઈ પ્રત્યુત્તર ન મળતાં ઉદાસ થઈ ગયો. તેણે ચિલ્લાવાનું ચાલુ રાખ્યું. અને - !

પપ્પુએ ધીરે ધીરે આંખના પોપચાં ઉંચા કર્યા.... પછી ઢાળી દીધા.

'પપ્પુ ! જો તો ખરી ! પપ્પુ...!' મુન્નો દિલગીરીથી લાગણીભર્યા શબ્દોથી બોલ્યે જતો હતો.

સૂરજ પશ્ચિમાકાશ તરફ ઢળતો જતો હતો... રડ્યાં ખડ્યાં વાદળો ઘૂમતાં હતાં. દૂર દૂરથી ઊડતાં પક્ષીઓનો બોલવાનો મીઠો અવાજ કર્ણપ્રિય લાગતો હતો. કુદરતે મીઠા અવાજવાળા પક્ષીઓ પૃથ્વીને ભેટ ધરીને સંગીતનું સાધન બક્ષ્યું હતું.

રેતી પર ચત્તીપાટ સુતેલી પપ્પુ પર મુન્નો ઝૂકેલો હતો. બાજુ પરથી વહી જતા નદીના વહેણ સુંદર અવાજ ઊભો કરતા હતા... મુન્નાએ પપ્પુને ઢંઢોળી - અને !

પપ્પુએ આંખ ખોલી....

તેના પર કોઈ અજાણ્યો છોકરાને ઝૂકેલો જોઈ ગભરાઈ ગઈ... 'પપ્પુ...પપ્પુ' ના અવાજે પોકારતો હતો. પપ્પુ જરા ખમચાઈ ગઈ... સફાળી બેઠી થઈ ગઈ...તેના ભીનાં કપડાં સંકોરી ઊભી થવા જાય છે - પણ થાકી ગઈ હોવાથી ઊભાં થઈ શકાયુ નહીં - તેનું



શરીર આખુ દુઃખતુ હતું. તેના મોંમાંથી 'આહ' નીકળી ગઈ.

મુન્નો ઊભો થઈ ગયો હતો.

'પપ્પુ !'.... મને ઓળખે છે. ? ... જરા ઓળખવાની ચેષ્ટા કર... હું... હું... અરે ! તારે ઊભા થવું છે ! ચાલ ઊભી કરૂં.. તરતા આવડતુ નહોતું... તો શું કરવા નાહક શરીરને કષ્ટ આપવા નાહવા પડી હતી... !' મુન્નો એકધાર્યો બોલ્યે જતો હતો... પરંતુ પપ્પુ તેને અજાણી નજરથી જોતી હતી તેથી મુન્નો નિરાશ થઈ ગયો... તેણે પપ્પુને ઊભી કરવા માટે તેનો હાથ પકડવા નીચે નમ્યો... પરંતુ !

'અરે ! ... પણ મને અડકે શું કામ ? ... તું કોણ છે ? મારો જાન બચાવ્યો તે બદલ આભાર...' પપ્પુએ મુન્નાના હાથમાંથી પોતાનો હાથ ઝાટકો મારીને છોડાવી દીધો.

પપ્પુ તેને ઓળખતી જ નથી - તે જાણતાં મુન્નો ચૂપ થઈ ગયો... બચપણથી જેને ચાહતો હતો - વિખૂટા પડ્યા પછી હંમેશા જેને મળવા બહાના બતાવી આવતો હતો - તે તેની બાળપણની પપ્પુ - હજુ માત્ર ત્રણ વર્ષનો જ ગાળો પસાર થયો છે અને એટલામાં - ભૂલી પણ ગઈ.... મને ઓળખતી નથી ?જ

મુન્નાનું હૃદય ભાંગી પડ્યું... દિલના ટૂકડા થઈ ગયા... હજારોમાં એક ગણી પપ્પુને ચાહી હતી - અને એજ મને આમ વખોડી કાઢશે - એ કેમ માન્યામાં આવે ? - મુન્નાની આંખોમાં ભીનાશ લીંપાઈ... પપ્પુને હવે ઓળખાણ આપવી - કે નહીં. - ની દ્વિધામાં પડેલા મુન્નાના કાને કોઈના પગલાંની આહટ સંભળાઈ.

તેણે દૂર નજર કરી... વનરાઈ તરફથી આવતી ત્રણ છોકરીઓ - ! જેમણે પપ્પુ જેવા જ કપડાં પહેર્યાં હતાં - શહેરી છોકરીઓ હતી - કદાચ પપ્પુની સાથે જ આવી હશે - એવુ અનુમાન બાંધતો મુન્નો ગડમથલ કરવા લાવ્યો.

મુન્નાએ ત્યાંથી ખસી જવાનું મુનાસિબ માન્યું.

નિરાશ વદન પર આંખમાંથી ગરમ આંસુના બે ટીપાં પડ્યા. મુન્નાએ આંખો છુપાવી. અને ડગ માંડ્યાં.

તેના પગ ડગમગતા હતા. તેના પગ ભારે થઈ ગયા. મહાપરાણે પગ ઉપાડતો જતો હતો... અને મુન્નો દૂર.... દૂર ચાલ્યો ગયો...કોઈ અગમ્ય... અનંત કેડી પર.

રેતી પર બેઠેલી પપ્પુ તેના આ વર્તનને નિહાળતી રહી. તેન ઓળખવા પ્રયત્ન કરતી ઊભી થઈ. ભીનાં કપડાં ભેગા કરી નિચોવવા લાગી... મુન્નાને દૂર સુધી જતો જોઈ જ રહી... તેને કંઈક યાદ આવતુ હોય તેમ લાગ્યું... આજે તેણેજે અવાજ સાંભળ્યો હતો - તેમાં રહેલી લાગણી ઘણાં સમય પહેલાં અનુભવી હતી... જે લાગણી તેના જીવન સાથે વણાયેલી હતી.... પણ હજુ ચોક્કસ કોઈ ચીજ માનસપટ પર આવી નહોતી.

મુન્નો અદશ્ય થયો ત્યાં સુધી તેની પીઠ પાછળ તેની નજર દોડી ગઈ - એક પૂતળીની માફક સ્થિર ઉભી રહી.

મુન્નો તો ઘણો દૂર નીકળી ગયો હતો.... તેણે પાછા વળીને પણ જોયું નહોતું.



પપ્પુને તેનું હૃદય ધીરેધીરે નબળું પડતું લાગ્યું તેને પોતાનું મન પોતાનું ન લાગ્યું... તેના વિચારો તેના ના રહ્યા... દિલ પારકુ બની બેઠું... તેના બાળસાથીને યાદ કરતા દિમાગમાં અંધારૂં છવાયું... પપ્પુ તેને બચાવનાર ના શબ્દો પાછળ ઘૂમતી રહી.

'શું કહી ગયો હતો એ ! કેવી લાગણી દર્શાવી...? મારો જીવ બચાવનારનો આ રીતે અનાદર ! - ભલે તે ગમે તે હોય-મારે તેની માફી માગવી જોઈએ... તેણે મારો જાન બચાવ્યો હતો... નહીંતર અત્યારે તો હું ભગવાનના દ્વાર ઠોકતી હોત... ઓહ !'

તેણે નજર કરી... મુન્નો તો ક્યારનોય અદશ્ય થઈ ગયો હતો... પણ તેની સહેલીઓ નજીક આવી ગઈ હતી.

'અલી પપ્પુ... ! શું થયુ હતું... પેલો ગયો એ કોણ હતો...? ... કયાંક અવળો તો નથી ને ?' એક સહેલીએ પૂછયું.'

'તું યે શું પુન્ની ! ... તને અત્યારે મશ્કરી સુઝે છે ?'

'ઓહ... આઈ એમ સૉરી.... પણ આ તો... તું ક્યારનીયે તેના તરફ જોતી રહી હતી તેથી મેં પૂછયું...!'

શું જવાબ આપે પપ્પુ ?

'તેં જોયો પુન્ની...એને ?'

'હા... તેં કંઈ તેને કહ્યું તો નથી ને ?'

'કેમ... ?'

'બિચારો... આંખમાંથી આંસુ લૂછતો જતો હતો...'

'શું વાત કરે છે.... ?'

પપ્પુનુ દિલ દુભાવા લાગ્યું. મેં શું કરવા એને હડધૂત કર્યો ? બિચારાએ કેટલી જહેમતથી મને બચાવી હતી ? પપ્પુએ મનોમન માફી માગી... પછી સહેલીઓને જે કંઈ બન્યું હતુ - તે અથ ઈતિ કહી સંભળાવ્યું... ત્યારે તો !

'તુ મૂરખી છે - કમ સે કમ એનું નામ તો પૂછવું હતું ?' પુન્નીએ પપ્પુને ઉડાવી દીધી. પપ્પુનો જ દોષ કાઢવા લાગી... પણ હવે શું ?

પપ્પુ તેના દિલને ઠપકો આપવા લાગી.

ત્યારે સૂરજદેવ મેર બેસવાની તૈયારી કરતા હતા... આકાશમાં પક્ષીઓ ઉડી રહ્યા હતા અને સહેલીઓ સાથે પપ્પુએ ઘર ભણી પ્રયાણ કર્યુ... તે પણ શૂન્યમનસ્કપણે !

❖ ❖ ❖



# પ્રકરણ - પાંચ

કારતક સુદી સાતમની રાત્રિનો ચંદ્રમા મધ્યઆકાશમાં ઝૂલતો હતો. શિયાળાની ઠંડી રાત્રિમાં - શરૂઆતની રાત્રિમાં ઠંડી પણ ઠરી ગઈહતી. રાત્રિના ઠંડા અજવાળામાં તારલા પણ ઊંઘતા હતા. કોઈક કોઈક વાદળ ધુમ્રસ્વરૂપે ચંદ્રને ઝાંખો પાડતા વહી જતા હતા.

સંદલપુર ગામ આખુ નિદ્રામાં ડૂબી ગયું હતું.

કુદરતનો નિયમ છે અથવા તો કુદરતે ઘડી કાઢેલી પોતાની ફરજોમાંની એક ફરજ એ છે કે માનવીની સંભાળ રાખવી... અને એટલે જ લોકો કહે છે કે 'ઈશ્વર, મહેનતુ માણસ-જાતને ભૂખી ઊઠાડી શકશે - પરંતુ ભૂખી - સુવાડશે નહીં.' આનો અર્થ એ પણ થઈ શકે કે - જે કોઈ માનવી ઊંઘી શકે છે તેણે હંમેશા ખાધુ હોય છે... તેને ભૂખ રહેતી નથી - મતલબ કે જેમણે અનાજ જેવું કંઈ પણ ખાધુ હોય તો તે સુખેથી ઊંઘી શકે છે.

લોક વાર્તા એવી છે કે :

''એક દિવસ રૂકમણિજીએ ભગવાનને પ્રશ્ન કર્યો કે 'હે દેવાધિદેવ ! તમે રોજ કહો છો કે હું બધા જ જીવોના જમ્યા પછી જ જમું છું... તો શું એ વાત સાચી છે ?' તો ભગવાને તરત જ

નિઃસંકોચ સંભળાવી દીધું : 'દેવીજી! તમને મારા બોલ્યા પર વિશ્વાસ નથી ? ' હું જે કહુ છુ તે સત્ય જ છે.' થોડા દિવસો બાદ : એક દિવસ ભગવાનને જમાડીને બેઠા હતા ત્યારે રૂકમણિજી આવ્યા અને પૂછ્યુ : 'ભગવાન ! તમે આજે બધા જીવોને જમાડ્યા પછી જ જમ્યાછો ?તો તરત જ ભગવાને જવાબ આપ્યો : 'જી, હું બધા જ જીવોના જમ્યા પછી જ જમ્યો છું.' તો તરત જ રૂકમણિએ વિરોધ કર્યો.' ખોટી વાત... હજુ એક જીવ ભૂખ્યો છે.' ભગવાને વિચાર કર્યો... આંખ બંધ કરી - ખોલી અને જવાબ આપ્યોઃ 'ખોટી નથી પણ સાચી વાત છે... બધા જ જીવોએ જમી લીધુ છે. કોઈ ભૂખ્યું નથી....' ભગવાન બોલવાનું પૂરૂં કરે તે પહેલાં જ રૂકમણિ એક ડાબલી લઈ આવ્યા.. એ ડાબલીમાં રૂકમણિજીનું ચાંદલો માંડવાનું કંકુ ભરેલું હતુ તે લઈ આવ્યા... તેમાં તેમણે છાનામાના એક કીડી પૂરી દીધી હતી અને ઢાંકણી ફીટ કરી દીધી હતી... ત્યાર બાદ ભગવાનની પાસે આવ્યા... અને કહ્યું : 'હે નાથ ! તમારી આજે કસોટી છે... આમાં એક કીડી છે તેણે હજુ ખાધું નથી.' ભગવાન કહે : 'દેવીજી ! જરા એ ડાબલી ખોલીને જુઓ તો ખરા ....' રૂકમણિજીને શંકા ગઈ... તેમણે ડાબલીનું ઢાંકણું ખોલીને જોયું તો ? .... આશ્ચર્ય પામ્યા. કંકુની ડાબલીમાંની કીડી ચોખાનો દાણો ઢસડતી હતી.... તેમણે ભગવાનને ઉઘડા લીધા...' તમે જ આ ચોખો નાંખ્યો હશે... પરંતુ ભગવાને તેમને સમજાવતાં કહ્યું.' 'દેવીજી ! એ ચોખો મેં તો નથી નાંખ્યો... પણ તમે જ્યારે કંકુની ડાબલીમાં કીડીને પૂરતા હતા ત્યારે તમારા કપાળ પર લગાવેલ ચાંદલામાં જે ચોખાના દાણા હતા - તેમાંનો એક દાણો ડાબલીમાં પડી ગયો હતો...' રૂકમણિ ભાગ્યા સીધા પોતાના મેકઅપ રૂમમાં... અરીસામાં જઈને જોયું તો તેમના





ચાંદલામાંથી એક ચોખાનો દાણો ઓછો હતો... અને રૂકમણિજી ભગવાનની લીલા પર વારિ ગયા.''

આમ ઉપરના દૃષ્ટાંત પરથી ખ્યાલ આવશે કે ભગવાન કોઈને ભૂખ્યા સૂવાડતો નથી.

હા ! ચિંતા અને ઊંઘને બાપે માર્યા વેર છે. ચિંતા અને નિદ્રા - બંનેનું સ્થાન એક સાથે નથી. નચિંત મને જો માણસ ઊંઘવાનો પ્રયત્ન કરતો હશે તો જરૂર ઊંઘી શકશે.

બધા જ સિધ્ધાંતોના અને નિયમોને પણ અપવાદો હોય છે તેમ કુદરતના આ નિયમોને પણ અપવાદો છે - ભરપેટ ખાધુ હોયતો પણ શાંતિથી ઊંઘી શકતા નથી. જેવાં કે રોગી, ભોગી, જોગી - જેવા માનવી બાર વાગ્યા સુધી ઊંઘી શકતા નથી. પરંતુ તેઓ પણ અડધી રાત પછી સુખચેનથી નિદ્રાધીન થાય છે.

પરંતુ - ! સુખ સંપત્તિમાં ઉછરેલી પપ્પુ બીજા માળે પલંગમાં પડી પડી પાસાં ઘસી રહી હતી. આજે તેની આંખોમાં નિદ્રા નહોતી.... અજંપાથી આમ-થી-તેમ પાસાં બદલતી રહી હતી.

તેણે ખાધુ છે - ભરપેટ ખાધુ છે. પરંતુ તે હજી ભૂખી છે. પેટની ભૂખ તો તેણે ક્યારનીયે સંતોષી લીધી છે પરંતુ આત્માની ભૂખ હજુ સંતોષાઈ નથી. - પ્યારની ભૂખી પપ્પુ હજુ પણ જાગી રહી હતી તેની જિંદગીમાં આજે પહેલીવાર આ ભૂખ લાગી છે જેને કારણે તેની આંખ મિંચાતી નથી. બાળસાથી મુન્નાને મળવાની ભૂખ લાગી હતી.

મુન્નાના જીવનમાં ક્યારનીયે જઈને બેઠેલી પપ્પુ આજે તેને ઓળખતી નથી. પોતે જેમ મોટી થઈ ગઈ છે એમ એ પણ મોટો થઈ ગયો હશે જ. કેટલો બધો બદલાય ગયો હશે - એ બાળસાથી અત્યારે તો - સામે મળે તો તેને ઓળખી શકશે ? પોતે તો તેને પણ ઓળખી શકે - કારણકે શહેરમાં તેની નજરો આગળથી ઘણા ચહેરા - જે તેન જીવનમાં ક્યારેય પ્રવેશવાના નહોતા - એ બધા પસાર થઈ ગયા હતા.

પણ મુન્નો ! એ મને ઓળખી શકશે ? - કદાચ - ઓળખી પણ કાઢે - તેની યાદશક્તિ ગજબની છે... ગમે તેમ તોય ગામડિયા - તેને બધું જ યાદ રહે...

અને પપ્પુની નજરો આગળ એક વખતનો પ્રસંગ યાદ આવ્યો અને તે આનંદી ઊઠી.

❖ ❖ ❖

સૂરજદાદા મેર બેસવાની તૈયારી કરતા હતા.... નદીના વહેણ ધીમા પડી ગયા હતા. આકાશમાં પક્ષીઓ પોતાના માળા તરફ - તેમના બચ્ચાંઓને મળવા માટે અધીરાં બન્યાં હોય તેમ ઝડપથી ઉડતાં જઈ રહ્યા હતાં. ઠંડો અને ખુશનુમા પવન વાતો હતો... દૂર દૂર ધૂળની ડમરીઓ ઊડતી હતી.

પપ્પુ અને મુન્નો બંને ખેતરે ઉપડ્યા હતા.... સવજીકાકાને વાળું આપવા જઈ રહ્યા હતા. ભાત મુન્નાના હાથમાં હતુ અને પાણીનો કળશિયા પપ્પુ પાસે હતો... સવજી-કાકા બાજરીનો કાપેલો પાક સાચવવા માટે રાતવાસો ખેતરમાં કરવાના હતા.. તેથી બંને



છોકરાંઓને ભાત આપવા મોકલ્યા હતા. નિર્દોષ બાળકોનો સંબંધ જતે દા'ડે સ્નેહમાં પરિણમશે એની જાણ બંનેના મા-બાપને નહોતી.

એક-બીજાનો ખાલી હાથ પકડીને ચાલતા પપ્પુ - મુન્નો હસતાં-રમતાં જઈ રહ્યાં હતાં ત્યાં સામેથી ગાયોનું ધણ આવતાં બંને ઊભાં રહ્યાં - એક બાજુ ખસીને ઊભાં રહ્યાં. ગાયો નજીક આવતાં - તેમનાં નાના વાછરડા જોઈને પપ્પુ તો ખુશ થઈ ગઈ... નાના વાછરડાં રૂડાં - રૂપાળાં લાગતાં હતાં.

ધણ આખુ વળોટી ગયા પછી પપ્પુ ઊભી રહી, મુન્નો પણ. તેણે પૂછ્યુઃ 'કેમ ઊભી રહી... ચાલને મોડુ થશે...'

'એક વાત પૂછુ ?'

'પૂછ.'

'વાછરડું તેની માને કઈ રીતે ઓળખી કાઢતું હશે ?'

'એ તો - બંને ઓળખે.' મુન્નાએ આશરે કહ્યું.

'ના એમ નંઈ...' પપ્પુએ જિદ પકડી.

'તો કેમ...?' એમાં કાંઈ નવાઈ નથી. જો... હું તને અત્યારે જોઊં છું બરાબર ?'

'હંઅઅ...'

'પછી તું મોટી થઈશ ને ? તો પણ હું તને ઓળખી કાઢીશ...બોલ !'

'જા...જા...હવે તુ મને ઓળખી જ નહીં શકે !'

'સાચુ નથી લાગતું ? લગાવ શરત ચાલ...'

'ચાલો .... માર શરત...!'

'જો મોટી થઈને તું મારી આગળ આવીશ... અને હું તને ઓળખી કાઢું તો ?'

'અને નહીં ઓળખે તો ?'

'મારી દે શરત...' કહીને મુન્નાએ તેનો જમણો હાથ આગળ ધર્યો - એમાં પપ્પુએ તેનો જમણો હાથ મૂકીને શરત લગાવી -'કે જો તુ મને ઓળખી કાઢીશ - તો તું જીત્યો અને હું હારી - એટલે તને ગમે તે ઈનામ આપીશ અને જો તુ મને ઓળખી ના શકે તો હું માગુ તે આપીશ ?'

'હા.'

અને બંનેએ એક-બીજાને વચન પણ આપ્યું.

❖ ❖ ❖

એકદમ ઝબકીને જાગી ગઈ પપ્પુ. તેના જમણા હાથની હથેળી તરફ જોયું... સ્નેહાળ નજરે ! અને હોઠ સુધી લઈ જઈ ચુંબન ચોડી દીધું. નિર્દોષ બાળકોની મીઠી અને કાલી ભાષામાં લગાવેલી એ શરત યાદ આવતાં પપ્પુ શરમાઈ ગઈ.

આ પ્રસંગ યાદ આવતાં તેની આંખ કેમેય ઊંઘનું નામ લેતી



નહોતી... મુન્નાની યાદ આવી ગઈ. તેને બાળપણના ભેરૂને મળવું હતું - પરંતુ તેને કયાં ગોતવો ? - તેના વિચારે ચઢેલી પપ્પુ મનોમન તેના સાથી મુન્નાના ચહેરાને નજર સમક્ષ પ્રત્યક્ષ રાખી તેને ઓળખવા નિશાની શોધવા લાગી. તેના આખા શરીરને મનોમન યાદ કરી બરાબર ચકાસવા લાગી - પરંતુ મુન્નાનો બચપણનો એ ચહેરો આજે ઘણાં વર્ષો બાદ કેમેય યાદ આવતો નહોતો.

અડધ ઉપરની રાત્રિ વહી ગઈ હતી. આકાશમાંનો ચંદ્રમા પણ આથમવાની તૈયારી કરતો હતો. ગામડામાં શાંતિ પથરાઈ ગઈહતી. ગામના સીમાડા પણ સૂમસામ લાગતા હતા. દૂર દૂરથી શિયાળવાની લાળી સંભળાતી હતી.... વચમાં શાંતિનો ભંગ કરતા કૂતરાના ભસવાના અવાજો આવતા હતા અને શાંત થઈ દૂર સીમાડામાં વિલીન થઈ જતા હતા.

અને એકાએક !

પપ્પુ ચમકી !

તેના કાન સરવા થયા... ધ્યાન દઈને કંઈક સાંભળવા પ્રયત્ન કર્યો... અને તેના હૃદયના તાર તૂટી ગયા... તેના કાન અને દિલને વીંધી દે તેવી વાંસળીના સૂર રેલાવતી કોઈકની વાંસળી વાગતી હતી. વાંસળીના સૂર સાંભળતા જ પપ્પુને તેના દિલના ટુકડા થતા લાગ્યા. વાંસળીમાં કોઈ વિરહીજન તેના દિલની કરુણ દાસ્તાનનો રસ ઉમેરતો જતો હતો. ભારોભાર લાગણીસભર ભાવનો રસ વાંસળીમાંથી એકધાર્યો - વણથંભ્યો વહ્યે જતો હતો. શાંત રાત્રિમાં અત્યારે કોણ કરૂણ રસ વહાવે છે ?

પપ્પુ ધીરે રહીને પલંગ પર બેઠી થઈ. ઊભી થઈ.... વાંસળીનો જે દિશાથી અવાજ આવતો હતો તે દિશાની બાલ્કનીની બારી ખોલી નાંખી અને... ! વાંસળીનો એક સામટો દારૂણ રસ તેના દિલને ધડકાવી ગયો. દિલ પરના ભૂતકાળના આવરણને તોડી અંદરના ટૂકડા વેરણ છેરણ કરી મૂક્યા. અને તેની યાદશક્તિના મંચ પર તેની પ્રીતનાં ગીત સંભળાવવા લાગ્યાં. ધીરે ધીરે તેના માનસપટ પર એ જ વાંસળીવાળા મુન્નાને યાદ કરતી ગઈ. મુન્નાના મુખેથી વાગતી વાંસળી !

બચપણમાં પપ્પુ જયારે પણ રીસાતી ત્યારે તેને મનાવવા ખાતર મુન્નો વાંસળી વગાડતો અને પપ્પુ મનાઈ જતી. આમ તો રિસામણાં - મનામણાંમાં કંઈ દમ નહોતો... પરંતુ જયારે પપ્પુને વાંસળી સાંભળવામાં ઉત્સાહ જાગતો અને મુન્નાને તે માટે તૈયાર કરતી - તો મુન્નો નન્નો ભણી દેતો. તેને પણ પપ્પુને મનાવવાનો શોખ હતો.

પરંતુ વાંસળી સાંભળવાનો ઉત્સાહ વણથંભ્યો રહેવા દઈ મુન્નાની નબળી રગ પારખી ગયેલી પપ્પુ મુન્નાના નન્નાને ગણકાર્યા સિવાય રીસાઈ જતી. પપ્પુ રીસાતી તો મુન્નો દુઃખી દુઃખી થઈ જતો. દુનિયા આખી ભલે તેનાથી રીસાઈ જતી - કોઈ પરવા નહીં. પરંતુ પપ્પુ રીસાઈ જાય તો મુન્નાનો જીવ નીકળી જતો - અને તેથી જ તો તેને મનાવવા ખાતર પણ મુન્નો વાંસળી વગાડતો.

અને મનામણાં - બાદ મુન્નો મીઠા સૂર પૂરીને વાંસળી વગાડવામાં તલ્લીન થઈ જતો - જયાં સુધી પપ્પુનું દિલ શાંત ન થાય ત્યાં સુધી મુન્નો આંખો બંધ કરી પ્રીતના રસ પીરસ્યે જ જતો હતો.

અને પપ્પુ !



વાંસળીના સૂરમાં મગ્ન બની મુન્નાના ખોળામાં માથુ મૂકી ઊંઘી જતી - ત્યારે જ વાંસળી બંધ થતી.

મુન્નાની યાદ આવતાં પપ્પુની આંખમાં આંસુ સરી પડ્યા... વિરહણીનાં આંસુ ! - ગરમ જ હોય ને ?

વાંસળીના સૂર મુન્નાના ઘર તરફથી જ આવતા હતા. અને મુન્નાને ઓળખવાની નિશાની મળતાં પપ્પુ આનંદ મગ્ન બની ગઈ. વિચારતી ગઈ.

કદાચ મુન્નાને જાણ થઈ ગઈ હશે કે પપ્પુ ગામડે આવી છે એટલે કદાચ વાંસળી વગાડી બોલાવતો હશે...! પણ અત્યારે પપ્પુ લાચાર હતી. નીચેના માળે મમ્મી - પપ્પા ઊંઘે છે નહીંતર પપ્પુ ક્યારનીયે મુન્નાના ખોળે માથુ નાંખી વાંસળી સાંભળતી હોત !

પપ્પુ તેની જાતને દોષ દેવા લાગી.

'મેર મુઈ ! આજે પહેલો દિવસ જ હતો છતાં મુન્નાને મળવા જવાને બદલે નદીએ નાહવા ઊપડી ગઈ... હું જ અભાગણી છું... કાલે મળવા જઈશ તો મુન્નો કદાચ મારી સાથે બોલશે પણ નહીં... મારાથી રીસાશે તો હું કેવી રીતે તેને મનાવીશ....

અને અચાનક વાંસળી બંધ થઈ ગઈ.

ત્યારબાદ પપ્પુ પણ મુન્નાને સવારમાં મળવા જવાનો નિર્ણય કરીને ઊંઘી ગઈ.... ત્યારે તેને મીઠી નિંદરમાં પોઢવા માટે ઘડિયાળના ટકોરાએ બે - ના ડંકા વગાડ્યા.

❖ ❖ ❖

# પ્રકરણ - ૭

સૂરજે સોનાના કિરણો સાથે ડગલાં દીધાં. સૂરજ ધસમસતો ઉદય પામી ગયો હતો. ખાસ્સો સમય થઈ ગયો છતાં પપ્પુની ઊંઘ ન ઉડી. મમ્મીએ તેને ઢંઢોળી ત્યારે જ તેને ભાન થયું કે સવાર થઈ ગઈ છે. અને તેણે રાત્રે કરેલા નિર્ણયની યાદ આવતાં ચહેરા પર આનંદની રેખા ઊપસી આવી. પરંતુ મમ્મીને જાણ ન થઈ જાય તે માટે તેણી બ્રશ કરવાને બહાને મમ્મી આગળથી દૂર થઈ ગઈ.

પ્રાતઃકાર્યથી પરવારીને ડાઈનિંગ-ટેબલ પર જઈ ચા-નાસ્તો લઈ - નીચે ઊતરી ગઈ. કોઈને પણ કહ્યા વિના પપ્પુએ મુન્નાના ઘર તરફ પગલાં માંડ્યા : ચોરી છૂપીથી - આજુ બાજુ કોઈ જૂએ છે કે નહીં - તેની ખાતરી કરી આગળ વધતી જતી હતી.

રાત્રે - નિર્ણય કરતી વખતે તેને કેટલી બધી આશા હતી આ મંઝિલની ? - દિલમાં થનગનાટ હતો. આનંદના ઉલ્લાસમાં તેના પગ ઝડપથી અને ચોક્કસ રીતે ઊપડતા હતા.

મુન્નાનું મકાન બહુ દૂર નહોતું છતાં પણ પપ્પુને થાક લાગી ગયો. બચપણમાં ઘણી વખત અહીં આવવાનું થતુ પણ ત્યારે થાક નહોતો લાગતો - આજે આમ કેમ ?



વિચારતી જતી હતી પપ્પુ !-

મુન્નાને શી રીતે વાત કરીશ -તેની માફી કઈ રીતે માંગીશ ? તેની મા ઘેર હશે તો - શી રીતે વાત કરીશ - વિચારતી પપ્પુ આગળ વધતી હતી. આશાઓના - અરમાનો - ના હવામાં મહેલ બાંધતી પપ્પુ જ્યારે મુન્નાના ઘેર પહોંચી તો ઘરના બારણાં બંધ હતા.

હતાશ થઈ ગઈ પપ્પુ. તેણે બાંધેલો મહેલ કકડભૂસ કરતો તૂટી પડ્યો ! તેના ભાંગેલા ભંગારનો એકપણ ટૂકડો તેનો ના રહ્યો - પડેલો ભંગાર - જાણે કે તેની હાંસી ઉડાવતો હતો.

'આ-શું ?' કેટલી વેઠ કરીને અહીં આવી હતી. પણ મારૂ નસીબ - મારાથી બે ડગલાં આગળ હતું ? ' નિરાશાનો ધોધ તેના મન પર પડ્યો - પપ્પુ ઘાયલ થઈ ગઈ ! હતાશાના વાદળો તેને ઘેરી વળ્યા... પપ્પુ દુનિયા હારી ગઈ.

પરંતુ ! ગાજતા વાદળો વચ્ચે લીસોટા જેવી ચમકતી વીજળીના તેજ જેવી તેની આશા ચમકી.

બારણાં બંધ હતાં પરંતુ તેની સાંકળ નીચે લબડતી - ઝોલાં ખાતી હતી. અંદર કોઈક તો હશે જ એવું અનુમાન કરતાં વાર ના લાગી. - બારણાંની તીરાડમાંથી અંદર ડોકિયું કર્યુ...તો ! મુન્નાની મા રોટલા ઘડતા હતા... તેણે સાંકળ ખખડાવી... તો અંદરથી લાગણી-સભર અવાજ આવ્યો;

'એ....કુણ સે ભાઈ ?'... આવો !' બારણાં ખુલ્લાં જ છે આવો બા...!'

મીઠો મધુરો અને લાગણીયુક્ત અવાજ ગામડાંની ડોસીના મુખેથી સાંભળતા પપ્પુને લાગ્યું; 'કેટલો મીઠો રસ છે આ આવકારમાં? કેટલી ભીની લાગણી છે આ ગામઠી ભાષામાં !' જ્યારે શહેરી ભાષામાં લુખ્ખી લાગણી હોય છે. - માનવીમાત્રને ઉપર-ઉપરથી આવકારવામાં આવતા હોય છે.

પપ્પુએ બારણાં ધકેલ્યાં અને અંદર ગઈ. જોયું તો ! કાળા વસ્ત્રોમાં વીંટળાયેલી મુન્નાની બા એક કરૂણ સ્ત્રીની પ્રતિમા લાગી. પપ્પુને શંકા ગઈ. તેણે તરત જ મુખ પર ગંભીર ભાવ ઊપસાવી પૂછ્યું; 'આ શું બા ! - કાળા વસ્ત્રો !'

'કુણ સે બુન ! મુઈ મેં તો તમને ઓળખ્યા નહીં !'

હાથનું નેજવું કરીને ઓળખવાની ચેષ્ટા કરતાં બોલ્યાં;

'બા... ! મને ન ઓળખી...? હું....હું.... પપ્પુ... તમારી પપ્પુ... !' પપ્પુનું દિલ રડવા લાગ્યું.... ક્ષણવાર માટે તેને દયાઆવી ગઈ - અહીંથી ભાગી જવાનું મન થયું.

થોડીવાર માટે - સ્થિર નજરે તાકી રહ્યા બાદ જાણે કે, ઓળખી ગયા;

'અરે ! તમે... ? ક્યારે આવ્યા ?... આવો.... બેસો!' કહેતાં ડોસીમા ઊભાં થવા ગયાં પણ પપ્પુએ તેમને વાર્યા. એણે એવી કોઈ ચેષ્ટા કરવા ના દીધી જે તેના માટે અભિમાન પ્રદર્શિત કરે...

'બા..., તમે મને જવાબ ના આપ્યો મારા પ્રશ્નનો;'



'બેટા ! મારી પાસે શું કહેવડાવો છો ? મુન્નાના બાપા... નદીમાં... તણાઈ ગયા... અને... અને મારા મુન્નાનો ભાર મને સોંપતા ગયા...!' અને તેમની આંખોમાં આંસુ ધસી આવ્યા... એક ડૂસકું નંખાઈ ગયું. પપ્પુને 'બેટા' શબ્દ મીઠો-મધ જેવો લાગ્યો.

'રડો નહીં બા ! - કેમ તમે એકલા થોડા છો ? તમારો મુન્નો પણ તમારી સાથે જ છે ને ?' - અને ડોસીને છાનાં રાખવા જતાં પપ્પુ પોતે રડી પડી... કેટલા ખુશીના સમાચાર જાણવા માટે હું અહીં આવી હતી... અને આ વિષાદ ! તેણે ઉમેર્યુ; જેવા આપણા નસીબ - બીજું શું ? ખેતી કામ તો સંભાળનાર છે ને તમારે પછી શું વાંધો છે... ? ... આજે મુન્નો ઘેર નથી કે શું ?'

પપ્પુ જે કામ માટે આવી હતી તેના જવાબ માટે આડકતરો પ્રશ્ન પૂછયો. જેની જાણ મુન્નાની બાને પણ ન થાય; તે બિચારી તો નિર્દોષ ભાવે કહ્યે જતી હતી તેથી તેમણે આગળ ચાલવ્યું;

'બેટા જ્યારથી તમારા કાકા ગુજરી ગયા ત્યારથી ખેતરનું કામ મુન્નાએ હાથમાં લીધું છે... સવારે વહેલો ઊઠીને ખેતરે જવા નીકળી ગયો છે....'

બસ -

પપ્પુને એની મંજિલ મળી ગઈ - જે કામે આવી હતી તે પાર પડી ગયું. હવે તેને અહીં એક ક્ષણ પણ રોકાવું નહોતું એટલે -

'બસ... બા... બેસો ત્યારે... હું જાઊં...!' - કહીને ત્યાંથી તે નીકળી ગઈ. ડોશીને આશ્ચર્યમાં મૂકી દોડી ગઈ. અને રસ્તા પર

તો જાણે દોડતી જ હતી... તેના મમ્મી - પપ્પાને પણ કહેવા ના રહી - બસ ! આજે તેને કોઈ રોકી શકે એમ નહોતું - આજે ગામડે આવ્યે બે દિવસ થઈ ગયા છતાં મુન્નાને મળવા પણ ગઈ નથી ? - મુન્નો શું ધારશે ?

ભૂરા આકાશમાં સૂરજ મહારાજ તપતા - માથે ચઢી ગયા હતા. આકાશમાં કોઈક કોઈક વાદળ ધૂમાડા જેવુ ઘૂમતુ હતું. દૂર દૂર સરોવરમાં ચારો ચરી રહેલા સારસ - બેલડીના અવાજો આવતા હતા. રસ્તાની બંન્ને બાજુ પર ઊંચા ઊંચા વૃક્ષો ડોલી રહ્યા હતા - દૂર દૂર આંબાવાડિયામાંથી આવતો કોયલનો મીઠો ટહુકો...! પપ્પુ ખુશ થઈ ગઈ....

પપ્પુ દોડતી હતી.

ધૂળિયા મારગ પર પપ્પુ - જાણે અધ્ધર ઊડતી હતી.

શરીર પર તેણે ચાઈનીઝ પહેર્યુ હતુ અને ખભા પર દુપટ્ટો નાંખ્યો હતો... જે પવન આવવાથી પાછળ ઊડતો હતો. તેના વાળ છૂટ્ટા અને કોરા હતા. તેના પગમાં મોજડીઓ હતી જે તેની સંપત્તિની ચાડી ખાતી હતી.

કદી પણ ન માણેલો આનંદ આજે પપ્પુના પગમાં થનગનતો હતો. તેના મનનું મીત મળી ગયું... અને એટલે જ તો મનના મીતને મળવા ઊપડી ગઈ હતી. પપ્પુ - આનંદ થાય જ ને ? હવે તેને થાક નહોતો લાગતો. એકધારી દોડ્યે જતી હતી. પાછળ જોવાનીએ પરવા કર્યા વિના દોડ્યે જતી હતી.



અને અચાનક !

થંભી ગઈ પપ્પુ :

કેમ ?

તેના કાનમાં કર્ણપ્રિય વાંસળીના સૂર રેલાયા.

ઊભી રહી... જે દિશાએથી વાંસળીનો અવાજ આવતો હતો તે તરફ થોરની વાડ પરથી ઊંચી ડોક કરી સાંભળવા લાગી. દૂર ખેતરના આંબલા નીચેથી અવાજ આવતો હતો જે મુન્નાનું ખેતર હતું. હજુ થોડો પંથ કાપવાનો હતો - તેથી! થાક ઊતારવા ઊભી રહી - પછી દોડવાને બદલે ચાલવા લાગી.

પપ્પુ ચાલતી હતી, તેના વિચારો ચાલતા હતા...!

મુન્નો મને ઓળખશે કે નહીં ? - ઓળખશે જ ! કેમ નહીં ઓળખે ! શરત લગાવી છે - જરૂરથી ઓળખશે ! ના...ના... એ હારી જ જવાનો છે. મને આવા પહેરવેશમાં કયાંથી ઓળખવાનો છે. અને જ્યારે હું મારી જાતે જ કહીશ - ‘કે જો મુન્ના ! હું તારી પપ્પુ છું...?’ ત્યારે ? મુન્નાની આશ્ચર્યથી આંખો પહોળી થઈ જશે... પહેલાં જો મને આખીને આખી જોઈ લેશે અને ઓળખવાનો ઢોંગ કરશે - ભારે મશ્કરો છે ! અને પછી તેનો હાથ મારા હાથમાં મુકશે અને... અને... !

પપ્પુ ઊભી રહી.

વાંસળી ક્યારનીયે બંધ થઈ ગઈ હતી.

તેના વિચારો બંધ થઈ ગયા. તેના પગ ઢીલા પડતા ગયા... તેની મંજિલનો અંત આવતો જતો હતો... આંબલો નજીકને નજીક આવતો હતો. તેણે આંબલા નીચે નજર નાંખી પણ... આંબલા નીચે કોઈ નહોતું... આંબલાના થડ ઓથે જઈ પહોંચી. થડ ઓથે રહીને જ તેણે આગળ નજર કરી તો ! - તેની આગળના ખેતરમાં બળદને જોડી હળ હાંકતા યુવાન પર પડી... અને એક ધ્રાસકો તેના શરીરમાં પડી ગયો. તેની પગની પાની ભીની થવા લાગી - આ તો પેલો જ... પેલો યુવાન છે જેણે ગઈકાલે તો - પ્રાણની પણ પરવા કર્યા વિના મારો જીવ બચાવ્યો હતો - નદીમાંથી ડૂબતી બચાવી હતી - એ જ આ યુવાન છે.

ફક્ત એક ક્ષણ માટે -

સ્તબ્ધ થઈ ગઈ પપ્પુ !

તેણે આંબલાની છાંયમાં તેના - થડ આગળ પડેલી વાંસળી જોઈ - તેના આનંદનો કોઈ પાર ના રહ્યો. વાંસળી વગાડનારો જો આ યુવાન જ હોય તો એ મારો મુન્નો જ હોવો જોઈએ.

વિચારતી પપ્પુ તેને પૂરેપૂરો નીરખવા આંબલાના થડ પાછળ સંતાઈ ગઈ... જોયું ! - મન ભરીને પોતાના મુન્નાને મળવા તલસી રહેલા હૈયાને શાંત કરવા - જોયું !

બે બળદની વચ્ચે હળ ખેંચતો યુવાન... કપાળ પર પરસેવો બાઝ્યો હતો. ઊઘાડા બદન પર પરસેવો ચમકે છે.... માત્ર પાયજામો પહેર્યો છે....ઊઘાડા બદનમાંથી દેખાતી તેની છાતી - પહોળી હતી. અને એ છાતી સાથે સંકળાયેલો તેનો મજબૂત બાંધો - !



છક્ક થઈ ગઈ પપ્પુ... જો આ મુન્નો જ હોય તો... તે.. તેની છાતીમાં મોં છુપાવીને રડી પડું... પણ... ના. હજુ વાર છે... અરે ! આ તો આગળ - પાછળ કે બાજુમાં પણ જોતો નથી...! પણ રે ! એને શી ખબર !'

પપ્પુ તેની પાછળ પાછળ જવા માટે ઊપડી.

'મુન્ના... ! અરે મુન્ના... સાંભળતો ખરો... આમ જો તારી પપ્પુ... તારી પપ્પુને તો ઓળખ... ! કે પછી સાવ ભૂલી ગયો... તુ મને ભુલી તો....?'

થોભી ગયો મુન્નો.

સાથે સાથે સ્તબ્ધ પણ થઈ ગયો.

શું જુએ છે મુન્નો ?

તેની બાળસાથી પપ્પુ - કે - પછી...?

ગઈકાલે તો મને ઓળખતી પણ નહોતી અને આજે કંઈપણ સંદેશો કહ્યા વગર સીધે સીધી અહીં આવી ગઈ ? ગજબની હિંમતવાળી !- કોણે કહ્યુ હશે એને...? વધુ વિચારવાને બદલે મુન્નાએ કંઈ પણ ધ્યાન આપ્યા વગર પપ્પુની હાજરીની ઊપેક્ષા કરીને બળદને આગળ હાંક્વા ડચકારા બોલાવતો મુન્નો પપ્પુની સામે આંખ પણ માંડવા તૈયાર નહોતો...

પોતાના તરફ આવો ઊપેક્ષાયુક્ત વર્તાવ કરતા મુન્ના પર ખીજ ચડી ! તે ભલે ગમે તેમ કરે - ગમે તેવો વર્તાવ કરે પણ આખરે તો મુન્નો જ તેનો પ્રાણદાતા હતો - અને બચપણનો સાથી

- કંઈ ન બોલ્યો ? - કંઈ વાંધો નહીં -! હં... ગઈકાલનું સાટું વાળતો લાગે છે. ! - રીસાયો છે મારાથી... મનાવવો પડશે - બડો નટખટ છે - !

'મુન્નો ! - કેમ બોલતો નથી... તારા વિરહમાં તો મારો જીવ અડધો - અડધો થઈ ગયો છે... આખી રાત તારી યાદમાં વિતાવી છે... તને જોવા ક્યારની તલસુ છું - તને મળવા મન બેચેન બન્યું હતું... તને મળવા - તારી સાથે પ્યાર ભરી વાતો કરવા આટલે દૂર ખેતરમાં આવી છું.... અને તું મારી દરકાર પણ કરતો નથી ! હું ગામડે આવી ત્યારે ખૂબ થાકી ગઈ હતી એટલે તાત્કાલિક તને મળવા ના અવાયુ - માટે માફ કરજે....!'

'શું બોલું ?... બોલવાનું તે શું બાકી રાખ્યું છે ? જે માણસના દિલને ઓળખતું હોય - જેને માણસાઈનું ભાન હોય - જે વચન પાલન કરતું હોય તેની સાથે બોલવાનું હોય....વચનનું પાલન અને માણસાઈ તો માત્ર ગામડાંના લોકો અને ગરીબ પાસે જ યથાવત રહ્યાં છે... તમે તો ધનવાન લોકો - સુખ - સાહ્યબીમાં ઊછરનારાં અને વળી શહેરમાં રહેનારાઓ તો વચનને ક્યાંય ભૂલી જાય છે જેને અમે અમારી જિંદગી માનીએ છીએ તેને તમે ઠોકરે ચડાવો છો... ધિક્કાર છે તમારીજિંદગીને... જેની જિંદગી માટે અમો પ્રાણ આપવા પણ તૈયાર છીએ તે જ અમને ઠોકરે ચડાવે... પછી બોલવાનું શું રહે...'

હળ ચલાવતાં અને ડચકારા બોલાવતાં મુન્નો બોલતો હતો.

'અરે તું તો ભાષણ આપવા માંડ્યો... આટલી બધી ઊંચી



વાત કરે છે તો હાથમાં આ અછોડો શા માટે પકડ્યા છે ? ચાલને તું પણ શહેરમાં !'

'નહી..... આ કંઈ મારી મરજી વિરૂધ્ધની વાત નથી. આ અછોડા તો મેં સ્વેચ્છાએ સ્વીકાર્યા છે... તમારી જેમ બેઠા બેઠા અનાજ ખાવાનો અધિકાર હું ધરાવતો નથી... પરસેવો પાડીને અનાજ પકવવાનો મને ગર્વ છે... મને શહેરનો મોહ નથી... મારી બા મને એટલો પ્યાર - અને વહાલ કરે છે જે મારા માટે જિંદગી જીવવા માટે પૂરતો છે... તમારા જેવા અમીર લોકોનો પ્યાર તો કાગળના ફૂલ જેવો છે.. તેમાં ક્યારેય સુગંધ આવતી નથી... એ વાત તને ક્યારેય નહીં સમજાય પપ્પુ ! ... તને નહીં સમજાય...'

દિલ પર પથ્થર મૂકીને જડબાતોડ જવાબ આપતો મુન્નો અંદરથી તો રડતો હતો - તેના નસીબથી !

'મુન્ના...!' મને આવી આશા નહોતી... મેં તો એવું ધાર્યુ હતું કે તું મને જોઈને આનંદીત થઈ જઈશ.... પરંતુ મને હવે જ સમજાયું કે તું તો જાંજવાના નીર જેવો છે...' પપ્પુએ પણ ઈંટનો જવાબ પથ્થરથી આપતાં કહ્યું... તેને તો ગમે તેમ કરીને મુન્નાને મનાવવો હતો - ગુસ્સે ભલે થાય ?

'કોણ જાંજવાના નીર જેવો છે ! તમે કે - હું ? યાદ છે જયારે તમે નદીમાં ડૂબકીઓ ખાતા હતા - ત્યારે મેં તમને બચાવ્યા... તમારા ચહેરાને જોઈ તરત જ મને મારી પપ્પુ યાદ આવી ગઈ... પણ જયારે તમે આંખો ખોલી ત્યારે - તે આંખમાં મારા પ્રત્યે ધ્રુણા

હતી.... 'પપ્પુ - પપ્પુ' કહીને મારૂં ગળું સુકાઈ ગયું - છતાં આવો અપયશ ! ત્યારે મને લાગ્યું કે આ તો બીજાની પપ્પુ હશે - મારી નહીં... હવે તમે જ કહો... કોણ જાંજવાના નીર...'

'મુન્ના...!' મુન્નાનું વાક્ય અડધેથી જ કાપતા પપ્પુ ચિલ્લાઈ ઊઠી...; 'આ શું - 'તમે - તમે' માંડ્યું છે ? મને દઝાડવામાં બાકી તો રાખ્યું નથી અને ઊપરથી પાછું મીઠુ ભભરાવે છે ? શા માટે મને હેરાન કરે છે ? જરા તો વિચાર કર... ! - કે તું નાનો કીકો નથી કે તને એમ જ ઓળખી લઉં... પાંચ - છ વર્ષ બાદ તુ કેટલો મોટો થઈ ગયો છે ? - માફ કરજે મુન્ના... તારી પપ્પુ તને ન ઓળખી શકી? ભૂલ થઈ ગઈ... હવે ક્યારેય ભૂલ નહીં કરું... મુન્ના... બસ... એક વખત માત્ર એક વખત જ..!'

અને પપ્પુ ધ્રુસકેને ધ્રુસકે રડી પડી... તેના દિલના ટુકડા થઈ ગયા... પોતાની યાદદાસ્તને શાપ આપતી રહી... અને પપ્પુ રડતી ગઈ - બેસહારા સ્ત્રીની જેમ !

પપ્પુને રડતી જોઈ શકતો નહોતો મુન્નો. ગમે તેમ તોય પપ્પુ તેની પ્રીત - માધુરી હતી. તેના સિવાય પોતે પણ કયાં રહી શકે તેમ હતો. આ તો મશ્કરી કરવા જતાં - ધાર્યા કરતાં વધુ ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ. હળ ઊભુ રાખ્યું અને બળદોને છોડ્યા... પાણી પાઈને છાંયડે બાંધીને પૂળા નીર્યા... પછી પપ્પુ પાસે જઈ તેનો હાથ પકડી આંબલાના છાંયડે લાવ્યો... તેના આંસુ તેના દુપટ્ટા વડે લૂંછવા લાગ્યો.

'અરે ગાંડી...! એમાં રડે છે શું ! હું તો ગમ્મત કરતો હતો...



તું જુએ છે કે હું કેટલો બદલાઈ ગયો છું... ખેતીનું કામ.. અને પાછું અધૂરામાં પુરું તારા પ્યારનો અવિશ્વાસ... પછી શું કરૂં... ચાલ છાની રહી જા...' મુન્નાએ ઘણી સમજાવી પણ પપ્પુ રડતી બંધ થઈ જ નહીં...

'જો તુ મને છાની રાખવા માંગતો હોય તો લે આ વાંસળી એને વગાડ એમાં તારી અને મારી પ્રીતના રાગ ! બચપણની પ્રીતના રાગ છોડ મુન્ના...! તોજ - તો જ હું એમ માનીશ કે મને મારા મુન્નાએ માફ કરી દીધી છે.'

અને તેણે વાંસળી મુન્નાના હાથમાં પકડાવી દીધી.

'પગલી કહીં કી...! - એમ કરીને તારે વાંસળી સાંભળવી છે નહીં - ? હું તારી ચાલાકી સમજુ છું હોં...!' કહેતાં મુન્નાએ પપ્પુના હાથમાંથી વાંસળી લીધી અને સૂર પૂરાવા માંડ્યા.

સૂરજ આથમણી દિશાએ નમતો જતો હતો... પક્ષીઓ કલરવ કરતા હતા અને આકાશમાં ચઢેલા સારસ પક્ષીઓના દૂર ગગનમાંથી આવતા અવાજો પૃથ્વી સુધી આવતાં વિલિન થઈ જતા હતા.. દૂર દૂરથી મોરના ટહુકા સંભળાતા હતા...

અને આંબલાના થડને અઢેલીને બેઠેલો મુન્નો વાંસળીના વિવિધ પ્રકારના સૂર રેલાવતો હતો... તેના ખોળામાં સામે બેઠેલી પપ્પુ તેના ચહેરા સામું જોઈને સ્નેહ વરસાવતી હતી. ફરી પાછી ત્યાંથી ખસીને પપ્પુએ મુન્નાના ખભે માથુ મૂકી વાંસળીના સૂરમાં ઘેલી બની.

બંનેમાંથી કોઈને પણ ભાન નથી કે - બંને કયાં છે ? કયાં બેઠા છે ?

❖ ❖ ❖

અચાનક મુન્નો ઝબકીને જાગી ગયો... બાને આવવાનો સમય થઈ ગયો હતો... તેણે વાંસળી બંધ કરી... પપ્પુ સામે જોયું... તો !

પપ્પુની આંખો બિડાયેલી હતી. અને બિડાયેલી આંખોમાંથી આંસુની ધાર નિકળતી હતી... હજુ પણ પપ્પુ - જાણે કે વાંસળીના સૂરમાંથી મુક્ત થઈ નહોતી. મુન્નાએ તેના દુપટ્ટાના છેડા વડે તેના આંસુ લૂંછી નાંખી તેના કપાળ પર એક ચુંબન ચોડી દીધું.... પપ્પુ થોડી સળવળી... મુન્નાએ તેને ઢંઢોળીને જગાડી... પપ્પુના મુખ પર પ્રસન્નતાના ભાવ હતા... તેણે નયનો ઊંચી કરી સ્નેહાળ નજરે તેણે મુન્ના સામુ જોયું અને મંદ મંદ હાસ્ય વેર્યુ - માદક !

પપ્પુને ચેતવવા મુન્નાએ કહ્યું;

'પપ્પુ... ! હવે બા - ને આવવાનો સમય થયો છે... માટે તારે હવે અહીંથી નીકળવું જોઈએ....'

પરંતુ મુન્નાના આ વાક્યની પપ્પુ ઉપર કંઈ જ અસર ન થઈ... તે તો સ્થિર આંખે અને હસતા ચહેરે મુન્નાની આંખોમાં તાકી રહી...!

મુન્નાએ તેને ઢંઢોળી :

'અરે ! પપ્પુ ! સાંભળે છે નહીં...?'



'અંહ...'

'હવે ગાંડા કાઢ્યા વિના સાંભળ ! મુન્નો અકળાતો બોલ્યો; 'તારે હવે જવું જોઈએ..'

'અંહ... હું નીં જાઊં... મને તારાથી અળગી ના કરીશ મુન્ના... હું હંમેશા તારી સાથે રહેવા માંગુ છું...પ્લીઝ...!'

'અરે ! પણ મારી વાત તો સાંભળ ?'

'સાંભળુ છું...મુન્ના ! તારા મુખેથી નીકળતો હર શબ્દ હું સાંભળું છું - તારી આંખોમાંથી નિતરતા સ્નેહ - અને તારી વાંસળીમાંથી નીકળતા તારા પ્રીતના રાગ- દિલની ધડકન.... આપણી બચપણની પ્રીતની કહાની, તારા દિલમાંથી ધબકતો પ્યાર... તારા નિઃશાસા - બધું જ સાંભળુ છું મુન્ના ! તારી પપ્પુ.... તારા આખા જીવનને વાંચવા સમર્થ છે...'

પપ્પુ હજુ પણ પ્રણયમથી - હતી.

'અરે ! પાગલ ! - કયાં તુ અને કયાં હું. ? - તમે તો ઊંચા લોકો કહેવાઓ ! ધનવાન અને જિલ્લા મેજીસ્ટ્રેટની દીકરી ! જ્યારે હું તો એક ગામડિયો - ગરીબ ખેડૂતનો દીકરો - અમારો કોણ ભાવ પૂછે ? મહેરબાની કરી આવી વાત ના કરીશ પપ્પુ - નહીંતર હું જીવનભર જલતો રહીશ...'

મુન્નાનું દિલ ભાગતુ જતુ હતું.... તેને નરવશ થતો જાણી પપ્પુએ હિંમત આપતા કહ્યું;

'નહીં મુન્ના ! તું આમ હારી ના જઈશ... તું જો પાણીમાં બેસી જઈશ - તો તારી પપ્પુ તને મળી રહી...! આ ભવમાં તું એકલો રહી જશે અને તારી પપ્પુ તો ભગવાનની પાસે જતી રહેશે - તારી વાટ જોશે મુન્ના...!'

'એવું ન બોલ પપ્પુ...' કહેતા મુન્નાએ તેને વચ્ચે અટકાવી તેના મોં આડે હાથ દઈ દીધો. - કંઈક યાદ આવતાં તેણે ઉમેર્યુ; 'પપ્પુ ! તને યાદ છે ?'

'શું ?'

'બચપણમાં આપણે શરત લગાવી હતી તે ?'

'કઈ શરત ? - કેવી શરત ?' પપ્પુને યાદ હોવા છતાં અજાણી બનવા જતી હતી. તેને મુન્નાના મુખે જ સાંભળવું હતું.

'સાવ ભૂલકણી તું તો... બચપણમાં મેં તને કહ્યું નહોતું કે 'પપ્પુ ! તું ગમે તેવા વેશે - ગમે તેટલી ઊંમરે તું મારી આગળ આવીશ તો - માત્ર તારો ચહેરો જોઈને જ ઓળખી કાઢીશ - કે આ મારી પપ્પુ છે ? અને તેં શરત લગાવી હતી કે હું તને ઓળખી જાઉં તો તારે મને ઈનામ આપવાનું...? યાદ છે તને ... ? કે ભૂલી ગઈ?

'અરે ! હાં...હાં... યાદ આવ્યું ! તેનું શું છે ? બોલ તુ હાર્યો કે હું ?' કહે પપ્પુ મુન્નાના ચહેરા સામુ તાકી રહી.. 'વળી પાછી મને પૂછવા બેઠી ? - જયારે નદીમાં તું ડૂબકીઓ ખાતી હતી ત્યારે હું તને કિનારે લાવ્યો હતો - પાણી ઓકાવ્યું - ત્યારે જ હું તને ઓળખી ગયો હતો... પણ તને મારી કયાં પડી હતી ? - કે તુ મને સાંભળવા



પણ તૈયાર હોય ?'

'એટલે તારી કહેવાનો આશય એ જ ને ? કે તું જીતી ગયો ? મને તો ખાતરી જ હતી તુ એમ જ કહેવાનો ? ચાલ ! શું જોઈએ છે તારે ? - ઈનામમાં' - પપ્પુ રૂઆબભેર બોલી...

થોડીવાર વિચાર કર્યા પછી કંઈ યાદ ના આવતાં મુન્નો ગુંચવાયો; 'તને ગમે તે આપ ! તું જે આપીશ તે સહર્ષ સ્વીકારી લઈશ...'

'મને ગમે તે આપું ?'

'હા.'

'તો - મને તો તુ ગમે છે... બોલ ! અને જે મને ગમે છે તે બીજાને આપવાનું મને ન ગમે... અને તે પણ તારા જેવો પ્રેમી મને મળ્યો હોય - તો તેને બીજા કોઈને પણ આપવાની મૂર્ખામી ન કરૂં...' પપ્પુ મશ્કરીના મિજાજમાં બક્યે ગઈ. ક્ષણવાર ચૂપ થઈ ગઈ. તેણે મુન્નાને જબ્બર ફસાવ્યો હતો. પરંતુ તેને મુન્ના પ્રત્યે અજબ લાગણી હતી... તે બોલી;

'કંઈ નહીં ! મને ગમે તે આપવા તૈયાર હું નથી એનો અર્થ એવો નથી - કે મારૂં વચન ગયું.' કહીને તેણે તેના જમણા હાથની આંગળીની વીંટી કાઢી - જેના પર 'શમા' લખેલુ હતુ. 'લાવ તારો હાથ' - કહીને તેણે મુન્નાનો જમણો હાથ પકડી તેની આંગળી એ ચઢાવી દીધી... મુન્નાએ જોયુ તો વીંટી સોનાની હતી... તેથી તરત ચમકીને બોલ્યો;

'અરે ! પણ આ-તો...'

પણ તેને બોલતો અટકાવી પપ્પુએ કહ્યું; 'ચૂપ ! જો મુન્ના ! - આ તારૂં ઈનામ ! - તું જીતી ગયો તેનું નહીં પરંતુ આપણી પ્રીતની યાદનું ઈનામ છે. જયારે પણ કોઈ એવો પ્રસંગ આવે - ત્યારે તું આ વીંટીને તારી પ્રીતનું પ્રતીક માનજે - મુન્ના !' - કહેતી પપ્પુ ઊભી થઈ... ઘેર જવા માટે તેણે દુર નજર કરી... પછી મુન્નો પણ ઊભો થયો... તેણે પપ્પુનો હાથ પકડ્યો ! 'પપ્પુ ! મને આમ રેઢો મૂકીને જાય છે તો મને એમ લાગે છે - જાણે મારૂં દિલ મને છોડીને જતુ રહે છે.... તારા સિવાય મારૂં જીવન બેકાર થઈ જાય છે... જનમ જનમ સુધી તારો સાથ માગુ છું પપ્પુ...' મુન્નો ઢીલો થઈ ગયો.

'નહીં મુન્ના ! તું તો મર્દ માણસ છે. આમ કાયરની માફક ના બનીશ... દિલ તો દરેકને હોય છે... અત્યારે તો ઠીક... પણ એક વખત જરૂર આપણે કાયમને માટે એક થઈ જઈશું... અને જરૂર આપણી પ્રીત સફળ બનાવીશ... !' કહીને પપ્પુએ મુન્નાના બંને હાથ પકડ્યા... તેની આંખમાં આંસુ હતા. તેણે મુન્નાના બંને હાથની હથેળી વારાફરતી ચૂમી લીધી... અને ઉમેર્યું; 'મારો ગુલાબનો ગોટો કયાંક કરમાય ન જાય તેની ખાતરી રાખજે... એ મારી અનામત છે.....'

મુન્નાએ તેણે કપાળ પર ચુંબન કર્યું.

'આવજે... મુન્ના'

'આવજે... પપ્પુ... ફરી ક્યારે મળીશ ?'



'કાલે સાંજના... નદી કિનારે... આવીશ ને ?'

'જરૂર ! હું કેમ ન આવું... મેમ સાહેબનો હુકમ હોય તો મારાથી ના કેમ પડાય...' અને પપ્પુ મુન્નાથી દૂર થઈ... હસતા ચહેરે... રડતા હૃદયે... દૂર સુધી જઈ તેણે પાછળ ફરીને હાથ હલાવ્યો... મુન્નાએ પણ તેનું અનુકરણ કર્યું.

મુન્નાનું શરીર ઢીલું પડી ગયું... તેના ખોળિયામાં તેનું દિલ નહોતું... માત્ર ખોળિયું જ....!

દૂર સુધી તેને અદશ્ય થતાં જોઈ રહ્યો મુન્નો. માથેથી ઊતરેલો સૂરજ આથમણી દિશાએ નમ્યો હતો. સારસ બેલડીના અવાજો આવતા હતા... દૂર દૂર આકાશમાં જળચર અને ખેચર પક્ષીઓ ઊડતા હતા...

આકાશમાં કયાંક વાદળ ઘૂમતું હતું.

ઠંડો મલયનાલ વાતો હતો.

મુન્નો સ્થિર ઊભો હતો... જયાં સુધી પપ્પુ દષ્ટિથી ઓજલ ન થઈ ત્યાં સુધી તેને જતી જોઈ રહ્યો... અને આવતી કાલના સ્વપ્નાં સેવતો મુન્નો કામે વળગ્યો....

❖ ❖ ❖

# પ્રકરણ - સાત

શિયાળાની સાંજનો સમય હતો.

લગભગ ચાર વાગવાનો આશરો હતો... સૂરજ ઘણો ઠંડો પડતો જતો હતો. દિવાળી અને દેવ દિવાળી વચ્ચેના સમય દરમ્યાનનો પવન ઠંડો ફૂંકાતો હતો..... સંદલપૂર ગામના સીમાડે આવેલી નદીના કિનારે ઉભેલાં વૃક્ષો ઠંકડને ઠારતા પવન સાથે મસલત કરતા હતા... નદીનું વહેણ શાંત રીતે વહેતું હતું... તેને તો ન કોઈ અંત હતો કે ન તો કોઈ બંધન. અત્યારે વહેતુ ઝરણું ઊનાળામાં સૂકાઈ પણ જાય છે અને એ જ સ્થાને ચોમાસામાં ઘોડાપૂર પણ આવે છે.

ઊંચી ઊંચી ભેખડોમાંની એક ભેખડ પર મુન્નો ક્યારનોયે આવીને બેઠો હતો.

તેને ઈન્તજાર છે તેની પ્રેયસીનો.

આજે ત્રણ દિવસથી તેના મળવાના પ્રસંગો વારંવાર બને છે અને અત્યારે પણ વાયદો કર્યો છે... તેને અહીં મળવા આવવાની છે પપ્પુ... ! કારણ કે આજે તેનો છેલ્લો દિવસ છે... આવતી કાલે



વહેલી સવારે તો પપ્પુ - તથા તેના મમ્મી - પપ્પા શહેરમાં પાછા જતા રહેશે.

મુન્નો ટાઈમ આપ્યો હતો તેનાથી પણ ઘણો વહેલો આવી ગયો હતો... તેને તો બસ ! પપ્પુને મળવાની તાલાવેલી હતી - પછી ઘેર બેસવું કેમ ફાવે ? પપ્પુને આજે મળવાનું કહ્યું હોવા છતાં હજુ સુધી દેખાતી નહોતી.

ઘણો વખત વીતી ગયો હતો... મુન્નાને અહીં આવ્યે. તે કંટાળ્યો - ઊભો થઈને જોવા લાગ્યો... ક્યાંય કોઈ ચકલુંયે ફરકતું નથી. તેણે ઊંચે આકાશ તરફ જોયું - સૂરજદાદા હવે એક કલાકમાં તો મેર બેસશે. મનોમન અફસોસ વ્યક્ત કરતો હતાશ થઈ ગયો - ઊભો થઈ તે આંટા મારવા લાગ્યો વિચારવા લાગ્યો - 'પપ્પુ આવશે કે નહીં ?' - કે આજે જ જવાનો વિચાર કર્યો હશે...' - મુન્નાને હવે આશા નહોતી રહી કે હવે પપ્પુ આવશે ? - તેને શંકા પડી ... -કયાંક કોઈએ તેના પપ્પાને કહી તો દીધું નહીં હોય ને ?... તો તો પછી જિંદગીમાં ક્યારેય મળવા નહીં આવવા દે - ! ...પણ, ના-ના એમ તો કોઈની નજરમાં કયાં આવ્યા જ છીએ ? અને પપ્પુ પણ બડી શાણી છે - કોઈની નજરમાં આવે તેમ કયાં છે... ? એમ તો પાછી હોંશિયાર છે.

મનોમન પ્રશ્નો પૂછી તેના યથાયોગ્ય બંધબેસતો જવાબ વાળી શાંત્વના પ્રાપ્ત કરતો હતો ત્યાં જ -;

દૂર દૂર -ગામ તરફથી આવતી કેડી પર ચાર છોકરીઓનું વૃન્દ તેના તરફ આવતું લાગ્યું... મુન્નાને દહેશત લાગી કે કયાંક

ભાંડો ફૂટી ગયો લાગે છે.... નહીંતર આટલી બધી વાર થઈ અને તેમ છતાંય પપ્પુને એકલી આવવાને બદલે તેની સાથે ત્રણ બીજી છોકરીઓ ! પરાણે એક છોકરી સામે ઊભો રહેનારો મુન્નો - ચાર - ચાર છોકરીઓ સામે કઈ રીતે ઊભો રહેશે- એક વિચાર તો આવ્યો કે - કયાંક સંતાઈ જાઉં - કે ભાગી જાઉં - પણ હવે તો એ યે શક્ય નહોતું.

પરંતુ મુન્નાએ ધ્યાનથી જોયું તો - બાકીની ત્રણ છોકરીઓ ઝરણાના કિનારા તરફ વળી ગઈ હતી - કદાચ ન્હાવા જતી હશે...

અને તેના તરફ પપ્પુ દોડતી - ઠેકડા મારતી આવી રહી હતી... નજીક આવતાં તેની તરફ તાકી રહેલો મુન્નો છક્ક થઈ ગયો... આજે કંઈક જુદા જ વેશમાં પપ્પુ આવી હતી. જે મુન્નાએ સ્વપ્નામાં પણ વિચાર્યુ નહોતું... તેને આજે પપ્પુ કોઈ જુદી જ દુનિયામાં વિહાર કરવા નીકળી હોય તેમ લાગ્યું.

પપ્પુએ આજે તેના શરીરને - ગામડાની ગોરી જે વસ્ત્રો પહેરતી હોય છે તેવા જ વસ્ત્રો પરિધાન કર્યા હતા... તેણે ઘૂંટણથી સહેજ નીચો પરંતુ ઝૂલવાળો ચણિયો પહેર્યો હતો અને તેવા જ કલરનું બ્લાઉઝ પહેર્યું હતું.... બ્લાઉઝની નીચે ઉઘાડો તેનો ઉરપ્રદેશ સોહામણો લાગતો હતો... અને તેમાંયે ચણિયો નાભિથી નીચે પહેર્યો હોવાથી તેની લચકાતી કાયા - કમરનો ઠુમકો મદહોશ બનાવે તેવી હતી. પાતળી કમરના હિલોળાથી પ્રભાવિત થયેલો મુન્નો તેને બેહોશ નજરે તેના રૂપસૌંદર્યને પી રહ્યો હતો...



પપ્પુની લાંબી ગરદન - જાણે કે કોઈ હંસલીનું રૂપ સ્ત્રીમાં પરાવર્તિત પામ્યું હોય - ! અને તેની એક ડોક પપ્પુની ગરદન બની હોય તેવી ઊંચી - લાંબી અને સુંદર લાગતી હતી. તેના માથાના કાળાવાળ બબ્બે ચોટલાથી - બંધાયેલા હતા... અને તેથી ગુંથણી કરી તેને આગળની બાજુ પર ફેંકાયેલા હતા... તેની બંને બાજુના ચોટલા પર મોગરાના સુગંધીદાર ફૂલના તાજા ફૂલોવાળી ગૂંથેલી વેણી ગોઠવેલી હતી. માથાના કાળાવાળમાં સુગંધીદાર તેલ નાંખ્યુ હોવાથી મુન્નાના નાકને સૂંઘવા માટે લલચાવતું હતું... પપ્પુના ગોરા ગાલ માખણના દડબા પર જાણેકે ભમરો બેઠો હોય તેવો કાળો તલ ! જમણા ગાલ પર સોહામણો લાગતો હતો. પપ્પુ હસતી તો તેના બંને ગાલમાં ખંજર પડતા હતા અને એ ખંજરમાં કાળો તલ સંતાકૂકડી રમતો હતો : તીણું અને અણિયાળું નાક ચહેરા પરના સૌંદર્યમાં ઓર વધારો કરતું હતું; જયારે સૌથી અલગ તરી આવતું સૌદર્ય - પપ્પુની બંને અણિયાળી - કાજળઘેલી, કાળી કીકીવાળી, ચોખ્ખી - આંખોમાંથી નીતરનું હતું...

સ્તબ્ધ થઈ ગયો મુન્નો !

ઘડીભર તો તેને આ બધું જ અશક્ય લાગ્યું... એક ગરીબ અનેગામડિયા છોકરા સાથે આવી અમીર કુટુંબની સૌંદર્યવાન પુત્રી - કે જેના પર લાખો-કરોડપતિના દીકરા લાળ પાડતા હોવા છતાં તેણે પોતાની પ્રીતનો કળશ આ ગામડિયા બાળસાથી મુન્નાના માથે ઢોળ્યો હતો... પરંતુ મુન્નાને આ બધું વાહિયાત લાગતું હતું... હવામાં મહેલ બંધાતા લાગ્યા - કારણકે તેને ખાતરી હતી કે - પપ્પુના કુટુંબી લોકો આ જન્મમાં તો શું ? જન્મોજન્મમાં પણ તેની

પુત્રી સૌદર્યવાન પપ્પુને મુન્ના સાથે જીવનસાથી તરીકે સ્વપ્નમાં પણ જોવાની - કે અનુભવવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દે.

'આમ ટીકી-ટીકીને શું જોઈ રહ્યો છે મુન્ના ? જરા હોશમાં તો આવ - કંઈક બોલ તો ખરો .... ! - કે પછી આમ ચૂપ જ ઊભો રહીશ...?'

પણ મુન્નાને પપ્પુના આ વાક્યોની કયાં અસર થાય તેમ હતી... તે તો પોતાના સ્વપ્નમાં - હવામહેલ બાંધતો હતો... પછી તેને એ બધું વાહિયાત લાગતાં કડડભુસ કરતો તોડી પાડતો હતો... અને વળી પાછો આત્મવિશ્વાસથી ચણતો હતો - પછી તેને પપ્પુના શબ્દો ક્યાંથી સંભળાય - ?

પરંતુ -

તરત જ તે ચમક્યો !

પપ્પુએ તેને પોતાની બાહોમાં લઈ તેના ગાલ પર ચુંબન ચોડી દીધું. - મુન્નો પપ્પુની બાંહોમાં હતો તેથી નહીં પણ - તેના ઠંડા ગાલ પર એક નવયુવાન યુવતીના ગરમ હોઠ ચંપાયા - તેથી જાણે કે દાઝી ગયો હોય તેના પ્રત્યાઘાતમાં જ ચમક્યો હતો... અને તે પપ્પુની બાહુપાશમાંથી છટકવા મથ્યો... પણ વ્યર્થ ! તેણે પપ્પુની આંખોમાં જોયું... શું હતું એ આંખોમાં ? - પ્રેમ ? - વાસના ... ? કે પ્રીતના આંગનમાં પ્રવેશવાનું સ્વાગત ! તેણે આંખોથી જ આંખોની ભાષા વાંચવા માંડી... ! ત્યારે તેને ખબર પડી કે વાત ઘણી આગળ વધી ગઈ છે... ! પછી તો પૂછવું જ શું ? - મુન્નાએ પપ્પુની હડપચી



ઊંચી કરી ધીરે રહી તેના હોઠ પપ્પુના હોઠ પર મૂકી - પહેલી વારના ફાલ જેવું ચુંબન ચોડી દીધું.. બંનેના શરીર એકબીજામાં સમાય જવા માગતા હતા... પરંતુ એ ક્ષણ આવે તે પહેલાં જ ! -

છોકરીઓના ખિલખિલાટ હાસ્યના ધોધથી બંનેને ભાનમાં લાવી દીધા... બંને સફાળા અલગ થઈ ગયા.. જોયું તો પપ્પુની સહેલીઓ આ તરફ આવી રહી હતી... પપ્પુએ એક મીઠી નજર મુન્ના પર નાંખી જે હજુ સુધી વાસ્તવિક દુનિયામાં પાછો ફરવા અશક્તિમાન હતો...પણ પપ્પુએ તેને ઢંઢોળી શક્તિ આપી... અને તેને બીજો એક આંચકો આપે તેવી વાત કહી;

'મુન્ના ! આજથી આપણે બંને એક છીએ... આપણાં શરીર ભલે અલગ રહ્યાં પણ દિલ એક છે... આજથી જ આપણી પ્રીત સફળતાના માર્ગે સર કરવા ઊપડશે... એ આવતીકાલે તો મારે વહેલી સવારે મમ્મી-પપ્પાની સાથે ગામ છોડી ચાલ્યા જવાનું છે... તારી યાદ સતત મારા મનમાં રહ્યા કરે.. અને તારા સિવાય પણ - હું વિરહના દિવસો વિતાવી શકું એ માટે મારે તારા ફોટાની જરૂર છે.. જો તું ઈન્કાર ન કરે તો આપણે સાથે જ ફોટો પડાવીએ... કેમેરો હું લાવી છું... શહેરમાં ગયા પછી - તારી યાદમાં ગામડેથી કંઈક મેળવ્યું છે અને એ છે આપણી પ્રીત ! - પ્રીતને પ્રત્યક્ષ સ્વરૂપ આપવા માટે ફક્ત તારો ફોટો જોઈએ છે... બોલ તૈયાર છે ને ?'

આટલું લાંબુ ભાષણ આપ્યા છતાં મુન્નાના ચહેરા પર હજુએ કંઈ પણ સમજમાં આવતું નહોતું... તે હા-ના- કરે તે પહેલાં જ પપ્પુએ તેની બહેનપણીઓમાંથી એકને બોલાવી.

'પુન્ની -?' તું અહીં આવ ! કેમેરો તુ પકડ... અને અમાર બંનેના ફોટા લઈ લે... ચાલ જલદી કર... નહીંતર આ ભાઈસાહેબ પાછા વિફરી બેસશે તો અહીં ઊભા રાખવા પણ મુશ્કેલ બનશે.

- કહેતી પપ્પુએ પોતાના કપડાં સરખા કરી મુન્નાની અડોઅડ ઊભી રહી - જાણે કે કંકુની પૂતળી !

'ઓ.કે.' પુન્નીના મૂખમાંથી અવાજ નીકળ્યો અને કેમેરાની આંખે પ્રકાશ ફેંકયો અને ગળામાંથી 'કટ' દેતોકને અવાજ કાઢ્યો.

બંનેના ફોટા કેમેરાની કચકડાની પટ્ટીમાં કેદ થઈ ગયા.

બંનેની પ્રીતના સબૂત કેમેરામાં સમાઈ ગયા.

સૂરજ દાદા મેર બેસી ગયા હતા અને અંધારા ઊતરવા લાગ્યા હતા... પપ્પુની સખીઓએ તેને ચેતવી પણ પપ્પુએ સ્થિરતા દાખવી અને મુન્નાને તેની વાંસળી વગાડવાનું ફરમાન છોડ્યું...

મુન્નો તો જાણતો જ હતો કે આમેય મારે વાંસળી વગાડવા સિવાય છુટકો નથી પછી - શું કરવા પહેલેથી જ શરણે ના થવું ? - એટલે અને આવતીકાલે તો પપ્પુ પણ આ ગામમાં નહીં હોય - એટલે કાલે તેને કોણ કહેવા આવવાનું હતુ - કોણ રિસાવાનું હતું ? ... માટે આજના છેલ્લા દિવસે મનભરીને વાંસળી વગાડવા માટે મુન્નો તૈયાર થયો.

પપ્પુને પણ એ ગમ્યું..

મુન્નાએ વાંસળી વગાડવાની શરૂઆત કરી. તેની વાંસળીમાં



આજે મિલનનું નહીં - પણ આવતીકાલથી આવી પડનાર વિરહ-વેદનાનો કરૂણરસ રેલાવવા લાગ્યો. તેની પ્રેયસીના વિરહમાં રાગ છેડવા લાગ્યો.

તેની વાંસળીના સૂરમાં કરૂણતા હતી.

અને મુન્નાની આંખમાં આંસુ !

તેના આંસુ સૂરજ ડૂબતાં જ અંધારામાં ડૂબી ગયા.

પપ્પુ પણ આંસુ વહાવતી વાંસળી સાંભળી રહી !

અને - પપ્પુ વાંસળીના સૂરમાં ખોવાઈને સ્વપ્નોની દુનિયામાં રાચવા લાગી...

અંધારૂ થઈ ગયું હતું.. પશુ-પક્ષીઓ પોતાના રહેઠાણમાં ચાલ્યા ગયા હતા... નદીના વહેણ પણ જંપી ગયા હતા... અને રાત્રિની શરૂઆત થઈ ગઈ.....

❖ ❖ ❖

# પ્રકરણ - આઠ

આથમી ચૂકેલા સૂરજના કિરણો વિલીન થઈ ગયા હતા... ત્યારબાદ આ બંને પ્રેમી-યુગલોએ અનુભવી હતી - એક પ્રકારની લાગણી ! - વિરહ ! વેદનાની; વિયોગના દર્દની.

જયારે બંને ભાનમાં આવ્યા ત્યારે ઘણું મોડું થઈ ગયુ હતું... પપ્પુને હવે પસ્તાવો થવા લાગ્યો કે મેં અમસ્તુ જ મુન્નાને વાંસળી વગાડવા મજબૂર કર્યો હતો ?

તેની સખીઓ તો ક્યારનીયે ચાલી ગઈ હતી - ચાલી ગઈ તેનો વાંધો નહોતો - પરંતુ જો કોઈપણ સહેલી તેના મમ્મી - પપ્પા આગળ આ પ્રેમ-કહાનીનો ભાંડો ફોડી દેશે તો જિંદગીભરને માટે પસ્તાવવાનો વારો આવશે - એટલી તેના પપ્પાની તેને બીક લાગતી હતી. પપ્પુને ખબર હતી કે તેના પિતાજી કેવા સિધ્ધાંતવાદી હતા.. તેમનું મગજ જુદી જ વિચારધારા ધરાવતું હતું. અને જો કોઈક તેમની એકની એક દીકરીના આ પરાક્રમની વાતની જાણ કરી દે તો - શું થાય ? - તે વિચારતાં જ પપ્પુ ધ્રુજી ગઈ. પપ્પુને મારનો ડર નહોતો પરંતુ મુન્નાને તેણે આજીવન માટે તેની જિંદગીમાંથી કાઢી જ નાંખવો



પડે - અને મુન્ના વગરનું જીવન જીવવા કરતાં આપઘાત કરવાનું જ પસંદ કરે...!

મુન્ના સાથે પ્યાર કરી તો લીધો પણ હવે તે પસ્તાવા લાગી.. પ્રીતની જાણ સખીઓને નહોતી થવા દેવી જોઈતી.

કંઈક યાદ આવતાં -

અચાનક તેને ફાળ પડી !

તેમના ફોટાવાળો કેમેરો તો પુન્ની સાથે લઈ ગઈ છે. - કંઈક ગફલતમાં પપ્પાના હાથમાં આવી ગયો તો ? - પપ્પુ આખે આખી હારી ગઈ... હા ! એક જ રીતે પપ્પુ બચી શકે - જો પુન્ની કેમેરો તેની પાસે જ ખાનગીમાં રાખે તો... !

નહીંતર !

પપ્પુનું તો ઠીક - જે થવાનું હોય તે થાય - પરંતુ મુન્નાનું જીવતર ખરાબ કરી દે એવા હતા પપ્પુના પપ્પા. તેને એક વાતની નિરાંત હતી કે કેમેરો પુન્ની પાસે હતો... પુન્ની - તેની સખી - બહેન કરતાં પણ વધારે હતી. જેના પર પપ્પુએ પોતાના કરતાં પણ વધુ વ્હાલ અને વિશ્વાસ હતો. - નચિંત બની તેણે મુન્નાથી છુટા પડવા રજા માંગી.

ગામની ભાગોળ સુધી તો બંને સાથે જ ચાલ્યા...ત્યારબાદ પપ્પુ ભગ્ન હૃદયે મુન્નાથી છુટી પડી.

મુન્નો પણ લથડતા પગે પોતાના ઘર તરફ રવાના થયો -

તેના દિલનું દર્દ પણ કયાં ઓછું હતું... ? આમ ભાગોળ સુધી સાથે આવેલા જીવનસાથી - જીવનમાં પણ સાથે ચાલશે કે - આમ અધવચ્ચે છોડીને ચાલી જશે -!

વિચારતો મુન્નો ઊંધુ ઘાલીને ચાલ્યો જતો હતો...

અચાનક તે ચમક્યો !

કાન સરવા કરી સાંભળવા લાગ્યો.

ગામ - લોકોના જોર-શોરથી અવાજો આવતા હતા... તેણે ઊંચે નજર કરી... જોયું તો - ! તેની આંખો અંજાઈ જાય તેવો પ્રકાશ ફેંકાતો હતો - અગ્નિની જવાળાઓ આકાશને આંબવા મથતી હતી.. તેને ભય લાગ્યો....

મુઠ્ઠી વાળીને તેના ઘર તરફ દોડવા લાગ્યો... ફળીમાં આવતાં - જુએ છે તો -! તેનું ઘર ભડકે બળી રહ્યું હતું... તેનું પોતાનું ઘર ! મુન્નો ક્ષણવાર માટે મગજની સમતુલા ગુમાવી બેઠો - મારૂં ઘર !

ગામના લોકો પાણીના માટલા - કે જે હાથમાં આવ્યું તેમાં પાણી લાવી અગ્નિ શાંત પાડવા મથતા હતા - પણ વ્યર્થ.... એ બધા નિષ્ફળ પ્રયાસો કરતા હતા - આગ અને જયારે તે વીફરે છે ત્યારે કોઈના પણ કાબુમાં આવતી નથી... પવન પણ તેને સાથ આપતો હતો.

મુન્નો જડની જેમ વિસ્ફારીત નેત્રે તાકી રહ્યો...



તરત જ તેને તેની ઘરડી મા યાદ આવી - તેણે એક હૃદયવિદારક ચીસ નાંખી : માં આ આ.......!

ગગન-ભેદી ચીસ નાંખી પોતાની વહાલી માને બચાવવા હડી કાઢી - પરંતુ !

કેટલાંક જુવાનિયાઓએ તેને જકડી લીધો.

ગામના લોક જો સમયસર ચેત્યા ન હોત - અને તેને પકડ્યો ન હોત - તો તે પોતાની વહાલી માને શોધવા - અગ્નિથી બચાવવા - સળગતા ઘરમાં પ્રવેશ કરી ચૂક્યો હોત ! - પરંતુ કેટલાંક જુવાનોના મજબુત હાથોમાં પકડાયેલો મુન્નો... મા...મા...ની ચીસો નાંખતો રડી રહ્યો -!

તેની મા જીવતી - સળગતા ઘરમાં બળી મરી.

તેને રોષ ચઢ્યો જુવાનીના જોર પર;

તેને ગુસ્સો આવ્યો પ્રીતના ફાગ ખેલનારી લલનાઓ પર; તેને ગુસ્સો ચઢ્યો - પોતાની જાત પર -

'રે નફ્ફટ ! તને કયાં આવી કમત્ય સુઝી કે સ્ત્રી જાતિ પર વિશ્વાસ મૂકી પ્યારના ખપ્પરમાં હોમાયો ! તને તારી મા ની પણ પરવા નહોતી... ? જેણે નવ મહિના ઉદરમાં રાખ્યો... ઉછેરીને મોટો કર્યો - તેના માટે જહેમત ઉઠાવી - અને એ મા- ના જીવની પણ તને ચિંતા નહોતી - ધિક્કાર છે તારા જીવતરને ?

તેની મા પ્રત્યે તેને અનહદ પ્યાર હતો - પરંતુ !

કમોતે મૃત્યુને ભેટવું પડ્યું ?

પપ્પુની જીદથી તેને મજબૂર થવુ પડ્યુ હતુ. મને-ક-મને તેને વાંસળી વગાડવી પડી હતી - સમયનું પણ ભાન રાખ્યા વગર વાંસળી વગાડતો રહ્યો...

તેણે ઈન્કાર કર્યો હતો - અને સમયસર ઘેર આવ્યો હોત તો - ઘર તો ઠીક - પણ મા ને તો બચાવી શકત...!

પણ હવે એ સમય જતો રહ્યો હતો... મા પણ હવે પરલોક સિધાવી હતી - પપ્પુ પણ વિખૂટી પડી ગઈ હતી - તેને વાંસળી પર નફરત જાગી - વાંસળી હોત જ નહીં તો વગાડવાનો સવાલ જ ઊભો ના થાત ને ? - અને જો એમ થયું જ ન હોત તો તેની મા જીવતી હોત !

ઘર હજુ ભડકે બળી રહ્યું હતુ - તેની મા તો ક્યારની યે રાખ થઈ ગઈ... હશે ! - મુન્નાએ મનોમન કંઈક નિર્ણય કર્યો અને વહાલી વાંસળીને સળગતા ઘરમાં ફેંકી દીધી. વહાલી મા - નથી આ જીવનમાં -! તો બીજી ચીજ શા કામની ?

વાંસળી ફગાવી દીધી - જલાવી દીધી.

એક સાથે કેટલા બધા બનાવો બન્યા હતા તેના જીવનમાં -?

એક તરફ પૈસાદાર અને અમીર કુટુંબની એકની એક સૌદર્યવાન યુવતી સાથે પ્રીતે બંધાઈ ચૂકયો હતો...

વહાલી મા - અને એકનું એક ઘર - સળગી ગયાં...



વહાલી વાંસળીને પણ સળગાવી દેવી પડી...

પિતાજી નદીમાં  તણાઈ ગયા હતા... તેનો રંજ હજુ પણ હતો... અને આ ગોજારા બનાવો - ?

હવે ?

મુન્ના માટે આ ગામમાં રહેવાનો કોઈ અર્થ નહોતો.

રહેવા માટે ઘર નહોતું... મા પણ...

તેને આ ગામ પ્રત્યે નફરત જાગી...

પ્રીતના ફાગ ખેલનારી પ્રિયતમા પર નફરત જાગી...

જીવન જીવવાનો મોહ નહોતો રહ્યો... કોના માટે જીવવાનું છે ?

બીજા દિવસે સવારમાં મુન્નો એક આંટો ખેતરમાં લગાવી આવ્યો - ગામમાં આવી પપ્પુના ઘેર ગયો તો ?

પપ્પુના ઘરને તો તાળુ વાગી ગયુ હતું.

હવે તેનાથી આ ગામમાં જીવવું દોહ્યલુ થઈ પડ્યું. તેણે સંદલપુર ગામ છોડવાનો નિર્ણય કરી લીધો.

જે કાંઈ બચ્યુ હતુ - ખેતર - બે બળદો વગેરે વેચી દઈને રોકડ રકમ લઈ ઉપડી ગયો શહેરમાં -!

સંદલપુર સાથેનો સંબંધ તોડી નાંખ્યો... છેલ્લી સલામ કરી ચાલી નીકળ્યો.... ત્યારે,

મુન્નો બારમા ધોરણમાં હતો -!

નજીકના શહેરમાં ભણવા માટે આવ-જા કરતો મુન્નો હવે શહેરમાં જ સ્થાયી થયો... એક નાનકડુ મકાન રાખ્યું. અને રહેવા લાગ્યો - એકલો - અટુલો !

સુખ; દુઃખના ચક્રોને જાણી ચૂકેલો - વેઠી ચૂકેલો મુન્નો હવે દુઃખથી ગભરાતો નહોતો - તેના જીવનની એક જ મંજિલ હતી - અને તે એ કે ; - ભણીને સારી નોકરી મેળવવી.

મુન્નો હવે ગામડિયો નહોતો રહ્યો.

મુન્નો હવે શહેરીમાંનો એક શહેરી વિદ્યાર્થી બની ગયો હતો... મુન્નો હવે મુન્નો નહોતો રહ્યો...

નફરતની આગમાં હોમાતો એક મજબૂર ઈન્સાન હતો...

મુન્નાનું નામ પણ મુન્નો નહોતું રહ્યું...

મુન્નો એક જીગરજાન મિત્ર મનસુખનો સહપાઠી - અને પ્રિન્સિપાલ રઘનાથનો વહાલો વિદ્યાર્થી બની ગયો હતો - 'સતાર'

હા ! મુન્નાનું નામ હવે સતર હતું...

યુવાનીમાં નામ - 'સતાર'...!

દુઃખને ગળી જનારો સતાર !

❖ ❖ ❖



કૉલેજના બગીચામાં ધીરે ધીરે સૂર્ય-નારાયણે ગરમ કિરણો છોડવા માંડ્યા હતા. બાગમાં ખીલેલા ફૂલો હવે ધીરે ધીરે કરમાવા લાગ્યા હતા - ત્યારે !

ઊંચા આસોપાલવના વૃક્ષ નીચે - ઘાસની લોનમાં ત્રણ વ્યક્તિઓ - તપસ્વીની માફક બેઠી હતી.

એક ઊંડો નિઃશ્વાસ નાંખી ભૂતકાળની કરૂણ-કથની પૂરી કરતો સતાર - સ્થિર દૃષ્ટિથી પૂનમને જોઈ રહ્યો. ત્યાર બાદ તેણે તેની નજર નીચી કરી દીધી.

કરૂણ-કથની કહેતાં પહેલાં જે - તેના ચહેરા પર દૃઢ મનોબળ હતું એ જ - તેના ચહેરા પર કઠોરતા વ્યાપેલી હતી. તેના ચહેરા પર એ જ કૃત્રિમ હાસ્ય ફરકી ગયું... તેણે પૂનમ અને મનસુખ સામે નજર કરી તો !

હજુએ તેઓ સતારના ભૂતકાળમાં ખોવાયેલ હતા. સતારની કરૂણ - દાસ્તાનની અંદર જ હજુ હતા - ગમગીનીમાંથી બહાર આવ્યા નહોતા... પૂનમની આંખમાં આંસુ હતા !

જયારે મનસુખ !

એ તો સ્ત્રીનેય શરમાવે તેવા મોટાં આંસુ સારતો હતો - જાણે કે આ પ્રસંગો તેના જ જીવનમાં બન્યાં હોય !

સતારે - એ બંનેને ઢંઢોળ્યા - ત્યારે જ ભાનમાં આવ્યા.

પૂનમ - તો સતારને સ્થિર દૃષ્ટિથી તાકી રહી - જાણે કે

મુન્નાના ચહેરા સાથે સતારને સરખાવતી ન હોય ! - તે જાણે કે સતારને ઓળખવા પ્રયત્ન કરવા લાગી...

મનસુખ !

એ તો બાઘાચકલા જેવો તાકી જ રહ્યો કારણ કે એ તો ન સતારના ભૂતકાળને જાણતો હતો કે ના વર્તમાન ! તેને આવો મિત્ર મળ્યો છે એ માટે ભગવાનનો ઉપકાર માનવા લાગ્યો... તેણે આજ સુધી ઘણા મિત્રો જોયા હતા પણ સતાર - તેમનાથી અદકો હતો...

સતાર અત્યાર સુધી કૃત્રિમ હાસ્યથી જીવતો હતો તેની જાણ ખુદ મનસુખને પણ નહોતી - તો રઘનાથને કયાંથી ખબર પડે ?

પૂનમે સતારનો આભાર માન્યો - અને તેના ભૂતકાળ ઉખેડવા બદલ - માફી માગી...

મનસુખનો પણ આભાર માન્યો...

અને ત્રણેય છૂટા પડ્યા...

ત્યારે સતાર ઊંડા વિચારમાં પડી ગયો...

આ પૂનમ - એ પુન્ની તો નહીં હોય ? તેનો ચહેરો તો એના જેવો જ આવે છે ? - અને તેણે મને મારી ભૂતકાળની કથની સાંભળવા ઉત્સાહ દર્શાવ્યો - એ શું તેની લાગણી નથી દર્શાવતી ! - કદાચ એ જરૂર પપ્પુને ઓળખતી હશે... ? જરૂર...

અને એ વિચારતો ઘર તરફ ચાલ્યો...

મનસુખને પૂછવાનો વિચાર આવ્યો... પરંતુ પછી માંડવાળ કર્યો.



નસીબમાં - કદાચ મળવાનું લખાયું હશે તો જરૂર મળીશું... બાકી પપ્પુ તો મારા જીવનમાંથી ક્યારનીયે ચાલી ગઈ છે... જયારથી સંદલપુર છોડ્યું છે ત્યારથી તેને ક્યારેય જોઈ નથી - કે જાણ્યું પણ નથી- તે કયાં છે ?

તેને એક વિચાર સંદલપુર જઈ તપાસ કરવાનો આવી ગયો - પણ એ તો ક્ષણવાર માટે જ !

હવે મારે આમ જ - એકલો-અટુલો જિંદગી જીવવાનો વખત આવ્યો છે - તો સાંખી લઈશ... કદાચ પપ્પુ મને મળે તો - પહેલાં તો ઓળખશે જ નહીં - અને ઓળખે કદાચ તો પ્રીતના બંધન તોડી દેશે - ઘર - ગામ સિવાયના યુવાનને કઈ અભાગણી પ્યાર કરે !

અને આ તો સુખ-સંપત્તિમાં રહેનાર ! પછી મારા જેવાની ઝૂંપડીમાં શું કરવા આવે -

આવા ઘરમાં જિંદગી વિતાવવી તેના માટે દોહ્યલી થઈ પડશે - કદાચ તેણે બીજો પ્રિયતમ શોધી લીધો હોય તો ? - તો તો જિંદગી હારી જઈશ હું... નફરતની આગમાં સળગી મરીશ હું... આપઘાત... ? ના. ના.એમ તો કાયરતા ગણાય.વિચારતો સતાર ઘેર આવી પહોંચ્યો.

ત્યારે સૂર્ય માથે તપતો હતો.

❖ ❖ ❖

# પ્રકરણ - ૯

સતારની કરૂણ દાસ્તાન સાંભળ્યા પછી તેનો દોસ્ત મનસુખ પણ ઉદાસ રહેવા લાગ્યો. સતારને મદદ કરવા તૈયાર હતો... પરંતુ જયાં સુધી ઈમારતનો પાયો નંખાય નહીં ત્યાં સુધી ઈમારત ચણવાની વાત દૂર જ રાખવી - મનસુખ પણ ગણતરીબાજ યુવાન હતો.

એક દિવસ પૂનમે મનસુખને તેના ઘેર આમંત્રણ આપ્યું... પૂનમ - કંઈ પણ કામ કરવા માંગતી હોય તો તે મનસુખને જ વચમાં રાખી આગળ પગલું ભરવા માટે તૈયાર થતી.

આમ તો મનસુખને વાંધો નહોતો - કે નહોતી શરમ જેવું - મતલબ - નાલાયક તો નહોતો જ પરંતુ મનસુખ એક પ્રિન્સિપાલનો દીકરો હતો અને તેના મિત્રવૃન્દમાં છોકરીઓનો પણ ફાળો હતો - તેથી પૂનમના ઘેર જવામાં તેને કોઈ પણ પ્રકારનો સંકોચ નહોતો... અને તેમાંયે - પૂનમે તેને સામે ચાલીને આમંત્રણ આપ્યું હતું તેથી-કોઈ વાંધો નહોતો.

મનસુખ જાણી ચૂક્યો હતો કે પૂનમનું પ્રયોજન શું છે ?

પૂનમે તેને આવકાર્યો... 'આવો મનસુખ !'



અને મનસુખ 'થેન્ક યુ' કહી ઘરમાં દાખલ થયો. દીવાલને અઢેલીને એક સોફા ગોઠવેલો હતો - તેમાં મનસુખ બેસી પડ્યો.. પૂનમ રસોડામાં ખોવાઈ ગઈ.

મનસુખ ઘરનું નિરીક્ષણ કરતો હતો... બહારથી દેખાતું જૂનવાણી ઘર - અંદરથી કંઈક સારું લાગતું હતું... મધ્યમવર્ગનું શોભે એવુ સારું ફર્નિચર તથા સુશોભનથી શોભતું હતું... આ પૂનમના હાથની સિધ્ધિ હતી - અને હાથની બીજી સિધ્ધિ બતાવવા ખાતર - રસોડામાં ઘુસી ગઈ હતી.

પા-કલાક બાદ ટ્રે-માં એક કપ ચ્હા લઈને દેખાઈ.

ચ્હામાંથી ઊની વરાળ નીકળતી હતી...

મનસુખની સામે બાજુ ટીપોય પર ટ્રે મૂકી - મનસુખની બાજુમા જ - થોડે દુર સોફા પર પૂનમ ગોઠવાઈ...

ચ્હાનો એક જ કપ જોતાં મનસુખે પ્રશ્નસૂચક નજર નાંખી - પૂનમે આંખના ઈશારાથી જ ના પાડી દીધી... એટલે મનસુખે ઈન્કાર કરતાં કહ્યું; 'હું તમારો મહેમાન નથી... એટલે તમે મારી સામે દાવો નહીં માંડી શકો - હું ચ્હા નહીં પીઉં... લો... આ અડધી... બધી જ વાતોમાં મને આગળ ધરીને અડધો ભાગીદાર બનાવો છો તો આ ચ્હા પીવામાં પણ તમો ભાગીદાર બનો...' કહેતા મનસુખે ચ્હા અડધી કરી.'

'હું એમ તે કંઈ ચ્હા પીતી હોઈશ...?'

'કેમ ?'

'પાછા પૂછે કે - કેમ ? જરા તમારી ભાષા તો સુધારો ?'

મનસુખ વિચારમાં પડી ગયો... શું કહે છે પૂનમ... ? મારી ભાષા સુધારું... ? તેને કંઈ સમજ ના પડતાં ; 'મને તો કંઈ સમજ નથી પડતી?'

'બુધ્ધુ... તો પછી આ 'તમે-તમે' શું માંડ્યું છે ? સતાર પાસેથી શીખ્યા છો કે શું ? - સંગ એવા રંગ લાગ્યો છે કે શું...?'

'હા... જરૂર.' મનસુખ પણ મશ્કરીએ ચઢ્યો : 'પણ... તમને વિશાખાનો તો રંગ નથી લાગ્યો ને ?' કહીને મનસુખે પૂનમ તરફ નજર નાંખી... પૂનમ ગુસ્સો દબાવી ઠપકાભરી નજર નાંખી-નીચું જોઈ ગઈ.

'ચાલ જો - પૂનમ ! આ ચા લઈ લે...'

અને પૂનમે માથું ઊંચક્યુ - તેનો ચહેરો પ્રફુલ્લિત થઈ ગયો... તેની આંખોમાં ચાહનો રંગ દેખાતો હતો...

મનસુખ સ્તબ્ધ થઈ ગયો.

વિચારવા લાગ્યો...

હે ભગવાન ! તેં કેટલા પ્રકારની સ્ત્રીને ઘડી છે ? જોને - ! હમણાં તો શરમના શેરડાના પડછાયામાં છુપાતી આ પૂનમ... ? અત્યારે કેવી મારકણી નજર ફેંકે છે ? ખેર ! જવા દે બધી વાત... તેણે મુદ્દાની વાત ઊપાડી...

'બોલ.. પૂનમ... ! મને અહીં શું કામ બોલાવ્યો છે ?'



'મનસુખ ! તમે સતારની દાસ્તાન બરાબર સાંભળીને ?' પૂનમે એક-દમ ગંભીર બની જતાં વાતની શરૂઆત કરી.

'હા-'

'તો.. તેમાં તમોને શું લાગ્યું ?'

'મને ?' - મને તો કંઈ સમજણ નથી પડતી...

'તો - સાંભળો ! જયારે વિશાખાને સતારે પોતાના આંગણામાં ઊભેલી જોઈ ત્યારે ! - તમને યાદ છે ? તેમની બાળપણની શરત! - એ જ વર્ણવેલી મુખાકૃતિ ! તેના જેવો જ ચહેરો - મતલબ કે સતારની બાળપણની સાથે પપ્પુનો ચહેરો જ હોવો જોઈએ - સતારે બચપણમાં જોયો હતો .... અને તેનો ચહેરો એનો એજ રહેતાં - વિશાખા જયારે તેની સામે ઊભી રહી... ત્યારે સતારને તેની બાળસાથી પપ્પુનો ચહેરો યાદ આવી ગયો... મનસુખ ! તમને ખબર નહીં હોય પણ સતારે જે કથની કહી છે તે અક્ષરસઃ સાચી છે! વિશાખા તેની - પપ્પુ છે મનસુખ !'

'હેં ! આ તુ શુ કહે છે પૂનમ ! ' મનસુખનું મોં અને આંખો સાનંદાશ્ચર્યથી ફાટી પડ્યા...; 'પણ આ તુ કેવી રીતે કહી શકે છે પૂનમ ! તારી પાસે કોઈ સાબિતી છે ?'

'હા ! - તમે સતારની દાસ્તાનમાં એક ત્રાહિત પાત્રનું નામ સાંભળ્યું હશે... જયારે પપ્પુએ ફોટા પાડવાનું કહ્યું ત્યારે તેણે જે નામનો ઉચ્ચાર કર્યો હતો - તે 'પુન્ની' એ આ જ - તમારી સામે બેઠી છે તે પૂનમ !'

મનસુખ સ્તબ્ધ થઈ ગયો.

'તને ચોક્કસ ખ્યાલ છે પૂનમ !'

'હા-હા, અને એટલે જ તો મેં તમને અહીં બોલાવ્યા છે.. જયારે અમે ગામડેથી શહેર તરફ આવવા રવાના થયા હતા - ત્યારે પપ્પુએ તેના પપ્પાની બીકે- જે ફોટા પાડ્યા હતા - તે ફોટા મને રાખવા આપ્યા હતા... ત્યાર પછી તે અવાર-નવાર ફોટા જોવા માટે મારે ત્યાં આવે છે... અને આંસુ વહેવડાવી ચાલી જાય છે....'

પૂનમ ઊભી થઈ...એક તિજોરીમાંથી એક આલ્બમ લઈ આવી.. બે ફોટાવાળા એ આલ્બમમાં જુવાન છોકરાં-છોકરી અડોઅડ ઊભા છે.. પાછળ પહાડી પ્રદેશ અને વનરાજી દેખાઈ આવે છે... મનસુખે સતારને તો ન ઓળખ્યો પરંતુ વિશાખાને તરત જ ઓળખી પાડી.. 'અરે ! આ તો વિશાખા !'

'અને બાજુ પર છે એ તમારો દોસ્ત સતાર ઉર્ફે મુન્નો...!' થોડુ હસીને ઉમેર્યું... હવે ખાતરી થઈને તમને ?'

મનસુખ તો ફોટાને ધારી ધારીને જોવા લાગ્યો. શું જોડી છે...? સતારે કહેલી એવી જ કંકુની પુતળી જેવી પપ્પુ... અને સતારના હાથમાં તેની વહાલી વાંસળી...

અને - અચાનક !

બંને એક સાથે ચમક્યા !

એમ્બેસેડર કારના હોર્નનો અવાજ સાંભળતા જ પૂનમ સફાળી બેઠી થઈ ગઈ... આલ્બમ મનસુખના હાથમાં જ રહેવા દઈ પૂનમ



દરવાજા આગળ ગઈ... ગઈ એવી જ સ્થિર થઈ ગઈ... મનસુખને ચેતવવા જેટલો પણ સમય નહોતો રહ્યો - સામેથી વિશાખા આવી રહી હતી - અને છેક નજીક આવીને ઊભી...!

પૂનમ - કંઈક ગભરાયેલી લાગતી હતી... મહાપરાણે 'આવ વિશાખા...' એવા આવકારના બે શબ્દો કહી શકી. પૂનમને ચિંતા હતી કે કયાંક કાચું કપાઈ ગયું... નહીંતર વિશાખાને આવવાનો આ સમય નહોતો... અને તેને સમજાવવા માટે પૂરતો સમય મેળવવાનો હતો... પરંતુ... પૂનમ રંગે હાથ પકડાઈ ગઈ છે એમ લાગ્યું... કારણકે વિશાખાની વિશ્વાસુ સખી પૂનમ જ આમ વિશ્વાસઘાત કરે - એ જોતાં વિશાખાનું મન દુઃભાય તો... તો... સતાર એ જ એનો મુન્નો છે એ સમજાવવું અશક્ય બને... ! અને એમ બને તો ધરમ કરતાં ધાડ પડ્યા જેવુ થાય - પરંતુ !

પૂનમની પહેલાં વિશાખાએ ઘરમાં પગ મૂક્યો... અને પૂનમનો જીવ અધ્ધર થઈ ગયો... મહાપરાણે - તે પણ ઘરમાં આવી - જૂએ છે તો મનસુખ અદશ્ય ! પૂનમને 'હાશ' થઈ ભગવાનનો આભાર માની પ્રફુલ્લ વદને વિશાખાની પાસે આવી...

બન્યું હતું એવું કે હાર્ન સાંભળતાં જ મનસુખ પણ બાજુ પરની બારી આગળથી જોઈ રહ્યો હતો - અને તેણે વિશાખાને ઊતરતી જોઈ - કે તરત નિર્ણય કરી દીધો... ફોટા તિજોરીમાં મૂકીને; - રસોડામાં જ ગોંધાઈ રહ્યો.

'પૂનમ... લાવ જો ફોટા...!' કહેતી વિશાખા સોફા પર ગોઠવાઈ... પૂનમ ફોટા લઈ આવી... તેણે જોયું તો - વિશાખા

દર વખત કરતાં આ વખતે વધુ ધારી ધારીને જોવા લાગી... ક્યાંય સુધી જોતી રહી.... અને ધીમે રહીને બોલવા લાગી;

'મુન્ના... મારા મુન્ના... તું કયાં છુપાયો છે ? ... તારા સિવાય એકપળ પણ રહી શકતી નથી તારી પપ્પુ... ક્યારેક તો દર્શન આપી જા... તારા વિયોગમાં હું ઝૂરી રહી છું... કેટલા વર્ષો થયા... તને તારી પપ્પુ પણ સાંભરતી નથી... ? કે મને હંમેશાને માટે ભૂલી ગયો તું ? ' વિશાખાની આંખોમાંથી અશ્રુધારા વહેતી હતી - ઉમેર્યું : 'મુન્ના... તારી પપ્પુ... કોઈ જો મારા ચારિત્ર્ય વિશે ગમે તેમ બોલે છે તેને હું સીધો કરી દઉં છું... મારા શરીર પર અને મારા મન પર માત્ર તારો જ અધિકાર છે... અને બીજો કોઈ કુદૃષ્ટિ કરે તો તેની ખેર રહેવા દેતી નથી.... તારી પપ્પુને એક વખત તો મળી જા... મારા સામુ તો જો ... ! મારી પાછળ કેટલાંયે મજનુઓ પડ્યા છે.. એમાંનો એક છે સતાર - જેણે આડકતરી રીતે મારા પર કુદૃષ્ટિ કરી હતી... તેને મેં સીધો કરવા આજે જ બે ભાડૂતી ગુન્ડા મોકલ્યા છે.. કદાચ તેને...'

'વિશાખા .... તું શું બકે છે ?' પૂનમ સતારનું નામ સાંભળી ગભરાઈ ગઈ.

અને રસોડામાં ભરાયેલા મનસુખના કામ સરવા થયા... તેની આંખોમાં ખુન્નસ ઊભરાયું... આ છોકરીનું ગળુ દબાવી દેવાનું મન થયું... પણ ! તેણે આજુ બાજુ નજર કરી તો નસીબ જોગે રસોડામાં પાછળની તરફ એક બારી પડતી હતી તે ખોલી તેમાંથી બહાર નીકળી ભાગ્યો સતારના ઘર તરફ....



વિશાખા તો કંઈ પણ સાંભળ્યા વિના બક્યે જ જતી હતી. વિશાખાએ જેટલા મજનુઓને માર મરાવ્યો હતો તે બધા જ મજનુઓના - બનાવ વખતે વિશાખા પૂનમના ઘેર દોડી આવતી અને મુન્ના આગળ તેમની ગાથા કહેવા માંડતી... અને એટલે જ... તે આજે અચાનક આવી ચઢી હતી કારણકે એક વધારાનો બકરો - સતારને સ્વાદ ચખાડવા માટે તેણે માણસો મોકલ્યા હતા.

મુન્નાના કપાળે ચુંબન કરી... આલ્બમ પૂનમને સોંપી ને ચાલી નીકળી - અને પૂનમ સ્તબ્ધ બની જોતી રહી... શું કરવું - કંઈ સમજ ના પડી... તે સીધી દોડી રસોડામાં - તો પાછલી બારી ખોલેલી હતી.... તેણે અનુમાન બાંધ્યુ કે સતારના નામનો ઉલ્લેખ થયો ત્યારે બારી ખોલવાનો અવાજ આવ્યો હતો - તેથી મનસુખે કદાચ એ વાત સાંભળી હશે જ.

'હે ભગવાન ! સતારને બચાવજે...!'

પ્રાર્થના કરવા લાગી પૂનમ.

❖ ❖ ❖

સતાર - તેના ઘરમાં બેઠો બેઠો કંઈક વાંચી રહ્યો હતો... વાંચતો હતો - કે વિચારતો હતો... ? ભૂતકાળની ઉખાડેલી વાતોથી તેનું દિલ ભરાઈ ગયું હતું... પેટની પીડા - ન કહેવાય, - ન સહેવાય.

ત્યાં - ઘરના કમાડ ખખડવાનો અવાજ આવતાં તે સફાળો બેઠો થઈ ગયો.. જઈને સાંકળ ખોલી... અને કમાડ ઊઘાડતાંની સાથે જ -

ઠીસૂમ...

એક જોરદાર મૂક્કો તેના જડબા પર વાગતાં જમીન પર પછડાઈ ગયો... સતાર કંઈ સમજે - કરે તે પહેલાં તો બે ગુન્ડાઓ ઘરમાં ઘૂસી ગયા અને કમાડ ખાલી બંધ કરી દીધા... બંને ગુન્ડા કદાવર લાગતા હતા... અને તેમના ચહેરા કરડાકી ભર્યા.

એક ગુન્ડાએ તેની ફેંટ પકડી ઊભો કર્યો... અને તેને મુક્કો લગાવવા જાય તે પહેલાં જ - સતારે એક જોરદાર મુક્કો - તેના પેટમાં મારતાં - ગુન્ડાનો હાથ છટકી ગયો.. બીજો ગુન્ડો પણ તેના તરફ ધસતો હતો - પરંતુ સતારે તેનો ઘા સ્ફૂર્તિથી ચૂકાવી દીધો અને તેના જડબામાં વળતો પ્રહાર કર્યો... ગમે તેમ તોય ગામડિયો હતો... લોખંડી હાથ વાગતાં - બંને ગુન્ડાને તમ્મર આવી ગયા... ગમે-તેમ તોય ભાડૂતી ગુન્ડા હતા... પહેલાએ સતારનું ગળુ પકડ્યું... શ્વાસ લેતાં મુશ્કેલી પડતી હતી... ત્યાં સામેથી બીજો ગુન્ડો ધસ્યો... પરંતુ તે નજીક આવે તે પહેલાં તેના પેઢુમાં લાત ફટકારી અને એ ગુન્ડો નીચે બેસી ગયો... અવળા હાથે પાછળ ગુન્ડાનુ ગળું પકડી આખો હવામાં ઉછાળીને આગળ પછાડ્યો... ગુન્ડાના હાડકાં ખોખરાં થઈ ગયા... કળ વળે તે પહેલાં - વારાફરતી મજબૂત પંજાના મુક્કા મારતો સતાર ઝનુને ચઢ્યો.

પરંતુ !

એક ગુન્ડાએ લાગ સાધ્યો.

રામપુરી ચાકુ કાઢયું...

સતારનું મોત માત્ર એક ક્ષણ જ દુર હતુ...!



માંડ એકાદ ફૂટ દૂર આવી ચઢેલા એ ગુન્ડાને - પાછળથી અચાનક આવી ચડેલા મનસુખે તેનો હાથ પકડી લીધો... અને એ પણ જંગમાં કૂદી પડ્યો... બંને દોસ્તો સાથે મળ્યા... એટલે હવે ?

ગુન્ડાઓ ભાગવાની કોશિશ કરવા લાગ્યા... પરંતુ લાગ મળતો નહોતો - ત્યાં !

કારનું હોર્ન - ત્રણ વખત સંભળાયું... એટલે અગમચેતીથી નક્કી કરેલા નિર્ણય મુજબ - બહાર વિશાખાની કાર આવી ઊભી છે - એ સમજતાં વાર લાગી નહીં... ગુન્ડાઓ તો માર ખાઈને અધમૂઆ થઈ ગયા હતા - એટલે કાર સુધી પહોંચવાની પણ એમની હિમ્મત નહોતી રહી... વિશાખાએ ફરી હોર્ન માર્યો અને સતારના ઘરનાં કમાડ સુધી કાર લાવી ઊભી રાખી...

તેને વિશ્વાસ હતો કે ગુન્ડાઓ સતારને મારીને જ નીકળશે એટલે તે શાંતિથી બેસી રહી... ઘરમાં ધમાચકડી મચી હતી તે ઊપરથી તે સમજતી હતી કે - સતારને જ માર પડે છે.

પરંતુ !

તેનું અનુમાન ખોટું પડ્યું...

એક પછી એક એમ બંને ગુન્ડાઓ હવામાં ફંગોળાઈને બહાર પડ્યા... વિશાખાની આંખો ફાટી ગઈ... શું જોઈ રહી છે આ ? - તેણે ઘરમાં નજર કરી તો...!

સતાર અને મનસુખ - બંને હાથ ખંખેરતા બહાર નીકળ્યા... કે તરત વિશાખાએ કાર મારી મૂકી.

સતાર તો મૂક ભાવે જોઈ રહ્યો... તેને તો કંઈ સમજ પડતી નહોતી... આ ગુન્ડાઓ કેમ આવ્યા હતા અનેકેમ હુમલો કર્યો - તેની સમજ નહોતી પડતી... પરંતુ સતાર ! બહાદુર હતો અને એને કારણે જ તે બચી ગયો હતો...

વિશાખાની કાર જોતાં - તેને આશ્ચર્ય થયું...

ગુન્ડાઓ - અને વિશાખા વચ્ચે શો સંબંધ છે - તે સમજાયું નહીં... ગુન્ડાઓને ભાન આવતાં - ભાગી ગયા... પરંતુ સતારના દિમાગમાંથી આ કિસ્સો કેમેય નીકળતો નહોતો...

'સતાર ! હું જરા મોડો પડ્યો... તને કંઈ વાગ્યું તો નથી ને?'

'કંઈ ખાસ નહીં...!' પણ તું અત્યારે અહીં કયાંથી...

'હું તને બધી જ વાત કરું છું... આવ મારી સાથે...' કહીને મનસુખે સતારનો હાથ પકડી ઘરમાં લીધો... તેને બધી વાત કહી - કે પૂનમના ઘરે વિશાખા આવી - તે પહેલાં પોતે ત્યાં હાજર હતો... વિશાખા પૂનમ સાથે વાત કરતી હતી તે પરથી હું સમજી ગયો અને અહીં દોડી આવ્યો... ગુન્ડાને વિશાખાએ તારા પર વેર વાળવા મોકલ્યા હતા...'

'પણ મેં એનું શુ બગાડ્યું છે. ?' સતાર મુંઝાયો હતો.

પણ મનસુખે મૂળ વાત અધ્યાહાર રાખી હતી તેથી સતારને કયાંથી સમજાય ? અ એ વિચારમાં પડી ગયો... મનસુખે જાણી-બૂઝીને ફોડ પાડ્યો નહોતો - કદાચ તેને આ સમય અયોગ્ય લાગ્યો હતો...

❖ ❖ ❖



# પ્રકરણ - દશ

'પૂનમ... ! અરે એ પૂનમ ! - કયાં ગઈ !' વિશાખા સતારના ઘેરથી સીધી જ પૂનમના ઘેર પહોંચી... ધાર્યા કરતાં અવળા પાસા પડ્યા હતા... તેણે ધાર્યું હતું કે બે ગુન્ડાઓ સતારને પહોંચી - વળશે પરંતુ - સતાર ! બહાદુર નીકળ્યો.. અને બાજી ઊલટાવી દીધી... તેથી કંઈક રસ્તો શોધવા તે પૂનમના ઘેર આવી.

પોતાના આંગણે વિશાખાને - આમ વિષાદમાં ડૂબી ગયેલી જોઈ પૂનમે પૂછયું; 'કેમ ? શું થયું વિશાખા !'

ઘરમાં પ્રવેશતાં જ બોલવાનું ચાલુ કરી દીધું. વિશાખા એ....; 'પૂનમ... મને કોઈ રસ્તો બતાવ...! મારે હવે શું કરવું ? મારી બાજી આજે ઊલટી પડી છે....'

'પણ - મૂળ વાત કરને ? - આમ ગોળ ગોળ ફેરવ્યા વિના'

પૂનમને સતારની જિંદગીની ફિકર હતી - તેથી તે તેની ક્ષેમકુશળતા વિશે જાણવા ઈચ્છતી હતી.

'શું ધૂળ વાત કરૂં...' સતારિયાએ ભારે કરી ?'

'કેમ....કેમ....!'

'તેણે એકલે હાથે બંને ગુન્ડાઓને મારી મારીને અધમૂઆ કરી નાંખ્યા - તેનો દોસ્ત મનસુખ પણ હતો... જબરો બહાદૂર નીકળ્યો.. સતારિયા... હું તને...'

'ચૂપ થઈ જા.' પૂનમે તેને વચ્ચે જ અટકાવી દીધી. અત્યાર સુધી ક્યારેય ઊંચા અવાજે ના બોલનારી પૂનમે વિશાખાને હુકમ કર્યો - એટલે વિશાખા પણ ઝંખવાઈ ગઈ... આ પૂનમને વળી શું થયું છે ?

'વિશાખા ! વેરની આગમાં તું ખુદ હોમાઈ જઈશ... એના કરતાં - આ બધા ઝઘડા કરવાનું છોડી દે... અને પહેલાં મને એ કહે કે; સતાર - અને મનસુખને કંઈ વાગ્યું તો નથી ને ?'

'એ બંનેને કંઈ થયું નથી....'

'હે ભગવાન ! તારો ઉપકાર ક્યારેય નહીં ભૂલું.'

વિશાખાના - દુશ્મન માટે તેની પોતાની સખી ભગવાનની પ્રાર્થના કરે છે... વિશ્વાસઘાતી...!

'પૂનમ ! - તને તારી સખી કરતાં પણ એ લોકોની જિંદગી વધુ મહત્વની છે ?'

'હા... વિશાખા... તેમને જીવવાની જરૂર છે. એ લોકો જીવતા હશે તો જ તુ જીવી શકશે - માટે તું બધુ છોડી પહેલાં એ કહે કે તારે તારા મુન્નાને મળવું છે કે નહીં...? '

'હેં...! આ તું શું કહે છે ? '



'ખરૂં કહું છું... તારા મુન્નાનો આજે જ પત્તો લાગ્યો છે... તને કહેવા જાઉં પણ તું મારૂં સાંભળવા પણ કયાં તૈયાર હતી.'

'જલદી કહે પૂનમ ! જલદી કહે -!'

પૂનમ વિશાખાની અધિરાઈ માપતી જોઈ રહી... પછી કહ્યું; 'હું કહું તો ખરી ! પણ તુ માનીશ પણ નહીં... તું સ્વીકારવા પણ તૈયાર નહીં થાય એની હું ખાતરી આપું છું... બોલ !'

'ના...પૂનમ ! વિશાખા એટલા ગભરૂ દિલની નથી... તું હજુ તારી સખીને કયાં ઓળખે છે ત્યારે ! અને જેને હું વર્ષો પહેલાં સ્વીકારી ચૂકી છું તને પછી સ્વીકારવાનો સવાલ જ નથી.. હું વચન આપી બેઠેલી છું... બસ ! મને એક વખત કહી દે કે એ કયાં છે ?'

'છે... આજ શહેરમાં છે... આપણી જ કૉલેજમાં આવે છે... આપણા જ કલાસમાં ભણે છે... હોંશિયાર છે... આપણી સામે - આપણી પાસેથી જ રોજ પસાર થાય છે છતાં આપણે ઓળખી શક્યા નહીં... થોડા દિવસ પહેલાં જ હું એને બાગમાં મળી હતી...'

'તું સાચુ કહે છે કે મને ઊઠાં ભણાવે છે ? આટલો નજીક મારો મુન્નો રહેતો હોય અને - મને ઓળખે પણ નહીં. ?'

'એમાં દોષ - એનો નથી ! તારો છે... તેં જ તેની ઓળખાણ કરવાની શક્તિને મારી નાંખી હતી... પછી તેને મોંઢામોઢ કેમનો કહી શકે ? - તને વ્યક્તિ - વ્યક્તિ વચ્ચે ફરક નથી લાગતો ? - બસ એક જ અસ્ત્રાથી આખી માનવ-જાતને મૂડવા બેઠી છો...!'

'તો... તો... ખરેખર તું એને મળી છે પૂનમ ?'

'હા. તારા સમ બસ - !'

ખલાસ !

પૂનમ જ્યારે સમ ખાય ત્યારે તે હંમેશા સનાતન સત્ય જ બોલતી હોય છે - એ તેનો સંસ્કાર છે.

'હું તને બતાવું ખરી પણ...'

'પણ શું જલદી કહેને ?'

'પણ તારે એની માફી માગવી પડશે...'

'માફી ?'

'હા... કરેલા દુષ્કૃત્યો બદલ માફી જ હોય ને ?'

'દુષ્કૃત્યો... મેં વળી કયા દુષ્કૃત્યો કર્યા છે...?'

'કોઈ પ્રિયતમા પોતાના પ્રિયતમ - જીવનસાથીને ભાડૂતી ગુંડાઓ પાસે માર મારવા મોકલે - એ દુષ્કૃત્ય નહીં તો બીજું શું. ?'

'મતલબ ? -' વિશાખાનો અવાજ વિસ્ફારિત નેત્ર સાથે ફાટી પડ્યો - તેના ચહેરા પરની સુરખી ઉડી ગઈ.

'મતલબ - કે : તારો દુશ્મન સતાર એ જ તારો પ્રેમી - બાળસાથી મુન્નો છે...!'

'સ...તાર !' વિશાખાની આંખો મોં પહોળા થઈ ગયા - દિલના તાર રણઝણી ઊઠ્યા - ક્યારેક અનુભવેલી એ લાગણી આજે ફરીથી તેનો વારો આવ્યો... ક્ષણવાર માટે તો - જાણે તેના શરીરમાંથી જીવ જ ઊડી ગયો... શું કહે છે પૂનમ...



'પણ...આ બધી બાબતની તપાસ તેં ક્યારે કરી ? તને કયાંથી ખબર પડી... ?' વિશાખાને હજુ પણ વિશ્વાસ આવતો નહોતો.

'મને તો પહેલાંથી જ વહેમ હતો કે જયારે મેં સતારને જોયા ત્યારે મને એમ લાગ્યું કે મેં એમને કયાંક જોયા છે પણ કયાં ? ક્યારે ? તેની ખબર પડી નહોતી... છતાં મારી નજર હંમેશા તેમના પર જ મંડાઈ રહેતી હતી પરંતુ... ક્યારેય વાત કરવાનો મોકો મળ્યો નહોતો... અને જયારે તેં મને તારા પ્રિયતમને શોધવાનું કાર્ય સોંપ્યું ત્યારે મેં મનસુખ દ્વારા સતારને તેમની ઉદાસીનતાનું કારણ જણાવવા કહ્યું -'

'ઊભી રે !' પૂનમની વાત કાપતાં વિશાખા ટપકી... 'મેં તો ક્યારેય એમને ઉદાસ જોયા નથી... જયારે ને ત્યારે એ તો હસતા જ હોય છે અને તુ કહે છે કે -'

'હું કહું છું તે સાચું છે.. તેઓ હસતા હોય છે પરંતુ નિર્દોષ હાસ્ય નહીં - કુદરતી હાસ્ય નહીં - કૃત્રિમ હાસ્યથી તે પારકી વ્યક્તિને ખુશ રાખતા હતા... તેમના હાસ્યની પાછળ તેમનું દર્દ છૂપાયેલું રહેતું હતું એ તો મેં જયારે તેમની ધ્યાનથી તપાસ કરવા માંડી ત્યારે ખબર પડી... અને બહુ જ આજીજી કર્યા બાદ એમની કહાની અમને કહી સંભાળાવી... સોનાની વીંટી 'શમા'ના નંગવાળી, નદી કિનારાનાફોટા ! - વગેરે નાનામાં નાની બાબતો કહી હતી... હવે તને સાચું લાગે છે કે નહીં ?

'પૂનમ ! હવે હું એને શું મોઢું બતાવીશ ! હું તેની માફી કઈ રીતે માગીશ...' અને પૂનમને ભેટીને વિશાખા ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.

❖ ❖ ❖

સતાર થોડો ઘાયલ થયો હતો... ગુન્ડાઓના ભાગી ગયા પછી સતાર લથડ્યો... તેને સંભાળતો મનસુખ તેને ઘરમાં લઈ જઈ પલંગ પર સુવાડ્યો...તેનો વિચાર તો ડૉક્ટર બોલાવવાનો હતો પરંતુ - તેમ કરવાથી તો પોલીસકેસ થાત... અને લફરું વધી જાત - એમ વિચારીને તે સતારની પાસે જ બેસી રહ્યો - ત્યાં,

ઘરનાં કમાડ ઊઘડી ગયાં... સતાર હજુ બેભાનમાં આંખો મીચી પડી રહ્યો હતો. મનસુખની નજર દરવાજામાં જ ફ્રેમ થઈને ઊભી રહેલી પૂનમ પર ખોડાઈ ગઈ... અને તેની પાછળ વિશાખા...!

મનસુખ સ્તબ્ધ તઈ ગયો... વળી પાછી શી બલા આવી - ? પરંતુ - તે આગળ વિચારે તે પહેલાં જ -

સતારને પલંગમાં સૂતેલો જાણી પૂનમ ગભરાઈ ગઈ... દોડી ગઈ તેની પાસે...

'મનસુખ...! કંઈ ગંભીર ઈજા તો નથી થઈને ?'

'ના...! કંઈ ખાસ ઈજા નથી થઈ' અને વિશાખાને ઉદ્દેશીને કટાક્ષમાં બોલ્યોઃ 'બાહ્ય ઈજા કંઈ નથી પરંતુ... દિલમાં કયાંક ઘા વાગ્યો છે...!'



વિશાખા સમસમી ગઈ... પણ મનસુખનું વાક્ય સાચું હતું... ત્યાં - સતારના કણસવાનો અવાજ આવ્યો - વિશાખા વધુ સમય ત્યાં ઊભી ન રહી શકી.. સતાર પાસે દોડી આવી અને બોલાવવા લાગી - પાગલની માફક;

'સતાર...સતાર ! મને માફ કરી દો સતાર !... ' મારી ભૂલ થઈ ગઈ...' વિશાખા પલંગ પર બેસી પડી... અને સતાર પર ઝૂકી ગઈ... તેના ચહેરાને બે હાથમાં લઈ ધ્રુસકેને ધ્રુસકે રડવા લાગી; 'સતાર ! '.... મુન્ના મારા મુન્ના ! એક વખત તો આંખ ખોલ ? .... તારી પપ્પુ બોલાવે છે... મુન્ના...

સતાર હજુ બેભાન અવસ્થામાં જ હતો.

વિશાખાએ પૂનમ સામે જોયું - કરૂણ રૃષ્ટિથી... પૂનમે વિશાખાના માથા પર અને તેના બરડા પર સ્નેહાળ હાથ ફેરવી મૌન દિલાસો આપ્યો...

મનસુખે પણ સાંત્વના આપી.

'શાંત થા વિશાખા... તારી પ્રીત સાચી હશે - તો જરૂર તમો સફળ થશો - હમણાં આંખો ખોલશે....'

છતાં વિશાખા રડતી જ રહી...

'મુન્ના... ! મેં તને બહુ દુઃખ આપ્યું...છે દરેક વખતે મેં જ તને દુઃખી કર્યો છે...' વિશાખા સતારને ઢંઢોળી રહી હતી... ત્યાં જ સતારની આંખોના પોપચાં ઊંચા થયા...અને તેણે નજર માંડી...

વિશાખા - મનસુખ - પૂનમ દિલગીર મુખડાં કરીને બેઠાં હતા... વિશાખાને પોતાની પાસે જ બેઠેલી જોઈ સતારના દિલમાં કયાંક સળવળ્યું.

'આપ... અહીં...!'જ

'હા... મુન્ના... ! તારી બચપણની પ્રિયતમા...!'

'પપ્પુ...!' અને સતારની આંખોમાંથી આંસુઓની ધારા વહેવા લાગી... બધું જ ભૂલી જઈને તેણે ... પ્યારભરી નજરે વિશાખા તરફ જોયું... પછી બાજુ પર નજર કરી - તો ?

પૂનમ અને મનસુખ બહાર નીકળી ગયા હતા...

સતાર બેઠો થઈ ગયો.

'તુ....તુ....પપ્પુ....! - વિશાખા....!'

'હા...સતાર...!'

અને વિશાખા સતારને ભેટી પડી...

ધ્રુસકેને ધ્રુસકે રડી પડી વિશાખા.

સતારની આંખોમાં પણ અશ્રુધારા વહેલા લાગી...

'મને માફ કરી દે સતાર ! ... મેં જ તને હેરાન કર્યો છે... બસ! આખરી વખત માફ કરી દે !'

'પગલી ! - મને તો શંકા હતી જ કે તુ જ મારી પપ્પુ છે પણ મારાથી તને કહી શકાયું નહીં....'

વિશાખાના છૂટા વાળ સતારના ચહેરા પર છવાયા...



'હવે મને ક્યારેય વિખૂટી ના પાડીશ... સતાર ! મને ક્યારેય વિખૂટી ના પાડીશ...'

'વિશાખા... મારી પપ્પુ...!'

'મુન્ના... મારા સતાર ! .... મારા નાથ !'

'અરે ! વિશાખા...'

'હા... સતાર.... તમે જ મારા નાથ છો... મારા પ્રાણદાતા... હવે તમે મને વેગળી ન કરશો... મેં તમને બહુ દુઃખ આપ્યું છે... ! હવે એક વધુ અધિકાર આપો... બસ... તમે મને અપનાવી લો... તમારી જીવનસાથી બનાવી દો... હું તમને મનથી તો વરી ચૂકેલી છું... હવે તમારાથી વિખૂટી નહીં પડુ સતાર....'

અને બંને દિલ એક બન્યા..

શરીર એક બન્યા...

બચપણથી વિખૂટા પડેલા પ્રીત - ઘેલા પારેવા ચાંચમાં ચાંચ ભરાવી પ્યારમાં મશગૂલ થઈ ગયા.

❖ ❖ ❖

# પ્રકરણ - અગિયાર

વિષાદમાં ડૂબેલી વિશાખાનું દિલ ડોલી ગયું.

વર્ષો પુરાણા પ્રેમીને મળીને આનંદી ઊઠી... મળ્યો પણ - ! કેવા સંજોગોમાં ? પોતાના જ હાથે ઘાયલ થયેલા સતારને શું વીતતી હશે ? - પરંતુ આખરે મળી તો ગયો છે ને ? છતાં તેનું દિલ પશ્ચાતાપથી દુઃખતું હતું...

અરેરે ! મને કયાં આવી બુધ્ધિ સુજી - કે ! નફરતની આગમાં - વેર લેવા જતાં પોતે જ હોમાઈ ગઈ !

સતારના ઘરમાં તેના પલંગમાં સૂતેલા સતારના માથા આગળ બેસીને માથુ દબાવતાં વિચારતી હતી વિશાખા... ક્યારેક વીક્સ લગાવતી હતી - તો ક્યારેક તેના પગ દબાવવા માટે આજીજી કરતી - પરંતુ સતાર તેમ કરવા દેતો નહોતો...

અચાનક સતારની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી...વિશાખા ચમકી !

‘સતાર !... કેમ ... આપની આંખમાં આંસુ ...?’





‘નહીં વિશાખા... ? આ તો તારી લાગણી વહી રહી છે... આ બધુ મને સ્વપ્ન જેવું લાગે છે ? ... એટલો બધો પ્યાર ના કરીશ કે કયાંક...’

પણ તરત જ વિશાખાએ સતારના મોં પર હાથ દાબી ને તેને બોલતો અટકાવી દીધો.

‘એવું ન બોલો સતાર ! હું તો સદાય તમારી જ છું અને રહીશ... તમારી સેવા કરતી રહીશ... જયાં સુધી તમે અને હું એક ન થઈ જઈએ ત્યાં સુધી હું તમારી સંભાળ રાખીશ...’ વિશાખાએ સાડીના પાલવ વડે તેના આંસુ લુછી નાંખ્યા.

‘વિશાખા ! - તને મારામાં વિશ્વાસ નથી. ?’

‘પણ... સતાર ! જયાં સુધી આપણે લગ્ન ન કરીએ ત્યાંસુધી આ સમાજનો વિશ્વાસ કયાંથી રાખીએ...?’

‘પગલી..’ સતારે વિશાખાના ગાલ પર ટપલી મારી... વિશાખાએ તેનો ચહેરો સતારના હોઠ સુધી લઈ ગઈ અને સતારે તેના ગોરા ગાલ પર ચુંબન ચોડી દીધું.

વિશાખાના શરીરમાં એક વીજળી દોડી ગઈ... અને સતારની ઉપર પડતુ મૂક્યું... સતારે તેને બાહુપાશમાં જકડી દીધી... બંને એકબીજાને વળગી પડ્યા...

વિશાખાના ઉન્નત સ્તન સતારની છાતી સાથે દબાયા... અને સતાર ગરમ થઈ ગયો... તેણે વિશાખાના ગરમ હોઠ પર હોઠ દાબી દીધા... ત્યાં !

સતારને ગરમ થયેલો જાણી વિશાખાનું જોબનિયું હિલોળા લેવા લાગ્યું... સતારને વધુને વધુ ભીંસ આપવા લાગી... સુખની ચરમસીમા વટાવી જવા તત્પર થઈ ગઈ હતી-વિશાખા... અને સતાર પણ તેનું દુઃખ ભૂલી જઈને તેને સુખ આપવા તૈયારી દશાર્વતો... તેનો હાથ વિશાખાના અંગો પર ફરી રહ્યો હતો... વિશાખાની ઉપસી આવેલી છાતીએ સતારને મદહોશ બનાવ્યો હતો... વિશાખાના હોઠ ધ્રૂજતા હતા અને આંખોમાંથી કામણ વરસવા લાગ્યું... તેની આંખો ઘેનમાં ડૂબતી લાગી... સતાર પણ વિવસ બની ગયો હતો... તેણે વિશાખાની પીઠ પાછળથી હાથ ખસેડી તેની લીસી કમર પર લપસ્યો... અને!... વિશાખા ઉત્તેજિત થઈ ગઈ... ઈન્કાર કરવાની શક્તિ વિશાખાના શરીરમાં રહી નહોતી... અને!

સતારના હાથે વિશાખાનો ચણિયો જાંઘ સુધી ઉકેલી દીધો... તેની માંસલ સાથળો પર તેણે દુનિયાના સુખનો અનુભવ કર્યો... ત્યાં જ!

વિશાખા હડફ દેતીક ને ઉભી થઈ ગઈ...

સતાર ઝંખવાણો પડી ગયો...

એક ગુન્હેગારની નજરે જોઈ રહ્યો સત્તાર...

અને વિશાખા મદ્ભરી નજર સતાર પર નાંખીને મંદ-મંદ હસી... સતારને કંઈ સમજાયું નહીં...

'બુદ્ધુ...!' કહીને તોફાની નજર સતાર પર નાંખી દરવાજા



તરફ ભાગી અને સતાર કંઈ કહે કે વિચારે તે પહેલાં તો બંને કમાડ ધડાધડ બંધ કરી દઈ સાંકળ લગાવી દીધી - ત્યારે જ સતારને હાથ થઈ...

અને જયારે સતારની નજીક વિશાખા આવી ત્યારે તેના શરીર પર માત્ર ચણિયો અને બ્લાઉઝ હતા...

સતાર તો વિસ્ફારિત નેત્રે જોઈ જ રહ્યો!

વિશાખાની આટલી બધી હિંમત!

મનોમન તે વિશાખાને બિરદાવી રહ્યો...

'આવ... મારી... છમ્મકછલ્લો...' કહેતો સતાર બેઠો થવા જાય તે પહેલાં તો તેના પર વિશાખા ઝૂકી ગઈ...

સતાર હજુ યથાવત ગરમ હતો... તેણે તો બંને બાહુમાં વિશાખાને જકડી જ લીધી... વિશાખા ઊંહકારા ભરતી રહી... ત્યાર... બાદ...

ખૂદ વિશાખાએ જ તેની બાજુમાં લંબાવ્યું... અને એક માદક અંગડાઈ લીધી...

શું જોઈ રહ્યો હતો સતાર!

ખુદ વિશાખા જ તેને આમંત્રણ આપી રહી હતી...

અને...

સતારે સહર્ષ સ્વીકારીપણ લીધું.

વિશાખાએ તેની કુંવારી કાયા સોંપી દીધી.

બે દિલ એક બન્યા !

બે શરીર એક બન્યા !

બંને પ્રેમી-પંખીડા પરમસુખ માણી રહ્યા...

અદકા સંસાર-સુખમાં ડૂબી ગયા....

સમયની પણ પરવા કર્યા વિના... બંને અતૃપ્ત હૈયા તૃપ્તી અનુભવવા લાગ્યા...

તોફાને ચઢેલો સતાર શાંત થયો... ત્યારે તે હાંફી રહ્યો હતો... અને વિશાખા... !

સતારના બાહુપાશમાંથી નીકળતા માગતી ન હોય તેમ તેને જકડી રાખ્યો હતો.

ત્યારે,

સૂરજ પશ્ચિમ આકાશ તરફ ડૂબવાની તૈયારી કરતો હતો... દૂર દૂરથી પક્ષીઓનો મીઠો કલરવ સંભળાતો હતો... અનુ

ધરતીની વિદાય લઈ સૂરજ આથમી ચૂક્યો...

સતારે વિશાખાના અંગ-ઉપાંગો પર ચૂંબનો કરીને નવડાવી લીધી હતી... મુંઝવી દીધી હતી...

છતાં... પ્રિયતમના ચેડાં સહન કરતી વિશાખા પડી હતી.

આખરે, ... સતાર ઊભો થઈ ગયો...



વિશાખા પણ.. કપડાં સરખાં કરી ઊભી થઈ ગઈ... અસ્તવ્યસ્ત વાળને સરખા કરતી - દરવાજા તરફ ઉપડી... પણ સતારે તેને પકડી...

'છોડો..' કહેતી વિશાખાએ મીઠો છણકો કર્યો....' 'તમને તો બસ...' પણ તેના બોલતા હોઠ સતારના હોઠોમાં દબાઈ ગયા... તેની આંખો નીચી ઢળી ગઈ...

'વિશાખા...!' - તું તો હવે જશે પણ મારી રાત વેરાન બનાવી દેશે તારી યાદ... આનંદની ક્ષણો.... ક્યાંક તું મારાથી..

'નહીં સતાર... ! હવે આપણે કદાપિ અલગ નહીં થઈએ.... મારા પર વિશ્વાસ રાખજો... તમને હું વરી ચૂકી છું...'

- કહેતી તે સતારના બાહુપાશમાંથી છટકી અને સાડી પહેરતી બોલી; 'પરંતુ સતાર...!' તમે મને... છોડી તો નહીં દોને ?'

'વિશાખા...!' ચિલ્લાઈ ઊઠ્યો સતાર... !'પછી ક્યારેય પણ એવી વાત ના કરીશ... હું સદાય તારો જ છું... આ જન્મ તો શું જનમ જનમ સુધી તારો બનીને રહીશ... તારૂં સ્થાન મારા દિલમાં અકબંધ રહેશે... આજીવનમાં તો - મારા જીવનમાં તારા સિવાય કોઈ... કોઈ જ સ્ત્રી પ્રવેશી નહીં શકે... વિશાખા.. આઈ લવ યુ..!'

સતાર દિલગીર થતો બોલતો ગયો... તેના શબ્દોમાં ભારોભાર લાગણી પ્રદર્શિત થતી હતી... કંઈક શંકાથી તેણે ઉમેર્યું;

'વિશાખા... ! તું મારી ફિકર ન કરીશ... પરંતુ તુ તો એક

સંસ્કારી અને સિધ્ધાંતવાદી પિતાજીની પૂત્રી છે તેથી... તારા બાપને કુટુંબને લાંછન લાગે એ દહેશતથી કદાચ તુ મનસ્વીપણે નહીં પણ તારા પપ્પાની પસંદગીને અનુરૂપ થવું પડે તો.. ?... તારે બધા જ પ્રકારના વિચાર કરવા પડશે વિશાખા...?'

સતારને બોલવા દીધો...પછી તેની આંખોમાં તાકીને દ્રઢપણે વિશાખાએ કહ્યું;

'સતાર...!- કદાચ તમારી શંકા સાચી હશે - પરંતુ હું કંઈ નાની કીકી નથી કે મારા પપ્પાની પસંદગી પર આધાર રાખવો પડે..?..સમજ્યા ?હું મારા જીવનસાથીની પસંદગી મારી ઈચ્છા મુજબ જ કરીશ- અને એમાં મારા મા-બાપ કે સમાજ તેમાં આડખીલીરૂપ બનશે... તો... તો... હું કોર્ટે ચઢીશ.. પણ તમારા સિવાય મારા જીવનમાં કોઈ બીજા મર્દનુ સ્થાન નથી... તમારા સિવાય આ દુનિયાના બીજા ભાઈ-બાપ... મારા પર વિશ્વાસ રાખજો સતાર ! પણ...તમે ક્યાંક... '

'નહીં વિશાખા... મારા જીવનમાં હવે મારા સિવાય બીજું કોઈ નથી રહ્યું... અત્યાર સુધી તો હું એકલો-અટુલો...'

'એકલા-અટુલા... ?' વિશાખાએ આશંકાથી પૂછ્યું..., 'મતલબ.. તમારા બા...?'

'મારી બા ?... એ તો બિચારી ક્યારનીયે સ્વર્ગે સિધાવી છે.... જ્યારથી તું મારાથી વિખૂટી પડી ત્યારથી મારી મા પણ સળગતા ઘરમાં જીવતી બળી મરી... હજુ પણ મને નથી સમજાયું...



કે ઘર કેમ કરીને બળ્યું હશે ?... પણ હવે ? ... મારી મા નથી... મારી વહાલી વાંસળી પણ સળગતા ઘરમાં જલાવી દીધી હતી....'

'તો... તો... તમે હવે વાંસળી...?'

'ના. વિશાખા... હવે ક્યારેય મારા હાથમાં વાંસળી નહીં પકડું.. જ્યાં સુધી તુ મારા જીવનમાં સદાને માટે નહીં આવે ત્યાં સુધી તો નહીં જ...'

'સતાર... ! મને માફ કરી દો... મેં તમને વાંસળી વગાડવા મજબૂર કર્યા હશે - મારા જ કારણે તમારા જીવનમાં અઘટિત બનાવો બન્યા... મારા જ કારણે... મને માફ કરી દો સતાર ! મેં તો... મેં તો કેવા કેવા સ્વપ્ના જોયા હતા ? સતાર ! તમારી જિંદગીમાં પ્રવેશીને સાસુમાને આરામ આપીશ... તેમની સેવા કરીશ... અને એ... એ... મારા સ્વપ્નો સળગી ગયા ...?'

વિશાખા રડતી હતી.

સતાર તેને બાહુમાં જકડીને દિલાસો આપવા લાગ્યો... તેને હેત આપી દુઃખ ભૂલવાની શિખામણ આપવા લાગ્યો... પણ વિશાખા રડતી જ રહી...

'હું જાણું છું સતાર! ... તમે દુઃખ જીરવી ગયા છો અને ઈરાદાપૂર્વક હસો છો... તમારી ઉદાસિનતા મેં જોઈ છે... તમે મર્દ માણસ છો... પણ હું... તો એક સ્ત્રી છું... મને મારાથી થયેલ ભૂલથી... સાસુ ગુમાવ્યાનો રંજ રહી જશે... સતાર !'

'પાગલ... તુ તો એવી રીતે રડે છે કે - ચાલ હસ જો.'

તેણે વિશાખાની હડપચી પકડી તેના તરફ ઊંચી કરતાં બોલ્યો...; 'જો વિશાખા... હસ જો... હું હસું છું.. તુ પણ હસ... આવા આનંદની ક્ષણોમાં ભૂતકાળને યાદ કરી રડવું એ તો મૂર્ખામી છે... ચલહસ... હું તારી સાથે જ છું ને.. ? તારે શું ફિકર છે...?'

'સતાર ...!' અને વિશાખા સતારને ભેટી પડી - ઉત્સાહથી... અને હસી પડી વિશાખા - નિખાલસતાથી !

'આવ... વિશાખા... ! મારા હાથની ચ્હા પીને જા...!'

'શું કહ્યું ? તમારા હાથની ?'

'કેમ ?... મારા હાથની બનાવેલી ચ્હા તને પસંદ નથી?'

'ચૂપ... પગલા કહીંકા...' કહેતી વિશાખાએ સતારનો હાથ પકડી પલંગ પર બેસાડ્યો; 'તમે અહીં બિરાજો... હું ચ્હા બનાવી લાવું છું...'

અને સતાર બેસી પડ્યો.

વિશાખા ક્યાંક પાગલ ન થઈ જાય - ?... કેટલા વર્ષે મળ્યા છીએ ?.. અને વળી કેવા સંજોગોમાં ?... પણ... તેનો બાપ...? ... અમારા પ્રેમ-પ્રકરણની વાત જાણશે ત્યારે... ન જાણે શુંયે કરી બેસશે... કદાચ અમને હડધૂત કરી દેશે... વિશાખાને બીજે ક્યાંક લગ્ન કરી વળાવી દેશો તો... ? હું એના સિવાય રહી શકીશ...? હા.. કદાચ રહી શકત... જો નિર્દોષ પ્રીત હોત તો... પણ હવે તો... મર્યાદા પણ વટાવી ગયા છીએ પછીતો... તે પણ મારા



સિવાય કેમ રહી શકશે...?... જયાં સુધી કુંવારા છીએ ત્યાં સુધી તો હરગીજ નહીં... પણ વિશાખા જો કદાચ પરણી જશે તો તો મને યાદ પણ નહીં કરે... નફરત કરશે તો...?... મારે આવું નહોતું કરવું જોઈતું.. ક્યાંક ગર્ભ રહી ગયો તો...?... કોનો દોષ કાઢવો...? અને વળી વિશાખાના પપ્પા તો મેજીસ્ટ્રેટ... જેલના સળિયા ગણતો કરી દેશે તો ?... વિશાખાનું કશુંય ચાલશે નહીં... અને નાહકનો હું કુટાઈ મરીશ... કદાચ વિશાખા તેના પપ્પા સામે માથું ઊંચકશે ... પણ આખરે તો સ્ત્રી જાત ને ...? ક્યારે ફરી બેસે - કશું કહેવાય નહીં... ! અને હવે એક વખત સંસારસુખ માણ્યું છે એટલે હવે તો રોજનું થઈ પડશે... અને ભોગીનો પ્રેમ કદાપિ રહેતો નથી... હા ! કદાચ અમો કોરા જ હોત તો કદાચ લગ્ન સુધી છુપુ રાખી શકત... પણ હવે... ?'' - વિચારતો સતાર હતાશ થઈ ગયો.

તેને ક્યારનીયે જોતી ઊભી હતી વિશાખા... તેનું પણ તેને ભાન નહોતું... ચ્હાની ગરમ વરાળ નીકળતી હતી...

'સતાર ! શા વિચારે ચઢી ગયા ?'

'હેં.. કંઈ નહીં...' સતાર ચમક્યો : 'તેં નકામી તસ્દી લીધી...' કહેતાં તેણે ચ્હા પીવી શરૂ કરી... વિશાખાને પૂછવાનું પણ ભૂલી ગયો... અડધો કપ ખાલી કર્યો - ત્યાં અચાનક યાદ આવ્યું : 'અરે ! તેં તારા માટે રાખી કે નહીં ?' પણ વિશાખા તો હસતી જ રહી... 'હું પૂછું છું... સાંભળે છે કે નહીં ?'

'ખાઉધરા છો કે શું ?' વિશાખાએ નજરનુ તીર ફેંક્યું... સતાર મુંઝાયો... ચ્હા તો એંઠી કરી દીધી હતી... હવે... ?

સતારને મુંઝાતો જોઈ વિશાખા અકળાઈ : 'હવે અડધી તો મને આપો...?'

'પણ આ તો મેં...'

'ચૂપ. તમારી એંઠી ચ્હા જ હું પીવાની છું... અને એટલે જ હું ચૂપ હતી..' સતાર શું બોલે ?

'મારી એંઠી..'

'હા... ! આપણે આજથી એક તો થઈ ગયા છીએ..તન અને મનથી.. તો હવે એંઠી પીવામાં શો વાંધો છે ?'

સતાર કંઈ સમજે - કહે તે પહેલાં તો તેના હાથમાંથી ચ્હાનો કપ લગભગ ખૂંચવી - ઝૂંટવી જ લીધો અને મોંઢે માંડ્યો...

સતાર તો વિસ્ફારીત નેત્રે તાકી જ રહ્યો... શું કહે છે... વિશાખા...?

'એમાં આમ ટગર ટગર શું જુઓ છો ?'

'વિશાખા... ? મારા પ્રત્યેના પ્રેમમાં તું પાગલ તો નહીં બની જાય ને ?...'

'તમને આજે ખબર પડી.. ?' વિશાખાએ હસતાં જ કહ્યું પછી



ગંભીર વદને કહ્યું; 'હું તો વર્ષોથી તપસ્યા કરતી આવી છું.. સતાર ! ... હું આજે ખૂબ જ ખુશ છું...'

અચાનક બંને ચમક્યા...!

દૂર દૂરથી રેલવે છૂટવાની વિહસલ સંભળાઈ.

અને સતારના ઘરનાં કમાડ ખૂલી ગયા... સતારની પાસે જ ઊભેલી વિશાખા કંઈક ઊંડી દહેશતથી દૂર જઈ ઊભી..

પરંતુ કંઈ ગભરાવા જેવું ના લાગ્યું...

બારણામાં જ પૂનમ અને મનસુખ ફ્રેમ થઈને ઊભા હતા...

'આવ પૂનમ... મનસુખ ! તુ પણ આવ...' સતારે બંનેને આવકાર આપ્યો... વિશાખા થોડી ઝંખવાણી પડી ગઈ હતી...

'અરે વિશાખા ! કેમ ઉદાસ છે ? - મારા દોસ્તે તને કંઈ કહ્યુ તો નથી ને ? મનસુખે મશ્કરી કરી....'

'ચૂપ.... સામી વ્યક્તિની મનોદશાની તપાસ કર્યા વિના જ આરોપ લગાવો છો ?' પૂનમે મનસુખને ડાર્યો...

'ઉફ... મનસુખે ઉદ્‌ગાર કાઢ્યા : 'આઈ એમ સોરી મેડમ...! મને શી ખબર કે આપ વિશાખાનો પક્ષ લેશો?'

'જો પાછા...'

'તમે હવે બંધ કરો ઝઘડો' મનસુખને બોલતો અટકાવી સતાર ઉવાચ : 'અમારે બદલે તમારે ઝઘડવાની જરૂર નથી.' પછી મામલો પામી જતાં દ્વિઅર્થી વાક્યમાં બોલ્યો : 'આપ બંનેએ પધારીને અમારૂં ઘર પાવન કર્યું.. થેંક યુ'

અને સતારનુ ઘર હાસ્યથી ગુંજી ઊઠ્યું..

વિશાખાનું મ્લાનમુખ આનંદી ઊઠ્યું... તેની આંખો હસી ઊઠી... તેના ભૂખરા હોઠ ખેંચાયા અને... ! ગોરા ગોરા ગાલમાં ખંજર ખૂંપી ગયા...તેના ચહેરાને અનેરો ઓપ આપતો કાળોતલ પણ કયાંક ઊંડાણમાં ડૂબી ગયો... એ જોઈને મનસુખે મશ્કરી કરી...

'સતાર... ! તું ભાગ્યશાળી ખરો હોં..?'

'કેમ...?'

'આ જોને તને તો નસીબદાર છોકરી મળી છે...!'

'કેમ.. ? પૂનમે આંખો તાણતાં જ પ્રશ્ન કર્યો...'

'મારો મતલબ કે વિશાખાના ગાલમાં ખંજર પડે છે એટલે એ નસીબદાર છે અને વિશાખા સતારની જીવનસાથી બનશે... એટલે સતાર ભાગ્યશાળી તો ખરો ને ?'

'શુક્રિયા...' સતારે એકટીંગ કરી...

વિશાખા તો શરમના અંચળા હેઠળ દબાઈ ગઈ... તેનો કાળોતલ તો તો શરમાઈને ઊંડી ખીણમાં સંતાઈ ગયો...



'તમે બંને હવે મારી બહેનપણીને વધુ ના શરમાઓ....'

કહેતી પૂનમ વિશાખાના પડખે ઊભી... અને વિશાખા એ પૂનમની છાતીમાં મોં છૂપાવી દીધું - કંઈક લજ્જાથી...

ત્કહેતી પૂનમ વિશાખાના પડખે ઊભી... અને વિશાખા એ પૂનમની છાતીમાં મોં છૂપાવી દીધું - કંઈક લજ્જાથી...

ત્યારે ધરતી પર અંધારાં ઊતરી આવ્યા હતા... અને સૂરજ મહારાજ ધરતીની વિદાય લઈ આવતીકાલે ઉષારાણીને સાથે લઈ આવવાના વાયદા સાથે ક્યારનાયે ઊપડી ગયા હતા... અને પાછળ ધૂળની ડમરિયો ઊડાડતો પવન પણ કયાંય વિલિન થઈ ગયો હતો....

❖ ❖ ❖

# પ્રકરણ - બાર

'વિશાખા...! બેટા કેમ તું હમણાં હમણાંની અતડી રહે છે....?... તારૂં શરીર લુસ કેમ પડી ગયું છે... ?... તારો ખોરાક પણ હમણાંનો ઓછો થઈ ગયો છે... શું વાત છે બેટા...?'- વિશાખાની મમ્મીએ દીકરીમાં આવેલા ફેરફારને અનુલક્ષીને પૂછયું.

'તને એમ લાગે મમ્મી...' વિશાખાએ ચહેરો છૂપાવતાં જવાબ આપ્યો... પરંતુ તેના આ ઊડાઊ જવાબથી સંતોષી થઈ શકે એવી તેની મમ્મી નહોતી... વર્ષોથી મેજીસ્ટ્રેટની જીવનસાથી તરીકે રહેલી વિશાખાની મમ્મી પણ સામેની વ્યક્તિને શંકાની દૃષ્ટિથી જોતી હતી... પોતાની લાડલી દીકરી આમ એકાએક ખોવાયેલી ફરે તે એની નજરમાં ન આવે...?

'ના... દીકરી ! ... તું કંઈક છુપાવે છે... મારાથી, કહે બેટા.. હું તારી મમ્મી છું...'

'તું યે મમ્મી... નકામી મારી પાછળ પડી છે... મને કંઈ થયું નથી...' વિશાખાએ છણકો કર્યો....





'તુ જાણે ત્યારે.. !' કહેતી તેની મમ્મીએ પૂછવાનું માંડી વાળ્યું. પોતાની જ દીકરી પોતાને જ છણકો કરે... કેવી રીતે સાંખી શકે... ? પરંતુ લાડકોડમાં ઉછરેલી દીકરીને આમ નજીવી વાતોથી હેરાન કરવી હિતાવહ નથી - માનીને તેની મમ્મી ચૂપ થઈ ગઈ....

જ્યારથી વિશાખા અને સતારે શરીર સંબંધ બાંધ્યો ત્યારથી વિશાખાને ચેન પડતું નહોતુ... વારેવારે સતારને મળવાનું મન થતું હતું.. બચપણથી બાંધેલી નિર્દોષ પ્રીત ખીલતી કળીની જેમ ખીલી ગઈ હતી... કળી ફૂલ બની ગઈ હતી... અને એનો જવાબદાર - રસ ચૂસતો ભમરો હતો... -સતાર ! અને એક વખત રસનો સ્વાદ માણી ચૂકેલો ભમરો ? વારંવાર એ જ ફૂલ પર આવવા લલચાતો હતો... અને એ ચેડાં ફૂલને પણ પસંદ હતા...

પણ બિચારા ભમરાને ક્યાંથી ખબર કે ફૂલની ચારે તરફ કાંટા વિખરાયેલા છે... ક્યારેક તો નડશે જ...

કૉલેજમાં ક્યારેક નજર ટકરાઈ જતી - તો વિશાખાની પાંપણો લજ્જાના ભારથી ઢળી જતી... અને સતારના મુખ પર હાસ્ય ! - સતારથી નજર છૂપાવવાની વિશાખાની ચેષ્ટા પૂનમથી અજાણ ન રહી..

તેણે એક વખત પૂછી જોયું પણ વિશાખાએ નન્નો ભણ્યો.

બંનેના સ્વભાવમાં આવેલા ફેરફારથી મનસુખને પણ અચંબો થયો - 'મારા બેટાઓ ! જયાં સુધી મળ્યા નહોતા ત્યાં સુધી તો અમારી સામે કેવા હસતા હતા... ? અને જ્યારથી બંનેને ભેગા કર્યા છે- અમને અળગા જ રહેવા દે છે... સાલો સતારિયો મતલબી

છે.. એ એકલો જ કેમ ? -વિશાખા પણ અમારાથી પણ છૂપા - છૂપા મળે છે મારા વ્હાલા... મારે શું ? જાય બંને જહન્નમમાં...'

મન મનાવીને મનસુખ મોં બંધ રાખતો.

પણ પૂનમ !

એ તો જાણતી હતી કે ગમે ત્યારે વિશાખા તેના દિલની વાત મને કહેશે જ...

❖ ❖ ❖

રીસેસ પડતાં જ મનસુખે સતારનો હાથ પકડ્યો;

'ચાલ યાર ! ... આજે તો બાગમાં થોડું ફરી આવીએ.'

'કેમ... ? આજે કોઈ નવા બુલબુલને જાળમાં ફસાવ્યું છે કે શું...? સતારે ટોણો માર્યો..

પણ સતારના ટોણાને ગણકારે તો મનસુખ શાનો...?

બગીચામાં ઘાસની લોનમાં ચાલતા ચાલતા જ મનસુખે પ્રશ્ન કર્યો : 'સતાર ! એક પ્રશ્ન પૂછું...?'

'પ્રશ્ન - ? પૂછ... મને શો વાંધો છે ?...મારે જવાબ તો નથી આપવાનો ને ?'

'ઉફ... સાલા સતારિયા... ! મને બનાવે છે ?'

'કેમ... ? એમાં તને બનાવવાની વાત કયાં આવી ?'



'હું પ્રશ્ન પૂછું...અને તુ જવાબ આપ..

'પૂછ... ક્યા વિષયનો છે ?'

સતારને એમ કે અભ્યાસ બાબતનો પ્રશ્ન પૂછશે...

'મારો બેટો જબરો હોંશિયાર છે... સિફ્તથી નીકળી જાય છે.' વિચારમાં - મનોમન ચોપડી દીધી મનસુખે.. પછી કહ્યું...;

'પ્રશ્ન તો..., પ્રેમ-પ્રકરણનો વિષય છે...'

સતાર ચમક્યો... વળી પાછી શી ઉપાધિ કરી આવ્યો છે ? તેમ છતાં તેના મનના સંતોષ ખાતર પૂછયું : 'પૂછ... શું પૂછવું છે?'

'જવાબ સાચો જ આપીશ ને ?'

'તને શંકા છે ?'

'તો સાંભળ.. ! તુ અને વિશાખા - કેટલા દિવસ પહેલાં મળ્યા હતા..?'

'ત્યારે જ... તુ અને પૂનમ - મારી ઓળખાણ કરાવવા આવ્યા હતા... ?'

'જુઠ્ઠો'

'સાવ સાચી વાત... કહેતો હોય તો સોગંદ ખાઉં...?'

'કંઈ ખાવાની જરૂર નથી...'

'તો પછી તારે પૂછવાની શી જરૂર પડી ?'

'કેટલાંયે દિવસથી - મેં તને વિશાખા સાથે વાત કરતો જોયો નથી... જ્યારે ને ત્યારે - તને મેં દૂરથી જ સલામ કરતો જોયો છે.. મને વહેમ પડ્યો કે ક્યાંક બફાયું છે....'

'હું કંઈ સમજ્યો નહીં...'

'શું ના સમજ્યો ? - કે પછી મને સમજાવે છે ?'

'ના-ના દોસ્ત... પણ ખરેખર તારી વાત હું સમજ્યો નથી... તુ કહે છે કે કંઈક બફાયુ -'

'હા... મારો મતલબ કે વિશાખાએ તને કંઈ કહ્યું છે કે કંઈ દુઃખી કર્યો છે ?'

'ના દોસ્ત - કેમ ?'

'કેમ શું.. ? તમે આનંદ-કિલ્લોલથી રહેતા કેમ નથી ?'

સતારે ન જાણે કેવા અર્થમાં જવાબ આપ્યો - તેની મનસુખને ખબર ન પડી... છતાં તેણે પૂછયું :

'તો પછી... તને શરમ આવે છે ?'

'શાની...?'

'બુધ્ધુ... તને વિશાખાને મળવાનું દિલ થતું નથી..?'

'થાય છે ને ....'



'તો પછી મળતો કેમ નથી...?'

'ઓહો ... તુ મૂરખ છે...'

'હું કે તુ...?'

'જો મનસુખ... ! ખોટી મગજમારી કરે છે... પ્રીત કરી છે... એટલે શું - તેને આમ જગજાહેર ઊઘાડી કરી દેવી - ? થોડું રોકાઈને સતારે ઉમેર્યું : 'પ્રીત તો જેટલી છૂપી રહે એટલી સારી.. બહુમાં કંઈ મજા નથી...'

'તો પછી તુ છૂપી રીતે મળ- ?'

'કયાં -?'

'તારે ઘેર...?'

'પણ... મનસુખ... ! મારે ઘેર તો... તુ જાણે છે કે મારા પડોશી કેવા છે ? - કોઈનું સુખ તેઓ સાંખી શકતા નથી... અને વળી હું કુંવારો- પાછો યુવાન... એટલે મારા ઘેર કોઈ યુવાન છોકરી આવે... કે તરત જ વાત ચર્ચાય... અને એ બીકે તો બિચારી વિશાખા... ન પણ આવે...'

મનસુખને હવે જ સમજાયું... કે સતાર તો ઘણોયે તલસે છે પણ સંજોગો તેને મળવા દેતા નથી.. વળી પાછા... વિશાખા મેજીસ્ટ્રેટની દીકરી... અને એની મમ્મી... તો ! એના મેજીસ્ટ્રેટ બાપથીયે સવાયી છે... રજનું ગજ કરીને તેના પપ્પાને ભરાવે એમાંનીછે... મનસુખ વિચારમાં પડી ગયો... આ બન્ને તડપતા હૈયાને કેવી રીતે ભેગા કરવા ?

અચાનક તેના દિમાગમાં ઝબકારો થયો.. અને મનસુખને ઝાટકો લાગ્યો.. તરત બોલી ઊઠ્યો :

'રે મૂર્ખ ! તુ મળી તો ન શકે - પણ કમ સે કમ વિશાખા પર લેટર તો લખ.. તેના દિલને પણ શાંતિ થાય... અને એ રીતે તુ તેને... લવલેટર દ્વારા મળી શકીશ...'

સતારને પણ આ વિચાર ગમી ગયો.. લગભગ ઊછળી જ પડ્યો મનસુખ પર.

'વાહ મારા દોસ્ત.. તેં તો.. જબરો આઈડીયા બતાવ્યો... તારી બુધ્ધિ તેજ ચાલે છે. હોં...'

'બુધ્ધિ તો તારી પણ તેજ ચાલે છે... પણ તને વિશાખાને મળવા સિવાય - બીજા વિચારો કરવાનો સમય જ ક્યાં મળે છે... ? ... પ્રીત... એવો રોગ છે કે જે માણસને એ રોગ લાગુ પડ્યો કે - માનો પાગલ જ થયો સમજો...'

'પણ અલ્યા - મનસુખ! લેટર તો હું લખું પણ એ લેટર વિશાખાને હાથોહાથ આપતાં તો હું પકડાઈ જાઊં..'

'એની ફિકર તુ ન કરીશ...આ તારો દોસ્ત બેઠો છે ને ?'

'તો શું - તુ એ લેટર આપીશ.'

'ના.... તારા જેવો હું મુરખ નથી - સમજ્યો ?...પૂનમ છે ને ?... પહોંચાડી દેશે...'

'તો...તો...સાલા તું યે પૂનમ સાથે ક્યાંક...?'



'ચૂપ. એની ચર્ચા અત્યારે નહીં... પછી ક્યારેક...'

'વાહ ભાઈ... તેરી બી ચૂપ ઔર મેરી ભી ચૂપ... કેમ ?'

'હં... હવે સમજ્યો... પાગલ !'

'પાગલ જ છું મનસુખ... વિશાખાની પિછાણ નહોતી થઈ ત્યારે પણ..., અને પિછાણ્યા બાદ પણ હું પાગલ થઈ ગયો છું... તુ જાણે છે મનસુખ... ! ... મારી જિંદગી વિશાખા છે.'

'હા... દોસ્ત...' સતારને ઊંડો ઊતરતો જોઈ તેને હળવો કરવા ખાતર ઉમેર્યું : 'પણ યાર... તમને ભેગા કરવામાં જેનો વધુ પડતો ફાળો છે - એવા હું - અને પૂનમ... નો આભાર પણ માનવાનુ ભૂલી બેઠા તમે તો... કંઈક તો ઈનામ આપ..'

મનસુખ હસી પડ્યો... સતાર પણ.

'આપ બંનેનો ખુબ ખુબ આભાર... બસ !'

'માત્ર આભાર ? ઈનામ કંઈ નહીં...?'

'મળ્યું તો ખરૂં...'

'શું...?'

'વિશાખાની સખી - પૂનમ !'

'ચૂપ.'

અને હળવી ક્ષણોમાં તે બંને કોલેજમાં દાખલ થયા... તો... પૂનમ અને વિશાખા - કલાસમાં - બગીચા તરફની બારી આગળ

બેઠા હતા... ક્યારનાયે આ દોસ્તોને જોઈ રહ્યા હતા - અને હસતા હતા....સતારે મોં પર આંગળી મૂકી મનસુખને ચૂપ રહેવા જણાવ્યું.. અને બંને ચૂપકીદીથી પોતાની જગ્યા પર ગોઠવાયા... સતારે ત્રાંસી નજરે વિશાખાને તાકી...

વિશાખા પીઠ બતાવતી ઊભી હતી.

કમર સુધી લાંબો ચોટલો... પાતળી કમર પર ઝુલતો હતો...''

વાળની ગુંથણીમાં ભરાયો સતાર... કેટલી સુંદર છે તેની પ્રિયતમા...! પરભવમાં મેં કેવા કર્મો કર્યા હશે કે આવી સુંદર યુવતીના પ્રેમ પામી શક્યો છું...'

પીઠ પાછળથી પણ કેટલી સુંદર લાગતી હતી વિશાખા ! ભૂરા કલરના ચુડીદારમાં તેનું સૌંદર્ય ઓપતુ હતુ... તેની કાકડી જેવી કાયા જોઈને સતાર વિવશ બન્યો... ઘડીભર માટે તેને ઘરમાં માણેલી એ સુખદ પળ યાદ આવી ગઈ... આંખો બંધ કરી દીધી સતારે ! - તો તેની નજર આગળ વિશાખાના અંગ - ઉપાંગોના દર્શન થયા... તેણે તરત જ આંખો ખોલી નાંખી... તો !

પૂનમ તેની સામું જોઈ રહી હતી... વિશાખાની કાયાનું નિરીક્ષણ કરતા સતારની એકએક હલચલ વિશાખાને કહી સંભળાવતી હતી... અને અચાનક તેણે વિશાખાની કમરે ચૂંટી ખણી 'ઉઈ મા' કહેતી વિશાખાએ સતાર તરફ તીરછી નજર નાંખ...

સતાર છેહ ખાઈ ગયો... વિશાખાની આ રીતે જોવાનીછટા પર આફરિન થઈ ગયો... 'હાયે !' તેના મુખમાંથી સરી પડ્યું...



અને બાજુમાં બેઠેલો મનસુખ ચમક્યો !

'મારો બેટો મને ચૂપ રહેવાનું કહે છે ને એ પોતે.. તો' મનમાં ગણગણતા મનસુખે સતારનો પગ દાબ્યો... અને સતારે બ્લેક બોર્ડ તરફ નજર કરી તો પ્રાફેસર આવી ગયા હતા..

તેણે મનસુખના કાનમાં 'થેંક યુ' કહ્યું... અને મનસુખે 'ચૂપ' કહીને પ્રોફેસર સામે નજર માંડી.

❖ ❖ ❖

કોલેજ છુટ્યા બાદ - મનસુખે સતારને યાદ કરાવ્યું.

'સતાર ! મેં કહ્યું તે ભૂલતો નહીં હોં કે...?'

'શું...? અરે હા... ચોક્કસ...'

'તેં કહ્યું તે નહીં ભૂલું...' સતાર હજુ બેહોશ હતો.

'પણ શું નહીં ભૂલે...'

'તે કહ્યું એ...'

'ઉફ...' કહેતા મનસુખે સતારને ધબ્બો લગાવી દીધો... ત્યાં જ સતારનું દિમાગ ઠેકાણે આવ્યું...'

'હા... તુ... કહે તો ખરો...? શું કહેતો હતો...!'

'અક્કલના ઓથમીર! ... વિશાખાને લવલેટર લખવાનું ભૂલતો નહીં...' તેણે સતારનો કાન ખેંચ્યો...

'હા, નહીં ભૂલું.' સતારે ડોકું ધૂણાવ્યું.

'જાણે કે મારા લીધે - મારી ગરજે પ્રેમ કરતા હોય ?'

મનસુખ બબડ્યો... અને સતારે ડોળા કાઢ્યા.

❖ ❖ ❖



# પ્રકરણ - તેર

શહેરની સૂમસામ સડકને ચમકતી કરતી સ્ટ્રેટ લાઈટ ઝગમગી ઊઠી... અને રાત્રિ શરૂ થઈ... તારાઓના ટમટમથી - ભૂરૂ આકાશ અંધારામાં ડૂબી જઈને ભાત પાડેલા અંધાર પછેડા જેવું લાગતું હતું... પોતાનામાં શક્તિ પ્રમાણે પ્રકાશતા તારલીયા આકાશમાં રોફ જમાવતા હતા....

સતાર વાળુ - પાણી કરવામાં રોકાયેલો હતો... સ્નાન તો ક્યારનુયે પતાવી દીધું હતુ.

પેટ પૂજા કરી ત્યારે નવ વાગ્યાના ડંકા સંભળાયા.... પલંગ તો તેનો આખા દિવસ-રાત ઢાળેલો જ રહેતો... ! ઊનાળાની ગરમીમાં - રાત્રે અગાશી પર સૂતો હતો... પરંતુ હમણાં હમણાંનો તે નીચે-ઘરમાં જ પલંગ પર લંબાવતો હતો - કારણકે, પરીક્ષા નજીક આવી રહી હતી - તેનું વાંચન અને વળી, અગાશી પર સૂવા જવામાં તેની ઊંઘ બગડતી કેમકે : ખુલ્લા આકાશમાં ટમટમતા તારાઓ ગણવામાં જ અડધી રાત્રિ વિતાવી દેતો - પરિણામે સવારે મોડો ઊઠતો - તેને કોઈ ઊઠાડનારો નહોતું... અને તેથી કોલેજનો પહેલા પીરીયડમાં તે ભાગ્યે જ હાજર રહેતો... અને વળી

રાત્રે વાંચવાની તકલીફ... ઘરની અંદર તો લાઈટ હતી... પણ અગાશી ?...

સતાર પલંગમાં આડો પડ્યો...

ત્યાં,

અચાનક તેને યાદ આવ્યું... મનસુખે ભૂલવાનું નહીં કહેલું - યાદ આવ્યું... લવલેટર...!

હડફ કરીતે ઊભો થઈ ગયો... વળી પાછો બેસી ગયો. પત્ર લખવો કે નહીં - ની ગઢભાંજમાં પડ્યો... ક્યાંક અવળો અર્થ કરી બેસે તો ?... પણ મનસુખે આપેલી સહાયથી તે ઊભો થયો... કાગળ-પેન લીધા અને બેઠો લખવા...

“પ્રિય... વિશાખા !

કુશળ હોઈશ... જોઉં છું જ ને રોજ... ? તુ કુશળ રહે !

વિશાખા ! તું કદાચ મને પાગલ સમજીશ... પણ હા; છું જ ને... ? તારા પ્યારમાં પાગલ બની ગયો છું.... દિવાનો હવે મને તારા સિવાય એક પળ પણ રહેવુ ગમતું નથી... બસ.., તુ મારી સાથે હોઈશ - તો મારે માટે આખી દુનિયાનું સુખ આવી જશે... માત્ર તુ જ મારી સંપત્તિ છે વિશાખા !

આપણે બચપણમાં સાથે હરતા - ફરતા - રમતા.. બધું જ મને યાદ આવે છે... એ નિખાલસ પ્રેમ....! કેટલો આનંદમય હતો એ સમય....!



આખરે આપણે મળ્યા છીએ...

પરંતુ એક વખત આપણે મળ્યા - ત્યારબાદ તું તો જતી રહી - પણ મારા દિલમાં તો સદાય રહી ગઈ...

તને તારા સતારને મળવાનું પણ દિલ થતું નથી ? ... કે બસ... આમ જ મને તડપાવ્યા કરીશ.... ?... રોજ તારી નજરોને હું ખોળું છું... અને એક હાસ્યના લહેકા સાથે એ નજરો ઢળી પડે છે... જાણું છું... તારી લજ્જા - તને એમ કરવા પ્રેરે છે પરંતુ - સામે મારા દિલને તો ઓળખ.. ! વર્ષોથી તને મળવા તરસતો હતો.

મારી સાથે જ તુ બેસતી - છતાં હું ઓળખી નહોતો શક્યો.. કારણકે હું તો મારી પપ્પુ સિવાય કોઈ અન્ય છોકરી સામે જોતો પણ નહોતો... અને તેથી જ તુ મારા જ ક્લાસમાં ભણતી હોવા છતાં - તને ઓળખવા તસ્દી ના લીધી.

હા ! જયારે તુ મારા આંગણામાં ઉષારાણીની સાથે જ પધારી - ત્યારે તારો ચહેરો જોઈને જ હું પામી ગયો હતો...

તારા ગોરા ગોરા ગાલ પર તરતો કાળો તલ !

- એ નીશાની તો મારા હૃદય પર અંકાઈ ગઈ હતી... અને તેથી જ તો હું તારી સાથે શરત પણ જીતી ગયો હતો - યાદ છે તને ? ... મીઠી વાંસળીના સૂર... ?

તારા સિવાય મારી રાત વેરણ બની જાય છે... તારા પ્યારમાં હું ડૂબી જવા માગુ છું.. જાગું છું તો તારો ચહેરો યાદ આવે છે અને

ઊંઘુ છું... તો... તારા સ્વપ્ના...

જાગ્યા - ઊંઘવામાં હું ક્યાંક તને ભૂલી ન જાઊં એટલા માટે મેં આ પત્ર લખવાનું સાહસ ખેડ્યું છે... કેટલાય દિવસથી હું અકળાતો હતો - તને મળવા... અને મનસુખે મને આ માર્ગ ચીંધ્યો...

અને ! પત્ર વાટે તારા સુધી પહોંચી ચૂક્યો છું...

મારા ઘરમાં અનુભવેલી એ આનંદની ક્ષણોને યાદ કરતો પડ્યો છું.. પછી તુ ક્યારે આવે તેની વાટ જોઊં છું... આવીશ... તેની મને ખાતરી છે..

મારી વિશાખા...

મારો બોલ નહીં ઉથાપે... પત્ર જરૂરથી લખજે.

અને હા !

પછી તું કયાં મળીશ... તે મને જણાવજે... ક્યારે મળીશ ? હા.. બધુ જ લખજે પણ, મને વધુ તડપાવવાને બહાને વધુ સમયનો વાયદો ન કરીશ, નહીંતર...

હું પાગલ થઈ જઈશ... વિશાખા... મારા મગજનું સમતોલપણું ગુમાવું તે પહેલા મળજે... અને આ પત્રની તારા મમ્મી-પપ્પાને જાણ ન થાય તે માટે વગે કરી દેજે.. નહીંતર તારા પપ્પાના હાથમાં આવી જશે તો મને જેલની હવા ખાતો કરી દેશે... માટે તુ કાળજી રાખજે...

બસ.. હવે વિરમુ છું.



તારા પત્રની વાટ જોતો રહીશ...

પ્રિય... હેતાળ... પ્રેમાળ... નખરાળી... મારી ફૂલછડી... વિશાખા.... ! જલદી પત્ર લખજે..

મને તો રસોઈ કરવાનો પણ હવે કંટાળો આવે છે... જ્યારથી તારા હાથની ચ્હા પીધી છે... બસ તારા હાથની ચ્હા પીવાનો ચસકો લાગ્યો છે.... વહુને જોવાનો મોહ રાખતી મારી મા તો સ્વર્ગે સિધાવી છે... પણ તેણે જેવી વિચારી હતી - તેનાથી પણ સવાયી વહુ મેં શોધી કાઢી છે એ... વાત માને કેમ કરીને કહું...!

ખરેખર વિશાખા !

મા હોત હોત તો તને જોઈને ફૂલી ના સમાત.

અને તને રસોઈ કરતાં તો આવડતુ જ હશે... ન આવડતુ હોય તો મમ્મી પાસે શીખી લેજે... નહીંતર! વહુ ઘરમાં ફરતી હોય અને તેનો ધણી રસોઈ કરે - કેવું લાગે !

મશ્કરી નથી કરતો...

જીવનસાથીની પસંદગી પણ એવી જ કરી છે મેં...

તુ તો સુખમાં ઉછરેલી છે એટલે કદાચ ઘરકામમાં કંટાળો આવશે... તુ માત્ર તારા હાથની રસોઈ જ મને ચખાડજે... બાકી બધું હુ પતાવી દઈશ.. મારા હાથે જ ! ઘરનાં કમાડ બંધ કરીને... તને દુઃખ પડવા નહીં દઊં... બસ હવે.. બહુ થયું... કયાંક તુ કંટાળી જઈશ... વાંચતાં...

એટલે હવે વધુ નથી લખતો...

ઘણુ લખવું છે... પણ મારો આ પહેલો પત્ર છે.. એટલે ખચકાઉ છું... ક્યાંક તુ એમ પણ માની બેસે...

'આંગળી આપવા જતાં - હાથ માંગે છે...' એટલે -

વધુ લખવા માટે તુ પત્ર લખીશ ત્યાર બાદ જ...

બસ.... આવજે... મારી વહાલી વિશાખા !

**લી. હંમેશા તારો દિવાનો**

**- સતારની મીઠી યાદ.**

પત્ર લખ્યા પછી ત્રણ - ત્રણ વખત વાંચી ગયો સતાર... અને પછી જ એક ખાલી પરબીડિયામાં ફીટ કરી દીધો... જેથી આડતિયાઓ ખોલીને વાંચીના શકે...''

અને સતાર પત્ર લખ્યા પછી જાણે કે મનનો બોજ હલકો થઈ ગયો હોય - તેમ ઊંઘી ગયો... નચિંત પણે... તેને હવે જ ખ્યાલ આવ્યો કે દિલનો બોજો હળવો કરવા માટે એક માત્ર સાધન - પત્ર છે....

સતાર ઊંઘી ગયો - વિશાખાના સ્વપ્નોમાં ખોવાઈ ગયો.

❖ ❖ ❖

કેટલી આશાએ આજે કોલેજમાં આવ્યો હતો સતાર ?... આનંદમાં હતો... નોટબુકમાં છુપાવેલી કાપલીને સંભાળીને લાવ્યો



હતો. જઈને મનસુખને આપી જોઈશ. પછી મારી વિશાખાનો પત્ર...! પણ સતારનો આનંદ ઊડી ગયો.

કલાસમાં જઈને જોયું તો - મનસુખ જ ન મળે... હતાશ થઈ ગયો સતાર... વઘાસીની ભાગોળ જેવુ મોઢું થઈ ગયું... ઢીલો થઈ ગયો... તેને આશા હતીકે મનસુખ આવશે - જરુર આવશે - થોડો મોડો આવશે...

પરંતુ મનસુખ ન જ દેખાયો.

વીલે મોંઢે લેક્ચર સાંભળતો બેસી રહ્યો...

પૂનમ અને વિશાખા પાસ-પાસે જ બેઠા હતા... છતાં તેમની તરફ નજર સુધ્ધાં નાખ્યા વિના બેસી રહ્યો.. સાહેબ શું કહે છે તેની પણ તેને ખબર નહોતી પડતી... સતારની હાલત જોઈને વિશાખા દુઃખી દુઃખી થઈ ગઈ હતી... તેનું મુખ પણ ઉદાસ થઈ ગયું...

પૂનમ તો બિચારી આ બન્નેની હાલત જોઈને હેબતાઈ જ ગઈ - ક્યાંક ગોટાળો કરીને તો નથી આવ્યા ને ? - બંનેની ચિંતા કરતી પૂનમનું ધ્યાન પણ સાહેબના લેકચર તરફથી ઊઠી ગયું... એકના ઉદાસ ચહેરાને લીધે ત્રણ ત્રણ ચહેરા ઉદાસ બની ગયા - એકાએક !

વિશાખા તો હવે વારે વારે સતારના મુખ સામે જોતી હતી પરંતુ સતાર તેના તરફ જુએ તો ને ?

પૂનમ તો વિશાખાનો રડમશ ચહેરો જોઈને ગભરાઈ જ

ગઈ... એક તો મનસુખ આવ્યો નહોતો અને સતારનો ચહેરો પડી ગયેલો જોઈ કંઈક અઘટિત બન્યા હોવાની શંકા જવા લાગી..

વિશાખા અકળાઈ રહી હતી - સતાર પર.

તેને દાઝ ચઢી.. આંખના ઈશારાથી પૂછવું હતું... પરંતુ સતાર તેના તરફ નજર કરે તો ને ? એ તો બિચારો વિચારમાં પડી ગયો હતો - કે હવે લેટર કોના દ્વારા મોકલવો - જો આજે આ લેટર નહીં પહોંચે તો... વધુ એક ચિંતાનો ઉમેરો થશે - અધૂરામાં પૂરું.. વિશાખા ખફા થશે એ ગનીમત.

વિશાખા -! ખરેખર ખફા થઈ હતી.... મારી સામે કેમ જોતો નથી... માત્ર એક નજર પણ કેમ કરતો નથી મારા તરફ કે પછી ગરજ મટી ગઈ કે શું ? કે - મારામાં કોઈ ઉણપ હશે કે પછી મેં કોઈ ભૂલ કરી છે - ના. તો પછી સતાર મારી સામે જોતો કેમ નથી... ? હમણાં.. રીસેશમાં મળીને વાત કરી લઈશ... મોઢામોઢ સંભળાવી દઈશ... તમે તમારા મનમાં શું સમજો છો ? ... વિશાખા કંઈ ગાથડ નથી કે તમારી નજર પારખી ના શકે સમજ્યા ... ? મારી સામે એક વખત તો જોવું જોઈએ ને ? ... કે પછી તમે સાવ ડરપોક જ રહ્યા ? - વિચારતી વિશાખા ચમકી !

લાંબો બેલ વાગ્યો.... અને રીસેશ પડી.

છોકરા-છોકરીઓ ટોળામાં બહાર નીકળી ગયાં... માત્ર સતાર જ કલાસમાં બેન્ચીસ પર માથું ગોઠવીને હતાશ થઈ બેઠો હતો... સૌથી છેલ્લા નીકળવા જતી પૂનમનો હાથ પકડી વિશાખા થોભી



ગઈ.. તેની સાથે પૂનમ પણ...!

બંને સખીઓએ એકબીજાને આંખમાં ઈશારાથી પ્રશ્ન - જવાબ કરીને કંઈક સમજયા... અને ધીમે પગલે સતારની પાસે આવી ઊભા... સતારની આંખો મીંચાયેલી હતી. પાછળ ઉભેલી વિશાખા અને પૂનમ એકબીજાને આંગળી કરી સતારને જગાડવા મથામણ કરવા લાગ્યા.

પૂનમ ઈશારો કરી કહેતી હતી - વિશાખા ! સતાર તારો પ્રેમી છે તું જ જગાડ..

અને વિશાખા ઈશારાથી કહેતી હતી - પૂનમ ! સતાર મારો પ્રેમી ખરો - પણ મને એમને જગાડતા શરમ આવે છે.

કલાસમાં શાંતિ પથરાઈ જતા સતાર એકદમ ચમક્યો !

તો ક્લાસ આખો ખાલી હતો...

છોકરીઓની બેન્ચીસ તરફ નજર કરવા ગયો અને તેને ફરી આંચકો લાગ્યો...

જેની અત્યાર સુધી વાટ જોઈ રહ્યો છે... જેનાં સ્વપ્નાં સેવ્યા છે... જેને પ્રેમનો સંદેશો પહોંચાડવા આતુર છે... એ... એ સુંદરી તો તેની પીઠ પાછળ ઊભી છે.. ! સ્તબ્ધ થઈ ગયો સતાર !

'સતાર ! તમાર દોસ્ત મનસુખ કેમ નથી આવ્યા ?' પૂનમે વાત ચાલુ કરવાના ઈરાદાથી પૂછયું...

'મનસુખને ! એ હરામખોર આજે ગેરહાજર રહીને મને બેચેન બનાવી દીધો છે..'

'કેમ ?.... મનસુખે એવુ તે શું...' પૂનમ પૂછવા જતી હતી ત્યાં જ સતાર વચ્ચે ટપક્યો :

'તેણે તો ઘણું બધુ કર્યુ છે...' અને સતાર આગળ બોલવા જાય ત્યાં - તેનું વાક્ય અધૂરૂ મૂકી કાપતી વિશાખા ટહુકી... ચારે તરફ પડધા પડ્યા... સતારને લાગ્યું કે બાજુના બાગમાંથી કોયલ ટહુકી ;

'મનસુખે ગમે તે કર્યુ હોય.... પણ અમે તમારૂં શું બગાડ્યું છે... તે આવ્યા ત્યારના અમારી પર નજર પણ કરતા નથી... ?' વિશાખાએ ઠપકાભરી નજરે જોતા કહ્યું...

શું બોલે સતાર ... ! જેને મળવા દિવસ-રાત વેરણ બનાવીને આઈડીયા ઘડતો હતો - તે રૂપસુંદરી તેની સામે જ - એકદમ નજીક ઊભી હતી - બોલતી બંધ થઈ ગઈ સતારની કંઈક કહેવા જતી જીભ ઉપડી ન શકી.. તેણે થોથવાઈને હાથમાં રહેલી નોટ વિશાખાના હાથમાં પકડાવી દીધી...

'લે વિશાખા... ! મારી નોટમાંથી થીયરી તારે વાંચવી હતી ને ? તે લઈ જા... કાલે પાછી આપજે...!'

'પણ મેં ક્યારે...?' કહેવા જતી વિશાખાને રોકીને સતારે ચલાવ્યું...' તેં માગી હતી એ નોટ મારી પાસે નહોતી...' તેણે ગોળો ગબડાવ્યો... પૂનમ આ બંનેની વાતો સમજી શકતી નહોતી



ત્યાં... અચાનક બે-ત્રણ છોકરીઓ ક્લાસમાં આવતી જોઈ વિશાખા ચેતી ગઈ...'હા-ના' કર્યા વિના તેની અન્ય નોટોમાં સતારની નોટ સરકાવી દઈને બહાર નીકળી ગઈ...

અને સતારને 'હાશ' થઈ...

'સાલા મનસુખા...! હું તારી ખેર નહીં રહેવા દઊં... તું આજે મને છેતરી ગયો છે... પણ હું તને એવો બનાવીશ... કે જિંદગીમાં કોઈને પણ બનાવવાનું વિચારીશ પણ નહીં...'

મનોમન ચોપડાવતો સતાર બેસી રહ્યો...

તેને એક વાતનો સંતોષ હતો કે તેનું કાર્ય નિર્વિઘ્ને પૂર્ણ થયું હતું - પછી જખ મારે છે દુનિયા...!'

❖ ❖ ❖

વિશાખાએ સતારની નોટબુક તો લઈ લીધી... પરંતુ તેને એ નહોતું સમજાતુ કે સતાર પાસે તેણે કોઈ થીયરીની નોટ માંગી નહોતી છતાં - મહાપરાણે નોટ શા માટે પકડાવી ?

કયાંક સતાર પાગલ તો નથી થઈ ગયા ને?

કે પછી મનસુખે તેમને ભરમાવ્યા હશે - બનાવ્યા હશે કે શું... ? મનસુખ પર ગુસ્સો ઠાલવતા હતા - કદાચ મનસુખના જ કારસ્તાન હશે... જે હોય તે...

હવે નોટબુક તો જોવી જ પડશે.

પહેલાં તો બગીચામાં જઈને જોઈ લેવાનું મન થયું... પરંતુ સાથે પૂનમ હતી - કદાચ પૂનમની હયાતીમાં સતારે છૂપુ રાખ્યું હશે... ઘરે જ જઈને જોઈ લઈશ....

પણ છતાં તેનુ દિલ ઝાલ્યું ન રહ્યું..

પૂનમથી છુટી પડી ત્યારે... નોટબુક ખોલીને જોઈ લેવાની લાલચ જતી ન કરી શકી.. નોટ ખોલી પણ અંદરતો કંઈનહોતું.

અચાનક તેની નજર નોટબુક પર ચઢાવેલ કવરમાં પડી... તેમાં કંઈક હતું... આજુબાજુ નજર કરી અંદર હાથ નાંખી કવર કાઢયું... અને !

કવરમાં બીડેલ કાગળ જોતાં જ આશ્ચર્ય પામી... વિશાખા ! ખોલીને જોયું તો.... 'પ્રિય વિશાખા'... અને તેના આનંદનો પાર ના રહ્યો.

❖ ❖ ❖



# પ્રકરણ - ચૌદ

'મનસુખ... ! ... બેટા મનસુખ...! ઊઠને ભાઈ... તારે કોલેજ જવાનું નથી...?' રઘનાથ કોલેજમાં જવા તૈયાર થઈ રહ્યા હતા - ત્યારે મનસુખના બેડ-રૂમમાં તેની મમ્મી તેને ઊઠાડી રહી હતી...

મનસુખ હજુ સુધી ઊઠ્યો નથી - તે જાણીને રઘનાથ પણ તેના બેડરૂમમાં પ્રવેશ્યા... 'કેમ મનસુખ !... હજુ ઊઠ્યો કેમ નથી...?'

પિતાજીનો અવાજ સાંભળી ચાદર ઓઢીને પડેલા - મનસુખે તરત જ ફેંકી દીધી - પરંતુ તેની મમ્મીએ તેના હાથ પકડયા - અને ? : 'અરે ! તને તો તાવ આવે છે કે શું ? ... આ જો ને તારૂં શરીર કેટલુ ગરમ થઈ ગયું છે...'

માતાની મમતા આગળ મનસુખ ઢીલો થઈ ગયો... પાછો સૂઈ ગયો... રઘનાથ પણ તેને કંઈ પણ કહ્યા વિના કોલેજમાં ઉપડી ગયા...

ખરેખર મનસુખ બિમાર થઈ ગયો હતો.

તેની મમ્મી તેના તરફ અનહદ મમતાથી પૂછી રહી હતી - 'બેટા ! રાત્રે બહુ ઊજાગરા કરતો ન હોય તો...?... મોડા સુધી વાંચે છે... અને સવારમાં વહેલા ઊઠીને કોલેજ જાય... એટલે શરીરને તસ્દી પડે જ ને ? ... મશીન થોડું છે કે તેને થાક ના લાગે... !' થોડું રોકાઈને ઉમેર્યું;

'બેટા ! ... તારા માટે મસાલા વાળી ચ્હા બનાવી લાવું છું... પછી... શાંતિથી સૂઈ જજે.. હું આપણા ફેમીલી ડૉક્ટરને ફોન કરૂં છું...'

ડૉક્ટરનો ઉચ્ચાર સાંભળી મનસુખ વહેલો ચેત્યો.

'અરે ! મમ્મી ! તું યે ખરી છે ને ? આ તો સામાન્ય તાવ છે... ડૉક્ટરને ના બોલાવીશ...' મનસુખને પહેલેથી જ ડૉક્ટર પ્રત્યે નફરત હતી... તેણે ઉમેર્યુ; 'મસાલાવાળી ચ્હા બનાવવી હોય તો... બનાવી લાવ...'

કહેતો ચાદર ઓઢીને પડ્યો હતો....

તેની મમ્મી ચ્હા બનાવવા રસોડામાં ઘૂસ્યા... મનસુખ મમ્મીના વિચારો કરતો પડ્યો હતો - 'મારી મમ્મી મને કેટલો પ્યાર આપે છે ?... પપ્પા ગમે તેટલી જોહુકમી ચલાવે પણ... મમ્મી ?.. તેમને પણ ડારે છે ... સતારની મા પણ એટલો જ પ્રેમ કરતી હશે ને ? બિચારો સતાર ! ... બધુ જ લુંટાઈ ગયું તેનું... મા-બાપ- ઘર- જમીન - બધું જ... અને છતાં જીવી રહ્યો છે.. દુઃખને ધોળીને પી



ગયો છે... કેવો દોસ્ત મળ્યો છે મને... ? પપ્પા પણ તેને કેટલો સહારો આપે છે... ?' એક ડાળી પરથી બીજી ડાળી પર કૂદકા મારતા મનને રોકવા ઘણું યે મથ્યો... પણ... હજુ એક ડાળ બાકી છે... પૂનમ ! કેટલી ગુણિયલ છોકરી છે... ?... મમ્મી તેને જુએ તો... ?...પણ પપ્પા... ! પોતાની જ વિદ્યાર્થીની સાથે - પોતાનો જ દીકરો ?... છતાં મમ્મી તો મારી જ છે ને ... ? સમજાવી દેશે.

ત્યાં,

'લે.. બેટા ઊઠ...'

મમ્મીનોઅવાજ સાંભળી મનસુખના વિચારો ઊડી ગયા હાથમાં ચ્હાનો કપ પકડતો બેઠો થયો....

' મનસુખ..!.. તારો દોસ્ત કેમ હમણાંનો દેખાતો નથી ?'

'કોણ...?...સતાર...?'

'મનસુખ તેની મમ્મી પર ફિદા થઈ ગયો...પારકા જણ્યાને તેણે પોતાનો કર્યો હતો.. જેટલી મારી ચિંતા કરે છે એથીયે વધુ તો સતારની ચિંતા કરતી ફરે છે...

'સતાર ! કદાચ એની દુનિયામાં ખોવાઈ ગયો છે મમ્મી ...!... મને તો એક દિવસ પણ તેને મળ્યા વિના ચાલતુ નથી... આજે કોલેજમાં મને નહીં જુએ - એટલે પાધરો જ અહીં આવશે... ગમે તેમ તોય મારો દોસ્ત છે ને ?' તેણે મમ્મી સામુ જોયું... તો નર્યુ વાત્સલ્ય નીતરતુ હતુ તેની આંખમાં...'

ચ્હા પીવામાં મન પરોવ્યું.

ત્યાં,

'આવ બેટા... ! તારી ઊંમર વધવાની છે... હમણાં જ તને સંભાર્યો હતો..

મનસુખ ચમક્યો.. નજર કરી તો સતાર હાંફળો-ફાંફળો દોડતો આવ્યો હોય તેમ - તેના ચહેરા પરથી લાગતુ હતુ...'

'આવ સતાર...!' મનસુખે આવકાર આપ્યો... પરંતુ તેના આવકારને ગણકાર્યા વગર સતારે મમ્મીને નમસ્કાર કર્યા... મમ્મીએ તેના માથે વાત્સલ્યથી હાથ મૂક્યો...અને રસોડા તરફ ચાલ્યા ગયા...એટલે,

'વાહ... મમ્મીના આશીર્વાદ ફળશે ખરા...'

'ચૂપ... બેવકૂફ... મને બનાવવા નીકળ્યો હતો - કેમ ?'

'કેમ - કેમ ?... શું થયું..? માંડીને વાત તો કર...?'

'શું... માંડીને વાત કરૂં... મારૂ કપાળ...?' થોડા ગુસ્સો કરતા સતારે ઉમેર્યું : 'તારી આશાએ તો... હું આજે કોલેજમાં આવ્યો હતો... અને ? - ' સતાર રોકાઈ ગયો...

દરવાજામાં ફ્રેમ થઈને - આવતા 'મનસુખની મમ્મી પર તેની નજર પડી અને... થોભી ગયો સતાર...!

'કેમ બેટા... ! આકળો થયો છે ?... શાંતિથી બેસતો



ખરો...? મનસુખની તબીયત જરા નરમ છે...'

સતારને મનસુખના પલંગ પર બેસાડતાં ઉમેર્યું : 'લે મસાલાવાળી ચ્હા...'

'હા... દોસ્ત....' ઝેર નથી ...મમ્મીએ મારા માટે બનાવી હતી... પણ તુ નસીબદાર તે મમ્મીના હાથની ચ્હા મળી....!'

મનસુખ મશ્કરી કરતો બોલતો હતો.

'તું એને અકળાવ નહીં મનસુખ...!... પાછો... એનો પિત્તો જશે તો ચ્હા પીધા વિના જ રીસ ચઢાવીને ચાલ્યો જશે.'

'ના... મમ્મી.... એમ હું રીસ નહીં ચઢાવું.. હા... રીસ ચઢાવું તો પણ મનસુખ પર...તમે મને ધક્કો મારીને બહાર કાઢો - તો પણ હું તો તમારા પગની 'ચરણરજ' લઈને જ જાઉં...' સતારની લાગણીભરી વાણી સાંભળી મમ્મીની આંખો ભરાઈ ગઈ.

'બસ... બેટા... બસ... મારા દીકરા...! વધુ ના બોલીશ... નહીંતર મારૂ હૃદય ફસકી પડશે...'

ગંભીર વાતાવરણને હળવુ કરવાનું કાર્ય મનસુખના હાથમાં હતું - તેના માથે જ આ હળવી જવાબદારી સોંપી હતી.

'બસ.. બસ.. હવે ! મા-દીકરો વાતે વળગશો.. તો આ બીજા નંબરના દીકરાને કોણ પૂછશે...?'

અને ત્રણેય લાગણીસભર વાતાવરણમાંથી મુક્ત બની હસી

પડ્યા... ખડખડાટ...

'હા.. બેટા... મારે માટે તો તમે બંને મારા જ દીકરાઓ છો... બંને સરખા...' મનસુખ અને સતારના માથે હાથ ફેરવતાં તેની મમ્મીએ કહ્યું.

'અરે ! પગલી...- એ બંને દીકરા તારા એકલીના જ નથી, પણ... એમાં મારો પણ ભાગ છે એ કેમ ભૂલે છે... એમ બંને દીકરાઓને એકલી જ પચાવી પાડવા માંગે છે.. તે એમ ન ચાલે...'

ત્રણેયની નજર દરવાજા બહાર ખોડાઈ... તો સામે જ રઘનાથ પ્રિન્સિપાલ આવી રહ્યા હતા... તેમની ચાલમાં જુસ્સો હતો... મનસુખ અને સતાર તો વિસ્ફારિત આંખોએ જોઈ રહ્યા હતા... તેની મમ્મી તો મંદ - મંદ હસતી રસોડામાં દોડી ગઈ.

દરવાજામાં ખોડાતા જ બોલ્યા :

'કયાં ગઈ તમારી પરગજુ મમ્મી...?' તેમણે લહેકા સાથે પૂછયું...

'એ..આ...આવી..?' મમ્મીએ પણ એવો જ લહેકો કર્યો.

'હેં..કોણ...?'

'તમારી... સહધર્મચારિણી...' કહેતાં રઘનાથની પત્ની હજુ પણ મંદ મંદ હસતા હતા... તેમના હાથમાં પાણીનો ગ્લાસ ભરેલો હતો... તે લઈ લેતાં -,

'થેંક્યું...માય ડીયર...'



'ચૂપ.' કહેતાં ભાગી ગયા... રસોડામાં

અને બેડરૂમમાં હાસ્યની છોળો ઊડી.. ત્યારે રસોડામાં થાળી પીરસવાનો ખડખડાટ થતો સંભળાતો હતો. થોડીવાર પછી, - જયારે કાર્ય સંપૂર્ણ થઈ ગયું... ત્યારે બેડરૂમમાં ડોકિયું કરીને જમવાનું આમંત્રણ આપ્યું.

સતાર થોડો ખચકાયો... પણ તેણે તો ઘણી વખત અહીં ખાધુ હતુ... તેથી થોડી આના-કાની પછી તે પણ સંમત થયો - અને ભરપેટ જમ્યો...

❖ ❖ ❖

કોલેજ છૂટી ત્યારે સતારથી છૂટો પડેલો મનસુખ કોલેજના દરવાજા આગળ સ્કૂટર લઈને ઊભો હતો... અને પૂનમને આવતાં જોઈ...

'ચાલ... પૂનમ ! હું તને ઘર સુધી છોડી જાઊં...'

'કોના ઘેર ?'

'કેમ...?' તારા જ તો વળી... બીજા કોના ઘેર...?

'ના - ના હું જતી રહીશ... તમારે તકલીફ લેવાની જરૂર નથી...' પૂનમ મનસુખને ટાળવા માંગતી હતી.

'એમાં તકલીફ શાની...? ...ચાલ ને...?'

'ના...ના.. તમારી સાથે આવુ તો લોકો કેવી વાતો

કરે ?... હું નહીં આવું...'

'ઉફ.. તને લોકોની પડી છે...?'

'હા, લોકો આપણી વાતો કરે... મારી આબરૂનું શું... મારી તો ઠીક પણ તમારા ફાધરની...'

'બસ...બસ.. હવે. આગળ એક શબ્દ પણ નહીં - હું કહું છુ ચાલ મારી સાથે..'

'એટલે તમે મને બળજબરીથી સાથે લઈ જશો...?'

'હા.'

'કેવી રીતે...?'

'ઓહો... ચાલ ને પૂનમ... ? પ્લીજ...'

'હં... હવે ઠેકાણે આવ્યા ને ?' કહેતી પૂનમ મનસુખની પાછળ ગોઠવાઈ... તેને ખબર જ હતી કે જરૂર કોઈ કામ હશે - નહીંતર મનસુખ મને આગ્રહ કરે જ નહીં ને...? એટલે રસ્તા વચ્ચે ઊભા રહ્યા કરતાં તેની પાછળ ગોઠવાઈ ગઈ - કંઈક સંકોચ - અને શરમથી...

મનસુખ કંઈ નાલાયક નહોતો - કે તેની સાથે કંઈ ચેડાં કરે... અને એટલે જ - પૂનમ વિશ્વાસથી તેની પાછળ બેસી ગઈને? - થોડી દૂર... વેંતેકનું અંતર રાખીને...

પા' કલાકમાં તો તેનું ઘર પણ આવી ગયું.



મનસુખ રસ્તામાં ચૂપ જ રહ્યો હતો.. પૂનમ પણ. પૂનમ સામા માણસના વિચારો જાણીને વાત કરતી હતી- તેથી જ્યાં સુધી મનસુખ મોં ના ખોલે ત્યાં સુધી તે ચુપ રહી.

સ્કુટર ઊભુ રહેતાં પૂનમ ઉતરી પડી... 'ચાલો'

'એ...તો તું નહી કહેતો પણ હું આવવાનો જ.'

કહેતો મનસુખ પણ તેને અનુસર્યો.

સોફાસેટ પર બેસતાં વેંત જ કંઈક કહેવા જતો મનસુખ અટકી ગયો.

'શું લેશો...? ... ગરમ યા ઠંડુ ?' પૂનમે પૂછ્યું.

'મતલબ ?'

'મારો મતલબ કે - ગરમ ચ્હા લેશો કે ઠંડુ પીણુ...?'

'બાપ રે ! હું તો શું યે સમજ્યો હતો...?'

'હું જાણું છું..'

'જાણતા હો તો - આ ગરમીમાં ચ્હાનું શું કામ પૂછો છો... ઠંડુ જ આવવા દો-'

'અચ્છા...? - મને એમ કે આપ -' પણ આગળના શબ્દો રસોડામાં ડુબી ગયા.. અને મનસુખ હસતો હતો.

થોડીવાર પછી રસોડાના દરવાજામાંથી પૂનમ તેના તરફ

આવતી દેખાઈ - મનસુખ હજુયે અનિમેષ નજરે તેને નિહાળી રહ્યો હતો...

'શું જુઓ છો..? - મને જોઈ નથી.'

મનસુખ ઝંખવાણો પડી ગયો... કંઈ બોલ્યો નહીં... ટામેટાનું જયુસ બનાવી લાવી હતી પૂનમ.. 'લ્યો.. છાના માના પી જાઓ.. કંઈ પણ બોલ્યા વગર...'

પૂનમનો હુકમ છૂટ્યો અને મનસુખે 'થેંકયુ' ની સાથે જ ગ્લાસ મોંઢે માંડ્યો... એક - બે અને ત્રીજે ઘૂંટડે તો ગ્લાસ ખલાસ !

બીજો ગ્લાસ -પૂનમના હાથમાં યથાવત હતો... 'લો...'

'કેમ ? - મને મારી નાંખવો છે ?'

'ચૂપ. તમને તરસ લાગી છે - એટલે...'

'મને રસ પીવાની તરસ નથી લાગી પૂનમ ?... મને તો...મને તો... મનસુખ થોથવાયો.. ચૂપ થઈ ગયો.

'કહો ને ? કેમ ચૂપ થઈ ગયા...?'

'કંઈ નહીં - અમસ્તો જ...'

પૂનમે પણ આગ્રહ ના કર્યો.. તે જાણી ચૂકી હતી - અને તેથી જ ...કદાચ પોતે શરમાઈ જશે - એ બીકે ચૂપ રહી.

'અરે ! ગ્લાસ પકડી કેમ રાખ્યો છે ?... પી જાને...?'



'તમારે નથી પીવો...?'

'ના...'

પૂનમ ઉદાસ થઈ ગઈ...

'તમને મારા સોગંદ છે..'

છક્ક થઈ ગયો મનસુખ...પૂનમ કયા અધિકારથી સોગંદ ખાઈ રહી છે ? - તેને ચોક્કસ ખાતરી હશે કે હું તેના સોગંદ પાળીશ...?.. તેણે પૂનમના ચહેરા સામું જોયું.. તો પૂનમ હાથમાં પકડેલા ગ્લાસ સામે જોતી - નીચી મુંડીએ બેસી રહી હતી... મનસુખ વિચારમાં પડી ગયો... થોડો ખમચાયો... પછી ઉમેર્યુ : 'પણ તો પછી તું શું પીશ...?'

'હું...' પૂનમે ઊંચી નજર કરી - અને ઢાળી દેતાં બોલી - હું અડધો ભાગ પાડીશ...'

'તો લાવ - ગ્લાસમાં રેડી દે...' મનસુખે તેનો ખાલી ગ્લાસ આગળ ધર્યો... પૂનમે ગ્લાસમાં રેડવાને બદલે આખો ગ્લાસ જ આપી દીધો... તેની પાતળી આંગળીઓ પર મનસુખના હાથના આંગળા દબાયા... પૂનમે હાથ પાછો ખસેડવાની ચેષ્ટા ન કરી... તેની નજરો નીચે ઢળી ગઈ હતી.

'પૂનમ ! મારી સામે તો જો...?'

પરંતુ પૂનમે ન જોયું... મનસુખ તેના તરફ થોડો ખસ્યો - અને તેની હડપચી પકડી ઊંચી કરી તો...?

પૂનમની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસતો હતો... મોટાં મોટાં ફોરાં જેવા આંસુ વહેતા હતા... મનસુખને કંઈ સમજાયું નહીં... તેણે હાથરૂમાલ વડે પૂનમના આંસુ લુછયા...તો... પૂનમથી એક ડૂસકું નંખાઈ ગયું...

મનસુખ કંઈ સમજી શકતો નહોતો...

બાહ્ય દેખાવે તો પુનમ સુખી લાગતી હતી... સદાયે હસતી રહેતી પૂનમના દિલમાં પણ કંઈક દર્દ છે... તે... તો આજે જ જાણ્યું...

તેને સહારો આપવા માટે જ તેણે - ગ્લાસ એક તરફ મુકીને બે હાથ વડે પૂનમનો ચહેરો પકડી તેની નજરમાં નજર પરોવવા વ્યર્થ પ્રયત્ન કરવા લાગ્યો... કારણકે પૂનમની આંખો તો બંધ હતી અને આંસુની ધાર અવિરતપણે વહેતી હતી...

'પૂનમ...?' કહેતા મનસુખે તેનાં બાવડાં પકડીને હચમચાવી - અને પૂનમે મનસુખ તરફ પડતુ મૂક્યું.. મનસુખ ઝંખવાણો પડી ગયો... તેણે પૂનમને રડવા દીધી.

થોડી ક્ષણો સુધી તેને બાહુમાં જકડી રાખીને તેને દિલાસો આપતો રહ્યો... મનસુખની છાતીમાં તેના ડૂસકાં સમાય ગયા... પછી,

'પૂનમ... ? કેમ આ એકાએક આંસુ...?'

'ઓહ....સોરી... આઈ એમ વેરી વેરી સોરી મનસુખ... મને સમયનું ભાન ન રહ્યું-' પૂનમ વાતને છૂપાવતાં બોલી; 'લો... આ ગ્લાસ... તમે અડધો રસ પી જાવ.. પછી હું બાકીનો પીશ...'



મનસુખને લાગ્યું - કે હવે જો વધારે પૂછીશ તો વળી પાછી પૂનમ રડી પડશે - એથી તેણે અડધો ગ્લાસ પી લીધો - અને બાકીનો રસ પૂનમને આપ્યો...

પૂનમે યથાવત ગ્લાસ લઈ મોંઢે માંડ્યો - અને એ પણ નજરો નીચી ઢાળીને...

પૂનમ કંઈક સ્વસ્થ થઈ... બાથરૂમમાં જઈને મોં ધોઈ આવી... પછી... એ જ હસતો ચહેરો...!

મનસુખ સ્તબ્ધ થઈ ગયો... આ ક્યા પ્રકારની યુવતી છે ? ક્ષણવાર પહેલાં તો... અને અત્યારે... ?

'પૂનમ... કેમ એકાએક તને રડવુ આવ્યું...?'

'મનસુખ...! એ વાત હું તમને પછી કરીશ...અત્યારે મારી હિંમત ચાલતી નથી - અને તમારાથી છૂપાવવા પણ નથી માગતી... કોઈક વખત...' અને તેનો ચહેરો રૂદનમિશ્રિત બનતો જોઈ મનસુખે વાત બદલી...

'પૂનમ...? હું અહીં શું કામ આવ્યો છું... તને ખબર છે ?'

'ના... મને ક્યાંથી ખબર...? હું કાંઈ ભગવાન છું ?'

'તો સાંભળ... મેં સતારને વાત કરી છે કે 'વિશાખાને તુ લવલેટર લખજે... તારો ભાર હળવો કરજે... અને એ લેટર મને સોંપી દેજે - એટલે હું પૂનમને આપીશ...તારો લેટર પહોંચી જશે'... એટલે હું તારી પાસે મદદ માગવા આવ્યો છું જો તું તૈયાર હોય તો હું આગળ પગલું ભરૂં... તારી ઈચ્છા ન હોય તો... તને વાંધો હોય, તો...'

'ના...ના... મનસુખ ! તમારે મદદ માગવા આવવાની જરૂર નથી.. હુકમ જ કરવાનો હોય... જાવ.. તમે નચિંત પણે લેટર લાવજો... કોઈને પણ જાણ નહીં થવા દઉં... ' કહેતી પૂનમ છટાથી ટટ્ટાર બેઠી.

મનસુખ ખુશ થઈ ગયો....

'મને તારા પર વિશ્વાસ હતો જ...'

'તો પછી પૂછવા શું કરવા આવ્યા...?'

'છતાં તારૂં મન તો પારખવું જોઈએ ને ?'

'આહા... જોયા ના હોય તો મોટા પારખવા વાળા...' અને બંને હસી પડ્યા.. પછી મનસુખે ઘેર જવા રજા માગી - અને પૂનમે હસતા વદને 'આવજો' કહીને વિદાય આપી.

ત્યારે મનસુખ વિહ્વળ થઈ ગયો હતો... પણ પછી મન મનાવીને સ્કુટર મારી મૂક્યું... દૂર સુધી તેની પાછળ પૂનમની નજરો પીછો કરતી રહી... અને મનસુખ અદશ્ય થઈ ગયો...

અને પૂનમે એક ઊંડો નિઃસાસો નાંખ્યો.

ઘરના દરવાજા બંધ કરી અંદર ચાલી ગઈ.

❖ ❖ ❖



# પ્રકરણ - પંદર

સોનેરી કિરણો ફેલાવતો સૂરજ ખાસ્સો ઊંચો ચઢી ગયો હતો... પક્ષીઓનો મીઠો કલરવ કર્ણપ્રિય લાગતો હતો... ઊનાળાની સવાર ! ... દૂર દૂરની વનરાજીમાં કોયલના ટહુકા સંભળાતા હતા... નજીકના સરોવરનાં કિનારે ચારો ચરી રહેલા સારસોના અવાજો... ક્યાંક ગગનમાં સમાઈ જતા હતા...

શહેરની કોલેજમાં પણ શાંતિ પથરાઈ ગઈ હતી... વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓ શાંત - ચિત્તે બેસીને લેકચર સાંભળી રહ્યા હતા...

અન્ય શહેરમાં - કે અન્ય કોલેજોમાં ઘણા ખરા વિદ્યાર્થીઓ ધાંધલ - ધમાલ કરતા નજરે પડે છે...કેટલાક ભણતા હોય છે - તો કેટલાક ફરતા હોય છે... જાણે બગીચામાં ફરવા નીકળ્યા હોય...

પરતું જે કોલેજના પ્રિન્સિપાલ રઘનાથ હોય - એ કોલેજોમાં - કોઈપણ પ્રકારની ધાંધલ - ધમાલ થતી નહોતી.. રઘનાથનો સ્વભાવ પણ એવો જ હતો - માયાળુ... કોઈપણ વિદ્યાર્થીને સ્નહેભાવથી સમજાવી તેને આદર્શ બનાવી દેવામાં અજોડ હતા...

કોઈપણ પ્રકારની સમસ્યા તેઓ સિફતથી હલ કરી દેતા... અને એટલે જ તો તેમની કોલેજ યુનિવર્સિટીમાં આદર્શનું ઉદાહરણ પુરૂ પાડી - નામના મેળવી ચૂકી હતી.. ને ?

વિશાખા આજે ખુબ જ ખુશ દેખાતી હતી... તેની નજર વારેઘડીએ સતાર પર મંડાતી હતી... પરંતુ સતાર ભાગ્યે જ તેના તરફ નજર નાંખતો... છતાં - વિશાખા ખુશ હતી... સતારના શુભહસ્તે મરોડદાર અક્ષરોમાં લખાયેલ પત્ર વાંચીને... સતાર પર આફરિન થઈ ગઈ હતી... વિચારતી હતી વિશાખા - કદાચ સતાર મારી સામે જોતાં શરમાતા હોય - કે પછી આબરૂ જાળવી રાખવા માટે જ મારી ઉપેક્ષા કરતા હશે - અરે ! કદાચ મારી સામે જોતા હશે - ચોરી છૂપીથી ! - પણ મારી નજર પડતાં મુખ ફેરવી લેતા હશે...

તેણે સતારનો પત્ર વાંચીને તરત જ વળતો લેટર પણ લખી દીધો હતો - અને પૂનમને સોંપી દીધો હતો... તેણે પૂનમને પૂછયું; ‘પૂનમ... ! પેલો લેટર ...?’ ચૂપકીદીથી પૂછયુ હતું...

પૂનમે પણ આંખના ઈશારાથી તેને ધરપત રાખવા જણાવ્યું.

રીસેસ પડતાં જ પૂનમે - ઈશારાથી મનસુખને બાગમાં બોલાવ્યો... પૂનમ અને વિશાખા પણ અગાઉથી જ જઈને બેઠા હતા... મનસુખને આવતો જોઈ પૂનમ ઊઠીને તેના તરફ આગળ વધી. વિશાખા તો હવે મનસુખની પણ શરમાતી હતી... કારણકે તે વિશાખા - સતારના પ્રેમપ્રકરણનો સાક્ષી હતો... અને એટલે જ વિશાખા તેનાથી નજર છુપાવતી હતી. છતાં ત્રાંસી નજરે તેણે પૂનમની પીઠ પાછળ નજર નાંખી...



પૂનમ અને મનસુખ મહેંદીના છોડના ઓથે ઊભા હતા... લગભગ પાંચેક મિનિટ સમય લાગ્યો... વિશાખાએ તેમના પગ તરફ નજર નાંખી અને ! ...છક્ક થઈ ગઈ વિશાખા...

પૂનમનો જમણો પગ મનસુખના પગ ઉપર દબાણ કરતો હતો... તેને હજુ કયાં ખબર હતી કે બાળપ્રેમીને ભેગા કરાવનાર આ યુગલ પણ પ્રીતની દોરીએ બંધાઈ ચૂકયું હશે ... ?... વિશાખાની નજર નીચી ઢળી ગઈ - કંઈક લજ્જાથી...- અમસ્તી જ...!

થોડે દૂર ચાલતી આ પ્રીતની રીલ પૂરી થઈ ગઈ... મનસુખ ખિસ્સામાં વ્યવસ્થિત પરબીડિયુ ઘુસાડતો કોલેજ તરફ ઉપડ્યો... અનુ પૂનમ વિશાખા તરફ...

પરંતુ...

પૂનમ વિશાખા સુધી પહોંચે તે પહેલાં જ -,

કોઈક મવાલી છોકરાએ તેને રોકી... તે ક્યારનોયે જોઈ રહ્યો હતો... તેનું શરીર પણ કંઈક મજબૂત હતું... કસરતબાજ લાગતો હતો... લગભગ પોણા છ ફૂટની ઊંચાઈવાળા આ યુવાન તરફ પૂનમનું ધ્યાન પણ નહોતું..

‘એ ય છોકરી...ઊભી રહે...’

પણ પૂનમે તેના તરફ એક નજર નાંખી... અને ગભરાઈ ગઈ હોય તેમ.... ઝડપથી ચાલવા લાગી... પરંતુ, એ યુવાને તેનો હાથ પકડતાં કરડાકીથી કહ્યું;

'એય છોકરી... ! સાંભળતી નથી...?'

'છોડ... મને... છોડ...'

'અરે ક્યાં જાય છે મારી છમકછલ્લો... ! મારા હાથમાંથી કયાં છટકવાની છે... ?' કહેતાં તેણે પૂનમને આંચકાથી તેના તરફ ખેંચી...

'ઊઈ મા...' કંઈક હિમ્મત એકઠી કરી ચિલ્લાઈ ઊઠી :

'મનસુખ...'

બગીચાના દરવાજા સુધી પહોંચેલા મનસુખે પાછળ જોયું... અને ! સ્તબ્ધ થઈ ગયો...

વિશાખા પણ પૂનમની બૂમ સાંભળી ઊભી થઈ ગઈ...અત્યાર સુધી તે નીચી નજર ઢાળી બેઠી હતી... તે પણ લગભગ દોડતી પૂનમ તરફ આવી...

મનસુખની આંખોમાં ખુન્નસ ઊભરાયું... અને દોડ્યો... પૂનમની નજીક આવી તેનો હાથ પકડી બોલ્યો; 'એય... બબુચક... છોડી દે આને..'

'કેમ...? તારે આની સાથે શું લેવા-દેવા છે?'

'કહું છું છોડી દે...' મનસુખનું લોહી ઊકળી ઊઠ્યું....

'અને ન છોડું તો...!' મવાલી અડગ રહ્યો.. તેના હાથમાં પૂનમનો હાથ મજબુતાઈથી પકડાયો હતો... તેનો હાથ દુઃખવા



લાગ્યો... હાથ છોડાવવા પ્રયત્ન કરતી રહી...

'હરામખોર... એક વખત કહું છું છોડી દે...' મનસુખ હજુ પણ ભલાસથી બોલતો હતો...

'કેમ ...?.. આ તારી બહેન થાય છે...?'

અને મનસુખનો પિત્તો ખસ્યો... તેના દાંત ભિંસાયા... આંખોમાં ખુન્નસ છવાયુ... ગુસ્સાથી શરીર ધ્રુજવા લાગ્યું..

વિશાખા કઠપુતળીની માફક ઊભી હતી... પોતાની જાતને દોષ દેતી હતી... શું કરવું કંઈ સમજાતુ નહોતું..

ત્યાં... મવાલીનો હાથ પૂનમના હાથ પર વધુ દબાયો અને પૂનમના મુખેથી ચીસ નીકળી ગઈ - 'મ...ન...સુખ...!'

ઢીસુમ...

મનસુખનો જમણો હાથ એકાએક હવામાં અધ્ધર ઊંચકાયો અને પેલા મવાલીના જડબા પર પછડાયો... જોરદાર મુક્કો લાગવાથી મવાલી જમીન પર પછડાયો.. અને પૂનમ પણ એક તરફ ફંગોળાઈ ગઈ.. તેનો હાથ પકડી વિશાખાએ ઊભી કરી....

જમીન પર પછડાયેલા મવાલીએ મનસુખ પર આંધળો હુમલો કર્યો.. પણ મનસુખ સ્ફૂર્તિથી એક તરફ ખસી ગયો - અને મવાલીનો ઘા ખાલી ગયો... વળતો પ્રહાર કરવા તે તૈયાર થાય તે પહેલાં તો મનસુખનો પગ તેની પીઠ પર પડતાં - મવાલી ગડથોલિયું ખાઈ ગયો...

પરંતુ એ મવાલી કદાવર હતો - અને ધાર્યા કરતાં વધુ ખતરનાક નીકળ્યો...

મનસુખ તેને મારવા માટે આગળ વધ્યો... અને હાથ ઉગામી તેના પર પ્રહાર કરવા જતો હતો - એજ હાથ મવાલી એ પકડી લીધો.. અને બીજા હાથે મનસુખના પેટમાં ઉપરા ઉપરી ત્રણ ચાર મુક્કા લગાવ્યા.. મનસુખ બેવડ વળી ગયો... છેલ્લો મુક્કો તેના જડબા પર પડ્યો અને મનસુખ જમીન પર પછડાયો...

જીવલેણ લડાઈ જોઈ વિશાખા ભાગી કોલેજ તરફ... ક્લાસમાં જઈઆવી - સતાર ન મળે.. વળી પાછી ભાગી... ઓફીસ તરફ... તો ત્યાં જ તેને સતાર ભટકાઈ પડ્યો - કંઈક કામ અર્થે ઓફીસમાં ઘુસેલો સતાર નીચી મુંડીએ બહાર નીકળવા જતો હતો - ત્યાં જ,

તેની સાથે ભટકાઈ... કંઈક ઝંખવાઈ જતાં વિશાખા પડતાં પડતાં રહી ગઈ... સામે સતાર ઊભો હતો... અરે ! વિશાખા ... ! તુ...!

'સતાર... જલદી કરો... મનસુખ... મનસુખ...' વિશાખા વધુ કંઈ ન બોલી શકી - અને ભાગી બગીચા તરફ...

સતારે દૂરથી નજર કરી - તો...! શું જુએ છે ?...

અને એ પણ ભાગ્યો બગીચા તરફ.. જોયું તો પેલો મવાલી... હજુ પણ મનસુખને ટીપી રહ્યો હતો... અને પૂનમ બુમો મારતી હતી... સ્ત્રી - બીજું શું કરી શકે...?...



'હરામજાદા...' સતારની આંખોમાં અગ્નિ ઝર્યો અને..! ઢીસુમ... ઢીસુમ... થાડ... થાડ... ઢીસુમ...

મવાલીના મુખમાંથી આહ - નીકળી ગઈ... તે પણ જમીન પર પછડાયો.. સતાર મનસુખને ઊભો કરવા લાગ્યો... ત્યાં, મવાલી ચેત્યો... સીફતથી ઊભો થઈ ગયો... અને સતારનું ગળુ પક્ડ્યું....સતાર ભૂરાયો બન્યો...

તેણે મનસુખને પડતો કર્યો... અને બે હાથ વડે પેલા મવાલીની બોચી પકડીને... હવામાં અધ્ધર... ઉછાળ્યો... અને ફંગોળ્યો... મવાલીના હાડકાં ભાંગી ગયા...

'વિશાખા - તમે મનસુખને સંભાળો... હું આ સાલાને મેથીપાક ચખાડું...' કહેતાં ઊપડ્યો સતાર... મવાલીનો કોલર પકડી ઉભો કર્યો.. અને તેના પેટમાં... પેઢુમાં... ઊપરા ઉપરી મુક્કા લવાવવા લાગ્યો.. મારીમારીને અધમૂઓ કરી નાંખ્યો... અને પછી લાત મારીને ધકેલ્યો..

'હરામખોર...! તારી આ હિંમત..? મારા ભાઈને નિર્દય રીતે મારતા તને શરમ ન આવી...? તારૂં...કચુંબર કરી નાંખીશ...સમજ્યો...?...જા ભાગ... નહીંતર...'

અને મવાલી... જીવ લઈને ભાગ્યો... પાછળ ફરીને જોયું પણ નહીં.. સતાર મનસુખ પાસે આવ્યો...

'મનસુખ...!... તને વધુ તો નથી વાગ્યુ ને ?... મારો બેટો.. મજબૂત હતો...' કહેતાં સતારે મનસુખને બેઠો કર્યો...

મનસુખ હાંફતો હતો... તેના પેટમાં મુક્કા વાગવાથી ઢીલો થઈ ગયો હતો...

'સાલો... નમાલો.. પાછળથી ઘા કર્યો હતો... નહીંતર સાલાને જીવતો ના છોડત...' કહેતો મનસુખ ઊભો થયો... કપડાં પર ચોંટેલી ધૂળ ખંખેળતો બોલ્યો - 'પૂનમ...! તુ એને ઓળખે છે...?'

ડોકુ ધૂણાવતી પૂનમની આંખમાં આંસુ હતા... 'મનસુખ... તમે મારી ઈજ્જત બચાવવા જીવની પણ પરવા ન કરી... હું... હું... આપની..'

'અરે ! પગલી... તુ તો શું... પણ બીજી કોઈ છોકરી હોત તો પણ તેની ઈજ્જત બચાવવા મનસુખ પોતાની જાનની પરવા કરે એવો નથી....'

સતાર મનસુખનાં વખાણ કરવા લાગ્યો...

'હા... સાંભળો... આ ઝઘડાની વાત કોઈએ મારા ફાધર - કે કોઈને પણ કહેવાની નથી... આ ઝઘડો માત્ર - આપણે ચાર જ જાણીએ...' અને મનસુખ સ્વસ્થ થયો.

❖ ❖ ❖

ભૂરા આકાશમાં ગરમ કિરણો અર્પતો સૂરજ તપતો હતો... તડકાથી બચવા માટે પક્ષીઓ - અને પશુઓ છાંયડો શોધી ક્યાંક ભરાયાં હતાં... માનવજાત પણ કોઈ લીમડાના છાંયડે ખાટલો ઢાળી



પડ્યા હતા- તો કેટલાક ઘરમાં ઠંડક મેળવતા હતા... સવારમાં ફરવા નીકળતા - ખોરાકની શોધમાં ફરતા ગધેડા - શહેરી ગધેડા અને ગાયો પણ કોઈ ઊંચા મકાનના છાંયડે... કે... મોટા ઘટાદાર વૃક્ષ નીચે જમાવીને કેટલાક બેઠા હતા.. તો કેટલાકને જગ્યા ન મળવાથી ઊભા હતા... શેરીના કૂતરા પણ લાંબી જીભ મોંમાં ફેરવતા ... લાળ પાડતા... તો ઘડીમાં - જમીનનો ખાડો કરીને ઠંડક મેળવવા મથતા - બેઠા હતા.

સતારના ઘરમાં આંગણે ન તો કોઈ વૃક્ષ હતુ કે ન તો છાંયડો - એટલે ઘરના કમાડ આડા કરીને ઘરમાં જ પલંગ પર લંબાવ્યુ હતું વિચારતો હતો...

મનસુખ અને પેલા મવાલીને શું દુશ્મની હતી...? પૂનમ તો બિચારી કંઈ જાણતી નહોતી - તો પછી પૂનમ અને મનસુખ ત્યાં... બગીચામાં એકાએક કેમ ભેગા થઈ ગયા... ? .. કોઈ બીજું કારણ હશે... ? ... કે પછી... પણ તો પછી મનસુઅ મને છોડીને એકલો જ બગીચામાં કેમ ગયો હશે... ?... પૂર્વાયોજીત હશે - કે - અનાયાસે જ મળી ગયા હશે...?

વિવિધ પ્રકારના તર્ક-વિતર્ક કરતો... તાળો મેળવતો બંધ આંખો કરી પડ્યો હતો...

વિશાખા કેમ આજે ખુશ દેખાતી હતી..?... મારો પત્ર વાંચ્યો હશે ? - કે પછી તેનું ધ્યાન જ નહીં ગયું હોય...? તેની મમ્મી ચાલક છે... તેનાથી છુપાવવા ખાતર જ તેણે કદાચ મને પત્ર લખ્યો જ નહીં હોય... લખે પણ કઈ રીતે...?

સતારનું મન ચગડોળે ચઢ્યું... ક્યારેક નીચે તો - ક્યારેક ઊપર... તેને શું બાધા પડી હતી- કે પત્ર લખે ?... વિશાખાએ કદાચ મારા પત્રને હસી કાઢ્યો હશે... ?... પાગલ જ છું ને હું...? મનસુખે કહ્યુ અને મેં લખી દીધો.. શું કામ ?... નહોતો લખવો જોઈતો... વિશાખા કદાચ પત્રને બાળી નહીં મૂકે તો - ?.. ક્યારેક કયાંક જાણ્યું છે કે છોકરીઓ પોતાના પ્રિયતમના પત્રને કદાપિ બાળી નથી મૂકતી... તેમને શંકા હશે કે - રખે ને ક્યાંક પ્રિયતમ આડો ફાટે અને તેને છોડી દેશે..

તો પછી વિશાખાને મારા પર વિશ્વાસ નહીં હોય ?...

એક ડાળી પરથી બીજી ડાળી પર કૂદકા મારતો સતાર વિચારમાં જ નિદ્રાધીન થયો... ઠંડક વળી...

અને ત્યાં જ,

તેના ઘરના કમાડ ખોલી તેનાપલંગ પર આવીને મનસુખ ક્યારે બેઠો - તેનીયે તેને ખબર ન પડી... મનસુખે કંઈક વિચારીને તેને ઢંઢોળ્યો તો... સતાર !

'અરે ! વિશાખા...તુ... આમ એકાએક જ...કેમની આવી...? મને જાણ તો કરવી હતી...?'

સતારની ગાંડીઘેલી બોલી સાંભળી મનસુખ ખડખડાટ હસી પડ્યો - સતાર બબડતો હતો...તેની આંખો હજુ પણ નિદ્રામાં ઘેરાયેલી હતી... પણ જ્યારે મનસુખે તેને ચૂંટો ભર્યો ત્યારે જ તે ભાઈસાહેબની આંખો ખૂલી...અને મનસુખને જોઈને હેબતાઈ ગયો.



'અરે ! મનસુખ...તું ?' સતાર થોથવાતાં બોલ્યો.

'કેમ ?... તને વિશાખા દેખાય છે...?'

'ઊફ... તું યે ખરો છે ને ?... ક્યારે આવ્યો..?'

'બેવકૂફ... બારણાં ખૂલ્લાં મૂકીને સૂએ છે તે કોક'દિ તારા ઘરમાં ચોર ઘૂસી જશે - તો યે તને ખબર નહીં પડે... સમજ્યો ? ઊંઘણસિંહ....'

'બસ.. બસ.. હવે... કેમ આવ્યો તે કહીશ ?'

'આહા... જાણે કે હું તારા માટે જ નવરો છું. તે તારા માટે કોઈ કામ કરી આવું...?'

'ના - ના એવું હું ક્યાં કહું છુ.. ગધેડા...'

'હા... ભાઈ હા... અમે ગધેડા જ છીએને કે તમારી છૂપી ટપાલ આપવા અહીં સુધી ધક્કા ખાઈએ...'

'જો ભાઈ... તુ સીધી વાત કર...'

'સીધી તો વાત છે...' મનસુખ હસ્યો... 'પાગલ એટલું યે નથી સમજતો...?'

'પણ તું કંઈ કહે તો સમજું ને ?' સતાર બાધા ચકવા જેવો થઈ ગયો...

'તો...તો..તું ક્યારેય પ્રીતમાં સફળ નહીં થાય...'

'અરે ! પણ... તું...પ્લીજ - મનસુખ... સીધી વાત..'

પણ તે આગળ બોલે તે પહેલાં જ તેના હાથમાં પરબીડિયું મૂકતાં મનસુખ બોલ્યો : 'લે... તારી ટપાલ... તારી વિશાખાની...' અને તે હસી પડ્યો...

વિશાખાનો લેટર જોઈ સતાર ખુશ થઈ ઊઠ્યો : 'થેંક યુ દોસ્ત.. થેંક યુ..' કહેતો તે મનસુખને થાબડવા લાગ્યો.

'અલ્યા... એય... મારો વાંહો દુઃખે છે... તે તને ગમ્મત પડે છે..? બસ ચાલ... બહુ થયું...'

'અરે હાં... હું તારા જ વિચાર કરતો હતો...' સતારને ઝઘડાની યાદ આવી ગઈ.. બોલ્યોઃ 'મનસુખ !... તેં મને કોઈ વાત તો કરી જ નહીં. અને પરભારો જ ચાલ્યો ગયો... તારે ને પેલા મવાલીને ઝઘડો કેમ થયો હતો...?'

'અચ્છા... તો સાંભળ... હું તારો લેટર - જે વિશાખાએ લખ્યો હતો તે, પૂનમના ઈશારાથી બગીચામાં લેવા ગયો હતો... અને લેટર લઈ પાછો વળ્યો ત્યારે જે મેં પૂનમની ચીસ સાંભળી... મારો બેટો કહેતો'તો કે હું બધું જ જાણું છું... મવાલી !.. વાત વાતમાં ઝઘડાના વિચારમાં હું તને લેટર પણ આપવાનું ભૂલી ગયો હતો... સોરી યાર...'

'ઓહ ! તો તો - આ બધું મારી - અને વિશાખાની લીધે જ બન્યું... બરાબર... હવે સમજ્યો...!'



'હવે સમજ્યો હોય તો કંઈક કર હવે...' અને મનસુખ હસી પડ્યો...સતાર સમજી ગયો અને ઠંડુ પીણું પીવડાવ્યું...

થોડી ઈધર-તીધરની વાતો કરી મનસુખ રવાના થઈ ગયો... અને સતાર ! ... આનંદના અતિરેકમાં ડૂબી ગયો.

મનસુખના ગયા પછી... તેણે બારણાં બંધ કરી સાંકળ લગાવી દીધી... અને પાછળ પડતી બારીના અજવાળા આગળ બેસીને પરબીડિયું ફોડયું...

પત્ર કાઢી વાંચવા લાગ્યો...

''પ્રાણ પ્યારા પતિ - સતાર,''

તમને કદાચ આશ્ચર્ય તો થશે જ કે... મેં તમારા નામ આગળ 'પતિ' સંબોધન વાપર્યુ છે... તમને થશે કે મેં 'પ્રિય' નહીં - 'પ્રિયતમ' નહીં - 'વહાલા' નહીં - અને 'પતિ' જ કેમ લખ્યું...?

પણ વહાલા સતાર... ! તમે માનો-કે-ના માનો... દુનિયા માને-કે- ના માને... પણ મેં તો તમને મારા માન્યા છે. આજથી જ તમે મારા પતિ છો - અને હું તમારી પત્ની...!... તમે મારા નાથ છો... પતિ એટલે તન-મન-ધનથી તમને પરણી ચૂકી છું સતાર ! પછી દુનિયાના રીવાજ મુજબ તમે મને પરણવા આવો ત્યારની વાત ત્યારે ! હું દુનિયાના રીવાજ માં માનતી નથી..

દુનિયા - ભલે મને ધુત્કારે... પણ હું તો તમારી જ બનીને રહીશ...'પતિ' - કેટલો મીઠો અને સહિષ્ણુતાનો અનુભવ કરાવતો

શબ્દ છે...? 'મારા પતિ' - તમે નહીં માનો સતાર કે, આ શબ્દ સંબોધનમાં વાપરતાં મને કેટલો આનંદ થાય છે... !... મારા અંગેઅંગમાં એકમીઠી મુંઝવણ ઉત્પન્ન થાય છે... કંઈક શરમથી મારી નજર આ શબ્દ સામે ઝૂકી જાય છે...

તમે મારા પતિ છો સતાર ! - જીવનસાથી !

તમે મને જ્યારે નોટબુક પકડાવી ત્યારે તો હું ગભરાઈ જ ગઈ હતી - કયાંક આપનુ મગજ ચસકી નથી ગયું ને...? પણ જ્યારે તમારો પત્ર જોયો કે - મારા આનંદનો પાર ના રહ્યો... મારૂં જ મગજ ચસકી ગયું...

ખરેખર ! સતાર ... ! હું તમારી પ્રીતમાં પાગલ બની ગઈ છું એમ થાય છે કે... ! ના નથી કહેવું.... પાછા તમે કહેશો...'પગલી !'

મને પણ તમને મળવાનું ઘણું જ દિલ થાય છે.. તમને મારા મુન્ના - તરીકે પરખ થઈ ત્યારે તો હું આનંદના અતિરેકમાં એટલી તો ડૂબી ગઈ હતી - કે ના પૂછો વાત...

પણ શું કરૂ સતાર !

સંસારની દીવાલો એટલી ઊંચી છે કે તેને કૂદીને કેમ કરીને આવું... ? તમે લખ્યું છે કે - વાયદો લાંબા સમયનો ના કરીશ...

પરંતુ સતાર !

તમે ના લખ્યું હોત તો પણ હું તમારા સિવાય એક દિવસ પણ



રહી નહીં શકું... એક પળ પણ તમારાથી અલગ રહેવાની શક્તિ હવે મારામાં નથી...

તમારા દિલની વાત હું ન સમજું એટલી હું હવે નાદાન નથી... મારૂં દિલ હવે મારું નથી... મારૂં શરીર પણ મારૂં નથી રહ્યું... સતાર ! - મારા તન-મન પર માત્ર તમારો જ અધિકાર છે સતાર... અને એટલે જ તો મેં તમને મારા પતિ માન્યા છે.

પતિ-પત્ની બન્યા પછી જે સુખ ભોગવવાનું છે - સુહાગરાત...! - એ તો આપણે ભોગવી ચૂક્યા છીએ... મારી કુંવારી-કાયા તમને સોંપી દીધી - પછી તમને પતિ - કહેવાનો અધિકાર છે કે નહીં... ? - મારૂં સર્વસ્વ લૂંટાવી દીધું છે મેં ... સ્ત્રીની સંપત્તિ તેનું શીયળ છે - અને તેને આપને હવાલે કરી દીધું...

સતાર...! તમે કોઈ પણ પ્રકારે મને તરછોડવા માંગશો - તો પણ હું તમને નહીં છોડું... તમારો પડછાયો બની તમારી સાથે ચાલીશ - સુખમાં પણ અને દુઃખમાં પણ...

કદાચ તમારી મા - અરે ! તમાર જ કેમ ? મારા મા - સાસુમા જીવતા હોત તો... હું કુંવારી પત્ની બનીને તમારી માના આશીર્વાદ લેવા જરૂર આવત.. પરંતુ... મા...!

તેમનો સ્વર્ગવાસ ! - મારા મનમાં ડંખે છે સતાર !

અને હા !... તમને મારા હાથની બનાવેલી ચ્હાનો ચસકો લાગ્યો છે ને...?... તો મારા જ હાથની ચ્હા બનાવી તમારો એ ચસકો સંતોષીશ... આખી જિંદગી !

પણ!

મ્હાના બહાને તમે મને મેળવવા ઈચ્છો છો ને...? હું જાણું છું સતાર... બહુ લુચ્ચા છો તમે...!

ખોટું લાગ્યું ?... આઈ એમ સોરી...

રસોઈ કરતાં કંટાળો આવે છે. ? ... વાહ ! બહાનું જબ્બર બનાવ્યું છે.... હું નહોતી મળી ત્યારે નહોતા કંટાળતા ?... લુચ્ચા કહીંકા...!

પણ નારાજ ના થશો...

હું તમારા જેવી નથી...હું તમને મારા હાથની રસોઈ બનાવી આપીશ... બચપણથી જ હું તો એ શીખી છું.. એમ સમજીને કે... મારા મુન્નાની સાથે રહેવા માટે રસોઈકામ તો કરવું જ પડશે.. તમે ફિકર ના કરશો...

બહુ ચિંતા હોય તો પરણી કેમ નથી જતા...? - બીજા કોઈની સાથે નહીં - તમારી વિશાખા સાથે ! ... તમારી પપ્પુ તો તૈયાર જ છે... પણ ! તમારી જ હિંમત નથી ચાલતી એમ જ કહોને...?

કંઈ વાંધો નહીં - હું જ હિંમત ચલાવીશ મારા મમ્મી-પપ્પા સામે... તમે એક વખત આવજો... મારે ઘેર...!

ત્યાં સુધી હું તમને રસોઈ કરી આપીશ... સમજ્યા ? તમારા - નહીં, આપણા ઘેર આવીને હું રસોઈ કરી જઈશ...



આજે તો નહીં - આવતીકાલથી..

મારૂં પણ દિલ તમારૂં સાનિધ્ય જંખે છે... એમ થાય છે કે - મમ્મી-પપ્પાને કહ્યા વિના જ તમારી પાસે - સદાને માટે આવતી રહું... પણ તમે કદાચ સપડાઈ જાવ એટલા માટે ધીરજ ધરીને બેઠી છું...

ગામડે - ગામડે સાથે જ હરતા-ફરતા-રમતા હતા...એ બધું જ અત્યારે મારી નજરો આગળ ફરે છે... આંખો બંધ કરીને બેસું - તો બચપણના એકએક પ્રસંગો મારી આંતરદષ્ટિમાં સમાય જાય છે...

પણ સતાર !

મારા જીવનમાં એક જ ખોટ રહે છે... અને એ છે.. મારા મુન્નાની મીઠી વાંસળીના સૂર...!...મને તો ઘણી વખત તમારી વાંસળીના સૂર સાંભળવાની ઈચ્છા થઈ આવે છે પરંતુ... શુ કરૂં... મારા લીધે જ - મારી હઠને કારણે જ તમારૂં ઘર તબાહ થઈ ગયું... અને મારા હૃદયના મોરલાના હાથની વાંસળી પણ ક્યાંયે બળી ગઈ...

છતાં, જ્યારે જ્યારે મારૂં દિલ બેચેન બને છે ત્યારે ત્યારે હું આંખો બંધ કરીને બચપણમાં અનુભવેલી એ સુખદ વાંસળીના સૂર.. ને યાદ કરૂં છું.. આબેહૂબ... એ જ દશ્ય મારી સ્મૃતિ-પટ પર પથરાય છે...

- મુન્નો વાંસળી વગાડતો હોય, અને હું એના ખોળામાં

માથુ મૂકીને વાંસળીના સૂર સાંભળતી... ઘાયલ થઈ જાઉં છું અને ઊંઘી જાઉં છું..

એ દશ્ય મારી નજરો આગળ એક ભૂલાયેલી સ્મૃતિ સાથે પથરાય છે ત્યારે...- ખરૂં કહું છું સતાર ! - કે ત્યારે મારી આંખોમાં એ વિસરાયેલા સૂરના આંસુ વહેતા... ક્યારેક તો - મારી મમ્મીની નજરે પણ ચઢી ગઈહતી... પરંતુ 'કંઈ નહીં...' કહીને તેને ટાળી હતી...

હું તો તમારા જ ઘેર આવવાની છું... તમને મળવા.. પણ, હું કોઈ ચોક્કસ સ્થાન નહીં બતાવું... ક્યારે મળવું અને ક્યાં મળવું - ? એ તમારા પર આધાર છે... તમે કહેશો ત્યાં - તમે કહેશો ત્યારે.. તમારી વિશાખા આવી પહોંચશે.. દુનિયાની - કે- સમાજની પણ પરવા કર્યા સિવાય...

તમે મારા પતિ છો...

મારા પર તમારો હક્ક છે... મારા દિલ પર - મારા શરીર પર માત્ર તમારો જ અધિકાર છે... તમે મારા શરીરને કાપી નાંખવા માંગશો - તો પણ હું એક 'ઉંહકાર' સુધ્ધાં નહીં ઉચ્ચારૂં.... ખુશીથી તમને મારૂ શરીર સોંપી દઈશ....

તમે કહેશો તો જહન્નમમાં પણ જવા તૈયાર છું... પછી છે કાંઈ... ?... તમારી વિશાખા - તમારી પપ્પુ પર વિશ્વાસ રાખજો ... બાળપણની બાંધેલ નિર્દોષ પ્રીત પર વિશ્વાસ રાખજો... હું તમારી જ છું... અને રહીશ...



તમારા પત્રની ચિંતા કરશો નહીં...

મારા મમ્મી-પપ્પાની નજરે નહીં જ ચઢે... તમને જેલની હવા ખાવાની બીક છે...?

પરંતુ સતાર ! મારા પપ્પા મેજીસ્ટ્રેટ છે તેથી શું થઈ ગયું... ? તમે ચિંતા ન કરશો..

મારા પપ્પા- તોશું પણ દુનિયાની કોઈ તાકાત નથી કે તમને - મારા પતિ સતાર - ને જેલમાં કેદ કરી શકે... હું તમારી સાથે જ છું... હું તમારી સાથે જેલમાં રહીશ... મારા પપ્પાની એટલી હિંમત નહીં હોય કે પોતાની એકની એક લાડકી દીકરી જેલમાં દુઃખ સહન કરવા જાય - અને એ સુખેથી રહી શકે...?

અરે ! સતાર ...! તમે ગભરાવ છો શું કામ ?

હું મારા પપ્પા વિરૂધ્ધ કોર્ટમાં દાવો કરીને પણ તમને જેલમાં જતા અટકાવીશ... અને કદાચ મારા પપ્પા તેમ કરવામાં સફળ થશે - તો હું મારા પપ્પાની પણ આમન્યા રાખ્યા વગર જ - એ જ કોર્ટમાં તમારી સાથે 'લવ-મેરેજ' કરી લઈશ...

પછી જખ મારે છે મારા પપ્પા - અને સમાજ પણ -

હું સુખમાં ઉછરેલી છું - એની ના નથી - પરંતુ તમારા ઘરનું કામ કરવામાં કંટાળો નહીં આવે મને... સમજ્યા ?... કહું છું તો ખરી - તમારી સાથે જીવવામાં ગમે-તેટલા દુઃખ કેમ ન વેઠવામાં આવે ? - ભોગવી લઈશ... તમે તે બાબતે બે-ફિકર રહેજો...

પ્રિયતમનું ઘર ! - મારૂં જ ઘર છે ને ? હું એક આદર્શ ગૃહિણીની માફક તમારૂં ઘર સજાવીશ... હું દુઃખથી ડરતી નથી... તમે મારા માટે આટ-આટલુ દુઃખ વેઠ્યું છે તો મારાથી ઘરકામ કરવા જેટલું દુઃખ નહીં વેઠાય...? અરે ! એ દુઃ ખ નહીં પણ પતિના ઘરનું કામ કરવામાં જે સુખ છે... તે કયાંયે નથી.. હોંશથી હું કામ કરીશ...

તમારે કોઈ કામ કરવાની જરૂર નથી... હું જ બધું પતાવી દઈશ - દિવસે... રાત્રે તો તમે - ના નથી લખવું... હું તો લખતા પણ શરમાવ છું...

તમારો પત્ર વાંચવામાં તો મને આનંદ થાય છે તમે આખી ફાઈલ મોકલશો તો પણ વાંચીશ... બે-ત્રણ વખત વાંચી જઈશ... બે-ત્રણ વખત વાંચી જઈશ... પ્રિયતમનો કાગળ વાંચવાનો કંટાળો આવે.. તે પ્રિયતમા ન કહેવાય -સમજયા ?

લખો - ખૂબ લખો.... તમારા પત્ર વાંચવાનો મને ખૂબ જ શોખ છે...

કયાંક તમે પાગલની જેમ બકવાસ કરતાં લખો છો ત્યારે તો હું ખૂબ જ હસુ છું... પગલા કહીંકા... !

હું ઘરમાં હોઉં અને તમે ઘરમાં ઝાડું-પોતું કરતા હો ત્યારે તો... આપ પાગલ જ લાગો - ‘નોકર બીવી કા’ જેવા.

એક વખત તમને છૂટ આપી એટલે તમે રમવાની ઢીંગલી સમજી બેઠા... તમારી જ છું ને... ?... એમાં આંગળી-ને



હાથ બધું જ સરખુ છે... બસ હવે વિરમુ ? મમ્મી જમવા બોલાવે છે.. બસ....

હું આવીશ... જરૂર આવીશ...

તમે કહેશો ત્યારે... કહેશો ત્યાં - પત્ર લખશો... જરૂરથી વિશ્વાસ રાખશો... છે ને ?

તમારે પૂછવાનું ના હોય... હુકમ જ કરવાનો હોય! તમારી વિશાખા હાજર જ થઈ જશે...

અને હવે વિરમું છું... ફરી વખત...

અને હા ! ... તમે હિંમત હારશો નહીં... હું તમારી સાથે છું.. બહુ ઉજાગરા ન કરશો... તબિયત સાચવજો નહીંતર પાછા બીમાર પડી જશો - તો, મારે ત્યાં આવીને ઠપકો આપવો પડશે... સેવા કરવી પડશે સમજયા ?

બહુ વાંચશો નહીં...

નહીંતર મારે આવીને વાંચવાનુ બધું જ તિજોરીમાં પૂરીને સાધન વિનાના કરી દઈશ..

મમ્મી આવી ગઈ છે...કયાંક ગરમ થઈ જશે.

બસ.. બીજું રૂબરૂમાં...

આવજો.. મારા પતિ સતાર !

**લી. આપની ધર્મપત્ની**
**કુંવારી પત્ની- વિશાખા”**

સતાર તો સ્તબ્ધ જ થઈ ગયો... દશ વખત એકના એક શબ્દ પર તેની નજર પડતી ગઈ! પ્રાણ પ્યારા પતિ'... વિચારતો ગયો સતાર...

આખો પત્ર વાંચતા - ક્યારેક હસી પડતો...તો... ક્યારેક ગંભીર થઈ જતો... પત્ર જ એ રીતનો હતો... એટલે.

વાંચીને સતાર ખુશાલીનો માર્યો ઊછળી જ પડ્યો..

હવે - ! ખરી મારી પપ્પુ... મારી વિશાખા...

હવે જખ મારે છે દુનિયા..

ત્યારે... આકાશમાં સૂરજ પશ્ચિમ દિશામાં નમી ગયો હતો.. કેટલાંક વાદળો ઊમટી આવ્યા હતા.... અને હસતા હસતા ચાલ્યા ગયા... સૂરજની તેજછાયાના પડછાયામાં ક્યાંયે ઊણપ નહોતી...

❖ ❖ ❖



# પ્રકરણ - સોળ

રવિવાર !

ભૂરા આકાશમાં ચઢેલો રવિ- આસમાની કલરની ચાદરમાં છૂપાયેલા તારલિયા જેવો લાગતો હતો... પરંપરાની રીતે ચાલતી માનવજાતની વણજાર કામે વળગી ગઈ હતી.

આજે રવિવાર હતો ! - રજા !

સવાર નિશ્ચિતપણે ઊંઘતો હતો... કારણકે આજે કોલેજ જવાનું  ન હોવાથી... વહેલા ઊઠવાનું - બોધરેશન નહોતું અને એટલે જ તો સતાર હજુ પણ ગાઢ નિદ્રામાં પોઢેલો હતો... તેનું મુખ ક્યારેક ગ્લાનિભર્યુ - તો ક્યારેક નિર્દોષ હાસ્યમાં પ્રફુલ્લિત થઈ ઊઠતુ હતું...

કાગડાઓના અવાજથી - અને કાબરોના કલબલાટથી - સતારની ઊંઘમાં ખલેલ પડી.. જાગી ગયો સતાર...

બાજુના ઘરમાં પીખા ભગતનું પ્રભાતિયું :

'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા..' - તો ક્યારનુંયે ખતમ

થઈ ગયું હતુ અને... સતાર થોડો ઝંખવાઈ ગયો.. રોજ તો તે પીખા ભગતનું પ્રભાતિયું શરૂ થતાં જ ઊઠી જતો હતો... પણ આજે !

રાત્રે આવેલા વિશાખાના સ્વપ્નમાં - પ્રભાતિયું પણ પ્રભાત છોડીને દૂર પહોંચી ગયું હતું તેથી... જ તો,

સતારે ઊભા થઈ બારી બહાર જોયું...

સૂરજ તો ક્યારનોય ઊગી નીકળ્યો હતો... અને લગભગ એક રાશવા ઊંચે જઈ પહોંચ્યો હતો.

કંઈક મૂંઝવણથી તેણે દાતણ-પાણી કરીને... ચ્હા-બનાવી...તેને વિશાખા યાદ આવી ગઈ... તેના મુખારવિંદ પર એક હરખની રેખા પસાર થઈ ગઈ...

આજે વિશાખા તેના ઘરઆંગણે પધારવાની હતી.

તેણે વાયદો કર્યો હતો... અને રોજ આવવાની હતી... તેના શરીરમાંથી એક ઝણઝણાટી પસાર થઈ ગઈ...!

ઘડિયાળ તરફ નજર કરી તો હજુ સાડા-આઠ વાગ્યા હતા... હજુ તો ઘણીવાર છે.. તેણે સ્નાનાદિથી પરવારીને વાંચવા બેસવાનો વિચાર કર્યો - અમલમાં પણ મૂકી દીધો... નવ વાગ્યાના ટકોરા સંભળાયા...

કંઈક વીજળીના ઝબકારાની જેમ સતાર ચમક્યો..! વિશાખાને આવવાનો સમય નજીક ને નજીક આવી રહ્યો હતો.... વિશાખા



આવશે જ... તેને દૃઢ વિશ્વાસ હતો...

કેટલા પ્રેમથી પત્ર લખ્યો હતો... ? 'પતિ'... કેટલો સ્નેહ દર્શાવતો હતો એ શબ્દ...? - પણ એના મમ્મી-પપ્પા મને સ્વીકારશે ?... કે ઠોકરે ચઢાવશે...?... ધુત્કારી તો નહીં નાંખે ને ?...ઉફ... હું એ કેવા બેહૂદા વિચારો કરૂં છું...?... વિશાખા તો મારી જ છે ને ?...

વિચારોના વમળોમાં ડૂબેલો સતાર - ઘણીયે કોશિશ કરવા છતાં તે બહાર આવી શકતો નહોતો...વાંચવાનું મુલત્વી રાખીને ઘર સાફ કરવા ઝાડુ પકડી - સફાઈ કરવા લાગ્યો... સફાઈ કરતાં તે ભવિષ્યમાં બનનારી સુખદ પ્રસંગોના તરંગો દોરવા લાગ્યો.

વિશાખા હોત - તો મને સફાઈ કરવા દે -? -ના. હાથમાંથી ઝાડુ જ લઈ લે- અને ઊઘડો લે. - એ અલગ...' તમને શરમ આવે છે...? લાજો જરા લાજો...' ઘૂંઘટો તાણીને ફરતી નવવધૂના સ્વરૂપમાં સતારને ઠપકો આપવા માટે ઘૂંઘટો ઊંચો કરી સતારને ડારતાં બોલે છે જાણે - 'હું ઘરમાં છું અને તમે હાથમાં ઝાડુ જ કેમ પકડ્યું...'

'ઉફ...' કરતાં વિશાખા તરફ તાકે છે અને વિશાખાનું ઘૂંઘટામાં છૂપાયેલું - હસતુ મુખારવિંદ કંઈક લજ્જાથી શરમથી લચી પડે છે... 'અરેરે ! વિશાખા...' ભગવાને તને ઘડીને હાથ ધોઈ નાંખ્યા છે... તારી કંકુવરણી - આ કાયા ... ચાંદને પણ શરમાવે તેવુ તારૂં મુખડું...?... એમ થાય છે કે બસ તારી સામે જોયા જ

કરુ... તારી આ કંચનવરણી કાયા ધૂળથી ખરડાઈ નહીં એટલે તો હું આ ઝાડૂ...'

'ચૂપ... બહુ લુચ્ચા... એમ કહીને મને શરમાઓ છો કાં... લાવો ને ઝાડું...!... પાછા કવિતા કરવા બેસી ગયા લો... કવિ થાવું છે... ?... - વિશાખાના કોયલના ટહુકા સરીખો ઉપરા ઉપરી - રૂપાની ઘંટડી જેવો તીણો અને મીઠો.. પરંતુ ઘણો ઝીણો અવાજ સાંભળી સ્તબ્ધ થઈ ગયો સતાર !

'શું.. ભગવાને તારામાં જ આટલુ બધુ સૌદર્ય ભરી દીધું છે.. ?... સદ્‌ગુણી સ્વભાવ - મીઠો કંઠ અને વારંવાર શરમાવી જતાં - શરમાળ... લાજવંતી... ગુસ્સામાં પણ તુ ખરેખર... સુંદર લાગે છે વિશાખા હોં...! '

'ચૂપ. કહું છું સાંભળતા નથી...? ઝાડુ લાવો મારી પાસે' - સતાર તો વિશાખા સામે જોઈ જ રહ્યો... ત્યાં જ,

ઘરના કમાડની સાંકળ ખખડાવવાનો અવાજ આવતાં સતાર સફાળો ચમક્યો... તો !

હજુ તેણે એક ફૂટ જગ્યા પણ નહોતી સાફ કરી... બસ એમ જ બેઠા-બેઠા વિચારે ચઢ્યો હતો... એટલે તે એજ સ્થાને બેસી રહ્યો હતો;-

અને ત્યાં સતારના કાને સાંકળનો ખખડાટ સંભળાતાં પોતાના પાગલપણા પર જ હસવા લાગ્યો.



બહાર પણ કોઈ બે છોકરીઓનો ખડખડાટ હસવાનો અવાજ સંભળાતાં ઝંખવાણો પડી ગયો સતાર ! - કોણ હશે ?.. એક વખત તો સાંકળ ખોલવા માટે પડેલો હાથ પાછો ખેંચી જોયો... પણ પછી બહારથી વધુ ખખડાટ થવાથી ખોલી નાંખી... બારણાં ખોલ્યાં તો ! - સતાર સ્તબ્ધ થઈ ગયો...!

❖ ❖ ❖

સવારના પહોરમાં - મીઠી નિંદરમાં પોઢવાને બદલે વિશાખા ઝબકીને જાગી ગઈ... આજે તે ખુબ જ ખુશ હતી. મમ્મીને રસોઈકામમાં મદદ કરવાને ઈરાદે જ તે રસોડામાં ઘૂસી... મમ્મીએ મનાઈ કરી - 'તારે અહીં આવવાની શી જરૂર છે વિશાખા...! બેટા, કેમ આજે આટલી બધી વહેલી ઊઠી ગઈ...? આજે કોલજમાં તો જવાનું નથી...પછી...'

'તો શું થયું મમ્મી ? ઘરમાં જુવાન છોકરી પથારીમાં ઘોરતી હોય અનેતું ઘરનો ઢસડબોજ ઊઠાવે... તે મને - મારા માટે શરમની વાત નથી શું...?...ચાલ, જા તું આરામ કર ! આજે હું જ રસોઈ બનાવીશ....'

ઘણી મના કરી છતાં વિશાખાની હઠ આગળ મમ્મીને નમતુ જોખવું પડ્યું... વિશાખાની દેહલતા તરફ નજર નાંખી રસોડામાં થઈ બહાર નીકળી ગયા...વિચારતા હતા... દીકરી કેટલી મોટી થઈ ગઈ છે ? તેની કાકડી જેવી કાયા...! ઓ મા... કેટલી સુંદર છે મારી દીકરી...?... શું ખબર... ? આજે તે ખુશ દેખાય છે...

મમ્મીની મમતા વહાલ બધું આજે જ તેને સમજાયું હશે ? .. એક પત્ની તરીકે તેને પણ આ બધું શીખવું જ પડશે.. પારકી થાપણ છે... લગ્ન કર્યા પછી થોડી જ હું તેને મદદ કરવા જવાની છું...? ભલે અનુભવ કરે...?

રસોડામાંથી મીઠા સ્વરે ગવાતું કોઈક ગીત - કંઈક અસ્પષ્ટ અવાજે ગુંજતુ હતું... વિશાખાના હાથ ઉલ્લાસથી ફરતા હતા... સ્વાદિષ્ટ સુગંધ લલચાવતી હતી...

'મમ્મી...!... અરે ઓ...મમ્મી ! જરા અહીં આવ તો...' વિશાખાના મીઠા કંઠથી મમ્મી ખુશ થતાં આવી :

'શું છે બેટા ?'

'મમ્મી...! હું... હું...' વિશાખાને અચકાતાં જોઈને તેની મમ્મીએ કહ્યું : 'બોલને બેટા... ? કેમ અચકાય છે ?'

'મમ્મી....?' વિશાખાએ મમ્મીની નજરો પારખતાં કંઈ ભય ન લાગતાં ઉમેર્યુ : 'મમ્મી...! તું પૂનમને ઓળખે છે ને...?

મમ્મી કંઈક આશ્ચર્ય પામતાં દિગ્મૂઢ-સી બની ગઈ. 'હા...બેટા...! ઓળખું છું... તારી સહેલી ને ?'

ખુશ થતાં વિશાખા બોલી ઊઠી : 'હા... મમ્મી એ જ... એની કોઈ દૂરની સખી આવી છે.... તે કદાચ કોઈ કાર્ય માટે આવી છે.. પરંતુ બિચારી પૂનમ...! પોતે જ ખૂબ કરકસરથી જીવી રહી છે તો... એ વધારાની સખીને કઈ રીતે ભરણપોષણ કરી શકે ? ...



તેણે મને વાત કરી એટલે... મેં તેને કહ્યું કે ગભરાઈશ નહીં પૂનમ... માત્ર તેને રહેવા માટે જ કહેજે... તેનું ખાણું હું જ તને - બે ટાઈમ આપી જઈશ...' થોડું રોકાઈને વિશાખા મમ્મીના ચહેરા પરના ભાવ વાંચતા બોલી : 'મમ્મી...! મેં કંઈ ખોટું તો કર્યું નથી ને...? '

મમ્મી હજુ યે વિશાખાની તરફ સ્થિર- અપલક નેત્રે તાકી રહી છે... વિશાખાને કંઈ સમજ ન પડી- ક્યાં ખોવાઈ ગઈ છે મમ્મી....! - કે પછી મારી વાત મૂર્ખામી ભરી જાણી વખોડી કાઢવાનો વિચાર કરે છે ?... કંઈક ડરામણા અવાજે વિશાખા એકદમ ચિલ્લાઈ ઊઠી : 'મમ્મી...!'

'હં...' કંઈક ઊંડી ખીણમાંથી ઉપર આવી ગઈ હોય તેમ મમ્મીએ ચમકીને 'હું' કારો ભણ્યો : 'શું કહે છે વિશાખા'

'મમ્મી...? મેં કંઈ ખોટું તો નથી કર્યુ ને ?'

'ના... બેટા, તેં કંઈ ખોટું નથી કર્યું.'

મમ્મીના બોલવાની ઢબ જોઈ વિશાખા સિસકાઈ ઊઠી... મમ્મી મારી ઠેકઠી ઉડાવે છે કે પરિહાસ ! આટલી બધી તેના ચહેરા પર વિડંબના કેમ છવાઈ છે ?'

'તો પછી મમ્મી ?' - વિશાખા હવે જીવ પર આવી જઈને પૂછી રહી હતી - તેને દહેશત હતી કે મમ્મી કદાચ તેનો ઈરાદો બદલી દેશે... પણ એવુ કશું થયું નહીં.તેની ધારણા તદ્દન ખોટી પડી.

'બેટા...! તેં કંઈ ખોટું કર્યું તો નથી પરંતુ...

'પરંતુ...?'

'પરંતુ, તારા પપ્પાને ખબર ન પડે એ રીતે લઈ જજે.. તેં તારી સખીની લાજ રાખી છે - કશું ખોટું કર્યુ નથી...'

વિશાખા ખુશ થઈ ઊઠી... તેને હાશ થઈ 'હે... ભગવાન' - મારી બધી જ ચિંતા વિસરાઈ ગઈ...

મમ્મી તેને એમ જ છોડીને પોતાના રૂમમાં ચાલી ગઈ... વિશાખાએ ટીફીનના ત્રણ ડબ્બા... ઠાંસી - ઠાંસીને ભર્યા... શું લીધું છે ? શી ખબર ! પણ તેણે એ રીતે ત્રણેય ડબ્બા ફીટ કર્યા કે... જોનારને એમ લાગે છે તેણી તેના પ્રિયતમનું ભાથું લઈ જાય છે - તેમાં કંઈ જ શંકા નથી. તેણે ખાધુ છે કે નહીં - તેવું યે મમ્મીએ ના પૂછયું... પણ વિશાખાએ મમ્મીને કહ્યું :

'મમ્મી ! તેં ખાધુ નથી.. માટે ચાલ ઊઠ... તને થાળી બનાવી દઊં ...? 'વિશાખાએ કંઈક વ્યથાથી પૂછયું.

'ના - બેટા... હું હમણાં ખાઈ લઈશ... પણ ! અરે... તેં ખાધું કે નહીં ?...

'તું મારી ચિંતા કરીશ નહી, વિશાખા... એમ તે કાંઈ ભૂખી રહેતી હશે - ?... તુ જમી લેજે મમ્મી... હોં...?'

'તુ જાય છે વિશાખા...?... જતી હો તો ભલે... પણ તારા પપ્પાના આવતા પહેલાં આવી પહોંચજે... નહીંતર મારી ધૂળ કાઢી



નાંખશે...' મમ્મીના વાક્યથી ડરી ગયેલી વિશાખાનું મુખ કેમેય જવાબ આપવા ખૂલી શક્યું નહીં... 'હ'કારમાં ડોકૂ ધૂણાવી યંત્રવત ચાલી નીકળી... ડ્રાયવરને કહીને કાર જાતે ચલાવી ગઈ... કંઈક વિસ્ફારિત - કંઈક ગૂંચવાયેલા ડ્રાયવરે સાથે આવવા જણાવ્યું... પણ તેને ટાળી દઈને વિશાખા જાતે જ ડ્રાઈવિંગ કરતી ચાલી નીકળી - કંઈક ઉન્માદથી - કંઈક ક્ષોભથી...?

પૂનમને ઘેર પહોંચી ત્યારે લગભગ દશ વાગવા આવ્યા હતા... અચાનક આવી ચઢેલી વિશાખાને જોઈને કશુંય આશ્ચર્ય પામ્યા વગર તેને આવકાર આપ્યો - મમ્મીને ઊપજાવી કાઢેલી વાત કહી ઉલ્લુ બનાવીને નીકળી ગઈ, તે વાત સાંભળી પૂનમ ખૂબ જ હસી.. પછી ગંભીર મુખમુદ્રા કરીને બોલી :

'વિશાખા...! તેં જોખમ તો ખેડ્યું છે... પણ કદાચ તારી મમ્મી - કે પપ્પાને જાણ થઈ જાય કે તુ જે ટીફીન મારી અદશ્ય સખીના નામે લઈ જાય છે તે મારી કોઈ સખી નથી પણ તારો સખો, પ્રિયતમ સતારને માટે લઈ જાય છે ત્યારે... તને ભારે પડી જશે...'

'પૂનમ, શું તું યે આવી વાત કરીશ ? તારા સહારાથી તો મેં આ સાહસ ખેડ્યું છે... તુ સાથ નહીં આપે તો...

'ના - ના.. વિશાખા ! મેં એવુ કયાં તને કશું કહ્યું છે ? તને મારો સાથ મળશે જ. જીવને જોખમે - અંતિમ ક્ષણ સુધી તને સાથ આપતી રહીશ... પણ, આ તો હું - કદાચ ની વાત કરૂં છું.. પૂનમે ઘટસ્ફોટ કરતાં કહ્યું.

'ભવિષ્યની ચિંતા મારા પર છોડી દે પૂનમ ! ત્યારે જોયું જશે - પણ અત્યારે તારે મારી સાથે આવવું પડશે...'''

'તારી સાથે ? - કેમ ?... અત્યારે તો તું એકલી પણ જઈશકે છે... નાહકના બિચારા સતારને શરમાવવાનું શું ઉચિત છે ?'

'પણ પૂનમ... તું હોઈશ - તો પણ કંઈ વાંધો નથી..' સતાર તો ઠીક - પણ પ્રથમ વખત આ રીતે જતાં મને શરમ આવશે - પ્લીઝ પૂનમ... આટલી વખત...

વિશાખાને ગળગળી થતાં જોઈ પૂનમે હા ભણી : 'ઠીક છે... ચાલ...' કહેતી તૈયાર થઈ તેની સાથે ચાલી... વિશાખા ખૂશ થઈ ઊઠી... કારમાં બંને સખીઓ સાથે જ બેઠી...

કાળી સડકો પર સૂર્યમહારાજની કૃપા વરસી રહી છે... દૂર-સુ-દૂર સુધી કાળી સડકો પર જાંજવાના નીરના પાણી જાણે ચમકી રહ્યાં હતા... અને !

સતારનું ઘર આવી પહોંચ્યુ.

રસ્તામાં પૂનમ શું શું બોલી ?... કેટ-કેટલું બોલી... ? શી વાત કરી ?... કંઈ જ વિશાખાએ સાંભળ્યું નહોતું - માત્ર 'હું'કારો ભણવા ખાતર ક્યારેક ડોકું ઘૂણાવતી - તો ક્યારેક નીચું નમાવતી - પણ પછી એક શબ્દ સુધ્ધાં બોલી નહોતી... પૂનમ પણ જાણતી હતી - વિશાખાના દિલમાં શરમ છે કે સંકોચ... કે...વિડંબના...? વ્યથા છે કે ચિંતા...? - કે પછી ભાવિમાં આવી પડવાના આ જોખમનો - પ્રતિકાર ! - કંઈ જ નક્કી થઈ શકતું નહોતું... તેની આંખો ડામરની



સડક પર મંડાયેલી જ હતી.. પછી શું ?

સતારના ઘરનાં કમાડ બંધ હતા... બારણાંની તિરાડમાંથી અંદર ઝાંખ્યુ... ખરેખર તો આમ કરવાનો ગુન્હો છે - જાણવા છતાંય વિશાખાએ અંદર શું થાય છે - તે જોવા-જાણવા તેની આતુર નજર ફરી એક વખત અંદર ફરી ગઈ - કશું જ દેખાતું નહોતું - કદાચ સતાર હજુ પણ ઊંઘતા જ હશે...

એમ વિચારતી વિશાખા કંઈ કહે તે પહેલાં પૂનમે કમાડને અંદર ધકેલવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો - કારણકે અંદરથી સાંકળ મારેલી હતી... તેણે બહારની સાંકળ ખખડાવી... કંઈક વિસ્મયથી થતી વાતો સાંભળી પૂનમે કાન માંડ્યા.. હસી પડતા બોલી : 'વિશાખા...! તારો સતાર પાગલ થઈ ગયો.. જો અંદર ...!' તેણે વિશાખાની બોચી પકડી કમાડ સરસી ઊભી રાખી... સાંભળીને વિશાખા પણ હસી પડી...

સતાર એકલો-એકલો વાત કરી રહ્યો હતો...

હસવું ન સમાતાં પૂનમે જોરથી સાંકળ ખખડાવી - ઘડીક પછી બારણાં ખૂલ્યાં... તો,

સતાર વિસ્મયપૂર્વક તેમના ચહેરા સામું જોઈ રહ્યો... વિશાખાનો ચહેરો શરમથી ઝૂકી ગયો... બોલવાનું કશુંય હવે રહ્યું નથી... સતાર તેની સામે એકીટશે - અપલકનેત્રે જોઈ રહ્યો હતો - શું વિચારતો હતો ?

બંનેની હાલત જોઈ પૂનમે જ શરૂઆત કરી...તેને હવે

સમજાયું કે વિશાખાએ તેને શા માટે સાથે લીધી હતી.

'અરે, સતાર ! આમ ઊભા જ રહેશો કે અમને અંદર આવવાની મનાઈ કરી છે ?'

'હં..! અરે ! હા... આવો..' કહેતો સતાર હસતા ચહેરે અંદર ગયો... પૂનમ તેની પાછળ ગઈ. વિશાખા પણ નત-મસ્તકે અંદર ચાલી ગઈ...

થોડી ઈધર- થોડી ઉધર નજર નાંખી મશ્કરી કરતાં પૂનમે કહ્યું : 'કેમ સતાર' હમણાં કોની સાથે વાત કરતા હતા...?

પૂનમનો પ્રશ્ન સાંભળી સતાર ઝંખવાણો પડી ગયો... આ લલનાઓ મારી બધી જ વાત સાંભળી ગઈ લાગે છે. હોંશિયાર છે, કંઈ જવાબ આપી શકતો નથી સતાર ! તેને ચૂપ જાણી પૂનમે આગળ ચલાવ્યું : 'કેમ' જવાબ આપતા નથી...?

સતાર ચમક્યો ! કંઈક શરમાઈ જઈને બોલ્યો : 'તમે બધું સાંભળ્યું જ છે તો શું કરવા પૂછો છો...?... અને હું રહ્યો પાગલ...! ગમે તેવો બફાટ થઈ ગયો હશે...'

'રહેવા દે પૂનમ... એ કંઈ નહીં કહે... એમને વધુ ન શરમાવ પૂનમ...!' કહેતી વિશાખા ખૂદ શરમાઈ થઈ...

'બહુ લાગે છે તને...?'

'ચૂપ. કહેતી વિશાખા નીચું જોઈ ગઈ.'



સતાર તો ક્યારનોયે ભૂખ્યો થયો હતો - પરંતુ... પૂનમને પણ સાથે આવેલી જોઈને તે કંઈ કહી શકતો નથી... તો ચૂપ રહેવાથી પણ કશો અર્થ રહેતો નહોતો... તેને નો એમ જ હતુ - વિશાખા વહેલી આવશે અને એ પણ એકલી...

સતારને મૂંગો થઈ ગયેલો જોઈ પૂનમ બોલી : 'તો...સતાર હું હવે જાઊં...?' સતાર તો ચમક્યો પણ સાથે-સાથે વિશાખા પણ ચમકીને આંખના ઈશારાથી પ્રશ્ન કર્યો... પરંતુ પૂનમ ! - એ ઊભી થઈ ગઈ, એટલે વિશાખાથી ન રહેવાયું : 'અરે ! પૂનમ... કયાં જાય છે....? બેસને...?'

પૂનમે હસીને લાંબા - ચોળા હાથ કરી કહ્યું : 'જતી તો ક્યાંય નથી પરંતુ... આ તો જો... તારો સતાર ભૂખ્યો થઈ ગયો છે....' જો તો ખરી એના ચહેરા સામું - નિસ્પૃહ..નિઃસહાય...!' થોડીવાર રોકાઈને હસી અને બારણા તરફ જતાં જતાં તે બોલી : 'બિચારા... તારી આશાએ જીવેછે...'પછી આગળ શું બોલી તે સાંભળ્યું નહીં...

વિશાખાને ત્યારે જ ખ્યાલ આવ્યો કે ટીફીન તો કારમાં જ મૂકી રાખ્યું હતું...

સતાર તો પૂનમના શબ્દોની ચારે-તરફ ઘૂમતો દિગ્મૂઢ થઈ ગયો... તેણે કંઈક પૂછવા વિશાખા પર નજર કરી પણ કંઈક કહે તે પહેલાં તો -,

'અરે ! તમે હજુ એમ જ બેઠા છો ?... હું તમારી ચિંતા કરતી કરૂં - એ શું ઉચિત છે ? ... ચાલો સતાર ! હાથ ધોઈ

આવો...' પૂનમ હાથમાં ટીફીન લઈને અંદર પ્રવેશી... સતાર ઊભો થઈ ગયો...

વિશાખા પણ ઊભી થઈ અને ઝાડુ પકડ્યું.

'અરે, વાહ !' નવવધૂ કરતાં પણ તું કુંવારીવધૂ.. અતિસુંદર લાગે છે હોં વિશાખા...?

'છિ :.....છિઃ.... તુ હવે ચૂપ રહીશ પૂનમ...?'

પૂનમ આંખોને નાની-મોટી કરી હસી પડી...વિશાખાને વધુ ખિજવવાનો પ્રયત્ન ન કર્યો. ચૂપચાપ ટીફીન ખોલીને બે થાળી બનાવી પીરસી... સતારે જોયું તો ?;

'અરે ! બે થાળી કેમ બનાવી ?'

'તો શું તમારે બધુ જ ઓઈયા કરી જવું છે...? ખાઉધરા..!' પૂનમે પ્રહાર કર્યો... પણ સતારે વળતો પ્રહાર કરી લૂલો બનાવી દીધો : 'હું ક્યાં એવું કહું છું...!... હું તો કહેતો હતો કે બે થાળીને બદલે ત્રણ થાળી બનાવવી જોઈતી હતી...'

'ત્રણ...?' આશ્ચર્ય પામી પૂનમે પ્રશ્ન કર્યો.

'કેમ...તારે માટે...'

'ના - બાબા - ના, હું તો જમીને જ આવી છું...હું શું કરવા ભૂખી રહું...? મારે શું એટલી બધી ચિંતા છે કે હું ભૂખી રહું... તમારે જમવુ હોય તો જમો...હું તો આ ચાલી -' કહેતાં પૂનમે પગ ઊપાડ્યો.



'પૂનમ...?' ઝાડુ ખૂણામાં નાંખીને તેનો હાથ પકડી વિશાખાએ કહ્યું : ક્યાં જાય છે ? તારે પણ જમવું જ પડશે...

'તું નકામી જીદ કરે છે વિશાખા ! હું જમીને જ આવી છું...'

'છતાં...' વિશાખાએ તેનો હાથ પકડી બેસાડી દીધી.

'ચાલો ભાઈ... મીયાં ઔર બીબી - દોનોં રાજી હૈ તો મૈં ક્યા કરું...?' કહેતી હસતાં હસતાં બેસી ગઈ...

સતારને ખૂબ ભૂખ લાગી હતી એટલે તેણે તો ઝાપટવા જ માંડ્યું... વિશાખા અને પૂનમે શરમથી લચી પડતાં કંઈક સંકોચથી ખાવાનું ચાલુ રાખ્યું... સતારને ઝાપટતો જોઈ પૂનમ હસવા જતી હતી પણ વિશાખાએ તેને ચૂપ રહેવા ઈશારો કર્યો : તેને એમ હતું કે, સતારને ખોટું લાગી જશે એટલે ચૂપ જ રહેવામાં સાર છે.

પૂનમ અને વિશાખાએ વાસણ ઊટકી લીધાં - ત્યાં ખુલ્લા બારણામાંથી પ્રવેશતા મનસુખને જોઈ ત્રણેયનાં મુખ આશ્ચર્યથી પહોળાં થઈ ગયા... મનસુખ પણ. પરંતુ આશ્ચર્યનો ભાવ દેખાડવા ન દેતાં સતારને ઊઘડો જ લીધો.

'સાલા... તને કેટલીયે વખત કીધું કે દરવાજો ઊઘાડો ન રાખીશ... નહીંતર...' હસતાં હસતાં અંદર આવ્યો.

'ઓહ...!... આવ મનસુખ...! કેમ આવવું પડ્યું?'

'કેમ ? તને યોગ્ય ન લાગ્યું...? કે પછી રજા લેવી પડે...?...દોસ્તના ઘેર દોસ્ત આવે તો શું તેનું કારણ પણ પૂછવું

પડે ?' મનસુખે સતારના બરડા પર ધબ્બો લગાવતાં ઉમેરવું પડ્યું : કેમ ?- કાંઈ ઊજાણી કરી કે શું ?'

'તમે આવ્યા છો તો ચૂપ રહેશો...?' પૂનમ રણકી.

'ઉફ...' તો તું પણ અહીં જ છે ? મને ખાતરી જ હતી એટલે તો આવ્યો છું...

પૂનમ શરમાઈ ગઈ... એટલે સતારે જ કહ્યુ :

'કેમ ! પૂનમ અહીં આવે તે તને નથી ગમતું ?.. અને ન ગમે તો તો પણ વિશાખાની સખી છે એટલે તારે પૂનમ સાથે કોઈઝઘડો કરવાની જરૂર નથી...સમજ્યો ?'

'હા. સમજ્યો... પૂનમ અહીં આવે તે મને ગમે કે ન ગમે... એથી શું ફર્ક પડવાનો છે ?..વિશાખાની સખી છે અને તું મારો દોસ્ત - પછી અમારે ઝઘડવાનો સવાલ જ ક્યાં છે?- અને ઝઘડવા માટે કોઈ કારણ તો છે જહીં... કહેતાં તેણે પૂનમ સામે નજર માંડી તો પૂનમ આંખો કાઢી એટલે મનસુખ ચૂપ થઈગયો.

ક્ષણભર માટે મૌન છવાયું.

પરંતુ મૌનમાં પિસાતા ચાર હૈયાં - કયાંય સુધી ધડકી રહ્યાં... આખરે મનસુખે જ શરૂઆત કરી - '

'હું પૂનમ ને ઘેર ગયો હતો ત્યાં ખંભાતી તાળુ લટકતુ હતું - સમજ્યો કે નક્કી વિશાખાને ઘેર ગઈ હશે એટલે સીધો વિશાખાને ઘેર ગયો - તો ત્યાંથી એ આંટો પડ્યો... જાણવા મળ્યુ કે વિશાખા



પૂનમની સખીનું ટીફીન લઈને ગઈ છે - લાગલો જ દોડી આવ્યો... મને ખાતરી જ હતી કે બંને સખીઓ કયા સખાનું ભાત લઈને ગઈ છે.'

ત્રણેય હસી પડ્યા ન હસી માત્ર પૂનમ... તેણે મનસુખ સામે જોઈ પૂછ્યું : 'પણ, તમારે મને શોધવા માટે આટલી બધી દોડધામ કરવાની શી શરૂર ઊભી થઈ - એ તો કહો...?'

'ઓહ...!' મનસુખે સ્વસ્થ થતાં કહ્યું: 'જરૂર તો બીજી કંઈ નહીં પરંતુ આજે રવિવાર છે, તો માન્યું કે ચાલ ઘેર બેઠાં કંટાળો આવેછે - પૂનમ સાથે ફરવા જાઉં... પણ મને ખબર નહોતી કે તમે ત્રણેય આમ મારી પર ખફા થશો.'

પૂનમને સમજી જતાં વાર ના લાગી.

વિશાખા અને સતારને એકાંત આપવાની આ યુક્તિ હતી - અને એ પણ અકસ્માતે જ ઘડી કાઢવામાં આવી છે તે સમજવામાં પૂનમને કંઈ વખત ન લાગ્યો.. ઊભી થતાં બોલી :

'ચાલો...વિશાખા હું જાઉં છું...'

'અરે પણ...!

'વાંધો નથી... ગભરાઈશ નહીં - હમણાં જ પાછા આવીએ છીએ...'કહેતી પૂનમ - મનસુખ સાથે બહાર નીકળી ગઈ... તેઓ બહાર ગયા કે તરત જ સતારે વિશાખાનો હાથ પકડ્યો :

'વિશાખા...! હું તો સમજતો હતો કે તું અહીં જ રસોઈ

કરીશ - પણ... પણ તું ઘેરથી તૈયાર રસોઈ લાવવામાં જોખમ કરી રહી છે... વિશાખા...! તારા મા-બાપ...'

'અરે હાં...!' કહેતો મનસુખ વાવાઝોડાની જેમ ઘસી આવ્યો... વિશાખાએ હાથ છોડાવી લીધો... સતાર મનમાં થોડી ગાળો પણ બોલી ગયો... આખરે તો તેણે એમજ કહ્યું : 'સાલા... તને જરા પણ શરમ...'

'ઓહ,' મનસુખ સતારનું વાક્ય કાપતાં બોલ્યો :' 'શરમ તો તને આવવી જોઈએ બબુચક ! ઊઘાડાં બારણાં રાખીને પ્રેમગોષ્ટી કરતાં શરમ નથી આવતી ! ગધેડા... અને એ પણ દિવસે - ધોળા દિવસે...! ' નાટકીય ઢબે બોલી જઈને મનસુખ હસી પડ્યો, બોલ્યો : 'એક વાત કહેવાની ભૂલી ગયો સતાર ! ... તારે પ્રવાસમાં આવવાનું નક્કી કરી દીધુ છે. '

'કોણે...? મારે પ્રવાસમાં તો' સતાર થોથવાયો.

'વચ્ચે દલીલ નહીં જોઈએ... પપ્પાએ મને એ જ સંદેશો કહેવા તારે ત્યાં મોકલ્યો હતો... તારે આવવું જ પડશે.. સમજ્યો ?'

સતાર કંઈ હે તે પહેલાં મનસુખ ચાલ્યો ગયો... જતાં જતાં બારણાં બંધ કરતો ગયો... વિશાખા ઊભી થઈ અને સાંકળ લગાવી દીધી.

'પ્રિન્સિપાલ સાહેબનો હુકમ છે એટલે તમારે આવવું જ પડશે - સમજ્યા?'



'હા. સમજ્યો... તમે બધા મને જ સમજાવવા માંડ્યા છો - પણ તમે મને તો સમજો.'

'કંઈયે સમજવું નથી... તમે તો એવી રીતે કહી રહ્યા છો કે દુનિયાનો કોઈ પણ માણસ તમને સમજવાને અસમર્થ છે - પછી અમે તો - '

સતાર વધુ કંઈ પણ ન બોલ્યો, તેણે વિશાખાને બાહુમાં જકડીને - તેના ચહેરા પર ચુંબનોનો વરસાદ વરસાવી ગયો... વિશાખા તેનો ઈન્કાર ન કરી શકી.. ઈન્કાર કરવા જેટલી શક્તિ પણ કયાં હતી ?- જેને માટે તે જોખમ ખેડીને આવી હતી- તેના માટે ઈન્કાર શો ?

અને... સતાર તેના પર તૂટી પડ્યો - નિર્દય રીતે વિશાખા ઊંહકારા ભરતી તેના અવળચંડા સહન કરતી રહી. આખરે સતાર તો તેનો પતિ જ છે ને ?

❖ ❖ ❖

# પ્રકરણ - સત્તર

'અરે...અરે ! મનસુખ... આમ કયાં લઈ જાઓ છો...?' ઝડપી સ્કૂટર હાંકતા મનસુખનો ખભો પકડી પાછળ બેઠેલી પૂનમ બોલી ઊઠી.

'કેમ...? - ફરવા...' મનસુખે બેપરવાહીથી જવાબ આપ્યો.

'પણ - આમ કયાં...?'

'નદીકિનારે વળી... બીજે કયાં... તને વાંધો છે...?'

પૂનમને કશુંય કહેવાનુ ન રહ્યું - તેને શો વાંધો હતો...? આનંદમગ્ન બનીને -ઉછળતા હૃદયને દબાવી રાખી ચૂપચાપ બેસી રહી... ખુલ્લા મેદાનમાંથી આવતો પવન તેના વાળની લટ સાથે રમત કરતો વહીજતો હતો... પૂનમે પાછળ સરી જતા રસ્તા પર નજર કરી... ઝડપથી પસાર થતા રસ્તા પર જોઈને એકદમ આંખો બંધ કરી દીધી... અને એકાએક ચીસ પાડી ઊઠી...: 'મનસુખ...'

ગભરાઈ જઈને મનસુખે બ્રેક મારી - અને !



પૂનમનું શરીર મનસુખના બરડા પાછળ સ્પર્શી ગયું. એક ઝણઝણાટી અનુભવી ગયો મનસુખ ! તેણે સાઈડ - ગ્લાસમાં નજર કરી પૂનમના ચહેરા સામુ જોઈ પૂછયું....

'શું થયું પૂનમ...?'

'મનસુખ ! સ્કૂટર ધીમે હાંકો... મને બીક લાગે છે...'

'બીક લાગે છે ?... પગલી !'

મનસુખે સ્પીડ ઓછી કરી... પરંતુ તેની નજર વારંવાર પૂનમનો ચહેરો - સાઈડગ્લાસમાં સ્પષ્ટ દેખાતો હતો ત્યાં ખોડાઈ જતી હતી - એક-બે વખત સ્કૂટર ડોલી જતાં પૂનમ ગભરાઈ ગઈ, તેણે મનસુખને ચેતવ્યો : 'સામે રસ્તા પર નજર રાખો...અરીસામાં શું જોઈ રહ્યા છો ?'

'તારો ચહેરો..' વળી પાછી તેણે અરીસામાં નજર નાંખી... પૂનમે તેના જમણા હાથથી મનસુખનો ચહેરો તે તરફથી ફેરવી બોલી : 'મારા ચહેરામાં કશુંય કયાં જોવા જેવું છે ? અને જોવાથી તમને ગેરલાભ જ થશે - કયાંક ભટકાઈ પડીશું - તો જીવ નીકળી જશે.'

'ઓ - હો તને મરવાની બીક લાગે છે પૂનમ ?...'

'બીક તો લાગે જ ને ?... તમને બીક નથી લાગતી ?'

'નહી મે'મસાબ'

'ચૂપ'

'ઓહ...સોરી...' મનસુખ દિલગીર થતાં બોલ્યો : 'તને ખોટું લાગ્યુ પૂનમ ?...આખરે તો હરેક ઈન્સાનને મોત આવવનું જ છે ને... પછી મોતનો ડર કેવો ?'

'પરંતુ આમ ક-મોતે મરવાનો પણ અર્થ શો છે?'

'ખરૂં.' મનસુખે પણ દલીલ કર્યા વિના પૂનમની વાત સ્વીકારી લીધી - કારણકે આગળ મોટું ટોળું આવતું હતુ - કોઈ જૈન વાણિયાનું... સંભાળવાનું હતું.

ધરતી ચૂમે આકાશને - ત્યાં ક્ષિતિજ આવેલી છે - અને પશ્ચિમ-આકાશમાં સૂર્યની સવારી ક્ષિતિજ તરફ આગળ ધપી રહી છે - યંત્રવત ! ત્યાં નથી કોઈની રોકટોક ... આખું આકાશ સૂર્યનું જ છે ને ? છતાં પણ તેની નક્કી થયેલી - શિયાળા અને ઉનાળાની સવારી ચોક્કસ રેખા પર વહી જાય છે... દૂર દૂર ઝાડીઓની હારમાળા નજરે ચઢે છે... નદીકિનારા પરના વૃક્ષો ડોલી રહ્યા છે - કયાંક કયાંકથી કોયલનો મીઠો ટહુકો - કૂ...ઉ.. કૂ...ઉ.. કર્ણને પછડાઈ આનંદ આપી જાય છે ખડખડ વહેતા ઝરણાંનો એકધારો વહી જતો અવાજ મન પ્રફુલ્લિત કરી જાય છે - એવું લાગે છે કે - બસ, અહીં બેસીને સાંભળ્યા જ કરીએ એ કલકલાટ !

દૂર દૂર... જયાં જીવતાં હરતાં-ફરતાં માણસો નથી...જયાં આ દંભી દુનિયાનો એકપણ ઈન્સાન ફરકે તેમ નથી - કારણ તો



માત્ર એટલું જ-કે, દુનિયાના લોકોને દોડધામ ફાવી ગઈ છે - પૈસો બનાવવા માટે અહીં-તહીં બહાવરા-સા ફરતા રહે છે તે લોકોની પાસે ફરવા આવવા માટે - મોજમજા માણવા માટે સમય જ કયાં છે ? છતાં,

જે લોકો-જે સહેલાણીઓ હવા ખાવા માટે આવે છે તેઓ આટલે દૂર સુધી તો નથી જ આવતા - એવા આ દૂરના સ્થળે - જયાં કુદરતની પ્રકૃતિ સિવાય કંઈ જ નથી... લીલી વનરાઈઓ... નદીનું પાણી... ખળખળ વહેતા ઝરણાં... કર્ણપ્રિય કંઠ સંભળાવતી કોયલ... સમસ્ત સૃષ્ટિના પંખી-સમાજમાં જેને સૌથી સુંદર ગણ્યો છે તે - મોર... વગેરે આંખને ગમે એવી પ્રકૃતિ અહીં રમણીય વાતાવરણ ઊભું કરે છે - ત્યાં કોઈ માનવી - દંભી માનવી ફરકવાનું નથી જ - એમ માનતા મનસુખ અને પૂનમ - અહીં એક આંબાની છાયમાં પડેલા મોટા પથ્થર પર પગ લબડાવીને પાસ-પાસે પણ - થોડે દૂર બેઠા...!

પ્રગાઢ મૌન છવાયેલું છે - અને એ મૌન નીચે દબાયેલો મનસુખ અકળાઈ રહ્યો છે... મૌન તોડવાની તેની શક્તિ છે - પરંતુ, આમ એકાંતમાં - પારકી યુવતી - અને આ સમય ! - મનસુખ કંઈ બોલી શકતો નથી...

પૂનમ તો પ્રકૃતિનું દશ્ય નિહાળવાને બદલે - નીચી નજર ઢાળીને બેઠી છે... તેના પગ વારે-વારે પથ્થર સાથે પછડાવાથી પહેરેલા ઝાંઝર રણકી ઉઠે છે - કંઈક વિસ્મયથી !

મૌને ભરડો લીધો... મનસુખને લાગ્યું કે કદાચ હું ગૂંગળાઈને મરી જઈશ... તેણે પૂનમ સામે નજર કરી - પરંતુ, પૂનમ તો યથાવત નીચી નજરે બેસી રહી છે.. તેના ગાલ પર તેના માથાના કાળા વાળની લટ પવનના ઝપાટાથી આમ-તેમ ફરકતી રહે છે... ક્યારેક કપાળ પર - તો ક્યારેક કાજળ-ઘેરી આંખો પર... ગાલ પર ! - ત્યારે પૂનમના ગાલ કંઈક શરમથી હસી ઊઠે છે... મનસુખની વિડંબના વધતી જતી હતી...

પહાડ જેવું મૌન !

આખરે તેનાથી દબાણ ન વેઠાતાં મૌન તોડવાની હિંમત એકઠી કરી બોલ્યો : 'પૂનમ...! કેમ, કંઈ બોલતી નથી ?'

પૂનમે ચક્ષુને જરા પણ તકલીફ આપ્યા વગર અપલક જમીન પર ખોડી રાખી બોલીઃ 'શું બોલું ?'

'કંઈ નહીં ?... આટલે દૂર સુધી આવ્યા છીએ... આવા એકાંતમાં એક સાથે બેઠા હોવા છતાં તને કંઈપણ બોલવાનું સૂઝતું નથી...?' દૂર દૂર નજર નાંખી મનસુખે ઉમેર્યું ? 'જોતો પૂનમ !...કુદરતની લીલા ! - કેટલો રમણીય પ્રદેશ છે.?... આ અવિરત વહેતો જલપ્રવાહ ! ...આથમતા સૂર્યનું તેજ ! ... આ દૃષ્ય ! અહા ! ...શું ભગવાને ધરતી માતાને ભેટ ધરી છે ?... સાંભળ તો ખરી ?... દૂર દૂરથી આવતા કોયલના મીઠા ટહુકા... કંઈ નહીં તો આ પ્રકૃતિ પર તો નજર દોડાવ... કે પછી આમ જ બેસી રહીશ ? - અને એમ બેસી રહેવાનો કોઈ અર્થ નથી....'

પૂનમની સ્થિતિમાં કંઈ ફરક પડ્યો નહીં - ત્યારે તો મનસુખનું



મન ભડકી ઊઠ્યું તેણે પૂનમની નજીક સરકીને પૂનમનો ચહેરો હાથમાં પકડીને ઊંચો કર્યો, તો...! - તેના હાથ ધ્રુજી ગયા : 'અરે પૂનમ, તું રડે છે ? '

પૂનમની આંખોમાંથી આંસુની ધારા વહેછે.. એક ડૂસકું નંખાઈ ગયું -અને મનસુખે તેને છાતી-સરસી દાબીને - તેનો ચહેરો મનસુખની છાતીમાં છુપાવીને - તેને શાંત્વના આપતો - અકારણ અને અચાનક રડી પડી હોવાથી ઝંખવાઈ ગયેલો મનસુખ - તેના માથામાં હાથ ફેરવતો બેસી રહ્યો...ક્યાંય સુધી પૂનમના ડૂસકાં ઊંડા ધરામાંથી નીકળતા નિશ્વાસની માફક નીકળીને વેરાઈ જતાં - મનસુખની છાતીમાં વાગતા હતા... પણ તે શાંત થઈ જ નહીં.

ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતાં - અંતે પૂનમના ડૂસકાં સમાય ગયા - ત્યારે સ્વસ્થ થતાં બોલી : 'મનસુખ...તમે મને મારી હાલત પર છોડી દો... ચાલો આપણે હવે ચાલીએ..'

'કયાં... ? તારૂં આમ એકાએક રડવું - એ સમજયા- જાણ્યા વિના હું તને આજે જવા દેવાનો નથી...'

'પણ... ઘણું મોડું થઈ જશે મનસુખ...! અને વળી વિશાખાને પણ તેના ઘરે સાથે જવાનું છે...'

'ના પૂનમ... તું એમ વાત ઊડાવી ન દે... તારા દિલમાં કંઈક દર્દ છૂપાયું છે- અને તેનો પાર પામ્યા વિના હું જંપવાનો નથી.. તારે કહેવું જ પડશે પૂનમ.. ! ન કહે તો તને મારા સો...'

'નહીં - નહીં - મનસુખ... સોગંદ ન દેશો' કહેતાં પૂનમે

મનસુખના મુખ પર હાથ દાબી દીધો...'કહું છું મનસુખ !'-

અને મનસુખે તેના હાથને ચૂમી લીધો...પૂનમે કંઈપણ ઈન્કાર કર્યા વિના ચૂંબનથી ભીંજાયેલો હાથ પાછો ખેંચી લીધો.

ત્યારે સૂર્ય-મહારાજ પશ્ચિમાકાશ તરફ ઝૂકી રહ્યા હતા. આંબાના વૃક્ષનો છાંયડો ખાસ્સો મોટો થઈ ગયો હતો.

❖ ❖ ❖

અવનિ પર દૃષ્ટિ સ્થિર કરતાં પૂનમે તેનો ભૂતકાળ ઉખેડવાની શરૂઆત કરી. તેની આંખોમાં દર્દનું એક આંસુ સરી પડેલું... તેની પરવા કર્યા વિના કહેવા માંડ્યું :

'મનસુખ !... તમે સાંભળી શકશો...? - હિંમત છે ?

'અરે પગલી ! તારી હર વાત સાંભળવાને હું તૈયાર છું... ભલે - તે દિલની વેદના કરાવે પરંતુ... તારા ભૂતકાળનું જે દર્દ - તને આંસુ સારવા માટે મજબૂર કરે છે તે દર્દ કહાની સાંભળવા માટે જ તો હું અહીં આવ્યો છું.. પછી શું'

'તો સાંભળો મનસુખ...!' દૂર નજર કરી પૂનમે - અને પછી પૂર્વાનુકરણ ભીની નજરો મનસુખના ચહેરા ફરતી નાંખી- અને જમીન તરફ ખોડાઈ ગઈ.

'હું એક પ્રીતમાં નાકામ્યાબ બનેલી યુવતી છું - કદાચ તમને દુઃખ થશે, પરંતુ...'



'અરે ! અરે ! - તું કહેતી જા. મને કશું જ દુઃખ નહી થાય. તુ વારેવારે લાગણી દર્શાવ્યા વિના કહેતી જ જા...પૂનમ' થોડું રોકાઈને પૂનમ તરફ એકીનજરે જોઈ - ઊમેર્યુ : 'તારી એ ક્ષણભંગુર પ્રીતની હતાશામાં ફેરવાઈ ગયેલા એ વાદળો.. આમ લાગણીમાં તણાવાથી થોડા જ વરસવાના છે ?'

'હા... કદાચ વરસી પણ પડત. પરંતુ કમોસમી વરસાદ હંમેશા હેરાન -પરેશાન કરનારો : મુશ્કેલી ઊભી કરનારો હોય છે-'

- ત્યારે હું પંદર વરસની હતી... પૂર્ણપણે ખીલેલું - ફાટફાટ થતું યૌવન કોઈને પણ લલચાવી મૂકે તેવું હતું.. હું મારા ગામ ગઈ હતી... અત્યારે જયાં હું રહુ છું એ ઘર મારું નથી પરંતુ મારા મામાનું છે.. અહીં ભણવા ખાતર જ હું તો આવી હતી... ઊનાળાની રજાઓ ગાળવા માટે ગામડે ગઈ હતી, મારા મા-બાપ ત્યાં જ રહે છે અને અત્યારે પણ છે... મને ભણાવવા ખાતર તેમણે મામાની સંભાળ હેઠળ - આગ્રહ કરીને મૂકી હતી; પરંતુ તેમનો એ આગ્રહ જ તેમના માટે શાપરૂપ નીવડ્યો... એક છોકરા સાથે મને પ્રેમ થઈ ગયો...હતો તે ઉચ્ચ કુટુંબનો - અમીર બાપનો નબીરો... ત્યારે મને ખબર નહોતી કે... આગળ જતાં એ ગદ્દાર નીવડશે... ભોળા દિલથી હું તેને પ્રેમ કરતી રહી- પ્રેમપત્રો લખતી રહી... અમે સાથે જ ફિલ્મ જોવા જતાં - ફરવા જતાં અને... અને... અમે સાથે ફોટા પણ પડાવ્યા હતા... પ્રેમ ખાતર હું મરી ફિટવા તૈયાર હતી...એક દિવસ...

એ દિવસ, રવિવાર હતો... હું ઘરમાં અભ્યાસ કરતી હતી... ત્યાં તો એ મારા ઘરની નજીક આવી સીટી વગાડીને મને બારી પાસે બોલાવી; મને કહે, 'ચાલ આપણે પીક્ચર જોવા જઈએ' તેનો કોઈપણ બોલ હું ઊથાપી શકતી નહોતી- મારૂં દિલ એટલું પોકળ હતું કે તેને ખોટું લાગે તેવું વર્તન કરતાં પણ હું ડરતી હતી... હું તેની કારમાં જ સાથે નીકળી ગઈ... મેં તેને કશું જ પૂછયું નહોતું... પરંતુ જયારે થીયેટર આગળ જળ પોસ્ટર જોયું તો હું શરમાઈ ગઈ... કોઈ ઈંગ્લીશ ફિલ્મ હતી... મારા સંકોચનો પાર ના રહ્યો... મારી નજર વારેઘડીએ એ જ પોસ્ટર પર પડતી રહી જે પોસ્ટર એક - તદ્દન નગ્ન સ્ત્રી એક પુરૂષની બાહોમાં છૂપાયેલી હતી- એ - પોસ્ટર પરથી નજર ખસતી નહોતી. મારા બેવફા પ્રેમીએ મારો હાથ દબાવ્યો. હું ઈન્કાર ન કરી શકી... એણે બોક્સમાં ટિકિટ કઢાવી હતી - છતાં હું તેને અનુસરતી થીએટરમાં ઘૂસી... બોક્સમાં અમે બે જ હતા... થોડી ઈધર-ઉધરની રીલ બતાવ્યા બાદ ફિલ્મ ચાલુ થઈ અને થીએટરમાં અંધારૂં પથરાયું... શરૂથી જ ફિલ્મ - 'સેક્સી' હતી.. હું ઊભી થઈ ગઈ - ખરેખર મારે માટે એ શરમજનક હતું છતાં મારા પ્રેમીએ મારો હાથ પકડી પાછી બેસાડી દીધી... ફિલ્મની સાથે સાથે મારા પ્રેમીએ પણ મારા શરીર પર હાથ નાંખ્યો - હું કંઈ ન કરી શકી... મારા અંગ-ઉપાંગો પર હાથ ફેરવવા લાગ્યો - મને પણ તે ગમતું હતું.. મેં તેનો હાથ દબાવ્યો. તેણે મારા અધરોષ્ઠ પર તમતમનું ચુંબન ચોડી દીધું - અને હું પૂર્ણ ઉત્તેજિત થઈ ઊઠી... હું પૂરૂં ચીક્ચર જોઈ જ ના શકી - અને આમેય હું કયાં જોતી હતી ?-

ત્યાર બાદ મને એ એક હોટેલમાં લઈ ગયો- એક કમરો બુક



કરાવ્યો - હું યથાવત તેને અનુસરતી કમરામાં ગઈ મને ત્યારે ખ્યાલ પણ નહોતો હે - આ સુખી ક્ષણ - ભવિષ્યમાં મારા માટે કેટલો મોટો ભયંકર પ્રશ્ન ઉપસ્થિત કરશે... ? એણે બારણાં બંધ કરી સ્ટોપર ચઢાવી દીધી - લાગલો જ મારા પર હુમલો કરી મને પલંગ પર ફસડાવી દીધી... જે ક્ષણથી હું દૂર ભાગતી હતી - તે બદનસીબ ક્ષણ એકદમ નજીક આવી ગઈ... મેં ઈન્કાર કરવા પ્રયત્ન કર્યો પરંતુ, તેની ખુશીમાં મારી ખુશી સમાયેલી હતી - તેને તન-મનથી ચાહ્યો હતો - મારી સાથે લગ્ન કરવાનું વચન આપ્યું હતું - અને તેથી જ મારો ઈન્કાર કામ્યાબ ના નીવડ્યો... અને... બિલાડો દૂધ બોટી ગયો... ત્યારે,

ત્યાર પછી હું તેને રોજ એ જ હોટલમાં મળતી - રંગ-રાગ ખેલીને હું ઘેર આવતી - એક વખત મારા મામા કોઈ ભયંકર રોગમાં ફસાયા અને મૃત્યુ પામ્યા... ઘરમાં હું હવે એકલી જ રહેતી... તેથી એ હરામી રોજ મારે ઘેર આવતો, અને એ હવસ સંતોષીને ચાલ્યો તો;

ઊનાળાની રજાઓમાં ગામડે ગઈ તો.. મારા વધતા પેટ અને શરીરમાં આવેલા પરિવર્તનથી મારા મા-બાપને વહેમ પડ્યો : એક દિવસ મને ઊલટી કરતાં જોઈ ગયેલી મારી માએ મને પૂછયું; અને... સત્ય હકીકત જણાવી દીધી....

મારા મા-બાપને લાખ સમજાવવા છતાં મને સ્વીકારવા તૈયાર ન થયા... મને ત્યાંથી કાઢી મૂકી... અહીં પાછી આવી તો !

જેના માટે મેં મા-બાપને છોડ્યા, જેને મારી આ કુંવારી કાયા

સોંપી હતી...એ, નજાણે ક્યારનીયે જાણ થઈગઈ હશે - તેથી મારા ઘેર આવતો બંધ થઈ ગયો હતો... હું તેના ઘેર ગઈ તો મને મારી-ઝૂડીને કાઢી મૂકી.. નફરતની આગમાં હું જીવતી સળગી મરી... ઘેર આવી પોકે પોકે રડી...કદાચ વિશાખા મારે ઘેર ન આવી હોત તો હું ત્યારે જ આપઘાત કરી બેઠી હોત - પરંતુ વિશાખાએ મને સમજાવી-પટાવીને એબોર્શન કરાવી લીધું. બસ... ત્યારથી પ્રેમ કરવાનું છોડી દીધું... પુરૂષો પ્રત્યે નફરત થઈ ઊઠી; પણ ગમે તેમ તોય હું એક સ્ત્રી છું... કોઈ બે તડપતા દિલને મળેલા જોઊં છું - ત્યારે તેમના સુખી જીવન માટે મરી ફિટવા તૈયાર થઈ જાઊં છું - અને એ માટે તો મેં - મારી જિંદગીનો રાહ બદલી નાંખ્યો છે... તડપતા હૈયાને એક કરવા હું તડપી ઊઠું છું....'

પૂનમ એકદમ રડી ઊઠી...

અત્યાર સુધી તેના ચહેરા પર જે નિષ્ઠુરતાની છાંય પ્રસરેલી હતી એ કયાંયે અદશ્ય થઈ ગઈ હતી અને તેની જગ્યાએ લાગણીસભર સ્ત્રીનો ચહેરો ઊપસી આવ્યો.

'પૂનમ...! શાંત થા... તારા એ પ્રેમીનું નામ શું હતું તે તો તેં જણાવ્યુ જ નહીં...!' મનસુખના મનમાં જે પ્રશ્ન ક્યારનોય વાગોળતો હતો તે ઓકી નાંખ્યો.

'જાણી ને તમે શું કરશો ...?'

'કરવાનું તો હવે શું રહ્યું છે ?... પરંતુ જો કોઈ રીતે એ...'

'નહીં;... મનસુખ ! એ હરામખોરનું સ્થાન હવે મારા



જીવનમાં નથી, જેના માટે મેં આટઆટલું દુઃખ વેઠ્યું...જેને માટે મારા મા-બાપને છોડવા પડ્યા...એ દિલાવર...'

'દિલાવર...! કોણ દિલાવર ?' મનસુખનું મોં પહોળું થઈ ગયુ.

'એ જ દિલાવર... જે મારો પ્રેમી હતો.. તે દિલાવર... તમારી સાથે બગીચામાં ઝઘડો થયો હતો..'

'દિલાવર...!' મનસુખ કરાંઝી ઉઠ્યો... 'તારી આ હિંમત... તને હું...'

'નહી મનસુખ...! મજબૂરીથી - તેને મળવા હું જતી નથી - કારણકે તેણે કોઈ ધનવાન યુવતી સાથે લગ્ન કરી લીધા છે... મારી વાત સાંભળો...!' મનસુખ કંઈક અવળુ ન કરી બેસે એટલા માટે પૂનમે તેના બંને હાથ પકડી કહ્યું : 'તેની પાસે મારા લેટરો પણ છે અને અમારા બંનેના ફોટા પણ...!'

'હેં...તો...તો એ નરાધમને હું જેલ ભેગો -'

'નહીં મનસુખ... ઊતાવળે આંબા ના પાકે... તમનુ મારી સોગંદ છે મનસુખ ! મને પૂછયા વિના તેની સાથે કોઈ અઘટિત પગલું ન ભરશો.'

મનસુખ શાંત થયો.

'ચાલો હવે ચાલીશું...મનસુખ ! ઘણું અંધારૂં થઈ ગયુ છે..ચાલો.'

મનસુખ પણ ઊઠ્યો.

ત્યારે સૂર્ય પશ્ચિમાકાશ તરફ ડૂબી ગયો હતો... સાંજ ઢળી ગઈ હતી અને રાત્રિનું આગમન થઈ ચૂક્યુ હતું... નિશાચર પક્ષીઓ અને જનાવરના અવાજો આવતા હતા.

તમરાંનો ગણગણાટ સંભળાતો હતો.

શહેરમાં વીજળી-દીવા પ્રગટી ચૂક્યા હતા.

❖ ❖ ❖

'વિશાખા...! દીકરી... અહીં આવ તો... બેટા...!' વિશાખાના પપ્પાનો અવાજ સાંભળી - તેની મમ્મી ઝડપથી તેમની પાસે દોડી આવી : 'શું છે?'

ચમકીને જોયું - તો વિશાખાની મમ્મી !

'અરે...! વિશાખા કયાં ગઈ ?'

'એ... આવી પપ્પા...' વિશાખાની મમ્મી ગભરાઈ ગઈ હતી- કંઈક કહેવા જતી હતી ત્યાં જ વિશાખાનો અવાજ સાંભળી તેમને હાશ થઈ... દાદર ઊતરતી વિશાખાના પગ થંભી ગયા... મમ્મી અને પપ્પાને સાથે ઊભેલા જોઈને તે ગભરાઈ ગઈ... કદાચ મમ્મીએ કહી તો દીધું નહીં હોય ને ? - મમ્મીને તો ગમે-તેમ સમજાવી બહાનું બતાવી નીકળી ગઈ હતી પરંતુ પપ્પા...! તેમને કયું બહાનું બતાવીશ ? અને બહાનું ગમે - તેવું હોય પરંતુ પપ્પા માનશે ? - માનીને પણ બેસી રહે એવા કયાં છે ? - તપાસ કરશે તો



...? - વિશાખા પસ્તાઈ રહી હતી - તેની ગભરામણનો પાર ના રહ્યો... આખું શરીર ધ્રૂજવા લાગ્યું... પપ્પાની આંખોમાં આંખો મિલાવવાની એકઠી કરેલી બધી જ હિંમત ઓસરી ગઈ... દિલ ધડકવા લાગ્યું... ઝડપથી શ્વાસ લેવાથી તેની છાતી ઊંચી-નીચી થતી હતી....

દ્વિધામાં પડેલી વિશાખાને દાદરના છેલ્લા પગથિયે જ સ્થિર ઊભેલી જોઈને તેના પપ્પાએ બૂમ મારી;

'અરે, વિશાખા ! ત્યાં કેમ ઊભી છે ? - અહીં આવને બેટા...!'

તેના પપ્પા તો સામાન્ય અવાજમાં બોલ્યા હતા પરંતુ વિશાખાને લાગ્યું કે તેના પપ્પા વ્યંગમાં બોલે છે ધ્રૂજતા પગે વિશાખા પપ્પાની નજીક ગઈ પરંતુ નજર ન મિલાવી શકી - કંઈક શરમથી - તો કંઈક સંકોચથી ધ્રૂજતા અવાજે પૂછયું :

'શું છે પપ્પા...!'- વિશાખાને લાગ્યું કે તેનું ગળું સુકાઈ ગયું છે.

'શું કરતી હતી તું...?' બીજો પ્રહાર - અને વિશાખાની રહી સહી હિંમત પણ ઓગળી ગઈ... ઊંડા ધરામાં ડૂબાડી હોય તેવી સ્થિતિ તેની થઈ ગઈ... અહીં તો 'બચાવો-બચાવો'ની બૂમ પણ મારી ન શકી વિશાખા,... છતાં તેને બચાવવા જાણે તેની મમ્મી વ્હારે આવી હોય તેમ - તેના માથા પર વહાલથી હાથ ફેરવતાં તેને સહારો આપ્યો... અને

વિશાખા ડૂબતાં ડૂબતાં બચી ગઈ... ધરામાંથી ઉપર આવતાં - જાણે થાક લાગ્યો તેમ એક ઊંડો શ્વાસ લઈ બોલી :

'પપ્પા... હુ તો ઉપર રીડીંગ રૂમમાં વાંચતી હતી.'

'અહો ! એમાં આટલી બધી ગભરાય છે કેમ ?'

પોતાની સ્થિતિ પામી ગયેલા પપ્પાનું વાક્ય સાંભળી જવાબ આપવાને બદલે સ્વસ્થ થવા પ્રયત્ન કરતી ઊભી રહી.

વિશાખાની મમ્મી પણ કંઈ સમજી શકતી નહોતી. મેજિસ્ટ્રેટની પત્ની હોવા છતાં - આજે તે ગોથું ખાઈ ગઈ. પતિ ઊલટ તપાસ કરી રહ્યા છે કે સ્વાભાવિક રીતે જ પૂછી રહ્યા છે - તેની સમજમાં ન આવતાં પૂછી બેઠી;

'શું તમેય તે... દીકરીને ગભરાવી મારો છો... તેને બોલાવી છે શું કરવા ?... આમ જુવાન-જોધ દીકરીને જોઈ શું રહ્યા છો ? - શરમ નથી આવતી ...?'

'અરે હા... હું તો ભૂલી જ ગયો...!' પત્નીનો ઠપકો સાંભળી - તેને ગણકાર્યા સિવાય મેજિસ્ટ્રેટે કહ્યું; 'હું એમ પૂછતો હતો કે તારી પરીક્ષાની કેટલી વાર છે. ? - મતલબ કે તે માટેની તારી તૈયારી કેવી ચાલે છે ?'

ધાર્યા કરતાં ઓછી ગંભીર વાત સાંભળી વિશાખાને હાશ થઈ, છતાં ગભરાતી હતી... તેના અવાજમાં એક પ્રકારની ધ્રુજારી હતી : 'હજુ તો લગભગ બે મહિના છે અને તૈયારી તો સારી ચાલે



છે... પણ -'

વિશાખાને અચકાતી જોઈ તેની મમ્મી બોલી ઊઠી :

'શું પણ ? - જે હોય તે સ્પષ્ટ કહી દે ને ?' તને કંઈ તકલીફ પડે છે ?...'

વિશાખાએ તેની ગભરૂ નજર પપ્પા પર ફેંકી અને પછી નીચું જોઈ ગઈ- તેના પપ્પાએ પણ તેને સધિયારો આપ્યો : 'કહે બેટી...! કંઈ તકલીફ - વાંચવાની કંઈ તકલીફ પડતી હોય તો નિઃસંકોચ કહી દે -'

વિશાખાએ તેની મમ્મી સામું જોયું અને કહ્યું :

'તકલીફ તો બીજી કશી નથી - પણ આજુ-બાજુના અવાજોથી વાંચવામાં ધ્યાન કેન્દ્રીત થતું નથી....'

'એમાં ગભરાવવાની શી જરૂર છે ?... વાંચવાને સમયે કોઈ સહેલીને ત્યાં જતી હોય તો - ?' તેની મમ્મીએ દીકરીને સહારો આપવા કહ્યું અને ઉમેર્યું : 'તારી પેલી સહેલી - કોણ છે ? - અરે હા ! પૂનમ ? એને ત્યાં જ જજે... તેનો બંગલો પણ વસ્તીથી દૂર અને એકાંતમાં આવેલો છે - ત્યાં તને કંઈ તકલીફ નહીં પડે..' પછી જાણે પતિની સંમતિ લેતી હોય તેમ કહ્યું : 'બરાબર ને...?'

'હા...હા, બરાબર... એ જ ઉચિત છે' કહી મેજિસ્ટ્રેટે સંમતિ આપી.વિશાખાનું દિલ તો ઊછાળા મારવા લાગ્યું. મનોમન ખુશ થઈ ઊઠી પણ બાહ્ય દેખાવે ગંભીર ચહેરા કરી પૂછયું : 'પણ પપ્પા

તમે મને ઝઘડશો તો -'

'અરે દીકરી ! હું શું કરવા ઝઘડું - તું તારે નચિંત રહેજે -' અને પછી ઉમેર્યું : 'જા- બેટા ! અત્યારે અને આજ પૂરતું તું અહીં વાંચજે - જા. તને કોઈ ડિસ્ટર્બ કરવા નહીં આવે-જા.'

અને વિશાખા ઉતાવળે પગલે દાદરો ચઢી ગઈ. એ હિસાબે કે, 'રખે ને કદાચ પિતાજી તેમનો ઈરાદો બદલે- ખુશ હતી વિશાખા. મુક્ત ગગનમાં વિહાર કરવા તત્પર બની.

વાંચવા બેઠી. પણ દિલને ચેન નહોતું. આવતી કાલના મુક્તવિહારની કલ્પનાથી જ તે ઉલ્લાસિત થઈ ઊઠી. પડી પડી વિચારે ચઢી.

❖ ❖ ❖

બીજા દિવસે ટિફીન લઈને નીકળી ત્યારે તેના પગમાં એક પ્રકારનું જોમ હતું. વિશાખા તેની મમ્મી પર વારી ગઈ હતી. તેની મમ્મીએ જ વિશાખાને બે લાભ અપાવ્યા હતા - એક તો પૂનમની સખીને બહાને સતારનું ખાણું લઈ જવાનો. અને બીજો પૂનમને ત્યાં વાંચવા જવાનો. પોતાના બંગલામાં જ રહેવાથી તેને વિચારવાનો - કે સતારને લેટર લખવાનો લ્હાવો મળતો નહોતો તે હવે પૂનમને ત્યાં વાંચવા જવાથી સતારને મળવા જવાની છૂટ મળી ગઈ.

એકબીજાની ઓળખાણ થયા પછી વિશાખા ભોગ-વિલાસમાં રાચતી હતી. વારે વારે તેને સતારની બાહુપાશમાં સમાઈ જવાની ઈચ્છા થતી હતી. કુંવારી છોકરી જયાં સુધી કોરી હોયછે ત્યાં સુધી



તેને કોઈ અટકળ કે અન્ય વ્યથા હોતી નથી. પરંતુ જયારે તે ભીંજાય જાય છે - કુંવારી કાયા અભડાવે છે ત્યારે તેના વિચારો એનકેન પ્રકારે પુરુષની તરફ આકર્ષાય છે. અને એ આકર્ષણથી પોતે કેટલી ગંભીર સમસ્યા ઊભી કરશે તેનો પણ વિચાર આવતો નથી. બસ ! સમય મળ્યો નથી કે પુરુષ તરફ પ્રયાણ કર્યું નથી.

એટલે વિશાખાને પણ સતારના પુરુષત્ત્વનો ચસ્કો લાગ્યો હતો. રોજરોજ તેના માટે ટિફીન લઈ જતી વિશાખા કોરેકોરી પાછી આવતી નહોતી.

સતાર ગંભીર હતો. આનાકાની કરતો. પરંતુ વિશાખા સંસાર-સુખ ભોગવવાની લાલચે જ તેની પાસે આવતી હોવાથી તેને સંતોષવી જ પડતી.

સતારને ઘેર આવ્યા પછી વિશાખા અંદર જ ગુડાઈ રહેતી - તેથી સતારના પડોશીઓ કંઈક વિસ્મયથી - કંઈક શંકાથી તેના ઘર તરફ નજર રાખતા હતા. યુવાન અને યુવતી - આ રીતે ઘરમાં ગોંધાઈ રહેતા - કમાડ બંધ કરી સાંકળ લગાવતા... એટલે સ્વાભાવિક છે - કે શું ધમાલ થતી હશે. તેવું કહેવાની કોઈને ય કશી જરૂર નથી.

એક વખત તો પીખા ભગતની ધર્મપત્નીએ તો સતારને પૂછી પણ જોયું હતું - પણ સતારે ઉડાઉ જવાબ આપી તેમને ટાળ્યા હતા. પડોશીઓ બાબતની ફરિયાદ વિશાખાને જણાવતાં સતારે કહ્યું હતું : 'વિશાખા! તું હમણાં થોડા દિવસ માટે અહીં ન આવે તો ના ચાલે?'

ત્યારે વિશાખા કંઈક ગુસ્સા સાથે બોલી હતી :

'કેમ ? તમને હું ભારે પડું છું.'

'ના. એમ તો નથી. પરંતુ મારા પડોશીઓને આપણા કરતુતની શંકા ગઈ છે. એટલે આપણી વાત તારા મમ્મી-પપ્પા સુધી પહોંચવામાં વાર નહિં લાગે. - અને એમ થશે તો તો પછી-'

'ના. સતાર ! મારા મમ્મી-પપ્પા સુધી વાત નહિં પહોંચે. કદાચ પહોંચે તો પણ શું? કહી દઈશ - હું સતારને ચાહું છું.'

'ચૂપ. એવું બાલીશ પગલું હમણાં ના ભરીશ. નહિંતર કાચું કપાઈ જશે.'

છતાં વિશાખા સતારને ત્યાં ટિફીન લઈને યથાવત આવી જ પહોંચતી. સતાર પણ હવે તો કંટાળી ગયો હતો. મહામુસીબતે વિશાખા મળી છે, અને કયાંક ખોઈ બેસીશ તો ?

અને આજે વિશાખાએ જે લાભ લીધો હતો તેનાથી તો સતાર ગુંચવણમાં પડી ગયો.

'સતાર ! આજથી આપણને હવે મળવા માટે કોઈ રોકી નહીં શકે -'

'કેમ ?' કોળિયો મોંમાં મૂકતાં સતારે પૂછયું.

'મારા પપ્પાએ મને પૂનમને ત્યાં વાંચવા જવાની પરવાનગી આપી દીધી છે - એટલે હવે હું અહીં આપણે ઘેર રાત્રે આવીશ.'



તેણે મારકણી નજરે સતારને તાક્યો.

સતારનું ચાવવાનું બંધ થઈ ગયું. આ વળી વધારાની લપ કયાં વળગાડી? આજ સુધી તો દિવસે જ વિશાખા આવતી હતી - અને હવે રાત્રે આવવાનું કહે છે - એટલે જરૂર કંઈક અણબનાવ બનશે. કારણ કે રાત્રે મારે ઘેર વિશાખા આવે - તો લોકો શું ધારે ?

'વિશાખા ! મને લાગે છે કે હવે આપણે વધુ સમય આ રંગરાગ ખેલી શકીશું નહીં.'

'કેમ ?' છેલ્લો કોળિયો મોંમાં મૂકતાં વિશાખાએ એવી રીતે પૂછયું કે - સતાર મુંઝવાઈ ગયો. બોલ્યો :

'તું અહીં રાત્રે આવે તો આપણું પ્રેમ-પ્રકરણ ઊઘાડું પડી જશે...'

'છો ઊઘાડું પડે. હવે કયાં સુધી છૂપું રાખીશું ? ગમે ત્યારે પપ્પાને ખબર તો પડવાની જ છે ને ? તો આ રીતે જરા જલદી ખબર પડી જશે -' કહેતી વિશાખા થાળી ઉટકવા બાથરૂમમાં ચાલી ગઈ. અને સતાર બાઘો બની તેની ચાલને પીઠ પાછળથી જોઈ રહ્યો.

વિચારવા લાગ્યો.

વિશાખા આટલી બધી હિંમત રાખે છે પણ તેના મમ્મી-પપ્પા આગળ શી રીતે કહી શકશે ? આખરે તો સ્ત્રી-જાત છે ને ? આખર ટાણે છૂટી પડશે તો મારે સમાજમાં નીચા-જોણું થશે...

અત્યાર સુધી જાળવી રાખેલી શાખ રાખ થઈ જશે. વિશાખા તો અમીર બાપની દીકરી છે - તેને કોઈ કહેવા નહીં જાય... પરંતુ હું તો એક ગરીબ છું... મારું મો લોકો ચૂંટી લેશે. તેના પપ્પા ઘરની બહાર નીકળવાની સખ્ત મનાઈ ફરમાવશે - તો હું થોડો તેને મળવા માટે તેના બંગલે જવાનો છું ? ... જાઉં ખરો પણ, ઓળખાણ-પિછાણ વિના મને થોડો મળવા જવા દે ! હવે તેની સાથેનો શરીર સંબંધ ઓછો કરી આખરે બંધ કરી દેવો પડશે.

સતારે નિર્ણય તો કર્યો પરંતુ -

જયારે વાસણ ઊટકીને વિશાખા તેની સામે ચણિયાચોળી પહેરેલી સામે આવી ત્યારે તેના સૌંદર્યમાં આફરીન થઈ ગયેલા સતારે પોતાનો નિર્ણય તોડી દીધો.

ભવિષ્યમાં આવી પડનારી આફતની જાણ આ બંને પ્રેમીઓને કયાંથી થવાની હતી ? ચરમસુખમાં આનંદ માણતા સતાર અને વિશાખાને કોઈનોય ડર નહોતો - અને સમય સમયનું કામ કરતો રહ્યો.

❖ ❖ ❖



# પ્રકરણ - અઠાર

"ચંદ્ર-વિલાસ" બંગલાની બાજુના બાગમાં સાંજનો ઢળતો સૂર્ય પ્રકાશ ફેલાવતો હતો. ખુશનુમા વાતાવરણનો આનંદ માણવા માટે વિશાખા તથા તેના મમ્મી-પપ્પા આરામ-ખુરશીમાં બેઠા હતા.

આકાશ સ્વચ્છ હતું.

બંગલાની બાજુના આ બાગમાં આથમણી દિશા તરફનાં ઊંચા વૃક્ષોએ ઠંડો છાંયડો બિછાવ્યો હતો. આહ્લાદક પવન શાંતિ અર્પતો વહ્યે જતો હતો.

સમસ્ત સૃષ્ટિની શાંતિ - ! .... પ્રગાઢ મૌન - !.... કોયલનો મીઠો ટહુકો - !.....

વાતાવરણને અનુલક્ષીને વિશાખા કંઈક પાસાં ગોઠવી રહી હતી. કંઈક કહેવા તત્પર બની- બોલવા મોં ખોલ્યું... પણ ! હિંમત ન ચાલી.

મેજિસ્ટ્રેટ સાહેબ બેધ્યાનપણે વિશાખાના ચહેરા પર બદલાતા ભાવને વાંચવા પ્રયત્ન કરતા હતા -

દીકરી અને પતિના ચહેરા પરના ભાવો પ્રત્યે પ્રતિભાવ દર્શાવતાં વિશાખાની મમ્મીએ મૌનના અંચળાને ખસેડવા પ્રયત્ન કર્યો. અને સફળ થયા. પતિની આંખમાં આંખ મિલાવી બોલ્યા :

'ચંદ્રેશ -! દિવાળીની રજાઓ ભોગવવા આપણે વતન - ગામડે જઈશું કે પછી અહીં જ -?'

'અરે ગાંડી ! - કયા વર્ષે આપણે ગામડે દિવાળી ગાળવા ગયા નથી ?'

'એકેય નહીં -' આટલા વર્ષે પણ યુવાન દીકરી સામે પતિએ પોતાને ''ગાંડી'' કહી એટલે તેઓ તોબડો ચઢાવીને બોલ્યા.

'અરે ! ગુસ્સે કેમ થઈ ?... આ વર્ષે પણ આપણે ગામડે જઈશું- બસ !' પછી પત્નીને ખુશ કરતાં ઉમેર્યું : 'સંદલપુર જેવું રળિયામણું ગામ આપણા વિસ્તારમાં મેં કયાંય જોયું નથી...'

સંદલપુરનું નામ સાંભળી વિશાખા ચમકી ! તેની આંખોમાં ચમક આવી ! મમ્મીના રીસામણામાંથી પપ્પા તેમનો ઈરાદો બદલી ના દે - તે માટે એકદમ બોલી ઊઠી : 'હા ! પપ્પા...! મને તો સંદલપુર ગામની પ્રકૃતિ ખૂબ ગમે છે. આપણે જઈશું.'

'પણ તારી મમ્મી ?' મેજિસ્ટ્રેટ પત્ની પર વેધક નજર નાંખી બોલ્યા. એટલે બાપ-દીકરીના નિર્ણય આગળ નમતું જોખતાં નમિતા બોલ્યા :

તમે બાપ-દીકરીએ ત્રાગડો કર્યો છે.. પછી હું શું કામ ના



પાડું... હું પણ આવીશ.''

'આહા... જાણે કે અમારી દયા આવતી હોય !' મેજિસ્ટ્રેટે પ્રહાર કર્યો.

'બસ - બસ....હવે ! મને ખીજવવામાં મજા નથી.'

મમ્મી-પપ્પાના ઝઘડાનું સ્વરૂપ ઉગ્ર બને તે પહેલાં જ વિશાખા - જે ક્યારનીયે ગોઠવી રહી હતી તે વાત કહેતાં બોલી :

'પપ્પા ! ... આપણા ખેતરમાં સાંતિ તરીકે કામ કરતા હતા ને તે -' વિશાખા નામ ભૂલી ગઈ - કે પછી ઈરાદાપૂર્વક ઉચ્ચાર્યું નહીં એટલે તેના પપ્પાએ કહ્યું :

'કોણ-? આપણો ભાગીદાર રામો ?'

'ના-ના. પેલા નદીમાં તણાય ગયા હતા તે -'

'અરે હા.' કંઈક યાદ આવતાં મેજિસ્ટ્રેટ બોલ્યા : 'સવજી ભગતને ?'

'હા. એ જ.' વિશાખા બોલી.

બાપ-દીકરીની વાતોમાં રસ પડતાં નમિતા પણ તેમાં ભાગ લેવા તત્પર બની. કંઈક લાગણીવશ થઈને બોલી : 'સવજી ડોસા તો મુગા પ્રાણીને બચાવવા જતાં મોતને ભેટયા... અને મા-દીકરાને એકલા છોડી ચાલ્યાગયા. બિચારાં શું કરતા હશે મા-દીકરો ?'

'પણ મમ્મી - તું બીજું જાણે છે?'

'ના.'

'સવજી ડોસાના મોત પછી તેમના ઘરની દશા બેઠી હતી. તેમનું ઘર સળગી ગયું અને તેમનાં ડોશી પણ ભેગા - સળગી ગયાં... બિચારો મુન્નો - આ દુનિયામાં એકલો રહી ગયો.' કહેતાં વિશાખાના ચહેરા પર વિષાદ છવાયો. મેજિસ્ટ્રેટ પણ હેબતાઈ ગયા. બોલ્યા :

'શું કહે છે વિશાખા?... તને કયાંથી ખબર ?'

'સતારે કહ્યું.'

'કોણ સતાર ?' નમિતાએ પ્રશ્ન કર્યો.

'મુન્નો..., તેણે નામ બદલ્યું છે... અહીં જ રહે છે અમારી કોલેજમાં સાથે જ ભણે છે. '

'ખરેખર ?' મેજિસ્ટ્રેટ આશ્ચર્યથી પૂછી બેઠા. અને ઉમેર્યું : 'તો... તેને આપણે ત્યાં લાવતી હોય તો....'

'મેં તો ઘણું યે કહ્યું હતું - પરંતુ તેને તમારો ડર લાગે છે.' વિશાખા હિંમત કરીને બોલતી હતી. પોતાની જાત પર તેને અચંબો થયો. કઈ રીતે બોલી રહી હતી તેની તેને ખબર પડતી નહોતી.

'મારો ડર લાગે છે ?-'કોઈ ગુન્હો કર્યો નથી છતાં.

'છતાં.' વિશાખા દઢતાથી બોલી; 'એ કહે છે કે મને તારા



પપ્પા આગળ વાત કરતાં ગભરામણ થઈ જશે - તારા પપ્પા તો મેજિસ્ટ્રેટ છે... તેમની નજર અનુભવી છે - મને વીંધી દેશે.'

'પણ.... એણે મારું શું બગાડ્યું છે ?' મેજિસ્ટ્રેટ બોલ્યા.

બિનજરૂરી વાત આગળ વધતી હતી તેથી ફેંસલો લાવવા વિશાખાની મમ્મી નમિતાએ વચ્ચે સૂર પૂરાવ્યો.

'દીકરી વિશાખા !... તું કાલે જ એને અહીં તેડી લાવજે - કહેજે કે મમ્મીએ આગ્રહ કરીને બોલાવ્યો છે.....'

'કાલે જ-?'

'હા. ગમે તેમ કરીને તેનો ભ્રમ તો ભાંગવો જોઈએ ને ? - બિચારો કયાં રહેતો હશે ?'

'જો માનશે તો જરૂર તેડતી આવીશ. આમ તો તે કોઈનાયે ઘેર જતો નથી પરંતુ હું જાતે જ કારમાં બેસાડી લાવીશ... શહેરના છેવાડે નાના ઘરમાં રહે છે. જરૂરથી હું બોલાવી લાવીશ...'

ત્યારબાદ દિવાળીની રજાઓ સંદલપુરમાં ગાળવાની ચર્ચા - કેટલા માણસો સાથે લેવા - કેટલી સહેલીઓ વિશાખાએ સાથે લેવી- કેટલા દિવસો સુધી રહેવું - ની ચર્ચાઓ થતી રહી... અને આખરે આ નાનાકડા કુટુંબે પૂર્ણાહૂતિ કરી ઉઠવાની તૈયારી કરી.

ઊઠતાં ઊઠતાં નમિતાએ વિશાખાને યાદ દેવડાવ્યું :

'વિશાખા - તું કાલે સતારને અહીં લાવવાનું ભૂલતી નહીં - હોં ? બપોરની રસોઈ પણ તેના માટે અહીં જ કરીશું.... ' પછી પતિ તરફ સુકાન ફેરવતાં બોલ્યા : 'અને તમે પણ કાલે વહેલા આવજો... તમે તો પાછા છો જ ભૂલકણા ? - શી ખબર કોણે તમને મેજિસ્ટ્રેટ બનાવ્યા છે ?'

'ચૂપ.' કહેતાં મેજિસ્ટ્રેટે આંખો કાઢી.

અને નમિતા ખડખડાટ હસી પડ્યા. વિશાખા દાદરો ચઢી ગઈ. ત્યારે સૂર્ય અસ્ત થવાની તૈયારી કરતો હતો.

❖ ❖ ❖

'મનસુખ !...'

'હં.'

'કયામત આવી છે....'

'હેં ? ... કયાં છે ?' પાટલી પર માથું ઝુકાવીને પડેલો મનસુખ સફાળો ચમક્યો ! આજુ-બાજુ નજર કરી બધા જ સ્ટુડન્ડ બહાર નીકળી ગયા હતા.... રીસેસ પડી હતી. કલાસમાં આ બંને યુવાનો જ બેઠા હતા. કોઈને ન જોતાં મનસુખે ફરી પૂછ્યુ : 'કયાં છે ?'

'શું ?... શું કયાં છે ?' સતાર બોલ્યો.

'કયામત -'



'ઓહ ! ગધેડા... કયામત અહીં નહીં - પણ મારી જિંદગીમાં -' કહેતાં સતારે ધબ્બો લગાવ્યો.

'સમજ પડે તેમ બોલ...' પછી અનુમાન લગાવતાં બોલ્યો : 'વિશાખા !'

'હા - પણ એ ખુદ કયામત નથી.... પણ એ સાથે લાવી છે....'

મનસુખ બાઘો બની તાકી રહ્યો.

'તાકી શું રહ્યો છે ? કહું કહું છું - તને કંઈ સમજ પડે છે. ? બુધ્ધુ...' સતાર થોડો ગરમ થઈ ગયો.

'તુ યાર મને હેરાન ના કર... જે કહેવું હોયતે સીધે સીધુ કહી દે - નહિંતર મને ઊંઘવા દે.' મનસુખે ફરી પાછું માથું પાટલી પર ટેકવી દીધું.

સતાર અકળાયો. તેણે મનસુખનું બાવડું ઝાલીને બેઠો કરી દીધો. અને બોલ્યો : 'જો સાંભળ! વિશાખા છે ને...તે...તે...' પણ આગળ બોલવા જાય તે પહેલાં જ પૂનમ અને વિશાખાને દ્વારમાં પ્રવેશતાં જોઈ ચૂપ થઈ ગયો.''

'વિશાખા છે ને છે... તે એમાં મનસુખને શું કરવા હેરાન કરો છો - બિચારાની ઊંઘ બગાડી.'

મનસુખ ચમક્યો. સામે વિશાખાને જોતાં જ તેણે સ્વસ્થ થવા

પ્રયત્ન કર્યો : અને બોલ્યો; 'વિશાખા, તેં આને કઈ વળી નવી ઉપાધિમાં નાંખ્યો છે કે ક્યારનોય મને હેરાન કરે છે.કંઈ સમજ પડે તેવું બોલતો નથી - અને ગોળગોળ બક્યા કરે છે. - તું જ કહે હવે...'

સતાર ચૂપ થઈ ગયો. સામે જાણે સાક્ષાત જક્ષિણિ આવીને ઊભી હોય તેમ વિશાખાને જોઈ રહ્યો.

મનસુખને વાત કરવા વિશાખા આગળ વધે તે પહેલાં જ વચ્ચે પૂનમ ટપકી : 'તું ચૂપ રહે વિશાખા. હું જ કહું છું ... જુઓ વિશાખાની મમ્મીએ સતારને તેમના ઘેર જમવા બોલાવ્યા છે - અને આ તમારા દોસ્ત જવાની ના પાડે છે.' અને પૂનમને મર્મભર્યું હસીને ઉમેર્યું : 'સાવ મૂરખ જ રહ્યા તમારા દોસ્ત.'

'હા. મૂરખો જ છે સાલો. આવી તક જતી કરાતી હશે !' મનસુખ પણ સતારને મૂરખો કહ્યો એટલે તે થોડો ખમચાયો.

'ભલે. હું મૂરખો રહ્યો. પરંતુ તમે બધા મારી વાત તો સાંભળો.' અચકાતાં અચકાતાં આગળ કંઈક કહેવા જતા સતારને અટકાવી વિશાખા તાડૂકી.

'તમારી વાત મારે સાંભળવી નથી. તમારે આવવું જ પડશે - નહિં આવો તો હું સોગંદ આપીશ.' વિશાખાએ બ્રહ્માસ્ત્ર છોડયું... અને અર્જુનની જેમ સતારના પણ હાથ હેઠા પડ્યા. આખરે તેને સ્વીકારવું પડયું.



'ભલે. હું આવીશ પણ... મનસુખ -'

'ના ભાઈ. મારી તબિયત સારી રહેતી નથી અને- તું તો જાણેછે કે અત્યારે મને ઊંઘનુ ઘેન ચડ્યું છે - ત્યાં આવીને કંઈક ગરબડ થાય - થઈ જાય તો તારે લાજવાનું થાય - માટે ભાઈ, તું એકલો જ - અરે ! એકલો કેમ, સાથે વિશાખા છે ને ? પછી શું વાંધો છે ? આમ તો મરદાનગીનો દાવો કરે છે, તો પછી ત્યાં જવામાં કાયરતા શું કરવા પ્રદર્શિત કરે છે ? - સિધાવો.'

મનસુખ પણ આડો ઉતર્યો એટલે સતારને થોડી નવાઈ તો લાગી. પણ શું કરે ? તેણે 'હા' કહી દીધી.

મનસુખ તો ધર્મસંકટમાં મુકાયો હતો - સુડી વચ્ચે સોપારીની માફક તટસ્થ રહેવા સિવાય કોઈ રસ્તો જ નહોતો - કારણકે, પૂનમ દ્વારા વિશાખાએ તેને નન્નો ભણવાનું કહી દીધું હતું. અને તેથી જ તો મનસુખે કચવાતે મને સતારને ના પાડવી પડી. ક્યારનોય તે ઊંઘવાનો ડોળ કરીને સતારને છેતરવાના પ્રયત્ન કરતો રહ્યો હતો.

આખરે હતાશ થઈને સતાર વિશાખાની સાથે કારમાં ગોઠવાયો - ત્યારે જ મનસુખને હાશ થઈ. અને પૂનમ આનંદી ઊઠી.

વિશાખાએ કાર મારી મૂકી.

સતાર અસ્વસ્થ હતો. વિમાસણ - વિડંબના - કંઈક અચંબો - ! આમલોચના - ! તેનો ચહેરાનો ભાવ વાંચી વિશાખાએ કહ્યું :

'સતાર ! તમને માઠું લાગ્યું ? - હું કેટલા ઉત્સાહથી તમને મારા ઘેર લઈ જવા માટે આવી હતી ? - પણ, તમારો ચહેરો કહી આપે છે કે તમે કંઈક નારાજ છો...'

'વિશાખા...!' સતારે સીધી નજર રાખી ઉમેર્યું : 'આ તેં સારું નથી કર્યું... આમ એકાએક તારા મમ્મી-પપ્પા સામે મને ઉભા રહેવામાં અકળામણ તો થશે જ - કયાંક બફાઈ ન જાય- ગોટાળો થાય તો આપણે મુસીબતમાં આવી પડીશું....'

સતારના શબ્દોમાં - વાક્યોમાં ભારોભાર વિડંબણા ટપકતી હતી. વિશાખા પણ વિચારવા લાગી. તેને પોતાની જાત પર ક્રોધ ચઢ્યો. કંઈક વધુ પડતુ થઈ ગયું છે - તેવું લાગ્યું. છતાં સતારને હૈયાધારણ આપવા કહ્યું.

'તમે ચિંતા ન કરો સતાર ! બધું સમું સૂતરું ઉતરી જશે... તમે તો જાણો છો કે હું હવે નાની-કીકી નથી રહી. પપ્પા કોઈ અન્ય યુવાનને મારા માટે શોધે - પસંદ કરે તે પહેલાં હું તમને પપ્પા આગળ લઈ જવા ઈચ્છતી હતી. અને એક વખત આવ્યા પછી - તમારી વાત પપ્પાને કહેવામાં સંકોચ ન રહે -!'

'ચૂપ. એવું હમણાં કહેતી નહીં... તારે કહેવું જ હોય તો મારી રજા લઈને - હું કહું ત્યારે જ કહેજે...!'

'સારું. પણ હમણાં તો તમે હસતું મોં રાખો ? જેથી મમ્મી પણ ખુશ થાય. સમજ્યા ? - તમારી પૂર્વકહાની મેં એમને કહી છે



એટલે તમને વધુ કંઈ તકલીફ નહીં પડે ચાલો... હસો...' વિશાખાએ મારકણી નજર સતાર પર નાંખી અને હસી. તેના ગાલમાં સમાયેલો કાળો તલ ખંજરમાં ખૂંપી ગયો અને સતાર આનંદી ઊઠ્યો. હસી પડ્યો.

પછી -

મમ્મી-પપ્પા સાથે શી રીતે વાત કરવી અને કેવીરીતે વર્તવું વગેરે શિખામણ આપતી રહી વિશાખા. અને સતાર તેને મૌન બની સાંભળતો રહ્યો.

આકાશમાં સૂર્ય તપી રહ્યો હતો. ડામરની કાળી સડક ઊંચા મકાનોની હરોળ વચ્ચે થઈ પસાર થઈ જતી હતી. કયાંક કયાંક ઊંચા વૃક્ષો સ્વરાજ સ્થાપીને ઊભા હતા.

❖ ❖ ❖

બંગલાના કંપાઉન્ડમાં જયારે કાર પ્રવેશી ત્યારે સતાર સ્વસ્થ થઈ ગયો. સૂચક નજરે તેણે વિશાખા સામું જોયું - વિશાખા મલકતી હતી. કાર ઊભી રાખી. ત્યાં તો એક નોકર સલામ ભરી ઊભો રહ્યો.વિશાખા બહાર નીકળી અને તેને હુકમ કર્યા : 'જા ડ્રાઈવરને કહે - કાર પોર્ચમાં પાર્ક કરી દે.' અને નોકર - 'જી' કહીને ગયો. સતાર તો કારમાં બેઠોબેઠો જ સ્તબ્ધ થઈ ગયો. ઊતરવાનું પણ ન સૂઝ્યું.

વિશાખાએ તેની મૂર્ખામી પર હાસ્ય વેરતાં બોલી - હુકમ

કર્યો જાણે : 'બહાર નીકળો - જનાબ !'

ત્યારે જ સતાર બહાર નીકળ્યો. આજુ બાજુ નજર કરી. બાજુમાં જ દિલને ઠંડક આપે તેવો લીલોતરી ફેલાવતો બગીચો હતો. તેણે ઊંચે નજર કરી તો સ્તબ્ધ થઈ ગયો. 'ચંદ્ર-વિલાસ'... સાચે જ આ બંગલો વિલાસનો અનુભવ કરાવતો હતો.

'ચાલો.' વિશાખાનો બીજો હુકમ. અને સતાર ચૂપચાપ વિશાખાની પાછળ બંગલામાં પ્રવેશ્યો. પ્રવેશતાં જ હેબતાઈ ગયો. વિશાખાની - તેના પપ્પાની જાહોજલાલીના જે વિચારો તેના મગજમાં ઘૂમતા હતા - તેનાથી યે અદકી સંપત્તિ તેના બંગલામાં પ્રત્યક્ષ પ્રવેશતાં - જોતાં થઈ ગઈ.

દીવાનખંડમાં કોઈ હતું નહિં. ગાદીવાળા આરામ સોફાસેટ વ્યવસ્થિત ગોઠવાયેલા હતા. વચ્ચે સનમાઈકા-ગોળ ટેબલ હતું.... તેની ચારે તરફ ખુરશીઓ ગોઠવેલી પડી હતી સામે જ ઉપરના માળે જવાનો દાદરો હતો તેની આજુબાજુ બે રૂમો ભવ્ય લાગતા હતા.

'બેસોને!' બંગલાની અંદરનુ નિરીક્ષણ કરતાં સતાર બેસવાનું પણ ભૂલી ગયો હતો. તેથી વિશાખાએ તેને ચેતવ્યો. ત્યારે જે તેની વિચાર તંદ્રા તૂટી. અને બાજુના સોફાસેટમાં ગોઠવાયા - અચકાતાં ! ગાદીમાં અડધો ડૂબી ગયો સતાર.

'મમ્મી !' કહેતીકને દોડતી દાદરો ચઢતી વિશાખાનાં પગલાં કંઈક ઉત્સાહથી ઉપડતા જોઈ સતાર ચકરાવે ચઢી ગયો.



કેટલી ઉત્સુક છે વિશાખા... તેના દિલમાં આનંદ પણ સમાતો નથી. આટલી બધી જાહોજલાલીમાં ડૂબેલી વિશાખા કેટલી નસીબદાર છે ? અને હું કેટલો કમનસીબ ! જેને રહેવા માટે ઘર નથી...ભવિષ્યનો કોઈ અંદાજ નથી - પ્રેમમાં ડૂબેલી વિશાખા મારા નાનકડા ઘરમાં કેમ સમાશે ?

ભલે વિશાખા ગમે તે કહે - ગમે તેમ માને પણ તેના આ અમીર મા-બાપ મને તેમના જમાઈ તરીકે સ્વીકારવા હરગીજ તૈયાર નહીં થાય.

હતાશા - નિરાશાના ચડ ઊતર ચહેરામાં ગ્લાનિ છૂપાયેલી હતી. સતાર પોતાની જાતને અને વિશાખાને સરખાવતો રહ્યો - તો તેને મહેસૂસ થયું કે વિશાખાની સરખામણીમાં તે પોતે ઘણો જ વામણો છે. સતાર વિમાસણમાં પડી ગયો - અમીર - ગરીબની જોડી ક્યારેય સંઘાશે કે નહીં. કદાચ સંજોગવસાત સંધાય પણ જાય - પરંતુ વધુ સમય સુધી ટકશે નહીં.

વિચારોના ચક્રમાં તેને એક વિચાર આવ્યો - અહીંથી ભાગી છૂટવાનો. પણ...?... વિશાખા મને કાયર ગણશે... ભલે કાયર ગણે - પણ કદાચ વિશાખા મારા જીવનમાં સદાયને માટે આવશે - તો પાછળથી કાયરતા પ્રગટ કરવાનું કમભાગ્ય લખાયું હશે તો...! ચાલ જીવ, અહીંથી ભાગી છૂટ -

પણ સતાર કંઈક નિર્ણય કરી ઊભો થાય તે પહેલાં જ તેના

કાન ચમક્યા ! તેની નજર દાદર પર મંડાઈ. વિશાખા તેની મમ્મી સાથે આવી રહી હતી.

નમિતાના ચહેરા પર વિશાખા કરતાં પણ અદકો આનંદ વર્તાતો હતો. સતાર કંઈ સમજી શકતો નહોતો- અહીં લાવવા માટેનું શું પ્રયોજન હશે તેની કંઈ જ સમજ નહોતી. સતારે નમિતાને ચહેરો - દેહનું અવલોકન કરવા માંડ્યું તેને લાગ્યું કે વિશાખાની મમ્મી જયારે જુવાનીના દિવસોમાં - જોબનિયું લચકાવતા હશે ત્યારે વિશાખાથી પણ વધુ આકર્ષક લાગતા હશે.

નજીક આવ્યા. સતાર નીચું જોઈ ગયો.

'આવ્યો બેટા !'

નમિતાના મુખમાંથી નીકળેલા 'બેટા' શબ્દથી સતાર ચમક્યો પણ - તરત જ સ્વસ્થ થઈ ઊભો થઈ ગયો. નમિતાને શું સંબોધન કરવું - તે કશુંય ન સમજાતાં તે બોલ્યો : 'નમસ્તે કાકીજી !'

સતારના મુખેથી નીકળેલા શબ્દોમાં લાગણી હતી કે સંકોચ - ક્ષોભ ? તે ખુદ સતારને પણ સમજાતું નહીં. વિશાખા કંઈક શરમાઈ ગઈ. પરંતુ તેની મમ્મી સ્વસ્થ હતી. સતાર અને વિશાખાના વર્તનનો ભાવ વાંચતા બોલ્યા :

'અરે ! ઊભો કેમ થઈ ગયો તું ? બેસ ! ....હમણાં જ વિશાખાના પપ્પા આવશે-'



બેસવા જતા સતારને આંચકો લાગ્યો. મેજિસ્ટ્રેટનું નામ સાંભળતા જ તે ચમક્યો હતો. બેસવું કે નહીં ની વિમાસણમાં પડેલા સતારે વિશાખા સામું જોયું, વિશાખાએ આંખો કાઢી, અને સતાર બેસી પડ્યો. બધું ક્ષણવારમાં જ એકસાથે બન્યું હોવાથી નમિતાને કશી જ સમજ પડી નહીં. અથવા સમજ્યા હશે તો તેને 'સ્વાભાવિક' ગણીને 'લેટ ગો' કર્યું હશે.

સતાર બેઠો પણ ઊભડક પગે. જાણે તેને ધગધગતા લાવારસ ઉપર બેસવાનો હુકમ કર્યો હોય તેવો તેનો ચહેરો થઈ ગયો હતો. ચહેરાના ભાવ વાંચતી નમિતાએ પૂર્વાનુમાન કરી પૂછી જોયું : 'કેમ બેટા ! તારી તબિયત તો ઠીક છે ને ?'

'જી. કંઈ નથી.' અનાયાસે જ - કંઈ પણ સમજ્યા વિના સતારે જવાબ આપ્યો. પરંતુ મનમાં તો તેનો બીજો જ જવાબ હતો : 'તબિયત તો હજુ યે ઠીક છે... પણ જ્યારે મેજિસ્ટ્રેટ સાહેબ આવશે ત્યારે, છે તેનાથી યે ઘણી ખરાબ થઈ જવાની છે.' પણ તે ચૂપ રહ્યો.

નમિતા તો કંઈ જ કળી શકતી નહોતી.

પરંતુ - વિશાખા !

સતારના ચહેરા પરના ભાવ વાંચતા - હસવું કે ગુસ્સે થવું તેની સમજણ જ નહોતી પડતી.

સતારના ચહેરા પર- ક્યારેક ગંભીરતા - ! ક્યારેક ભયજનક ! - ક્યારેક મુશ્કેલીથી હસવાનો પ્રયત્ન;

વિશાખા અકળાઈ રહી હતી.

મમ્મી ન હોત તો આમને - પાજી ! ડરપોક ! હલકટ કહીને નવાજી દીધા હોત - ગુસ્સો ચઢ્યો હતો. બીજાઓની સામે તો બહાદુર તરીકે પંકાયેલો સતાર આમ મમ્મીની આગળ કાયરની જેમ કેમ બેસી પડતો હશે- તેની કંઈ જ ખબર નહોતી. વિશાખા સતારને તાકી રહી. બોલવાનું પણ તેને કંઈ સૂઝતું નહોતું.

સતારની સામેના સોફા પર પોતાનુ નાજુક શરીર ગોઠવતાં નમિતા બોલ્યા;

'મને તારા વિશે વિશાખાએ બધી જ વાત કરી છે.'

'બધી જ ?' કંઈક આશ્ચર્ય સાથે ગભરાયેલી મુખમુદ્રા કરીને સતાર જરા જોરથી બોલ્યો : કે વિશાખા ચમકી : સતાર કંઈક અવળું સમજીને કાચું કાપી નાંખશે - તેમ જોતાં મમ્મીની આડસ લઈ સતારને ઈશારાથી મોં પર આંગળી ટેકવી 'ચૂપ' રહેવા જણાવ્યું.

સતારે નજર ફેરવતાં બોલવા માટે મોં ખોલ્યું - અને ખૂલ્લું જ રહી ગયું.

'આ આવ્યા -' નમિતાના મુખેથી નીકળ્યું. તેઓ ઊભા થઈ દરવાજા તરફ આગળ વધ્યા.



સતારના ખુલ્લા મુખમાંથી સરી પડ્યુ - 'કોણ ?'

પરંતુ - એકાંતનો લાભ લઈ વિશાખા સતાર તરફ લપકી અને તેના મુખ પર હાથ મૂકી દીધો : 'ચૂપ.' અને પછી દરવાજા તરફ એક નજર નાંખી- પાછી વાળીને સતારને ચેતવતાં ઉમેર્યું : 'જરા, ધ્યાન રાખીને જવાબ આપો ને ?' પૂરૂં સાંભળ્યા વિના બક્યે જ જાવ છો. મારા પપ્પા કંઈ વાઘ તો નથી - કે તમને ખાઈ જવાના છે?' પછી સતારનું નાક પકડી હલાવતાં, - 'સાંભળ્યું કે નહીં ?'

સતાર નાક ચોળતો બેસી રહ્યો.

તેને લાગ્યું કે કંઈક વિરોધી પ્રવૃત્તિ થઈ રહી છે - એટલે તેણે બરાબર ગળું ખંખેરી હિંમત એકઠી કરી અને મેજિસ્ટ્રેટ સામે બોલવાનો - વાત કરવાની શક્તિ મેળવવા લાગ્યો.

વિશાખાને તો સતારની ચેષ્ટા જોઈ ખડખડાટ હસી પડવાનું મન થયુ હતું - પરંતુ મમ્મી-પપ્પા નજીક આવી ગયા હતા તેથી નીચલો હોઠ ઉપલા દાંત નીચે દબાવી હસવું ખાળી રહી હતી.

નત-મસ્તકે સતાર બેઠો હતો.

'લે-ભાઈ ! આ તારા કાકા આવ્યા.' નમિતાએ મજાકથી પતિ સામે જોયું. સતાર ઊભો થઈ ગયો હતો. બે હાથ જોડી હૃદયનાં ઊંડાણમાંથી મહામુશ્કેલીએ શબ્દોને બહાર કાઢતાં બોલ્યો : 'નમસ્તે કાકાજી !' બોલ્યો એ જ ગનીમત ! મેજિસ્ટ્રેટ સામે આંખ પણ માંડી

ન શક્યો. તેના ચહેરા પર પરસેવાનાં ટીપાં બાઝી ગયાં.

'કેમ છે ભાઈ...! અરે ! વિશાખા - શું નામ આમનું -?'

'સતાર !' વિશાખા ઝડપથી બોલી ગઈ. તેના શરીરમાં પણ ગભરાટની ઝણઝણાટી દોડી ગઈ હતી. પણ પછી સ્વસ્થ થઈ હિંમત એકઠી કરી હતી. સાડીના પાલવમાં જમણા હાથની આંગળી વીંટતી નીચું ઘાલીને બેઠી હતી.

'અરે હાં ! કેમ છે સતાર !'

સતારને તો શું બોલવું તેની કંઈ જ સમજ ન પડી. તેના ચહેરા પરના પ્રસ્વેદના ટીપાં જોઈ મેજિસ્ટ્રેટ પણ જરા ગુંચવાયા : 'કેમ ભાઈ ! તારી તબિયત સારી નથી કે શું ?'

'માર્યા ઠાર !' સતાર કંઈ જ બોલ્યો નહીં.

'વિશાખા ! પંખો તો ચાલુ કર ! સતારને પરસેવો -'

વિશાખા પપ્પાનું પૂરૂં સાંભળવા પણ ન રહી - અને લગભગ દોડતીક ને પંખાની સ્વીચ 'ઓન' કરી આવી. સતારનો પરસેવો કંઈક ઠંડો પડ્યો... ત્યાં મેજિસ્ટ્રેટ સાહેબે વાતનો દોર સાંધતા કહ્યું;

'સતાર ! તારી બરબાદીથી અમે વાકેફ છીએ - અને એ બદલ અમને અફસોસ પણ છે... હમણાં જ - કાલે જ વિશાખાએ અમને તારી ઓળખાણ આપી.... કેમ ખરું ને વિશાખા ?' કહેતાં તેઓ વિશાખાની બેઠક તરફ ફર્યા તો વિશાખા ગુમ. સાશ્ચર્ય તેઓ



બોલી ઊઠ્યા; 'અરે ! વિશાખા કયાં ગઈ ?...' તેમણે પત્ની તરફ પ્રશ્નસૂચક નજર નાંખી.

નમિતા હસતી હતી. હસતી જ રહી...

સતારને પણ વિશાખાની ગેરહાજરી સાલતી હતી. તેણે પણ અનુભવી નજર દોડાવી- પછી નિરાશ થઈ પાછી વાળતાં મેજિસ્ટ્રેટને જવાબ આપતાં બોલ્યો;

'નહીં સર !' પોતાની જિંદગી વિશે લાગણી દર્શાવતાં મેજિસ્ટ્રેટ સાહેબને સંબોધનમાં ફેરફાર કરી સતાર બોલ્યો; 'મારી જિંદગીએ રૂસણાં લીધા ત્યારથી જ મારી બરબાદી શરૂ થઈ છે. તમને વિશાખાએ જ જણાવ્યું હશે તે તો માત્ર બરબાદીના ગણ્યા ગાઠ્યાં પગલાં જ હતાં. જે દુઃખ મેં વેઠ્યું છે તેનું વર્ણન કરતાં કદાચ શબ્દો જ મને નહિ મળ્યા હોય... અને આમ તો હું મારી બરબાદી કોઈ અન્ય વ્યક્તિ આગળ રડતો નથી.'

'અરે ! અમે અન્ય વ્યક્તિ થોડા જ છીએ ? સતાર ! તારા બાપે તો જીવતાં સુધી મારી ખેતી સંભાળી હતી... સવજી ડોસા - અમારા ઘરના જ એક વ્યક્તિ હતા ને- ?' ચંદ્રેશે પોતાને સાહેબ કહી સંબોધન કરનાર આ નવલોહિયા યુવાન સતારની આંખોમાં તાકતા ઉમેર્યું ; 'સતાર ! તુ અમને પારકા ન ગણીશ... જેમ તારા બાપા પણ અમારા પોતિકા જણ હતા તેમ તુ પણ અમારો જ જણ છે ને ? અને તારા બાપા ગુજરી ગયા તેથી શું થયું ? અમે છીએ ને ? - તારે મને 'સાહેબ' નહીં પરંતુ 'કાકા' જ કહીને બોલાવવાના

છે. તારી આંખોમાં મને સવજી ડોસાના દર્શન થાય છે. - એ જ માયાળુ ચહેરો - સત્યની તેજસ્વીતા... એ જ કામઢો સ્વભાવ !'....

સતારને લાગ્યું કે, - તેની બોલવાની શક્તિ ઓસરતી જતી હતી. સામે એક મેજિસ્ટ્રેટ સાહેબ બેઠેલા છે - અને હું એક ખેતમજૂર બાપનો દીકરો... નાના મોંઢે શું બોલે ?

વાતાવરણમાં - ગંભીરતા.... સહૃદયતા... લાગણી...!

થોડી ક્ષણો એમ જ પસાર થઈ ગઈ.

અચાનક સતારની નજર દાદર પર સ્થિર થઈ ગઈ. વિશાખા હાથમાં ટ્રે લઈ આવતીહતી... કેટલી ખૂબસુરત લાગે છે વિશાખા ! - પણ તરત જ તેણે નજર હટાવી લીધી. ઘણી ક્ષણો સુધી તેને વિશાખાને તાકવી હતી... તેના વખાણ કરવા હતા... તેના ગાલને સોહાવતા તલની ઊપમા શોધવી હતી - પણ, સામે તેના મમ્મી-પપ્પા બેઠા હતા... અને એટલે જ તો તેણે નજર ખસેડી દીધી હતી. વિશાખા પણ - સતાર કંઈ અડપલું કરવા પ્રેરાય નહીં - માટે, નીચી મુંડીએ દાદરો ઊતરી ગઈ.

ટ્રેમાંથી ચ્હાના કપ ઉઠાવી વહેંચતી વિશાખાના ચહેરા પરની ગંભીરતા માપતાં ચંદ્રેશ તેને ખુશ કરવા બોલ્યા;

'થેંક યુ દીકરી !' વિશાખા શરમાય જાય તે પહેલાં જ નમિતાએ તેમને 'ચૂપ' કહી બંધ કરી દીધા.



'કેમ ? સતારને આજે વિશાખાના હાથની ચ્હા બનાવી પીવડાવીએ - તો સતાર પણ અહીં આવતો - જતો થાય ને ?

પપ્પાનો વાક્યનો મર્મ સમજવા વિશાખા એકતરફ બેસી ચ્હા પીવા લાગી. પપ્પા વ્યંગમાં બોલે છે કે - પછી ?

સતાર પણ મનોમન મેજિસ્ટ્રેટની મુર્ખાઈ પર હસતો હતો - 'કાકા' તમારી વિશાખાની હાથની ચ્હા તો શું પણ તમારા જ ઘરની બનાવેલી રસોઈ આ પહેલાં પણ હું ઘણીવાર ચાખી ગયો છું...' પણ ચહેરા પર તો માત્ર એ જ ભાવ હતા - જે ચંદ્રેશ ચાહતા હતા.

ચ્હા પીવાના સ્વાદમાં મૌન પથરાયું.

ડાઈનીંગ ટેબલ પર જમતી વેળાએ સંદલપુર ગામની વાત નીકળી. સતાર તો મુંગો મુંગો જમતો રહ્યો... વિશાખા પણ - ! બંનેની ચેષ્ટા - ચહેરાના ભાવ વાંચતા નમિતા અને ચંદ્રેશ ચૂપહતા.

મેજિસ્ટ્રેટ ચંદ્રેશ - સહધર્મચારિણી નમિતા - લાડકવાયી દીકરી વિશાખા -! ત્યાં પ્રગાઢ મૌન કેટલી ક્ષણો ટકે ?

નમિતાએ જ શરૂઆત કરી;

'સતાર ! તું સંદલપુર ગામ છોડ્યા પછી ક્યારેય ત્યાં પાછો ગયો છે ?'

'ના. જી. જવાનો વિચાર પણ આવ્યો નથી. જવું પણ નથી.'

'અરે ! એમ તો હોય?' મરતાં સુધી વતન કેમ ભૂલાય...?

'વતન તો કેમ ભૂલાય ?...' સતાર જાણે હૃદયના ઊંડાણમાંથી બોલતો હોય તેમ ધીમે અવાજે નિઃશ્વાસ સાથે બોલ્યો : 'પણ સંદલપુર પ્રત્યે હવે મને માયા રહી નથી - સૂતેલી સ્મૃતિને જગાડનારું એ ગામડું મને ડંખ્યા કરે છે, જે ગામમાં મારા મા-બાપનું કમોત થયું... ઘર સળગી ગયું... વ્હાલાનો વિયોગ - એકસામટી અનેક મુસીબતોનો સામનો કરવામાં નિષ્ફળ નિવડેલો હું... સંદલપુરને છેલ્લી સલામ કરી આવ્યો છું - પછી એ ગામમાં જવા માટે પગ નથી ઊપડતા...કાકી...!'

'અરે એમ તો હોય બેટા ! બરબાદી તો તારા કમનસીબે પણ થઈ હોય - કે પછી નસીબ , પણ... ગામડું તો કુદરતે સર્જેલુ છે તેની સાથેના સંબંધો તોડી નાંખવાથી શો ફાયદો ?...' નમિતા સહારો આપતાં બોલતાં રહ્યાં અને ચંદ્રેશ તથા સતાર સાંભળતા રહ્યા... વિશાખા તો તેના સ્વપ્નોમાં ખોવાઈ ગઈ હતી- તેને પણ આ વાતમાં થોડો રસ પડવા લાગ્યો - કયાંક સતારને દિવાળીની રજાઓમાં સાથે લેવાનો મનસૂબો પાર પડતો લાગ્યો. તેની મમ્મીની આગામી ચર્ચાથી તો તે ખુશ થઈ ઊઠી. નમિતાએ ચંદ્રેશના ચહેરા પર નજર ફેરવી ઉમેર્યું; 'સતાર ! અમે કેટલા સાધન-સંપત્તિ-વાળા છીએ છતાં ગામડાંનો મોહ તો હજુયે યથાવત પડ્યો છે... જો તું ઈચ્છતો હોય તો આ વર્ષે રજાઓમાં અમારી સાથે આવજે...'

'ના....કાકી' સતારે નન્નો ભણ્યો. વિશાખા ચોંકી. ચંદ્રેશ આશ્ચર્ય પામ્યા... પણ નમિતાએ હાર ન માની.



'જો... તેં મને કાકી જ કહી છે તો મારું માન રાખ અને વળી તારે ખાવા-પીવા કે રહેવાની તકલીફની ચિંતા ના કરીશ... અમારે ઘેર જ આવવાનું છે.... તને કદાચ ક્ષોભ થશે પરંતુ, અમારે માથે તારા બાપાનું ઘણું જ કરજ છે - મતલબ સ્નેહ-લાગણીનું ! એટલે તેમનું કરજ ઉતારવા માટે પણ તારે અમારી વાત માનવી પડશે... અને એક બીજી વાત...' પોતાની મેળે જ નિર્ણયો કરતા - અચકાયા એટલે તેમણે પતિ - ચંદ્રેશ તરફ પ્રશ્નસૂચક નજર કરી- કંઈક સંતોષથી આગળ ચલાવ્યું : 'આજથી તારે અહીં જ ખાવા - પીવાનું છે....'

'ગુડ - ગુડ... હવે મને ખબર પડી કે - મારી પત્નીના ભેજામાં પણ બુધ્ધિનો છાંટો છે ખરો -' ચંદ્રેશ ખુશ થતાં બોલ્યા.

'ચૂપ. તમને તો દરેક વાતે મશ્કરી કરવી સૂઝે છે.'

'મશ્કરી નથી કરતો- ડીયર ! દિલનો આનંદ છે.'

'બસ બસ હવે... તમે ચૂપ રહો.'

બંને પતિ-પત્નીના વાક્યુદ્ધમાં પરોવાયેલા જોઈ વિશાખાએ ઊંચે જોયું - તો સતારના ચહેરા પર વ્યથાની રેખા ઉપસી આવી હતી. તેનું ધ્યાન પોતાના તરફ ખેંચવા માટે થોડી હલબલી- હાથ ઊંચા-નીચા કર્યા - પણ વિચારોમાં ખોવાયેલા સતારને તેના તરફ દોરી શકી નહીં. અંતે થાકીને તેણે મમ્મી-પપ્પા તરફ જોયું અને ચેતવ્યા : 'મમ્મી ! શું તું ય તે -! જમતી વેળાએ વધુ બોલવું હિતાવહ નથી.'

'તું બેસ ! ... સતાર ! તને મંજુર છે ને ?'

સતાર ચમક્યો! નમિતાકાકીનો આ વખતે સીધો જ પ્રહાર હતો...

'ના - કાકી ! હા ! સંદલપુર આવવા પૂરતો વિચાર કરી જોઈશ - પરંતુ તમારે ત્યાં રોજ ખાવા-પીવાનું તો...'

'વિચાર કરવાનો વખત નથી. તારે સંદલપુર આવવું જ પડશે..' ચંદ્રેશનો હુકમ.

સતાર નકારી ન શક્યો.

'ભલે. પરંતુ રોજ અહીં ?' તે અટક્યો.

'તેનો વિચાર ફરી કરજે બેટા ! તને બળજબરીથી તો થોડો બોલાવાય છે ? તેમ છતાં, તારી ઈચ્છા થાય તો આ ઘરને તારું જ ઘર સમજજે.' નમિતાએ કહ્યું.

વિશાખા આનંદી ઊઠી.

મમ્મીના મુખેથી નીકળેલું - 'આ ઘર તારું જ ઘર -?' આ ઘર સતારનું છે અને તમારી દિકરી વિશાખા પણ સતારની છે' એમ કેમ નહીં કહ્યું ?- પણ વિશાખા તો સતારની તો છે જ ને? એમાં કહેવાનું શું હોય? હૈયાની વાત મમ્મી-પપ્પા જાણતા હોય તો - કેવું સારું ? - છતાં વહેલા મોડા તેમને કહેવું તો પડશે જ ને ?



વિચારો ખંખેરીને વિશાખા ઊભી થઈ. ત્રાંસી નજરે સતારને તાક્યો. સતાર ચૂપ હતો. કેવો લુચ્ચો છે સતાર ! પહેલાં તો નન્નો જ ભણે છે અને આખરે જાણે દયા ખાતો હોય તેમ 'હા' કહે છે... પછી સીધા કરીશ તેમને.... અત્યારે તો મમ્મી-પપ્પા છે એટલે... એમના ઘરમાં તો બહાદુર થઈ ફરે છે - પણ અહીં ? હમણાં વાત... કારમાં જ એમના કાન આમળીને સજા કરીશ... એક તીરછી નજર નાંખી વિશાખા ચાલી ગઈ... કંઈક ઉત્સાહથી.

❖ ❖ ❖

# પ્રકરણ - ઓગણીસ

ભાદરવો ઓતરા-ચિતરાનો તાપ માનવોને ભેટ ધરી તડકામાં તરફડાવી પસાર થયો - અને આવ્યો આસો. નવરાત્રિ... ગરબા... પોગ્રામ... હરીફાઈ !

પ્રથમ નવરાત્રિના નવેક વાગ્યે સતારના ઘર-આંગણે એક કાર આવી ઊભી રહી. પાછળના દરવાજેથી મનસુખ અને પૂનમ બહાર નીકળી સતારના ઘરમાં કમાડની તિરાડમાંથી અંદર ઝાંખ્યું. બત્તી બંધ હતી. સાંકળ ખખડાવી, કંઈ પ્રત્યુત્તર ન મળ્યો.- થોડી વધુ જોરથી સાંકળ ખખડાવીને મનસુખે બૂમ મારી ; 'સતાર... એ સતાર !'

થોડી વાર પછી લાઈટ થઈ.

સાંકળ ખોલવાનો અવાજ - પછી કમાડ ઊઘાડ્યા.

સામે ઊંઘમાં ઘેરાયેલો સતાર ! - મનસુખ અને પૂનમને જોઈ ચમક્યો ! બોલ્યો! 'અરે મનસુખ ! અત્યારે અહીં ?... આવો - અંદર આવો, બેસો...'



'ના. દોસ્ત. અત્યારે બેસવાનો સમય નથી.. આ પૂનમ મને જબરદસ્તીથી તેડી લાવી છે-' પછી સતારની આંખોમાં ઘેન ભરાયેલું જોઈ બોલી ઊઠ્યો ; 'અરે ! સતાર ! આટલું બધું વહેલું ઊંઘી જવાતું હશે ?... હું તો સમજતો હતો કે તું કદાચ વાંચતો હોઈશ...'

'હા.યાર.... હમણાં સુધી વાંચતો હતો પણ એકદમ ઘેન ચઢ્યું અને - ઊંઘી ગયો. પણ એ તો કહે કે અત્યારે અહીં આવવાનું તારું શું પ્રયોજન છે?- કંઈક ?!' સતારે મનસુખના ચહેરા પરના ભાવ વાંચતા કંઈક ચિંતાથી પૂછયું.

'તારે લીધે જ તો. જયારથી વિશાખા સાથે તારી ઓળખાણ કરાવી ત્યારથી- તમારા બંનેના કોઈ પણ કામ માટે અમને મુકરર કર્યા છે જાણે.' મનસુખ મુછમાં હસ્યો.

'પણ મૂળ વાત કરને યાર ?' સતાર અકળાતો હતો.

વાતોમાં સમય પસાર થઈ જશે - વિચારતી પૂનમે કહેવા માંડ્યું : 'તમે ય તે શું વળી ? સીધી વાત કરી દેતા હોય તો - ? સતાર ! સાંભળો. આજે વિશાખાના પપ્પા તરફથી તેમના બંગલામાં ગરબાનો પ્રોગ્રામ રાખ્યો છે... અને તેમાં હું અને વિશાખા પણ ભાગ લેવા ઈચ્છીએ છીએ. મને તો સંમતિ મળી ગઈ છે પરંતુ વિશાખા તમને પૂછયા વિના ગરબે રમવાનું 'હા' કહેતી નથી. મેં તો ઘણી યે સમજાવી પરંતુ ન માની. તમારી પાસે દોડાવ્યા. કહેતી'તી

કે - સતાર કહે તો જ હું ગરબે ઘૂમવા તૈયાર થાઊં - નહીંતર નહીં.'

'પણ એમાં વળી હું શું કહેવાનો છું... ધાર્મિક તહેવારમાં મને વળી પૂછવાનું શું ? તેના મનની ઈચ્છા - હું શું કરવા ના પાડું...' સતાર ઘૂંઘવાયો.

'એ જ તો મોંકાણ છે. એ તો કહે - કે સતાર અહીં આવે અને વાંસળી વગાડે તો જ હું ગરબે ઘૂમવા તૈયાર થાઊં.'

'શું કહ્યું ? - વાંસળી ! અને તે પણ મેજિસ્ટ્રેટ સાહેબની સામે -? અને એય વળી તેમના જ બંગલે ! હરગિજ નહીં... બેઈજ્જતી કરવી છે ? વાંસળી તો મેં સંદલપુરમાં જ ફગાવી દીધી છે... હવે તેને હાથ પણ હું અડાવવાનો નથી.'

'એ ન ચાલે દોસ્ત.' મનસુખે સતારને સમજાવવાનો પ્રયત્ન કર્યો : 'વાંસળી વગાડવી - એ તો એક કળા છે. અને કળાને કોઈ જાતિય સંબંધ થોડો જ છે ? કોઈ કાળે કોઈ માનવી પોતાને હસ્તગત કળાને આવેશમાં ફગાવી - સળગાવી દે એ તો મૂરખ ગણાય... કળા તો ઈશ્વરના આશીર્વાદ છે. નકારી ન કાઢીશ દોસ્ત... જિંદગીમાં એવા તો કેટલાંયે પ્રસંગ આવશે - તો શું તું તારી પ્રિય વસ્તુને તરછોડી દઈશ ?'

'પ્લીજ, મનસુખ ! મને હેરાન ન કર દોસ્ત... હમણાંનો મારો મુડ આઉટ થઈ ગયો છે, વાંસળી વગાડવાનું પણ હું ભૂલી ગયો છું - મન ચાહ્યો રાગ પણ નહીં છેડાય...'



'નહીં સતાર ! એમ બહાના બતાવીને અમારી વાત ટાળશો નહીં... હસ્તગત થયેલી કળા કદાપિ ભૂલાય નહીં... તમે બહાના બતાવી છટકી નહીં શકો.' પૂનમે આગ્રહ કર્યો : 'જાવ. સ્નાન કરી સ્વસ્થ થાઓ... તૈયાર થઈ જાઓ.... ચાલો.'

સતાર સ્તબ્ધ થઈ ગયો.

શું કરવું - કંઈ સમજી ન શક્યો. મનોમન વિશાખાને બે - ચાર ગાળો પણ ચોપડાવી દીધી,... જિંદગીમાં ખોવાઈ ગઈ હતી - પાછી તો મળી છે... પણ તેની હઠ હજુ પણ યથાવત ! સ્ત્રીહઠ ! તેના આ હઠાગ્રહની મમ્મી-પપ્પા પર શી અસર કરશે તેની તેને કયાં ખબર છે.... તેણે કચવાતા મને કહ્યું :

'પણ મનસુખ ! વિશાખાના મમ્મી-પપ્પા -?'

'તેમની ચિંતા ન કરશો. તેમણે તો તમને ત્યાં હાજરી આપવા બોલાવ્યા હતા... પણ તેમની દીકરીના આગ્રહને વશ થઈ તેમણે પણ સંમતિ આપી છે - માત્ર તમારી ઈચ્છા જાણવા વિશાખાએ મને મોકલી હતી....એકલી આવતાં ગભરાતી હતી... તેથી મનસુખને સાથે લાવી છું... હવે, નકારશો નહીં... તમારી એક 'ના' વિશાખાની જિંદગીને ખેદાન મેદાન કરી મૂકશે તેની તમને કયાં ખબર છે... વિશાખા હમણાંની પાગલ સરખી બની બેઠી છે. જયાં ને ત્યાં, બસ ! એ તો તમારી હાજરી જંખે છે....'

વિશાખાની મનોસ્થિતિ જાણી સતાર કંઈક ઢીલો થયો.

'મનસુખ ! તું તો ત્યાં હાજર રહીશ ને ?'

'હા. હા. દોસ્ત... હું એકલો જ નહીં... પરંતુ મમ્મી-પપ્પા પણ આવવાના છે.'

'શું -? મમ્મી - પપ્પા ?'

'હા સતાર ! અને એટલે જ તો તને આગ્રહ કરીએ છીએ... ચાલ તૈયાર થઈ જા. બહુ ટાઈમ થઈ ગયો.

સતાર નાહવા ચાલ્યો ગયો.

મનસુખ અને પૂનમના ચહેરા પર એક આનંદની લકીર પસાર થઈ ગઈ.

❖ ❖ ❖

વિશાખા કંઈક દ્વિધાથી આમતેમ આંટા મારી રહી હતી. મમ્મી-પપ્પાની નજરમાં ન આવી જવાય તે માટે ઉપરના માળે જઈ પલંગમાં પડી...

અજંપો... અકળામણ... આશા-નિરાશા...વ્યથા !

ઊભી થઈ બહાર બાલ્કનીમાં આવી ઊભી-નીચે ચોગાનમાં દૃષ્ટિ કરી.

આખો બંગલો અદ્‌ભુત રીતે શણગારાયેલો હતો. લાઈટ-ડેકોરેશન.... ફૂલગુંથણી... વિવિધ પ્રકારના કાતરેલાપાન... કોઈ



રાજાના સમિયાણા સરખું લાગતું હતું... તેને તો તેના મનના માણિગાર ની પ્રતિક્ષા હતી.- સતાર હજુ સુધી આવ્યો નથી.

દરવાજા સુધી પહોંચેલી નજર નિરાશ થઈ... અજવાળામાં પછડાટ ખાઈને પાછી વળી.

સતાર નહીં આવે ?

પૂનમ ગઈ હશે ? - ગઈ તો હશે જ.

સતાર પણ એમ તો હાર માને એમ કયાં છે ? પથ્થરદિલ છે. એકદમ પિગળે તો સતાર શાના ?... કદાચ ના પાડી દીધી હશે તો ?.... પૂનમ મને કહેવા પણ નહીં આવે - હું જાતે જ ગઈ હોત તો સારું હતું પરંતુ,... તેમની પાસે જાઉં તો વિચલિત થયા વિના રહેવાતું નથી - અને આવા પવિત્ર તહેવારે એમ શરીર અભડાવવાનું અનુચિત છે... સતાર પણ ગુસ્સે તો થશે જ - 'બહુ ઉત્સાહ હોત તો વિશાખા ખુદ કેમ ન આવી ?' એનો જવાબ તો પૂનમને પણ ભારે પડી જવાનો. પૂનમની સાથે હું ગઈ હોત તો સારું થાત - ગમે તેમ કરીને સતારને મનાવી લેત પરંતુ... હવે, ઘણું મોડું થઈ ગયું છે... હે ભગવાન !

વિશાખાથી એક નિસાસો નંખાઈ ગયો અને તેની સાથે જ આંખોમાં આંસુની ધાર ! - બધું ધુંધળું લાગવા માંડ્યું... તેણે આંસુ લૂછી નાંખ્યા. પગ ઢીલા થઈ ગયા.... શરીરનું જોમ ઓસરતું લાગ્યું... પૃથ્વી ગોળ-ગોળ ફરવા લાગી... જમીન -આસમાન

ઉપર-નીચે થતા લાગ્યા... આંખો ઘેરાવા લાગી... માથું ભારે થઈ ગયું... ચક્કર આવતા હોય તેવું લાગ્યું અને... - અટારીની કિનારી પકડી સહારો લેવા ગઈ... જરા નીચે નમી ... જાણે આખું આભ નીચે તૂટી પડ્યું;...ઊબકા કરવા લાગી...એકાએક બમણા વેગે ચક્કર આવ્યા - ગબડી જ પડત પરંતુ...

પૂનમે તેને પકડી લીધી.

પલંગમાં લઈ ગઈ... શું થયું તે પૂછયું નહીં... સમજી જવાનું હતું... વિશાખાને પલંગમાં સૂવાડી - પૂનમે જાતે જ ઊલટી સાફ કરી દીધી.... સારું હતું કે તેની મમ્મી આવી નહોતી.

સતારને મનાવી સાથે લાવ્યા, ત્યારે... નીચે વિશાખા નહોતી.. સતારને મનસુખ સાથે છોડીને પૂનમ ઉપરના માળે દોડી આવી હતી. જુએ છે તો ?

ક્ષણોનો સવાલ હતો... પૂનમ દોડી ન હોત... તો... વિશાખા પડી જ ગઈ હોત - અને આજનો આ અવસર બગડી ગયો હોત.

પરંતુ, પૂનમ આવી પહોંચી.

ઊલટી સાફ કરીને વિશાખા પાસે જઈ બેઠી. વિશાખા સ્વસ્થ થઈ ગઈ હતી.

'કેમ છે હવે તને...?'



'સારું છે...' વિશાખા બોલી. અને તરત જ ઉમેર્યું : 'સતાર...?'

'આવ્યા છે. નીચે મનસુખ સાથે બેઠા છે.' પૂનમે વિશાખા સામે જોયું તો આશ્ચર્ય પામી, વિશાખાનો ચહેરો આનંદથી ખીલી ઊઠ્યો.. ક્ષણવાર માટે તેની વેદના પણ ભૂલી ગઈ. ઉત્સાહથી બોલી ઊઠી :

'ભલા સંમત થયા ?...'

'પહેલાં તો નન્નો જ ભણ્યો... પણ પછી મનાવી લીધા.'

'એ તો એમની જૂની આદત છે..' કહેતાં વિશાખા બેઠી થઈ ગઈ... : 'વાંસળી વગાડશે ?'

'હા.' કહેતી પૂનમે વિશાખાને પાછી સૂવાડતાં કહ્યું : 'તું આરામ કર, તારી તબિયત સારી નથી.'

'ના. પૂનમ... મારે આરામ નથી કરવો... મને કશું જ નથી થતું... હું આજે ગરબે ઘૂમવાની... આજે સતાર વાંસળી વગાડવા તૈયાર થયા છે અને હું ગરબે ના રમું ? હરગિજ નહીં... આ સોનેરી અવસર હું જતો કરું તે મારી મૂર્ખાઈ ગણાય.' તેણે પૂનમ તરફ નજર કરી - નજીક સરકી અને ઉમેર્યું : 'પૂનમ...' આ વાત કોઈને કહીશ નહીં.. માત્ર આજની રાત પૂરતું તો નહીં જ... જો તું મારી સહેલી હશે તો...'

'સારું. હું કોઈને નહીં કહું, તું વિશ્વાસ રાખજે...'

અને પૂનમ વિશાખાના આ પાગલપન પર વારી ગઈ. સતારને કેટલી ચાહે છે વિશાખા ! - બંનેની જોડી જામે છે પણ કદાચ તેના પપ્પા આડા ફરશે તો વિશાખા જીવી શકશે ? - વિચારતી રહી પૂનમ ત્યાં.

'પૂનમ...! તું સતારને અહીં ન બોલાવે... કહેજે કે વિશાખા મળવા માંગે છે... પહેલાં તો ના પાડશે - પણ તું મનાવજે...

પૂનમ ચમકી !

મેજિસ્ટ્રેટના બંગલામાં કોઈ ત્રાહિત વ્યક્તિને તેમની જ દીકરી મળવા બોલાવે... અને એ પણ બધાની નજરે ?

'તું ઘણું કપરું કામ સોંપી રહી છે વિશાખા...? આમ ને આમ કરીશ તો તમારો ભાંડો ફૂટી જશે... અને એમ થશે તો - તું સતારને મેળવી નહીં શકે...'

'પ્લીઝ પૂનમ...! એવું ના બોલ, તારા વિશ્વાસે તો મેં આ પ્રકરણ શરૂ કર્યું છે... તું સાથ નહીં આપે તો... બીજું કોણ આપશે ?'

'પણ તને સાથ આપવાની કોણે ના પાડી...? આ તો તારા પાગલપ્રેમની મર્યાદા સમજાવતી હતી... હું જાઉં છું... તું નચિંત રહેજે... સતાર માનશે તો અબઘડી પાછી વળી સમજ...' કહેતી



પૂનમ દરવાજો વટાવી ગઈ.

વિશાખાની વ્યથાનો પાર ના રહ્યો.

વર્ષોથી તરછોડેલી વાંસળી આજે સતાર વગાડવાનો હતો - કેટલી તડપી છું એ સૂર સાંભળવા... પરંતુ આવા જ અવસરે તે સૂર સાંભળવા મળશે તે તો કલ્પનામાં પણ નહોતું... એ વિચારે વિશાખા આનંદી ઊઠી હતી.

પરંતુ, ઊલટી થવાનો શો અર્થ છે તે જાણ્યા પછી તે વધુ ગંભીર થઈ ગઈ. એક તરફ ઉત્સાહ, એક તરફ વ્યથા ! સતારને વાત કરવી કે નહીં ? અત્યારે તો નહીં પણ પછીએ કહેવી તો પડશે જ ને ? અને હું તો હજુ કુંવારી છું.

પપ્પા ગુસ્સે થશે તો ?

મમ્મી પૂછશે તો? શો જવાબ દઈશ... મારે સતારને વહેલા ચેતવી દેવા પડશે...

કુંવારી માતા ! - શરમ તો આવશે... પણ મમ્મી-પપ્પાને વાત કહેવી જ પડશે...

વિચારો કરતી વિશાખા બેઠી થઈ... બહાર નીકળવા ગઈ ત્યાં જ કોઈકના પગલાં સંભળાયા... પાછી બેસી પડી. દરવાજામાં સતાર આવીને ઊભો હતો - સત્કાર કરવાની પણ હામ ખોઈ બેઠી. શું બોલવું તે પણ ન સૂજયું... આંખોમાં સ્વાગત હતું... સતાર

અંદર આવ્યો-ધીમે પગલે.

વિશાખાની લથડી ગયેલી તબિયત તેની નજર બહાર ન રહી... પલંગ પર વિશાખાની પાસે જ બેઠો.

બહાર મનસુખ - પૂનમ ચોકી કરતા ઊભા હતા.

'કેમ કંઈ બોલતી નથી વિશાખા ?'... તુ ચૂપ કેમ છે ?

'હું તો તમારું મુખ જોવા બોલાવતી હતી...' નજર ચૂકાવીને બોલતી વિશાખાએ ઉમેર્યું : 'તમે વાંસળી વગાડશો ને...?'

'તો શું - અહીં જખ મારવા આવ્યો છું...' સતાર તંગ થઈ ગયો, વિશાખાનો ચહેરો કંઈક ગ્લાનિથી ભરાઈ ગયો... સતારની પાસે આવા જવાબની અપેક્ષા નહોતી. દિલમાં ખટકો લાગ્યો, રડવા જેવી થઈ ગઈ... પણ તેની આ વેદનાની જાણ સતારને કયાંથી હોય-? એણે તો ઉગ્રસ્વરૂપ ધારણ કર્યું; 'તારી હઠથી તોબા થઈ ગયો હું - વર્ષોથી જે ચીજ છોડી દીધી હતી તેને આમ એકદમ અપનાવી શકતો નથી... પણ તારા આગ્રહને વશ થયા વિના છૂટકો નથી...ઠીક છે કે પૂનમ ત્યાં આવી હતી.. તું આવી હોત અને હઠ પકડી હોત તો તારા ગાલ પર બે થપ્પડ લગાવી દેત...'

'તો... અહીં લગાવી દો... આ ઘર પણ તમારું જ છે ને ? - એમ દાઝ ઉતારવી હોય તો પણ હું તૈયાર છું...' વિશાખાએ રડતાં રડતાં કહ્યું.



'એટલે તારે મારી ફજેતી કરવી છે એમ !... અહીં આવ્યો એજ ભૂલ કરી,... બધાની વચ્ચેથી બોલાવવામાં તેં ભૂલ કરી છે વિશાખા...! તારા જ બંગલામાં - તારા મમ્મી-પપ્પાની હાજરીમાં મને અહીં બોલાવતાં શરમાવું જોઈએ તારે.'

વિશાખા મુક રુદન કરતી સતારતો સિતમ સહેતી રહી. એક ડૂસકું નાંખી... પછી ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગી.

બહાર ચોકી કરતાં પૂનમના કાન સરવા થયા. અંદર મામલો કંઈક ઊંચકાયેલો લાગતાં. મનસુખને સતેજ કરી રૂમમાં આવી. વિશાખાને રડતી જોઈ તેનું સ્ત્રીહૃદય ઝાલ્યું ન રહ્યું... વિશાખાની પાસે બેસી પડી અને તેને બાહુમાં જકડીને સાંત્વન આપવા લાગી... સતારની સામે જોઈ બોલી : 'સતાર !... વિશાખાની તબિયત સારી નથી. તેથી તમે કંઈક કહ્યું હોય તો પણ એ રડી પડે છે.. તેની વેદના સમજવા માટે તમે અસમર્થ છો સતાર ! ... તમે કંઈક બોલી ગયા તો નથી ને ?...'

પૂનમના ભાષણથી સતારને પરિસ્થિતિ સમજતાં વાર ના લાગી.... પોતે ગુસ્સામાં આવ્યો હતો અને પાછી વિશાખાએ ઉપર તેના રૂમમાં મળવા બોલાવ્યો તેથી તે વધુ ગુસ્સે થઈ ગયોહતો અને ન બોલવાનાં વેણ કહી વિશાખાને માઠું લગાડયું.... સતાર દિલગીર થઈ ગયો...

'મને માફ કર વિશાખા... ! ગુસ્સામાં આવી જઈ મેં તારા

આનંદને ગંભીરતા - વિષાદના ઊંડા ધરામાં ધકેલી મૂકી...' કહેતા સતારે સાચે સાચ માફી માગતો હોય તેમ બે હાથ જોડ્યા... પણ... સતારના બોલવાની - લાગણીભીની વાણી સાંભળતી વિશાખાએ જોયું અને... સતારના બંને હાથ પોતાના હાથમાં પકડી તેની હથેળીઓ પોતાની આંખો સાથે દબાવી- પછી વારાફરતી ચૂંબન કરી બોલી. :

'આ શુ પાગલપન છે?... હાથ તો મારે તમારી સામે જોડીને માફી માગવાની હોય- તેને બદલે તમે ?'

'અરે પગલી !' કહેતાં સતારે વિશાખાના ગાલ પર ધીમી ટપલી મારી મૂછમાં હસ્યો... વિશાખા પણ હસી.

યુગલનું મિલન કંઈક આનંદમાં ફેરવાતું જોઈ પૂનમ બહાર ઘસી આવી... એટલે !

રૂમની એકાંતમાં - પ્રેમાલાપ... મીઠી વાતો.. આનંદની ક્ષણો...! સતારે વિશાખાના ગાલ પર,... કપાળ પર,... અને પછી હોઠો પર ચૂંબન કરી વિદાય લીધી.

સતારના ગયા પછી વિશાખા સફાળી બેઠી થઈ ગઈ હતી.. તેના પગમાં જોમ આવ્યું... ઉત્સાહ થનગનવા લાગ્યો... પૂનમને બોલાવી અને તેને ઝડપથી તૈયાર કરવામાં મદદ કરવા જણાવ્યું. વિશાખા ખૂશ હતી... પૂનમ પણ ખૂશ હતી.



ધાર્યા કરતાં જલદી સતાર ખૂશમાં આવ્યો હતો. વિશાખા જગ જીતી જાણે. તેઓ ઝડપથી તૈયાર થવામાં રોકાયા.

❖ ❖ ❖

સમિયાણા સરખા લાગતા ચોગાનમાં માનવમેદની ઊભરાઈ હતી. જાણે આભલુ નીચે આવી પડ્યું હોય તેમ તારલાઓ સરખી લાઈટ-સીરીઝો ચમકી રહી હતી - તેનાથી જાણે તારલા શરમાઈ ગયા હોય તેમ ઝાંખા પડી ગયા હતા.

સતાર લપાતો - છૂપાતો મનસુખની પાસે આવીને બેસી ગયો. મનસુખે આંખના ઈશારાથી - બિચકાયેલા મ●ઝામલા અંગે પૂછયું : અને સતારે પણ આંખોથી જ સબ-સલામત જણાવ્યું. મનસુખ હસતો હતો.

થોડીવાર પછી સતારે પૂછયું : 'મનસુખ' મમ્મી-પપ્પા આવ્યા છે કે નહીં...? અહીં તો દેખાતા નથી.

'દિવાનખંડમાં બેઠા છે- તારી સગાઈની વાતચીત કરે છે...' મનસુખે મશ્કરી કરી એટલે સતારે ગુસ્સાભર્યા અવાજે કહ્યું : 'મશ્કરી કર્યા વિના બેસી રહેને ! હું પૂછું એટલો જ જવાબ આપ - અહીં દેડકાનો જીવ જાય છે અને કાગડાને હસવું આવે છે કેમ ?'

'એટલે ?... તારા કહેવાનો અર્થ એ કે હું કાગડો છું ?'

'ના. એમ તો હું યે કયાં દેડકો છું ?'

અને બન્ને દોસ્તો હસી પડ્યા. પછી ધીમે અવાજે વાર્તાલાપ ચાલ્યો - ત્યાં નોકરે આવીને કહ્યું. 'સાહેબ તમને બંનેને દીવાનખંડમાં બોલાવે છે -' અને પછી એ જતો રહ્યો.

'સાહેબ ?- સાહેબ કોણ ?' સતારે ગભરાતાં પૂછયું. તેની અકળામણ પામી ગયેલા મનસુખે તેને ખિજવવા માટે જવાબ આપ્યો : 'તારા સસરા'

'ચૂપ.' અને બંને દોસ્તો અંદર ગયા. સતાર વિશાખાને મળવા ગયો હતો તેથી તે ગભરાતો હતો - કયાંક મેજિસ્ટ્રેટ જાણી ગયા હશે - તો ?

દરવાજામાં પ્રવેશતાં સતારે મનસુખન

ે આગળ કર્યો. 'સાલા નપાવટ' - કહેતાં મનસુખ આગળ થયો.

'આવ બેટા -સતાર ! અહીં મારી પાસે બેસ.' રઘનાથની પાસે બેઠેલા તેમના પત્નીએ સતારને આવકાર્યો. એટલે ઠાવકો થઈ હસતાં હસતાં મનસુખ બોલ્યા :

'હા. સતારભાઈ - જાવ. મમ્મી પાસે જઈ બેસો... ન જાણે શો જાદુ કર્યો છે તે મમ્મીને તારા સિવાય ચેન નથી પડતું...' ને બધા ખડખડાટ હસી પડ્યા.



ન હસ્યો માત્ર સતાર. મનસુખ પર ગુસ્સો આવ્યો.મનમાં જ ચોપડાવી. 'સાલાને સમયનું પણ ભાન નથી.' પણ બાહ્ય દેખાવે તો તેણે કતરાતી નજરે જ ઠપકો દીધો. પણ એમ મનસુખ ચૂપ રહે તો મનસુખ શાનો ? એટલે તો બેવડા ઉત્સાહથી બોલી ઉઠ્યો : 'અલ્યા,... તુ ગમે તેટલો ગુસ્સે થઈશ તો પણ હું તારાથી અલગ નથી બેસવાનો - હું પણ તારી પાસે જ બેસીશ...'

સતારને થોડો આનંદ થયો. મમ્મી પાસે એકલા બેસવામાં સંકોચ થતો હતો... મનસુખે સાથ દીધો... એટલે તેને હિંમત આવી - અને મમ્મી પાસે જઈ બેઠો. તેની પાસે મનસુખ !

થોડી ઈધર - તીધરની વાતચીત થતી રહી.

ત્યાં -!

અચાનક સતારની નજર દાદરાની ટોચ પરથી ઊતરતી વિશાખા પર પડી - અને તે આભો બની ગયો. નવરાત્રિ પૂરતુ પહેરવા માટે લાવેલા લેબાશમાં વિશાખા ખૂબ જ સુંદર લાગતી હતી... તથા અન્ય શણગારો પણ સજ્યા હતા. અને વિશાખાને તૈયાર થવામાં મદદગાર પૂનમ હોય તો પછી બાકી શું રહે ?

સતારની નજર પારખી ગયેલા મનસુખે પણ દાદર પર નજર કરી, પછી સતાર પર ! સતાર કંઈક બોલવા જાય તે પહેલાં તો મનસુખ તેની કોંખમાં ચૂંટી ખણી અને સતાર ચમક્યો ! સફાળો સ્વસ્થ થઈ ગયો... આભારની દૃષ્ટિએ મનસુખને તાક્યો. વખતસર

તેને ચેતવ્યો ન હોત તો કંઈક બોલીને આખી બાજી અવળી કરી દેત.

વિશાખા રોજ કરતાં આજે કંઈક ધીમી ચાલે ચાલતી હતી પરંતુ તેના પગનો તરવરાટ ઢાંક્યો રહેતો નહોતો.

પ્રિન્સિપાલ રઘનાથની પત્ની તો વિશાખાના આ અનુપમ સૌદર્ય નિહાળતા જ રહ્યા - જાણે પરીઓના દેશથી ભૂલી પડેલી કોઈ અપ્સરા સમી પરીરાણી !''

ચા-નાસ્તાનો કાર્યક્રમ પૂરો થયો એટલે મેજિસ્ટ્રેટ ચંદ્રેશે દીકરીને ઉદેશીને કહ્યું : 'વિશાખા ! બેટા, કેમ તારી તબિયત સારી નથી કે શું ?... ઢીલી થઈ કેમ બેઠી છે.'

'ના - પપ્પા!' કહેતાં હસવાનો પ્રયત્ન કરી વિશાખા બોલી ઊઠી. તેના મનમાં દહેશત પેઠી કે પપ્પાની નજર પારખી તો નથી ગઈ ને ? એટલે તેણે નીચી નજર ઢાળી દઈ કહ્યું : 'મારી તબિયતને શું થવાનું છે ? હું તો ખુશ છુ...' પછી પૂનમની સાથે તે બહાર નીકળી ગઈ.

❖ ❖ ❖

ગરબાની શરૂઆત થાય તે પહેલાં સૌ સદસ્યની હાજરીમાં મેજિસ્ટ્રેટે સતાર માટે લાવેલી હિરા-જડીત વાંસળી ભેટ ધરી. સતારે નમસ્કાર કરીને સ્વીકારી- ત્યારે વિશાખા આનંદી ઊઠી.

પછી તો ગરબાની રમઝટ... ઢોલીડાનું ઢોલ... એકથી ચઢે



એક - એવી ગરબામાં ઘૂમનારી સ્વરૂપવાન સ્ત્રીઓ... અને ! સૌથી અદ્દકો... સતારની વાંસળીનો સૂર...

ગરબામાં ઘૂમનારી સ્ત્રીઓની વચ્ચે ઊભો ઊભો વાંસળી વગાડતો સતાર જાણે - ગોપીઓને ઘેલી કરતો કનૈયો ! ... તેની પાસે જ ખુરશી નાંખી બેઠેલો મનસુખ મનમાં મલકતો હતો.

અને જ્યારે - પૂનમે અને વિશાખાએ તેમના મીઠા-મધુરા કંઠથી ''માડી મહિસાગરને આરે... ઢોલ વાગે છે...'' વાળો ગરબો ચઢાવ્યો ત્યારે તો... સતાર ખૂશ-મિજાજમાં આવી ગયો... વાંસળીના સૂર રેલાવતો રહ્યો - અને મનસુખ તો ઊભો થઈ નાચવા જ લાગ્યો.

મહેમાનો તરીકે પધારેલા રઘનાથ સજોડે બેઠા હતા... તેઓ પણ આનંદી ઊઠ્યા.

થોડા સમય પહેલાંજ લથડી ગયેલી વિશાખા દુઃખ ભૂલી જઈને ઉત્સાહથી ઘૂમતી હતી... સતારની વાંસળીના સૂરમાં ભાન ભૂલી હતી.

ગરબો રમઝટ ચાલતો હતો.

સતારની વાંસળી વાગતી હતી.

વિશાખા આનંદ મગ્ન ઘૂમતી હતી.

સમય પસાર થતો રહ્યો....

અને.....!

આ સોનેરી અવસરમાં ભંગ પાડતી રિર્વાલ્વર ગર્જી. કોઈ કંઈ સમજે તે પહેલાં તો સતારનો ડાબો હાથ વીંધાઈ ગયો... નિશાન તો તેના હૃદયનું હતું - પરંતુ ભાન ભૂલેલો સતાર વિશાખાના ગરબે નાચતો હતો- અને થોડો દૂર ખસ્યો - ત્યાં જ,

ગોઝારી રિવોલ્વરની ગોળી તેના હાથના બાવડામાં ચંપાઈ ગઈ - જાણે ગરમ - ધગધગતો સળિયો તેના હાથમાં ખોસી દીધો હોય તેમ.

સતારે એક ચીસ નાંખી... તેના હાથની વાંસળી હવામાં ઊછળી... અને સતાર લથડયો. મનસુખે તેને સંભાળી લીધો.... વિશાખા એક ચીસ નાંખી સતારના શરીર પર ઢળી પડી.

મનસુખે તેનું કામ કર્યું...

સતારને ઘાયલ કરનારને શોધવા - જે તરફથી ગોળી આવી હતી તે તરફ ધસ્યો.

મેજિસ્ટ્રેટ ચંદ્રેશનું મોં પહોળું થઈ ગયું...

રઘનાથ તથા તેમના પત્ની દોડી આવ્યા.

વિશાખા સતારની છાતીમાં માથું નાંખી રડતી જ બેભાન થઈગઈ... ત્યારે તેને ન તો મા-બાપની શરમ આવી - કે ન સમાજનો ડર લાગ્યો.



સતારની આંખે અંધારાં આવવા લાગ્યા.

પડ્યો પડ્યો કણસતો હતો.

આ બધામાં સ્વસ્થ એવી પૂનમે - ડૉક્ટરને બોલાવી લાવવાનું કામ સંભાળી લીધું.

અચાનક બની ગયેલા આ બનાવે સમસ્ત શાંતિ પાથરી દીધી...

બે-ચાર યુવાનોએ સતારને ઊંચકવા માટે - તેના પર ઢળી પડેલી વિશાખાને હટાવી અને સતારને ઊંચકી દીવાનખંડમાં લઈ ગયા...

મેજિસ્ટ્રેટ જેવા મેજિસ્ટ્રેટ ચંદ્રેશ પણ કશું જ કહી ન શક્યા... તેમનું મગજ બહેર મારી ગયું...

મનસુખની મમ્મી ધ્રુસકેને ધ્રુસકે રડી રહ્યા હતા : ‘મારા દીકરા ! ... તારો કોણ દુશ્મન હતો તે તારા પ્રાણ લેવા તૈયાર થયો ?... તારા આવવાથી તો મારી આંતરડી ઠરી હતી- તને જોઈને મારી આંખો ઠરતી હતી...’ વગેરે જેવા ઉદ્‌ગારો કાઢતા હતા.

રઘનાથ તેમને સાંત્વન આપતા હતા.

થોડે દૂર સુધી ગયેલો મનસુખ ખાલી હાથે પાછો ફર્યો - ગુનેગાર ન પકડાયો... છતાં તેને શંકા હતી - અને તે શંકાને મૂર્ત

સ્વરૂપ આપવાની હજુ વાર હતી... મનસુખ સતારની પાસે દોડી ગયો....

બેભાન થઈ ગયેલી વિશાખા ભાનમાં આવી - અને ! દોડતી - બુમો પાડતી દીવાનખંડમાં ગઈ.. કોઈ કંઈ સમજે તે પહેલાં તો તે સતારની નજીક આવી ગઈ હતી :

'સતાર... મારા સતાર... ! તમે કયાં છો ?... શું થઈ ગયું તમને ? ... કેમ કંઈ બોલતા નથી...'કહેતી વિવિધ ઉદ્‌ગારો કાઢતી વિશાખા સતારની નજીક આવી ઊભી... સ્થિર ઊભી રહી... મોટી - લીંબુની ફાડ જેટલી મોટી આંખો કરી સતારને નીરખી રહી... પગ... સાથળ... કમર... પેટ... ડૂંટી... છાતી... માથું... અને ! ... અને- તેની ભયવિહોણી નજર સતારના ડાબા હાથ તરફ ગઈ... બાવડામાં ઘૂસી ગયેલી ગરમ ગોળીથી મોટું બાકોરું પડી ગયું હતું... ચારેતરફ લોહી વહી રહ્યું હતું... અને... અને...

વિશાખાએ કારમો ચિત્કાર કર્યો -

'નહીં.............!'

અને તે ઢળી પડી.

બેહોશીના ઊંડા ધરામાં ઘસી ગઈ.

તેની બાજુમાં ઘવાયેલો સતાર પણ બેહોશ અવસ્થામાં પડ્યો હતો...

ડૉક્ટર આવ્યા.



તેમણે સતારને હોસ્પિટલમાં લઈ જવા સુચવ્યું. અને તરત જ મનસુખ ગાડી લઈ આવ્યો. બધાને હટાવીને સતારને એકલો ખભા પર ઊંચકી ગાડીમાં પોતાના ખોળામાં જ માથું રાખી સૂવાડ્યો.

બીજી ગાડીમાં પૂનમે - વિશાખાને લીધી.

ઘવાયેલા સતારના હાલ જોયા પછી વિશાખા ઊંડી ગર્તામાં ડૂબી ગઈ હતી - કદાચ બ્રહ્માંડે જીવ ચોંટી ગયો હશે... ! તેને પણ અત્યારે સારવારની જરૂર હતી.

હજુ કલાક પહેલાં આ બંગલો સમિયાણા સરીખો લાગતો હતો તે 'ચંદ્ર-વિલાસ' બંગલો સૂમસામ સ્મશાન જેવો ભાસવા લાગ્યો... જયાં હજુ હમણાં માનવ-મેદની ઊભરાઈ હતી ત્યાં - અત્યારે કોઈ જણ ઊભું નહોતું....

જયાં ગરબાની રમઝટ બોલાવતી સ્ત્રીઓ ઘૂમતી હતી- ત્યાં માત્ર લાઈટ ડેકોરેશનના પ્રકાશ સિવાય કશું જ નહોતું.

સતાર ઘવાયો હતો.

વિશાખા બેહોશ હતી.

મનસુખ અસ્વસ્થ હતો.

પૂનમ સ્વસ્થ હતી - પરાણે સ્વસ્થતા પ્રાપ્ત કરી રહી હતી.

❖ ❖ ❖

# પ્રકરણ - વીસ

સતત ત્રણ કલાક સુધી ઑપરેશન ચાલતું રહ્યું. સતારના બાવડામાંથી ઘણું લોહી વહી ગયું હતું. તેથી તેના લોહીને મળતું આવતું લોહી હૉસ્પિટલમાં ન મળતાં મનસુખે આપીને દોસ્તી નિભાવી. ઑપરેશન સફળ થયું હોવા છતાં સતાર ભાનમાં આવ્યો નહોતો. વિશાખાની પણ હજુ એ જ હાલત હતી.

હૉસ્પિટલની લોબીમાં રઘનાથ તથા તેમનાં પત્ની અને ચંદ્રેશ તથા નમિતા ઉદાસ ચહેરે બેઠા હતા... ડૉક્ટરે જ્યારે જણાવ્યું કે હવે કોઈ ભય નથી. ત્યારે જ આ બંને દંપતિના જીવ હેઠા બેઠા. મનસુખ તથા પૂનમે આવીને જણાવ્યું કે અમે અહીં હાજર રહીશું, તમે ઘેર જાવ...

પણ કોઈએ ઘેર જવાની તૈયારી દર્શાવી નહીં - આખરે ઘણી મહેનત - સમજાવટને અંતે ચારેયને રવાના કર્યા. પૂનમ વિશાખાની અને મનસુખ સતારની સેવામાં લાગી ગયા... આખી રાત તેમણે આંખનું મટકુંયે માર્યું નહોતું.



સવારમાં લગભગ આઠ વાગ્યે સતારે આંખ ઉઘાડી પોતાની બાજુમાં જ મનસુખને બેઠેલો જોઈ સતાર વિમાસણમાં પડી ગયો. તે પૂછી બેઠો : 'અરે ! મનસુખ.... તું અત્યારે અહીં શું કરે છે ? ક્યારનો આવ્યો છે ?... મને તેં જગાડ્યો પણ નહીં...?...' પછી મનસુખના ચહેરા ફરતી નજર કરી બોલ્યો, 'અરે ! આમ ઠાવકું મોં કરીને કેમ બેઠો છે ?...સવારમાં ચ્હા પીધી છે કે નહીં...?કંઈ વાંધો નહીં, હમણાં બેસ... હું ચ્હા બનાવી લાવું -' કહેતાં તે બેઠો થવા ગયો કે તેના મુખમાંથી એક સિસકારો નીકળી ગયો... તેણે ડાબા હાથે ટેકો દીધો કે તેને દર્દ થયું. મનસુખે તેને બેઠો થતાં રોકી લીધો અને પાછો સુવાડી દીધો....

રાત્રે ગોળી વાગ્યા પછી જે કંઈ બન્યુ હતું તેની તેને કંઈ જ ખબર નહોતી... તે આશ્ચર્યથી બોલી ઉઠ્યો : 'અરે !....મનસુખ...હું કયાં છું....?'

'હૉસ્પિટલમાં....' મનસુખે ગ્લાનિભર્યા અવાજે જવાબ આપ્યો. તેને ખાતરી થઈ ગઈ હતી કે સતાર સાવ અજાણ હતો.. તેણે અથઈતિ કહી સંભળાવી. સતાર મૂંગો બની ગયો. આખી ઘટના તેણે મુગ્ધ બની સાંભળી... થોડી ક્ષણો સુધી એ ઘટનાનુ મનમાં મમળાવતો રહ્યો પછી ધીમે અવાજે - જાણે હૃદયના ઊંડાણમાંથી બોલતો હોય તેમ બોલ્યો : 'મનસુખ ! મને પહેલેથી જ ખાતરી હતી કે જરૂર કંઈક અજુગતુ બનવાનું છે પણ મારી વાત કોઈ માનવા તૈયાર નહોતું... વર્ષો પહેલાં તરછોડેલી વાંસળી હાથમાં

આવતાં મારુ દિલ ધડકતુ હતું... આખુ શરીર ધૂજતુ હતું... મને શંકા હતી જ કે હીરાજડીત વાંસળી આપી.. પોતાને ઘેર આમંત્રણ આપનારા મેજિસ્ટ્રેટ ચંદ્રેશ જૂઠા પ્રલોભનોથી ભરમાવીને કોઈ દગો રમે છે... અને આખરે.-'

'ચૂપ.' મનસુખે સતારના મોં આડે હાથ મૂકી તેને બોલતો અટકાવી દીધો. આવેશમાં આવી ગયેલો સતાર બેઠો થઈ ગયો હતો તેને પાછો સૂવાડી દઈ મનસુખે તેને સમજાવવાનો પ્રયત્ન કર્યો : 'તું ખોટું સમજ્યો છે સતાર...! ચંદ્રેશ સાહેબનો તેમાં કોઈ હાથ નથી. તેઓ તો ભલા તારી આ હાલત જોઈ છોભીલા પડી ગયા હતા... પોતાને જ આંગણે જ કોઈ અજનબી પર ગોળીબાર થાય અને ઘાયલ થાય એ તેમના માટે શરમજનક હતું અને એનો અહેસાસ મને તેમના ઘેર જ થઈ ગયો હતો....' મનસુખે સતારની આંખમાં તાકતાં ઉમેર્યું : 'તું જાણે છે સતાર....! તારી બેહોશ હાલત જોઈ તેમનું હૃદય વલોવાતું હતું... તેમની એ લાગણી તેમની આંખો અને વાણી ધ્વારા પ્રદર્શિત થઈ જતી... તું તો બેહોશ હતો પણ હું તો હોશમાં હતો ને ?... જાણે છે તેમણે શું કહ્યું હતું :.... મારે આંગણે આ પહેલા જ સોનેરી અવસર પર કેટલી મહેનતથી સતારને તેડ્યો હતો....? વર્ષો પહેલાં બનેલા ગોઝારા બનાવથી ત્રાસી જઈ પોતાની કળા- વાંસળીને ફગાવી દીધી હતી... આ અવસર પર તેની કળા ફરીથી જાગૃત કરવા અને જિંદગીમાં હારી ગયેલા સતારને ફરીથી હસતો જોવા માટે તેને નોંતર્યો હતો.... પરંતુ ઈશ્વરને એ ન ગમ્યું અને મારો અવસર બગાડી દીધો. સતારનો એવો કોણ દુશ્મન હતો



કે તેનો પ્રાણ લેવા અધીરો બન્યો... કદાચ - સતારે મને તેના વિશે વાત કરી હોય તો તેના રક્ષણ ખાતર પણ તે શખ્સની જાંચ કરી હોત...

'બસ...બસ... હવે વધારે વખાણ કરવાની જરૂર નથી. તુ એ ધનવાનોની વાણીમાં કંઈ ન સમજે, મને ખબર છે - પોતાનું કાર્ય નિષ્ફળ જતાં બહાનાં બનાવવામાં તેઓ ખુબ જ ચપળ હોય છે...' સતાર ફરીથી બેઠો થવા ગયો પણ મનસુખે તેને ડાર્યો. મનસુખને ખાતરી થઈ ગઈ કે સતારના દિમાગમાં શંકાનું ભૂત સવાર થઈ ગયું છે એટલે જયાંસુધી આ ભૂત નહીં નીકળે ત્યાંસુધી તે કોઈની પણ વાત નહી માને - આ શંકા રાગદ્વેશમાં ફેરવાઈ જશે તો - વિશાખા ! ... અચાનક મનસુખના દિમાગમાં વિશાખાની બેભાન હાલત નજર આવી. સતારને વિશાખાની હાલતથી વાકેફ કર્યો હોય તો કદાચ તેના દિમાગમાં ભરાયેલું શંકાનું ભૂત નીકળી જાય... પણ સતાર તેનો અવળો અર્થ કરશે તો- ?.... પણ તેનાથી વિશાખાની વાત છુપાવી પણ ન શકાય... મનસુખ ધર્મસંકટમાં મૂકાઈ ગયો - શું કરવું ?... સતારને વાકેફ કરું તો પણ દુઃખ, અને ન કરું - તેનાથી અજાણ રાખું તો પણ દુઃખ... તેમ કરવાથી તો મિત્રદોહ ગણાશે... મનસુખ મુંઝાયો...

છેવટે તેણે કહી જ દીધું : 'સતાર...! તને ખબર છે વિશાખા ક્યાં છે. ?...'

'જહન્નમાં ગઈ વિશાખા... કાતિલ બાપની દીકરી પણ -

આખરે તો એક વેલાના તુંબડાને ? ... પ્રીતના સાગરમાં ડૂબાડીને એ કિનારે ઊભી ઊભી હસતી હશે બીજું શું....?'

'બસ કર સતાર.... તને કશી જ ખબર નથી.' મનસુખનો આ દાવ પણ નિષ્ફળ ગયો... છતાં તે નિરાશ ન થતાં ઉમેર્યું : 'તને ગોળી વાગી અને તું જમીન પર પટકાયો ત્યારે...ત્યારે... સતાર... તું નહીં માને... વિશાખાએ ત્યારે સમાજ કે મા-બાપનો મલાજો રાખ્યા વિના તારા પર શરીર ઢાળી દીધું હતું... અને આખરે બેભાન થઈ પડી ગઈ હતી.'

'બેશર્મ... હલકટ... એને એટલી પણ શરમ ન આવી કે અહીં એના મા-બાપ અને માનવ મેદની ભરેલી છે... અરે, એને એટલો પણ ખ્યાલ ન રહ્યો કે મારા પૂજનીય મા-બાપ પણ હાજરછે ...'

'અરે ! સતાર...! આ તું શું બકે છે... તને કંઈ ભાન છે કે નહીં....' મનસુખ અકળાયો. સતારને સમજાવવાના બધા જ પાસાં અવળા પડતા હતા.

'હા-મનસુખ !... મને ભાન છે... અત્યાર સુધી તો હું પ્રીતના ચક્કરમાં, ખૂબસૂરત ચહેરાના મોહપાશમાં એટલો બધો મુગ્ધ હતો કે મને કોઈ બીજી દુનિયાનું ભાન જ નહોતું... બસ ! પ્રેમ અને પ્રેમ... બીજું કંઈ જ સૂઝતું નહોતું... પરંતુ અત્યારે... ! ઘવાયા પછી મને બધું જ ભાન આવી ગયું છે... ઠોકર વાગ્યા પછી એ જ



રસ્તે પાછા વળવાની મારી તાકાત નથી... તું જુએ છે મનસુખ.... ! ગઈકાલ સુધી હું કેટલો સુખી હતો.. એકલો હતો - પણ મને તેનો રંજ નહોતો.... ભૂતકાળની યાદોના સ્મરણમાં હું જિંદગી વિતાવતો હતો. મારી સાથે કોઈ નહોતું... અને જ્યાથી આ જક્ષિણિએ મારા જીવનમાં પૂનઃપ્રવેશ કર્યો ત્યારથી મારી જિંદગીનો રાહ બદલાઈ ગયો... ખોટા પાટે ચાલતી ગાડીમાં હું અકળાતો હતો, હું પહેલાં તો વિચારતો હતો કે જીવનસંગિનીના સહારાથી મારી જિંદગી સુખેથી ગુજારીશ પણ મારી ધારણા ખોટી પડી... એ જક્ષિણિએ તો મને વધારે ઉલ્જનમાં નાંખી દીધો. સળગતી આગમાં મને હોમી દીધો... અગ્નિને પોતાની જાતે દાઝવાની કોઈ આશંકા નથી હોતી પણ બીજાને દઝાડવામાં આનંદ પામે છે અને એનો શિકાર હું બન્યો છું....'

સતાર ક્યાંય સુધી બોલતો રહેત પરંતુ ડૉક્ટર વીઝીટમાં આવ્યા એટલે શાંત થઈ ગયો... ઈંજેક્શન આપ્યું - થોડીવાર પછી તેને ઘેન ચઢ્યું અને ઊંઘી ગયો... ત્યારે જ મનસુખને હાશ થઈ.

હવે મનસુખનું દિમાગ ચકરાવે ચઢ્યું... સતાર જે કંઈ કહી ગયો એ શું સાચું છે ?...કે મેં મારી સગી આંખે જે જોયું છે એ સાચું છે... વિશાખાએ સતાર પર શરીર ઢાળી દીધું એમાં ખોટું શું છે ? પોતાના પ્રેમીની આવી અવસ્થામાં એના સિવાય બીજી કોઈ પ્રિયતમા પણ આમ જ કરે.... ધારો કે સતારને બદલે વિશાખાને ગોળી વાગી હોત અને તેનું શરીર લોહીથી ખરડાયું હોત તો સતાર

શું કરે ?... ઊભો ઊભો તમાસો જુએ ? -, સતાર પણ ત્યારે અણધાર્યું કરી બેઠો હોત... અને આ તો સ્ત્રીજાત છે... લાગણીની લહેરો તો તેમને ઈશ્વરે જન્મજાત ભેટ ધરી છે... તો એમાં સતારને ખોટું લાગે તેવું છે શું ? ઉપરથી તેણે ગર્વ લેવો જોઈએ કે દુનિયાની પણ પરવા કર્યા વિના - વિશાખાએ વાસ્તવિકતાને અપનાવી, નિભાવી... ગર્વ લેવા જેવી આનાથી વધુ કઈ ઉચિત ઘડી હોઈ શકે ?... છતાં સતારે આનો અર્થ અવળો કરી સમીકરણ ખોટું પાડી દીધું.... ન જાણે વિશાખાની શી હાલત હશે - ?

આખી રાત ગયે હજુ પણ વિશાખાની કોઈ ખબર મનસુખ સુધી પહોંચાડાયેલ નહોતી. એક વિચાર તો તેના વોર્ડમાં જઈ ખબર કાઢી આવવાનો થયો પણ સતારને આમ રેઢો મૂકીને બહાર જવા માટે તેનું મન ન માન્યું... ગમે તેમ તોય તેનો દોસ્ત હતા, તેનો ભાઈ હતો....

પરંતુ વિશાખાની તહેનાતમાં રોકાયેલી પૂનમે તો મને ખબર આપવી જોઈએ ને ?... કે પછી એ પણ ભૂલી ગઈ ?...ના... એમ તો પૂનમ ભૂલે તેવી નથી. તો પછી વિશાખાની હાલત કંઈક ગંભીર તો નથી ? ગમે તેમ પણ પૂનમ મને વાકેફ કરવા જરુર આવશે. મનસુખ વિચારતો બેઠો.

થોડીવાર પછી પૂનમ હાંફળી ફાંફળી દોડતી આવી - જુએ છે તો સતાર ભરનિદ્રામાં પડ્યો હતો. આવેશમાં બોલી ઉઠી : 'મનસુખ...!...'



'હં..' મનસુખ વિચાર તંદ્રામાંથી ઝબકીને જાગ્યો. સામે પૂનમને જોતાં જ બોલી ઉઠ્યો : 'વિશાખાને કેમ છે પૂનમ ?...'

'વિશાખા...! એના માટે તો હું આવી છું ?'

'વિશાખા માટે ?' મનસુખને કંઈ ખબર ન પડતાં પૂછ્યું.

'હા - મનસુખ... વિશાખા હૉશમાં આવી ગઈ છે પરંતુ...

'પરંતુ...શું...?' મનસુખ મુંઝાયો.

'પરંતુ... તેણે હોશમાં આવતાં જ 'સતાર' ના નામનું રટણ શરૂ કરી દીધુ છે... મને એમ કે જો હું સતારની હાલત વિશે જણાવી દઈશ તો કદાચ તેના દિમાગમાં અવળી અસર પડશે - એમ જાણીને મેં હજુ કંઈ કહ્યું નથી. ... પરંતુ હજુ તે સતારને મળવા માટે આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે.... મને તો કંઈ જ સમજાતું નથી... શું કરું ? એક તરફ સતારની આ ગંભીર હાલત અને બીજી તરફ વિશાખાની હઠ....'

'પૂનમ ! ... સારું છે કે અત્યારે સતાર નિદ્રામાં છે નહીંતર...'

'નહીંતર શું ?' પૂનમે મનસુખના ચહેરાનો ભાવ વાંચતા ગભરાતાં પૂછ્યું.

'જો સતાર જાગતો હોત... તો તને પણ અહીંથી ભગાડી દેત...'

'પણ કેમ ?'

'કારણકે એ વિશાખા વિશે એક શબ્દ પણ સાંભળવા તૈયાર નથી અને એટલે તો મેં પણ તેને વધુ હકીકત જણાવી નથી....તેના દિમાગમાં શંકાનું ભૂત સવાર થઈ ગયું છે.' પછી મનસુખે સતારે કહેલી બધી વાત પૂનમને સંભળાવી પછી ઉમેર્યું : 'હું પણ મૂંઝવણમાં પડી ગયો છું... સતારની શંકા કેવી રીતે દૂર કરું... તુ જા હવે... કદાચ સતાર જાગી જશે તો બહેકી ઉઠશે... તું વિશાખાને કોઈપણ હિસાબે હમણાં સતારથી દૂર રહે તે માટે સમજાવજે... અને મેં જે કહ્યું તે તેને કહીશ નહીં... નહીંતર બિચારીનું હૃદય ફાટી પડશે...'

'પણ એકાએક સતાર કેમ બદલાઈ ગયા...?'

'એ તો ભગવાન જાણે...' મનસુખે નિઃસાસો નાંખ્યો અને પૂનમને સમજાવીને રવાના કરી.

પૂનમ પણ ભગ્નહૃદયે બહાર નીકળી ગઈ.

❖ ❖ ❖

વિશાખાના શિરહાને બેઠેલી પૂનમ વિચારોમાં ખોવાઈ ગઈ હતી. મનસુખના કહ્યા પ્રમાણે તેણે વિશાખાને ઘણી જ સમજાવી છતાં તે હઠ પકડીને બેઠી હતી. એક વખત પણ સતારનું મુખ જોવા માટે આજીજી કરતી રહી હતી - પણ પછી ડૉક્ટરે તેને ઘેનનું ઈન્જેક્શન આપી ઊંઘાડી દીધી હતી... પરંતુ ત્યારબાદ પૂનમના દિમાગમાં



ડૉક્ટરે કરેલી વાત ચકરાવે ચઢી હતી. વિશાખાને ઈન્જેકશન આપ્યા પછી પૂનમને ઉદ્દેશીને ડૉક્ટરે પૂછ્યું હતું : 'આપ વિશાખાના સંબંધી છો?... મેજિસ્ટ્રેટ તમારા શું થાય.... ?'

'ના - હું તેની સંબંધી નથી પણ સગી બહેન કરતાં પણ વધારે સ્નહેથી સંબંધ છે - સહેલીનો... મેજિસ્ટ્રેટ મારા કંઈ ન થાય છતાં બાપ સમાન છે.'

ડૉક્ટરને સંતોષ ન થયો. તેમના ચહેરા પર ગંભીરતા છવાયેલી હતી. પૂનમ પામી ગઈ હતી કે જરૂર કંઈક અઘટિત વાત છે. તેણે પૂછ્યું : 'કેમ... ડૉક્ટર સાહેબ, શું વાત છે ?'

'કંઈ નહીં... પણ વિશાખાના મા-બાપ હજુ સુધી આવ્યા નથી કે શું ?...'

'હમણાં આવી જશે... કંઈ કામ - ?'

'છે - આવે એટલે મારી ઑફીસમાં મોકલી આપજો...' કહીને ડૉક્ટર ચાલ્યા ગયા.

ગઈકાલે સાંજના થયેલી ઉલટી : બેહોશ હાલત : ડૉક્ટરી તપાસ : ... પૂનમને ચિંતા થવા લાગી. હવે વિશાખા અને સતારના પ્રેમ પ્રકરણનો અંત નજીક છે. તેમનો ભાંડો ફૂટવાની તૈયારીમા છે... વિશાખાને ઘણું સમજાવી હતી કે વિશાખા રહેવા દે... સતારને અહીં આમંત્રણ આપવાનું સાહસ ન ખેડીશ - પણ હઠીલી

વિશાખાએ ન માન્યું તે ન જ માન્યું... અને આખરે મુક્ત-વિહારમાં રાચતા પ્રેમી-પંખીડાને પકડીને પાંજરામાં પુરી દેવા માટે જાળ બિછાવા ગઈ- હે ભગવાન ! ... મારા વહાલા - આ પંખીડાને જાળમાં ફસાતાં બચાવજે... નહીંતર આ પ્રેમ-ઘેલી વિશાખા પ્રાણ ખોઈ દેશે...

વિશાખાની હાલત વિશે તેના મમ્મી-પપ્પા જાણશે તો તેમના મન પર શી અસર થશે ? ભલા હશે તો આ સંબંધને નિભાવી લેવાનું શાણપણ કરશે - બુરાઈ તો કોઈના બાપની નથી... અને જો એવા થશે તો - તો ગુસ્સામા આવી જઈ કંઈ અવળું પગલું ભરી દેશે.. સતાર કહેતા હતા કે આ તો ચંદ્રેશની ચાલ હતી -

તો શું ચંદ્રેશ સાહેબ આ સંબંધો વિશે જાણી ગયા હશે ? - અગાઉથી તેમને જાણ હશે ?... અને એટલે જ - કદાપિ નહિં અને આ વર્ષે જ તેમણે પોતાના બંગલા આગળ ગરબાનો પોગ્રામ રાખ્યો હશે ?... બધું અગાઉથી નક્કી થઈ ગયેલું ?... સતારને ભાવભીનું આમંત્રણ આપી હિરાજડીત વાંસળી ભેટ આપવાનું પ્રયોજન શું ?... તેને જાનથી મારી નાંખી વિશાખાના રસ્તામાંથી હંમેશાને માટે હટાવી દેવાનો ઈરાદો હશે ?...

તો પછી તેમનો સ્નેહ-મુક્ત આવકાર - શું દેખાવ પુરતો જ હશે - ?

પરંતુ ચંદ્રેશ સાહેબ તો ભલા માણસ છે પોતાની દીકરીની



ખુશી માટે મરી પડે તેવા છે... અને એ માટે તો વિશાખાની હઠ પૂરી કરવા માટે જ તો તેમણે સતારને આમંત્રણ આપ્યું હતું - તેના ખોવાયેલા દિવસો પરત કરવા માટે હિરા-જડીત વાંસળી ભેટ આપી હતી.

પૂનમ દ્વિધામાં ફસાઈ હતી.

શું સાચું - શું ખોટું ? - કંઈ ચોક્કસ કરી શકતી નહોતી.

ત્યાં - વિશાખાના મમ્મી-પપ્પાને દરવાજામાંથી આવતા દીઠા... વિચારો ખંખેરી ઊભી થઈ ગઈ.

આવતા વેંત તેના પપ્પાએ પૂછયું : ‘કેમ છે હવે વિશાખાને?...’

‘સારું છે... હમણાં જ ઊંઘી ગઈ છે.’

વિશાખાની મમ્મી તેના શિરહાને બેસી ગઈ અને તેના માથામાં વહાલથી હાથ ફેરવવા લાગી. કંઈ બોલ્યા નહીં... ચૂપચાપ હાથ ફેરવતા રહ્યા... ચંદ્રેશ પણ ચૂપચાપ બાજુ પર પડેલું સ્ટૂલ ખસેડી તેના પર બેસી ગયા. - બંનેની ચૂપકીદીથી પૂનમ અકળાતી હતી. તેની સમજમાં કંઈ નહોતું આવતું. તેણે બંનેના ચહેરા ફરતે વિંટળાયેલ ભાવની નોંધ લીધી. થોડીવાર પછી બોલી : ‘સાહેબ... તમને ડૉક્ટરે તેમની ઑફીસમાં મળવા બોલાવ્યા છે....’ આટલું કહેતાં ભડવીર જેવી પૂનમ પણ ગભરાઈ ગઈ. થાકી ગઈ હતી જાણે - તેની સામે એક દૃષ્ટિ કરી ચંદ્રેશે કહ્યું :

'સારું...' પછી કંઈક વિચારી ઉમેર્યું : 'બેટા આખીરાતનો ઉજાગરો છે... તું જા હવે... ઘેર જઈને આરામ કર... આપણા બંગલે જઈ જમી લેજે - જા બેટા...'

પૂનમને અહીંથી ખસવાનું દિલ થતું નહોતું... તેને કંઈક સંદેહ થયો... પણ તેની આંખોમાં ઊજાગરો સ્પષ્ટ વરતાતો હતો- છતાં તેણે કહ્યું.

'ના - સાહેબ. તમે વિશાખાની ચિંતા ન કરશો... હું અહીં હાજર રહીશ ! ... તમે ડૉક્ટરને મળી આવો...'

'ના  બેટા... તું હવે ઘેર જા... અમે જાણીએ છીએ તારી લાગણી... તું વિશાખાની સખી નહી પણ સગીબહેન જેવી છે અને અમે તો તેના મા-બાપ છીએ... જા- બેટા ઘેર જઈને આરામ કર... અને હાં - ખબર કાઢવા આવવું હોય તો આવજે સાંજના...

પૂનમને આ વાક્યોમાં કોઈ લાગણીનો અંશ નહોતો દેખાયો બલ્કે તેને અહીંથી રવાના કરવાનું ફરમાન હતું. તે વોર્ડની બહાર નીકળી ગઈ. સીધી સતારના વોર્ડમાં - મનસુખ હજુ ત્યાં જ બેઠો હતો... તેને વાત કરી.

'હું ઘેર જાઉં છું મનસુખ ...'

'અને વિશાખા...?'

'તેના મમ્મી-પપ્પા આવી ગયા છે.' પૂનમના ચહેરા પર ભય



છવાયો હતો.જે મનસુખથી અછાનો ન રહ્યો. તેણે પૂછ્યું : 'કેમ - શું થયું છે પૂનમ ? આમ ગભરાયેલી કેમ છે ?'

'કંઈ નહીં - તમારે જમવાનું ...?'

'અરે હાં... મમ્મી-પપ્પા આવતા હોય તો તેમની સાથે જ મોકલી આપજે - નહીંતર તું ખુદ આપી જજે.... અને સાંભળ - તું પણ આપણા ઘેર જમીને જજે...'

'સારું...' કહીને પૂનમ ત્યાંથી પણ નીકળી ગઈ. કંઈક ઉધ્વેગ તેના દિલમાં હતો... ગભરામણ - ભવિષ્યમાં આવી પડનારી આપત્તિનો ડર હતો... અને પૂનમ નીકળી ગઈ.

❖ ❖ ❖

હૉસ્પિટલમાંથી નીકળેલી પૂનમના દિલમાં અમાસનું અંધારુ છવાયેલું હતું. રસ્તામાં તેના સ્મૃતિપટ પર આગલી રાત્રે ખેલાઈ ગયેલા જંગનું ખોફનાક દશ્ય તાદશ્ય થવા લાગ્યું હતું. ક્રમશઃ એકપછી એક દશ્ય ફિલ્મની માફક ભજવાવા લાગ્યા. વિશાખાના પપ્પાએ તેને પોતાના બંગલે જમીને જવાનું કહ્યું હતું  પરંતુ પૂનમ સીધી મનસુખના ઘેર પહોંચી. વિશાખા અને સતારની જિંદગીમાં આવી પડનારા સંભવિત તોફાનને રોકવા માટે તેની પાસે હવે એક જ માર્ગ રહ્યો હતો અને આખરી દાવ લગાવવા માટે તે રઘનાથના બેડરૂમમાં પહોંચી પરંતુ પ્રિન્સીપાલ રઘનાથ બેડરૂમમાં નહોતા.કોઈક આવ્યાનો અણસાર પામતાં મનસુખની મા રસોડામાંથી બહાર

આવ્યા. તેમણે જોયું તો પૂનમ રઘવાયેલી લાગતી હતી.

'અરે ! પૂનમ... ત્યાં શું કરે છે ? અહીં આવ બેટા...'

પૂનમને માતૃવાત્સલ્યએ આકર્ષી તેના ચહેરા પરની ઉદાસિનતા જોઈને મનસુખની માએ ચિંતાતુર અવાજમાં પૂછયું :

'સતારને કેમ છે બેટી ? વિશાખા ભાનમાં આવી કે નહીં - ?'

'બંનેને સારૂં છે -' પૂનમે રૂખા સ્વરમાં કહ્યું અને ઉમેર્યું : 'સાહેબ કયાં ગયા છે ?'

'એ બહાર ગયા છે હમણાં આવશે -' તું બેસ હું તારા માટે ચ્હા બનાવું -'

'ના-ના-રહેવા દો... હું જ બનાવું છું -'

'અત્યારે તું મારા હાથની ચ્હા પી - પછી તો મારે તારા જ હાથની ચ્હા પીવાની છે ને ?'

'જી...?ત...તમે....!'

'અરે ! અત્યારના પહોરમાં તમે કોને કક્કો-બારાખડી શિખવાડો છો મનસુખની મા !' પ્રિન્સિપાલ રઘનાથનો અવાજ સાંભળી પૂનમનું વાક્ય ગળામાં જ રહી ગયું. અને પૂનમને જોઈને રઘનાથ ખુશ થતા બોલ્યા.

'અરે ! પૂનમ... તું આવી છે ? કેમ આમ બહાવરી જેવી



લાગે છે...?'

મનસુખ કરતાં પણ વધારે જેને હેતથી નવડાવ્યો છે એ પેટના દીકરા કરતાં પણ જેને વહાલો ગણ્યો હતો તે સતાર હોસ્પિટલમાં ગંભીર હાલતમાં પડ્યો છે. જેની દેખભાળ માટે ખુદ મનસુખ આંખનું મટકુંય માર્યા વગર બેઠો છે તેના પિતા રઘનાથ ગંભીર થવાને બદલે આમ ખુશ થઈને વાત કરે એ પૂનમના માન્યામાં ન આવ્યું. એક ક્ષણ માટે પૂનમના દિલમાં આવા દંભી અને સ્વાર્થી રઘનાથ પર તિરસ્કાર ઉત્પન્ન થયો... કંઈ પણ કહ્યા વિના અહીંથી ભાગી છૂંટવાનું મન થયું પરંતુ સતાર અને વિશાખાની જિંદગી સુધારવા માટે તેણે એક નિર્ણય લીધો હતો અને તે નિર્ણય પ્રિન્સિપાલ રઘનાથ પાસે ઉપલબ્ધ હતો. તેથી મને કે કમને પણ ત્યાં રોકાવું પડ્યું. ચ્હા -નાસ્તો કર્યા પછી શાંત થયેલી પૂનમને રઘનાથે પૂછયું.

''હવે બોલ બેટી...! તું શુ કહેવા આવી છે ?''

'હું એ કહેવા આવી છું કે હોસ્પિટલે આપ સાહેબ જવાના હોય તો મનસુખ માટે પણ જમવાનું લઈ જજો - '

'બીજું કંઈ કીધું છે મનસુખે - ?'

'ના -'

'મારી આગળ જૂઠ્ઠું બોલવું નહીં દીકરી... મનસુખે તને અહીં જમવાનું કીધું છે અને અમે ના જઈએ તો મનસુખનું ટિફિન તારે લઈને જવાનું છે એ પણ કીધું છે.'

પૂનમ તો આભી જ બની ગઈ. સાહેબને આ વાતની ખબર કઈ રીતે પડી - ? પૂનમને વિચારમાં પડેલી જોઈને રઘનાથે તેને ચમકાવી.

'ચૂપ કેમ થઈ ગઈ દીકરી... તું જે વાત કહેવા આવી છે તે વાત હું સાંભળવા માટે બેઠો છું અને હું જે વાત તને કહેવાનો છુ તે વાત તું જમે ત્યારબાદ જ તને કહીશ.'

પૂનમ જે વાત કહેવા આવી છે તે કહીને જશે પણ રઘનાથ જે વાત કહેવાના છે તે સાંભળવા માટે તેણે જમવું જ પડશે -

અને પૂનમને સતાર - વિશાખાના પ્રણય સંબંધની આખી કહાની રઘનાથને કહી સંભળાવી. સતાર-વિશાખાના પ્રણયને ખીલવવામાં મનસુખ તથા તેનો પોતાનો પણ સાથ હતો તે પણ કહી સંભળાવ્યું. શરમની ઉપમા એવી પૂનમે બે પ્રેમી પંખીડાના સુખીજીવન માટે નિઃસ્વાર્થ બની શરમ નેવે મૂકીને આખી ઘટના કહી સંભળાવી હતી.

વાત કહી દીધા પછી પૂનમને જમવું નહોતું કે રોકાવું નહોતું પરંતુ રઘનાથની રહસ્યમયી વાત સાંભળવા માટે તેને રોકાવુ પડયું - અને જમવું પણ પડ્યું. ત્યારબાદ મનસુખની મમ્મીએ મનસુખ માટે ટિફિન ફીટ કરી આપ્યું અને પૂનમના હાથમાં પકડાવતાં બોલ્યા :

'લે તું જ મનસુખને આ ટિફિન આપી આવ વહુ-'



'ચૂપ-' રઘનાથ વચ્ચે બોલી ઊઠ્યા. એ શબ્દનો લાભ લેવાનો પહેલો મારો અધિકાર છે-' અને બંને પતિ-પત્ની હસી પડ્યાં.

પૂનમ તો આ દંપતિની વાત સમજી ન શકવાથી વાતનો પર્દાફાશ થાય તેની રાહ જોતી અધીરી બની હતી.

'પૂનમ બેટી...!' સતાર મારો દીકરો છે. મનસુખની માના કાળજાનો કટકો છે - તેની ગંભીર હાલતથી અમે પણ દુઃખી હતા પરંતુ આજે આ પ્રકરણનો અંત સુખદ આવવાનો હોવાથી હું આનંદી ઊઠ્યો છું. તેં જે વાત કહી તેમને ઘણા દિવસ પહેલાં મળી હતી અને એ પણ વિશાખાના મેજિસ્ટ્રેટ પપ્પા ચંદ્રેશે. ખુદે મને કહી હતી તેથી તેમણે નવરાત્રિનો શુભ-પ્રસંગ જોઈને સતારને હીરાજડીત વાંસળી ભેટ ધરી હતી... જે ગરબો તેં અને વિશાખાએ શરૂ કર્યો હતો તેના અંતમાં ચંદ્રેશ સતારને એક અનોખી ભેટ ધરવાના હતા અને એ ભેટ હતી - વિશાખાનો હાથ.

રઘનાથ થોડું રોકાયા. પૂનમના ચહેરા પર ઉલ્લાસના લક્ષણો પેદા થતા હતા. તેમણે ઉમેર્યું. ''પરંતુ એ સુખદ પળ આવે તે પહેલાં જ અઘટિત બની ગયું - અત્યારે અમે બંને મેજિસ્ટ્રેટ ચંદ્રેશના બંગલે જઈએ છીએ. એટલે મનસુખને જમાડવાની જવાબદારી તારી ઉપર નાંખીએ છીએ... સતાર - વિશાખાની સાથે સાથે અમને બીજી પણ વાત મળી હતી. જે હું તને જમાડ્યા પછી કહેવાનો હતો તે એ હતી કે મનસુખના જીવનની બધી જ જવાબદારી અમે તારી ઉપર નાંખીએ છીએ. ''

'જી...મ...મા...!' પૂનમ થોથવાઈ ગઈ. તેને મનસુખની મમ્મીનો અધૂરો શબ્દ 'વઅ' યાદ આવી ગયો. પણ તે આગળ કંઈવિચારે તે પહેલાં જ રઘનાથે તે શબ્દને સંપૂર્ણ રૂપ આપી દીધું.

'હા - વહુ બેટા...'

અને પૂનમના પગ તળેથી ધરતી ખસી જતી લાગી. શરમની મારી નીચું જોઈ ગઈ અને ઊંચી નજર કર્યા વિના ઘરની બહાર દોડી ગઈ. જતાં જતાં તેણે મનસુખની માનો મીઠો ટહુકો સાંભળ્યો. :

'લાજવંતી છે મારા દીકરાની વહુ...'

❖ ❖ ❖



# પ્રકરણ - એકવીસ

હૉસ્પિટલમાં ફેલાયેલી વિચિત્ર ગંધથી મનસુખનું માથું ફાટી જતું હતું છતાં પણ મિત્ર-પ્રેમ તેને રોકી રહ્યો હતો.ડૉક્ટરના નામથી પણ દૂર ભાગતો મનસુખ દિવસ રાત નર્ક જેવી લાગતી આ હોસ્પિટલમાં સતારની પાસે બેસી રહ્યો હતો. આખી રાતનો ઊજાગરો હતો. રાતનું કશું ખાધું નહોતું. હજુ મમ્મી-પપ્પા પણ દેખાયા નહોતા... સતાર ઊંઘતો હતો. ઘડીભર તો મનસુખને પણ થયું... સાલું નસીબ પણ કેવું છે. ? સતારના બદલે હું ઘાયલ થયો હતો તો કમસે કમ આરામથી ઊંઘી તો શકયો હોત... ? સતાર કેટલો નસીબદાર છે કે તેની પાછળ પાગલ બની વિશાખા મરવા પડી છે... અને આ સતારિયો કહે છે કે આ બધો ઢોંગ છે. દંભ છે...? હવે એને કઈ રીતે સમજાવું કે આ બધો ઢોંગ નથી પણ વાસ્તવિકતાછે - હકીકત છે....

વિચારમાં ડૂબેલો અને ઊજાગરામાં ઘેરાયેલો મનસુખ એકાએક ચમક્યો...!

વિશાખાના મમ્મી-પપ્પા આવ્યા હતા.

મનસુખના દિમાગમાં અચાનક પૂનમનો ઉદ્વેગ અને ગ્લાનિભર્યો ચહેરો યાદ આવી ગયો. ચિંતાતુર લાગતી પૂનમ કશું કહ્યા વિના ચાલી ગઈ હતી પણ તેના ગયા પછી કંઈક અજુગતું બન્યાની આશંકાથી પિડાતો મનસુખ ચંદ્રેશ અને નમિતાને જોઈને થોડો ગભરાય ગયો હતો. પૂનમે વિશાખાની ગર્ભાવસ્થા વિશે થોડી વાત કરી હતી અને ઘેર જતી વેળાએ પણ તે મુંઝાયેલી હતી તેથી મનસુખે અનુમાન કરી લીધું કે કોઈ ચોક્કસ વાત બની ગઈ છે અને એટલે જ તો ચંદ્રેશ-નમિતાના ચહેરા પર છવાયેલી સ્નેહમુક્ત ગંભીરતાને કઠોરતા માની બેઠેલો મનસુખ તેમની સામે જોવાની પણ હિંમત કરી શક્યો નહિં. રખેને કંઈક અવળું બફાઈ જશે તો સતાર-વિશાખાના સંબંધોમાં કડવાશ ભળી જશે.

'કેમ છે બેટા હવે... સતારની તબિયત...'નમિતાનો લાગણીસભર અવાજ સાંભળી મનસુખ છક્ક થઈ ગયો. તેમણે આવા વાક્યની આશા નહોતી રાખી... તેને તો એમ હતું કે આ દંપતિ ખુદ તેને ઉધડો લેશે અને સતારને કટાક્ષમાં કહેશે - 'જેવું કરે તેવુ ભોગવે - મારી દીકરીને ફસાવીને તું પણ સુખ નહિં ભોગવે - તને અમારા ઘરમાં પગ ઘાલતા શરમ ના આવી ...?'' પરંતુ આમાંનું કશું સંભળાયું નહિં બલ્કે રડમશ અવાજ સંભળાયો હતો.

મનસુખે નમિતા સામે હિંમત કરી જોયું અને તે વારી ગયો. શું જોઈ રહ્યો હતો તે -?

ચંદ્રેશનો સહારો લઈ ઊભેલી વિશાખાની મમ્મી નમિતાની



આંખોમાંથી આંસુની ધાર વહી રહી હતી અને પ્રસરેલી શાંતિનો ભંગ ન થાય એટલા માટે સાડીનો પાલવ મોં આડે રાખીને ડૂસકું ખાળવાનો પ્રયત્ન કરી રહી હતી.

મનસુખને શું બોલવું - કઈ રીતે બોલવું એ પણ સમજાયુ નહીં. તેને કદાચ દહેશત હતી કે શાંત ઊભેલા ચંદ્રેશ હમણાં બોમ્બ ફોડશે પરંતુ જ્યારે તેણે ચંદ્રેશનો અવાજ સાંભળ્યો ત્યારે તેને એમ થયું જાણે ધડાકા સાથે ફોડવા માટે બોમ્બના પલિતાને ચાંપેલી આગ સુરસુરિયું થઈને રહી ગઈ.

બદલાતા જતા સંજોગો અને વાતાવરણથી મનસુખ બેચેન થઈ ગયો હતો. આજના તેના દરેક અનુમાનો ખોટા પડતા હતા. પોતાની બુધ્ધિ બહેર મારી ગયેલી લાગી.

'મનસુખ બેટા...! તું આખી રાતના ઉજાગરા કરીને સતારની સેવા કરી છે તે હું જાણું છું.અમે તને આરામ કરવાનું પણ કહી શકતા નથી એ બદલ દિલગીરી છીએ એટલે-? '

'શું તમે બોલો છો ...' નમિતા વચ્ચે જ બોલી ઊઠ્યા : 'એ પણ માણસ છે...' પછી મનસુખને ઉદ્દેશીને બોલ્યા : 'જા દીકરા...તું આરામ કર... હું સતાર પાસે બેઠી છું -'

મનસુખ ઈન્કાર કરે તે પહેલાં ચંદ્રેશ બોલી ઊઠ્યા : 'તું બહુ ભુલકણી છે વિશાખાની મમ્મી...' એટલી વારમાં ભૂલી ગઈ -? ... આજે આપણા ઘેર વિશાખાની સગાઈ માટે મહેમાન આવવાના

છે અને તું અહીં બેસી રહેવાનું કહે છે -?

ખલાસ....!

મનસુખ સ્તબ્ધ થઈ ગયો. કાપ્યો હોય તો લોહી ના નીકળે એવી સ્થિતિમાં મુકાઈ ગયો તે કંઈ ગુસ્સામાં કહે તે પહેલાં જ નમિતા અને ચંદ્રેશ બહાર નીકળી ગયા...

તેમના ગયા પછી મનસુખના દિમાગમાં એક વંટોળ મચી ગયો વિચારોનો....

બાળપણની પ્રીતમાં વિખૂટા પડી ભૂલા પડેલા તે પંખીડાઓને મહામહેનતે મેળવી આપ્યા... મિલન માટે અવસરો આપતા રહ્યા... નિઃસ્વાર્થભાવે સાથ આપી તડપતા હૈયાને સધિયારો આપ્યો... એ આશાએ કે જતે દહાડે વિશાખાના મમ્મી-પપ્પાને સમજાવી દેવાશે અને પ્રીત ઘેલા પારેવાને જિંદગીનો સાથ મળશે... પરંતુ બધા પર પાણી ફરી વળ્યું. સતાર જખ્મી થઈને પડ્યો છે. વિશાખા બેહોશ પડી છે અને વિશાખાના મમ્મી-પપ્પા વિશાખાની બેહોશીનો ગેરલાભ ઉઠાવી તેને કોઈ પરાયા પુરુષ જોડે પરણાવી દેવા માગે છે - શું કરુ હવે ?

વિશાખાની ગર્ભાવસ્થાનો ખ્યાલ તેના મા-બાપને આવી ગયો હશે. પૂનમના ચહેરા પરથી પણ કંઈક એવું જ લાગતું હતું અને વળી જ્યારે સતારને ગોળી વાગી ત્યારે બધાની હાજરીમાં વિશાખા સતારને વળગી પડી હતી એટલે વિશાખાનો પ્રેમ ઊઘાડો પડી ગયો -



ગમે તેમ તોય ચંદ્રેશ જિલ્લા મેજિસ્ટ્રેટ હતા... તેમની અનુભવી આંખો અને અનુમાન બધું જ પારખી લીધું હશે... તો શું ? સતારને અપંગ બનાવી દેવા માટે ચંદ્રેશે આ રમત રમી હશે - ? સતાર જે કંઈ કહેતો હતો તે શું સાચું હશે અ? કોઈ વખત નહીં ને આ વખતે જ તેમણે પોતાના ઘરઆંગણે ગરબો શા માટે રાખ્યો -? સતારને ભ્રમમાં રાખવા માટે જ તેમણે તેને હીરા-જડીત વાંસળી ભેટ આપી હતી-?

પરંતુ હવે પાળ ફાટી ગઈ છે વહેતા પ્રવાહને રોકવી એ મુર્ખામી છે... ક્ષણાર્ધમાં તેને મેજિસ્ટ્રેટ સાહેબ રાક્ષસ જેવા લાગ્યા... તેમને સૂટ કરી દેવાનું મન થઈ આવ્યું... આખી દુનિયાને આગ લગાડી દેવાનો વિચાર આવ્યો...

પૂનમ પણ કશું કહ્યા વિના ચાલી થઈ - બાર વાગવા આવ્યા હતા પણ હજુયે કોઈ દેખાતું નથી - તેણે મનોમન પૂનમને પણ બે-ચાર ચોપડાવી દીધી મા-બાપ પણ કેવા છે ?... સતારની પણ ખબર જોવા આવ્યા નથી.... તેમનો પ્રેમ પણ છિછરો હશે ? આ બધું શું થવા બેઠું છે ?

વિચારતો હતો એટલામાં પૂનમ વંટોળની માફક પ્રવેશી. તેના ચહેરા પર લાગણી અને આનંદ એક સાથે સ્પષ્ટ વર્તાતો હતો.ધમણની માફક ઉભળતી તેની છાતી જોઈને એવું લાગતું હતું કે જાણે તેની પાછળ ભૂત પડ્યું હોય તેમ દોડીને આવી હતી. તેણે ટિફિન ટ્રે પર મૂક્યું અને શ્વાસ લેવા લાગી.

'શું થયું પૂનમ...?' આટલી બધી હાંફે છે કેમ -? મમ્મી-પપ્પા કેમ ના આવ્યા -? તારી પાછળ ભૂત પડ્યું હતું કે શું -? આટલી બધી વાર કેમ થઈ -?'

એક સાથે પૂછાયેલા પ્રશ્નોના જવાબમાં પૂનમે હાથના ઈશારાથી શાંતિ રાખવા જણાવ્યું. મનસુખ અસમંજશ બની તેને જોઈ રહ્યો. થોડો શ્વાસ લઈ લીધા પછી પૂનમને કહ્યું :

'હવે પૂછો જે પૂછવું હોય તે-'

'આટલી બધી વાર કેમ થઈ-?'

'આપણા ઘેર ગઈ હતી. જમીને આવી છું.'

પૂનમના મૂખેથી બોલાવેલો શબ્દ 'આપણા ઘેર' સાંભળીને મનસુખ ખુશ થઈ ઊઠ્યો પરંતુ તેણે તરત જ બીજો પ્રશ્ન કર્યો :

'મમ્મી-પપ્પા કેમ ના આવ્યા-?'

'એ પછીથી કહુ છું. પહેલા જમી લો...'

'જમવાનું હવે ભાવશે નહીં-'

'પણ કેમ -? શું થયું પાછું-?' પૂનમ સંદિગ્ધતાથી પૂછી બેઠી.

'ઘણું બધું થયું છે પૂનમ -?' આજે બડો અનર્થ થઈ જવાનો છે.. વિશાખાની હાલત અને તેની પ્રીતનો અણસાર તેના મમ્મી-પપ્પાને આવી ગયો છે.. મેજિસ્ટ્રેટનું ખૂન કરી દેવાનું મન થઈ ગયું



હતું... દંભી અને સિધ્ધાંતવાદી નીકળ્યા... આપણી બાજી બધી ઊંધી વળી ગઈ છે... વિશાખાની બેભાન હાલતનો ગેરલાભ ઉઠાવી તેના મા-બાપ તેની સગાઈ કોઈ પરાયા પુરૂષ સાથે કરવા માટે તેના ઘેર મહેમાન આવવાના છે... કદાચ આવી પણ ગયા હશે !'

'શું વાત કરો છો-?' મનસુખને ગંભીરતાથી બોલતો જોઈને હસુ-હસુ થઈ રહેલી પૂનમે રણકાર કર્યો.

'સાચું કહું છું પૂનમ... મેં મારા સગા કાને સાંભળ્યું છે. મૅજિસ્ટ્રેટ મોઢામોઢ મારી આગળ કહ્યું છે.'

'અને મેં પણ મારા સગા કાને સાંભળ્યુ છે-'

'તેં...! તેં શું સાંભળ્યું છે-?'

'પહેલાં જમી લો- પછી જ કહીશ-'

મનસુખને ના છુટકે જમવુ પડ્યું. ત્યાર બાદ પરત બોલી ઊઠ્યો.

'હવે કહે પૂનમ...! તેં શું સાંભળ્યું છે?'

પૂનમે રઘનાથે કહેલી બધી વાત વિસ્તારથી કહી સંભળાવી અને અંતે કહ્યું: 'તમે મમ્મી-પપ્પાની વાત કરતા હતા ને-? હું સીધી મારા ઘેર જવાની હતી પરંતુ મમ્મી-પપ્પાને બહાર જવાનું હોવાથી તમારું ટિફિન લઈને મને મોકલી. તમે જે ચંદ્રેશ સાહેબ પાસેથી સાંભળ્યુ હતું કે વિશાખાની સગાઈ માટે આજે તેના ઘેર

મહેમાન આવવાના છે તે બીજા કોઈ નહીં પણ મમ્મી-પપ્પા સતારની વાત માટે જવાના છે અને...' પૂનમ અટકી ગઈ. તેના ચહેરા પર શરમના શેરડા ફૂટ્યા...

'કેમ...કેમ અટકી ગઈ પૂનમ...! આગળ બોલ મને તારી બોલી મીસરી જેવી લાગે છે... બોલ પૂનમ...'

'હવે આગળ મારાથી નહીં કહેવાય -'

'કેમ નહીં કહેવાય - તું એટલી તો ડરપોક નથી-'

'કહું -?'

'હા - કહેને -?'

'મમ્મી-પપ્પાએ તમારી જવાબદારી મારા માથે નાંખી છે-'

'એટલે-?' મનસુખ ચમક્યો...!

'એટલે કે - બુધ્ધુ... એટલું પણ સમજતા નથી ?'

'પણ તું સમજાવે તો સમજુ ને-?'

'ના- જાવ - હું નથી કહેતી -'

પૂનમને કહેવા માટે મજબૂર થવું પડે તે પહેલાં જ સતાર સળવળ્યો... કણસ્યો... એટલે મનસુખનું ધ્યાન સતાર તરફ ગયું અને પૂનમને છટકવાનો મોકો મળી ગયો. તે પવનવેગે બહાર નીકળી ગઈ અને સીધી વિશાખાના રૂમમાં પહોંચી.

❖ ❖ ❖



બપોરના લગભગ ત્રણ વાગ્યાના સુમારે હોસ્પિટલના કંપાઉન્ડમાં ત્રણ ગાડીઓ આવીને ઊભી રહી ગઈ. એક એમ્બેસેડર બીજી ફીયાટ અને ત્રીજી પોલીસ જીપ હતી.

એમ્બેસેડરમાંથી મેજિસ્ટ્રેટ ચંદ્રેશ તેમની પત્ની સાથે નીચે ઊતર્યા.... પાછળની ફીયાટ ગાડીમાંથી પ્રિન્સિપાલ તથા તેમનાં પત્ની ઊતર્યા અને પોલીસ જીપમાંથી એક પોલીસ ઈન્સ્પેકટર તથા બે પોલીસ જવાનો એક હાથકડી પહેરાવેલી હાલતમાં લઈ નીચે ઊતર્યા.

આખો કાફલો સતારની પથારી તરફ કૂચ કરી ગયો.

પૂનમ જ્યારે વિશાખાની પાસે પહોંચી ત્યારે જ વિશાખાએ આંખ ખોલી હતી. તે કંઈ કહે તે પહેલાં જ પૂનમે અથઈતિ કહી સંભળાવી...મમ્મી-પપ્પાએ સતારને સ્વીકારી લીધો છે તે જાણીને વિશાખા આનંદી ઊઠી અને સ્ફૂર્તિથી બેઠી થઈ ગઈ હતી.

સતાર પણ ભાનમાં આવી ગયો હતો અને એણે જ્યારે મનસુખના મુખેથી આખી વાત ધ્યાનથી સાંભળી ત્યારે પોતાની જાતને દોષ દેવા લાગ્યો હતો પરંતુ તેને એક વાત સમજાઈ નહોતી કે જો મનસુખે કહેલી વાત સાચી હોય તો પછી તેના પર ફાયરીંગ કોણે કર્યુ હશે ? અને શા માટે કર્યું હશે -?

તે પોતાનો પ્રશ્ન મનસુખ આગળ રજૂ કરે તે પહેલાં જ તે પ્રશ્નનો જવાબ મળી ગયો. દરવાજામાંથી રઘનાથ તેમનાં પત્ની

સાથે પ્રવેશ્યા. તેમની પાછળ ચંદ્રેશ-નમિતા પ્રવેશ્યા. તેમણે સતારને હેતથી ખબર અંતર પૂછયા.

કોઈનેય કશું કહેવા જેવું રહ્યું નહોતું. બધા જ પોતાના અનુમાનોને સમર્થન આપતા મૌન હતા - કે અચાનક સતારે ચંદ્રેશ-નમિતાને ઉદ્દેશીને કહ્યું.

'મને માફ કરજો - ક્ષણવાર માટે તમારા વિશે મેં ભૂલથી ખોટા અનુમાનો કરી દીધા હતા - પણ હજુસુધી મને મારા પર હુમલો કરનાર અને તેના ઈરાદાનું જ્ઞાન નથી થયું-'

'એમાં તારી ભૂલ નથી બેટા પણ અમારી માન્યતા ખોટી હતી... અને તારા મા-બાપ સાથે વાત કરી લીધી છે-'

'મા-બાપ-!' સતારે હળવેકથી કહ્યું.

'હા-બેટા - અમે તારા મા-બાપ જ છીએ ને દીકરા-' મનસુખની મા બોલી ઊઠ્યા.

'અને આ રહ્યો તમારો ગુનેગાર-' પોલીસ ઈન્સ્પેક્ટરે ગુનેગારને અંદર ધકેલતાં કહ્યું.

'કોણ...? દિલાવર...!' મનસુખ કરડાકીથી બોલ્યો. પોતાના દોસ્તને ઘાયલ કરનારને સબક શીખવવા ઊભો થતા મનસુખને સતારે વાર્યો.

'સતારભાઈ !...' દિલાવર દિલગીર સ્વરે બોલ્યો. 'મને



માફ કરી દેજો... મનસુખભાઈ...એક સ્ત્રીના જીવનને નષ્ટ કરવા માટે મારું નિશાન તમે હતા... તમે સતારભાઈની સાથે નાચતા હતા અને મેં ગોળી છોડી દીધી હતી પરંતુ સદ્ભાગ્યે સતારભાઈ વચ્ચે આવી ગયા અને મારી ગોળી સતારભાઈએ પોતાના હાથ પર ઝીલી લીધી હતી- '

બધાની આંખો પહોળી થઈ ગઈ. મનસુખ સતારની સામે જોઈને ગદ્ગદ્ થઈ ગયો. પૂનમ અને વિશાખા પણ ક્યારનાંયે છૂપી રીતે દિલાવરની જુબાની સાંભળતા હતા. દિલાવરે આગળ ચલાવ્યું.

'જ્યારે મને ખબર પડી કે પરદુઃખભંજન સતાર જ્યાં સુધી છે ત્યાં સુધી તેમના કોઈ સગા-સંબંધીને હું કશું કરી કરવાનો નથી... એ વાતની ખાતરી તો બાગમાં મને થઈ ગઈ હતી. છતાં પૂનમના પત્રો અને ફોટાના સહારે હું તમને બધાને બ્લેકમેલ કરવા માગતો હતો પરંતુ મેજિસ્ટ્રેટ સાહેબના હાથે હું ઝડપાઈ ગયો હતો અને તેમની સલાહથી મેં આત્મસમર્પણ કરી દીધું છે. પૂનમના પત્રો અને ફોટા બધાની હાજરીમાં મેં બાળી નાંખ્યા છે અને પસ્તાવના ફળસ્વરૂપે હું આખી જિંદગી જેલમાં વિતાવવા માંગુ છું...' અને દિલાવરની આંખોમાં આંસુ વહેવા લાગ્યા.

ઈન્સ્પેકટર સાહેબ તેને બહાર લઈ ગયા.

સતાર પોતાનું દુઃખ ભૂલી ગયો હતો. આ પ્રકરણનો આવો સુખદ અંત આવશે એવી તેને આશા નહોતી.

'મારી બે દીકરીઓ પૂનમ અને વિશાખાની સગાઈ થઈ ગઈ છે..' ચંદ્રેશે કહ્યું, 'મારી ઈચ્છા બંને દીકરીઓને એક સાથે જ કન્યાદાન કરવાની છે અને પ્રિન્સિપાલ રઘનાથના બંને દીકરાઓ સાથે જ મારી બંને દીકરીઓનાં લગ્ન થશે અને થવા જ જોઈએ.... આ ફેંસલો અમારી ઘરખાનગી કોર્ટે તમામ સબૂત અને જુબાનીને ધ્યાનમાં લઈ પરિસ્થિતિ જાણી લઈને કર્યો છે. જે આ કોર્ટના હુકમનો અનાદર કરશે તેને સખતમાં સખત સજા કરવામાં આવશે-'

અને ચોતરફ હાસ્યનું મોજું ફરી વળ્યું.

'લ્યો ત્યારે વેવાઈ -! ' નમિતાએ રઘનાથને ઉદ્દેશીને કહ્યું-' હવે લગ્નનું મુહુર્ત જોવડાવી જાન લઈને આવો-'

'તું ચૂપ રહે ચિબાવલી... હું કહેનારો નથી-?' ચંદ્રેશે નમિતાને મીઠો ઠપકો આપ્યો-' અને પછી રઘનાથને ઉદ્દેશીને કહ્યું,' જેમ બને તેમ વહેલી જાન લઈ આવજો-'

'સારૂ - હવે - વેવાઈ - આવજો -'

અને બંને ઘરડાં દંપતિ બહાર નીકળી ગયા. ત્યારે છુપાઈને ઊભેલ વિશાખા તથા પૂનમ અંદર પ્રવેશી.

સતારને જોઈને વિશાખા તેને વળગી પડી.

પૂનમ અને મનસુખ બહાર નીકળી ગયા.

સતારે વિશાખાનો વાંસો થાબડતાં કહ્યું :



'વિશાખા...! મને સ્વપ્નામાં પણ ખ્યાલ નહોતો કે ઊઠેલું વંટોળ આમ એકાએક શાંત થઈ જશે- '

''બસ... મારા નાથ... હવે વધુ કંઈ બોલશો નહીં... મને મન ભરીને મારા સતારના - મારા મુન્નાના દિલના ધબકારા સાંભળી લેવા દો-''

અને વિશાખા સતારની છાતી પર માથું નાંખી ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડી - પણ એ આંસુ દુઃખના નહીં પણ સફળ થયેલી પ્રીતના, મીઠી મધુરી વાંસળીના મધુરા અવાજના આનંદની ચરમ સીમાએ પહોંચાડનારા હતા.

❖ ❖ ❖